# उपधान विधि

तथा

# पोसह विधि

卐

સંપાદક :–

અનુયોગાચાર્ય પંન્યાસજી

મહારાજ શ્રી કંચનવિજયજી ગણિવર્ય

शान्तमूर्ति-श्रीवृद्धिचन्द्रसद्गुरुभ्यो नमः ।

शास्त्रविशारद-जैनाचार्य-श्रीमद्-विजयधर्मसूरीश्वरेभ्यो नमः ॥

# उपधान विधि

तथा

# पौषध विधि

[ પીસ્તાલીશ આગમ તથા ચૌદપૂર્વ તપવિધિ ]


: સંપાદક :

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી

મહારાજના શિષ્યરત્ન—

અનુયોગાચાર્ય પંન્યાસજી મહારાજશ્રી

કંચનવિજયજી ગણિવર્ય.

: પ્રકાશક :
પ્રમોદરાય જગજીવનદાસ ગુંદીગરા
તથા
ધીરજલાલ પ્રભુદાસ વેલાણી
ભાવનગર.

વીર સંવત્ ૨૪૭૫
વિક્રમ સંવત્ ૨૦૦૫
ઇસ્વીસન ૧૯૪૯
ધર્મ સંવત્ ૨૭

મુદ્રક—
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ
ભાવનગર.

# પ્રસ્તાવના.

આજકાલ આ જડવાદના જમાનામાં ધાર્મિક ક્રિયા તરફ લોકોની અભિરુચિ ઓછી થતી જાય છે. દ્રવ્યોપાર્જન, મોજશોખ, આરંભ-સમારંભ, અને લાડી, વાડી તથા ગાડીની ગડમથલમાં જ ઘણા મનુષ્યો પોતાનું કિંમતી આયુષ્ય ખતમ કરે છે. તેઓ મરણસમયે પશ્ચાત્તાપ કરે છે કે, 'અરેરે! કાંઈ આત્મશ્રેય ન કર્યું.' આવો પશ્ચાત્તાપ ન કરવો પડે, માટે દરેક મનુષ્યે હંમેશાં બની શકે તેટલો સમય ધર્મક્રિયા અને ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળવો જોઇએ. ભવ્યાત્માઓએ સમજવું જોઇએ કે, ધર્મ વિના મોક્ષ નથી. દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ મળ્યો છે, વીતરાગ જિનેન્દ્ર દેવ મળ્યા છે, નિર્ગ્રન્થ અને નિઃસ્પૃહી એવા ગુરુ-મહારાજનો યોગ પ્રાપ્ત થયો છે અને ઉત્તમોત્તમ જૈન ધર્મ પામ્યા છો, દેહ ક્ષણભંગુર છે, આયુષ્ય અલ્પ છે, માટે દરેક મનુષ્યે ધાર્મિક ક્રિયા તરફ રુચિ રાખી અને તે મુજબ વર્તનમાં મૂકી આત્મશ્રેય સાધવું જોઇએ.

કેટલાક શુષ્ક જ્ઞાનીઓ કહે છે કે, ધાર્મિક ક્રિયા અને તપસ્યા કાયાને કષ્ટ આપનારી છે. ખરી રીતે તેની જરૂર નથી. આત્માના શુભ ભાવ રાખો એટલે બસ! ભાવ વગરની ધાર્મિક ક્રિયા નકામી છે, પરંતુ ધાર્મિક ક્રિયા ન કરીએ અને તપસ્યા ન આચરીએ, ફક્ત સારા ભાવ રાખીએ તો સદ્‌ગતિ મળે છે, કર્મ ક્ષય થાય છે અને મોક્ષપ્રાપ્તિ થાય છે. આવા ભોળા માણસોને ભરમાવનારા અને વ્યવહારને લોપનારા ભાઇઓને જણાવવાનું કે—ભાવ એ મુખ્ય છે, એ તમારું માનવું અને કહેવું બરાબર છે; પરંતુ દ્રવ્ય એ ભાવનું કારણ છે. કારણ વિના કાર્ય ન નીપજે. તપસ્યા ન કરીએ અને ધાર્મિક ક્રિયામાં પ્રવૃત્તિ ન રાખીએ તો શુભ ભાવ પ્રગટવો મુશ્કેલ છે. ખાનપાન અને મોજશોખમાં મશગૂલ રહીએ તો ઇન્દ્રિયો બેકાબૂ રહે, ઉન્મત્ત ઇન્દ્રિયો હોય તો શુભ ભાવ અને

ધર્મધ્યાનમાં ચિત્ત ન પરોવાય. તપસ્યા કરવાથી ઇન્દ્રિયસંયમ થાય, અને ઇન્દ્રિયસંયમ થવાથી અને ધાર્મિક ક્રિયામાં દત્તચિત્ત રહેવાથી આત્મિક ઉજ્વલતા અને શુભ ભાવ પ્રગટે, માટે ભવ્યાત્માઓએ ક્રિયારુચિ થઇ તેમાં યથાશક્તિ પ્રવૃત્તિ રાખવી, અને શક્તિ અનુસાર તપસ્યા વિગેરેમાં ખાસ ઉદ્યમ રાખવો.

કોઇપણ ધાર્મિક ક્રિયા કરનારે તેની વિધિ જાણવી આવશ્યક છે. વિધિપૂર્વક કરેલી ક્રિયા ફળે છે. ઉપધાન તથા પોસહ કરનાર એવા કેટલાક હોય છે કે જેમને તેનાં વિધિનું પૂરું જ્ઞાન હોતું નથી. કેટલેક સ્થળે તો એવી ક્રિયા કરાવનાર કે જાણકાર ન હોવાથી તે તે ક્રિયા કરવાનાં અભિલાષાવાળા ભાગ્યશાળીઓ તે તે ક્રિયાથી વંચિત રહે છે. એવે સ્થળે આવા પુસ્તકની જરૂર જણાયાથી અપ્રકાશિત અને પ્રકાશિત વિધિ ગ્રન્થોને આધારે આ પુસ્તક તૈયાર કર્યું છે.

આ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ સંવત્ ૧૯૮૯ ની સાલમાં છપાઇ હતી. તે ખલાસ થઇ જવાથી અને લોકો તરફથી તેની સતત માગણી રહ્યા કરતી હોવાથી, તેમાં કેટલોક સુધારો–વધારો કરી આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરાવી છે. આશા છે કે–ભવ્યાત્માઓ તેનો ઉપયોગ કરી આત્મશ્રેય કરશે.

**પંન્યાસ કંચનવિજયજી ગણિવર્ય.**

# અનુક્રમણિકા.

## ઉપધાન વિધિ.


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ઉપધાન એટલે શું ? ... ... ... ... | ૧ |
| ૨ | ઉપધાન શબ્દનો અર્થ ... ... ... ... | ૨ |
| ૩ | ઉપધાન વહેવાની આવશ્યકતા ... ... ... | ૩ |
| ૪ | ૭ ઉપધાનનાં નામ, દિવસો, તપ વિગેરે ... ... | ૫ |
| ૫ | ઉપધાનના એકાસણુામાં શું શું વપરાય ? ... ... | ૮ |
| ૬ | ૭ ઉપધાનની વાચનાઓ. ... ... ... ... | ૧૦ |
| ૭ | ઉપધાન પ્રવેશ વિધિ, પ્રભાત વિધિ. ... ... ... | ૧૧ |
| ૮ | સંધ્યા અનુષ્ઠાન વિધિ. ... ... ... ... | ૧૪ |
| ૯ | દરરોજ કરવાની ક્રિયા. ... ... ... ... | ૧૬ |
| ૧૦ | કાઉસ્સગ્ગ કરવાનો વિધિ ... ... ... ... | ૧૭ |
| ૧૧ | ખમાસમણુ વિધિ ... ... ... ... ... | ૧૮ |
| ૧૨ | સજ્ઝાય–ધ્યાન વિધિ ... ... ... ... | ૧૮ |
| ૧૩ | પુરુષોએ રાખવાનાં ઉપકરણો ... ... ... | ૧૯ |
| ૧૪ | સ્ત્રી વર્ગે રાખવાનાં ઉપકરણો ... ... ... | ૨૦ |
| ૧૫ | વાચના લેવાનો વિધિ ... ... ... ... | ૨૦ |
| ૧૬ | આલોયણુમાં દિવસ શું કારણે પડે ?... ... ... | ૨૨ |
| ૧૭ | આલોયણુનાં કારણો ... ... ... ... | ૨૩ |
| ૧૮ | માળા પરિધાપન વિધિ ... ... ... ... | ૨૫ |
| ૧૯ | આલોયણુ લેવાનો વિધિ ... ... ... ... | ૨૮ |
| ૨૦ | ઉપધાન સંબંધી વિશેષ હકીકત ... ... ... | ૨૯ |
| ૨૧ | કેટલીક વધારે સમજુતી ... ... ... ... | ૩૫ |
| ૨૨ | દેવ વાંદવાની વિધિ ... ... ... ... | ૩૬ |

૨૩ મન્હ જિણાણું-સજ્ઝાય ... ... ... ... ૩૭
૨૪ ૭ ઘડી દિવસ ચડયા પછી પોરિસી ભણાવવી તેની વિધિ... ૩૮
૨૫ રાઇ મુહપત્તિની વિધિ ... ... ... ... ૩૮
૨૬ પચ્ચખ્ખાણ પારવાની વિધિ ... ... ... ૩૯
૨૭ પોસહ લેવાની વિધિ ... ... ... ... ૪૦
૨૮ સાંજની પડિલેહણની વિધિ ... ... ... ... ૪૨
૨૯ ચોવીશ માંડલા ... ... ... ... ... ૪૩
૩૦ સંથારા પોરિસીની વિધિ ... ... ... ... ૪૫
૩૧ સંથારા પોરિસી સૂત્ર ... ... ... ... ૪૫
૩૨ સ્થંડિલ જવાની વિધિ ... ... ... ... ૪૮
૩૩ પૌષધ પારવાની વિધિ ... ... ... ... ૪૮
૩૪ સાગરચંદો... ... ... ... ... ... ૪૮
૩૫ માથે કામળી નાખવાનો કાળ ... ... ... ૪૯
૩૬ અચિત્ત પાણીનો કાળ ... ... ... ... ૪૯
૩૭ મુહપત્તિના પચાસ બોલ ... ... ... ... ૫૦
૩૮ જિનમંદિરે દર્શન કરવા જવાનો વિધિ... ... ... ૫૧
૩૯ સામાયિકમાં વર્જવાનાં બત્રીશ દોષ ... ... ... ૫૨
૪૦ કાઉસ્સગ્ગમાં વર્જવાના ઓગણીશ દોષ... ... ... ૫૪
૪૧ તપ ચિંતવણીનો કાઉસ્સગ્ગ... ... ... ... ૫૫
૪૨ ઉપધાનનું સ્તવન... ... ... ... ... ૫૭

# શ્રી પૌષધ વિધિ.

૧ પૌષધ લેનારે જાણવા લાયક અગત્યની સૂચનાઓ ... ૬૧
૨ પોષહ કયારે લેવાય? અને પ્રતિક્રમણ ... ...
વિગેરેની વ્યવસ્થા... ... ... ... ... ૬૨
૩ પોસહમાં જોઇતાં ઉપકરણો ( ચીજો ) ... ... ૬૫
૪ કેટલીએક સમજુતી... ... ... ... ... ૬૫

૫ માત્રું કરવા જવાનો વિધિ... ... ... ... ૬૮
૬ સ્થંડિલ જવાનો વિધિ ... ... ... ... ૬૯
૭ પોસહ લીધા પછી રાઇ પ્રતિક્રમણ કરવું હોય તો તેનો વિધિ ... ... ... ... ... ... ૭૦
**૮ પોસહ લેવાનો વિધિ, સૂત્રો સાથે... ... ... ૭૧**
૯ પોસહનું પચ્ચખ્ખાણ ... ... ... ... ૭૩
૧૦ કરેમિ ભંતે ... ... ... ... ... ૭૪
૧૧ પોસહ લીધા પછી પડિલેહણની ક્રિયા સૂત્રો સાથે ... ૭૫
૧૨ સવારની પડિલેહણાની વિધિ, સૂત્રો સાથે ... ... ૮૨
**૧૩ દેવ વાંદવાની વિધિ સૂત્રો સાથે ... ... ... ૮૫**
૧૪ રાઈ મુહપત્તિ પડિલેહવાની વિધિ, સૂત્રો સાથે ... ... ૧૦૨
૧૫ સુગુરુ વાંદણા ... ... ... ... ... ૧૦૩
૧૬ છ ઘડી એટલે લગભગ અઢી કલાક દિવસ ( સૂર્ય ) ચડયા પછી પોરિસિ ભણાવવાની વિધિ, સૂત્રો સાથે ... ... ૧૦૫
૧૭ ઈરિયાવહિયં કરવાની રીતિ, સૂત્રો સાથે ... ... ૧૦૭
**૧૮ પચ્ચખ્ખાણ પારવાની વિધિ સૂત્રો સાથે ... ... ૧૦૯**
૧૯ આયંબિલ, નીવિ અને એકાસણાવાળાને પચ્ચખ્ખાણ પારવાનું સૂત્ર ... ... ... ... ... ૧૧૪
૨૦ તિવિહાર ઉપવાસવાળાને પચ્ચખ્ખાણ પારવાનું સૂત્ર ... ૧૧૪
૨૧ પોસહવાળાએ આયંબિલ, નીવિ કે એકાસણું કર્યું હોય તો તેની વિધિ ... ... ... ૧૧૫
૨૨ ગમણાગમણે આલોવવાનું સૂત્ર ... ... ... ૧૧૬
૨૩ દિવસચરિમં પચ્ચખ્ખાણ સૂત્ર ... ... ... ૧૧૭
૨૪ જમ્યા પછી ચૈત્યવંદન કરવાની વિધિ, સૂત્રો સાથે ... ૧૧૭
**૨૫ બપોરે ( ત્રીજા પહોર પછી ) પડિલેહણ કરવાની વિધિ, સૂત્રો સાથે ... ... ... ... ... ૧૨૧**
૨૬ રાત્રિ પોસહની વિધિ ... ... ... ... ૧૩૧

૨૭ સાંજે પ્રતિક્રમણ શરૂ કર્યા પહેલાં કરવાની ક્રિયા ... ૧૩૨
૨૮ રાત્રિ પોસહવાળાએ કરવાની રાઈ (સવારના) પ્રતિક્રમણની વિધિ ૧૩૩
૨૯ પોસહમાં અઢાર દોષ ટાળવા, તેનાં નામ ... ... ૧૩૪
૩૦ પોસહ સંબંધી પાંચ અતિચાર ... ... ... ૧૩૫
૩૧ સામાયિક વ્રતના પાંચ અતિચાર ... ... ... ૧૩૬
૩૨ મન્હ જિણાણંની સજ્ઝાયનો અર્થ ... ... ... ૧૩૮
૩૩ શ્રી સાગરચંદોનો અર્થ ... ... ... ... ૧૩૯
૩૪ સંથારા પોરિસિનો અર્થ ... ... ... ... ૧૩૯


## પચ્ચખ્ખાણો.


૩૫ ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ ... ... ... ૧૪૩
૩૬ તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ ... ... ... ૧૪૩
૩૭ આયંબિલ તથા નીવિ અને એકાસણું તથા બેઆસણાનું પચ્ચખ્ખાણ ... ... ... ... ... ૧૪૩
૩૮ શ્રી પોસહ વ્રતની પૂજા ... ... ... ... ૧૪૪
૩૯ આત્મ ભાવના ... ... ... ... ... ૧૪૬
૪૦ શ્રી સીમંધરસ્વામી પ્રત્યે ભાવના ... ... ... ૧૫૩
૪૧ શ્રી પીસ્તાલીશ આગમ તથા ચૌદપૂર્વના તપનો વિધિ ૧૫૪–૧
૪૨ શુદ્ધિપત્રક ... ... ... ... ... ૧૫૫



शास्त्रविशारद जैनाचार्य

श्रीविजयधर्मसूरीश्वरजी महाराज.

A. M. A. S. B. H. M. A. S. I. H. M. G. O. S.

एम. वाडीलालनी कंपनी, अमदावाद.

વર્ધમાન તપપ્રવર્તક, આગમપ્રજ્ઞ, આચાર્યદેવ શ્રીશ્રીશ્રી ૧૦૦૮

# શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ સં. ૧૯૩૦ સમી

દીક્ષા સં. ૧૯૫૭ સમી

ગણિપદ સં. ૧૯૭૫ કપડવંજ

પંન્યાસપદ સં. ૧૯૭૫ કપડવંજ

આચાર્યપદ સં. ૧૯૯૨ પાલીતાણા

एम. वाडीलालनी कंपनी, अमदावाद.

ॐ नमोऽर्हद्भ्यः । ऍं नमः ॥

# उपधान विधि.

## ઉપધાન એટલે શું ?

મુનિ મહારાજાઓને સૂત્ર–સિદ્ધાંતોના અભ્યાસની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જેમ યોગોદ્વહન કરવાનું પરમાત્માએ સિદ્ધાંતો-દ્વારા ફરમાવ્યું છે, અને તે આજ્ઞાનું આરાધન કરવાના અભિલાષી મુનિઓ યોગોદ્વહન કરે છે; તે પ્રમાણે શ્રાવકોને માટે દેવવંદનમાં આવતા સૂત્રોને અંગે ઉપધાન વહન કરવાનું શાસ્ત્રકારે ફરમાવેલું છે. પ્રથમ અક્ષર માત્રથી તે તે સૂત્રો કંઠે કર્યા હોય અથવા અર્થ સહિત તેનું પરિજ્ઞાન મેળવ્યું હોય; પરંતુ જેમ અનેક પ્રકારના મંત્રો સિદ્ધ કરવાને માટે તેના કલ્પ મુજબ અમુક તપસ્યા કરવી પડે છે; અમુક સ્થિતિમાં, અમુક સ્થળે અને અમુક આસને બેસવું પડે છે; અમુક સંખ્યામાં તે તે મંત્રનો એકાગ્ર ચિત્તે જાપ કરવો પડે છે, અને તે પ્રસંગે પ્રાપ્ત થતા ઉપદ્રવો–ઉપસર્ગો સહન કરવા પડે છે ત્યારે તે મંત્રો સિદ્ધ થાય છે, અને પછી તેનો યથા-યોગ્ય ઉપયોગ કરી શકાય છે; તેમ નમસ્કારાદિ સૂત્રોને યથાયોગ્ય રીતે પ્રાપ્ત કરવા માટે અમુક તપસ્યા કરવી, અમુક

સ્થિતિમાં રહેવું, અમુક સંખ્યામાં તેનો નિરંતર જાપ કરવો, અને ઉપધાન વહન કરાવવાની યોગ્યતા ધરાવનારા મુનિરાજ પાસે તે તે સૂત્રોની વિધિપૂર્વક વાચના લેવી ઇત્યાદિ ક્રિયા કરવામાં આવે છે તેને ઉપધાન કહેવામાં આવે છે.

## ઉપધાન શબ્દનો અર્થ.

ઉપ એટલે સમીપે ધાન એટલે ધારણ કરવું. તાત્પર્ય કે-જે તપસ્યા કરીને સુવિહિત ગુરુમહારાજની સમીપે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નમસ્કારાદિ સૂત્રોને ધારણ કરવા એટલે વાચના લેવી તે તપને ઉપધાન તપ કહે છે. અથવા મોક્ષની સમીપે આત્માને જે ધારણ કરે, એટલે મોક્ષમાર્ગ તરફ આત્માને અભિમુખ કરે; તે તપને ઉપધાન તપ કહે છે. અથવા જે તપસ્યાવડે આત્મા પુષ્ટિને પામે, એટલે કર્મની નિર્જરા થવાથી અને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો વિકસિત થવાથી આત્મા પુષ્ટ થાય તે તપને ઉપધાન તપ કહે છે. અથવા નમસ્કારાદિ સૂત્રોને ભણવા તથા આરાધવા માટે આયંબિલ, ઉપવાસ, નીવી વિગેરે તપસ્યા કરવી એ તપને ઉપધાન તપ કહે છે. અથવા જે તપસ્યાવડે નમસ્કારાદિ સૂત્રોને સમીપમાં કરાય, વાચના લઇને આરાધી શકાય તે તપને ઉપધાન તપ કહે છે. અથવા વિધિપૂર્વક તપસ્યા કરીને ગુરુમહારાજની સમીપે જે નમસ્કારાદિ સૂત્રોની વાચના લઈ તે તે સૂત્રોને ભણવા, તેમનું મનન કરવું અને તેમને આરાધવા, વિગેરે જે શ્રુતવડે ચારિત્રની પુષ્ટિ થાય તે નમસ્કારાદિ શ્રુતને ઉપધાન કહે છે. આવી રીતે સૂત્રકૃતાંગ સૂત્ર, સ્થાનાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, આવશ્યક સૂત્ર અને પ્રવચનસારોદ્ધાર વિગેરે સિદ્ધાંત ગ્રન્થોમાં ઉપધાનના ઘણા અર્થ કરેલા છે.

# ઉપધાન વહેવાની આવશ્યકતા.

ઉપધાન વહન કરવાની ફરજ સર્વ શ્રાવક–શ્રાવિકાઓની છે, છતાં તપશક્તિ વિગેરેના અભાવે અથવા મંદભાવે સર્વથી ઉપધાન વહન કરવાનું બની શકતું નથી; તો પણ જ્યારે તેવી શક્તિ પ્રાપ્ત થાય ત્યારે અવશ્ય ઉપધાન વહન કરવા એવી ધારણા–શ્રદ્ધા અવશ્ય રાખવી. જેઓ ઉપધાન વહન કરવાની શી જરૂર છે ? એમ કહેનારા છે, તે શ્રદ્ધા વિનાના છે એમ સમજવું.

ઉપધાન વહન કરવાની પ્રવૃત્તિ હાલમાં કેટલેક દરજ્જે વધતી જાય છે, પરંતુ તે વહન કરનારમાં મોટો ભાગ સ્ત્રીવર્ગનો હોય છે, અને તેમાં પણ મોટો ભાગ અજ્ઞાનીઓનો હોય છે; પણ તેથી એમ સમજવાનું નથી કે એ કરણી અજ્ઞાનીની કે સ્ત્રીવર્ગની છે. તે કરણી તો શુદ્ધ સમકિતદૃષ્ટિ સુજ્ઞ શ્રાવક–શ્રાવિકાની છે અને શ્રાવકપણામાં પણ ખાસ કરીને ઉચ્ચ પ્રતિની એ કરણી છે. પરંતુ કાળાનુસાર શકિતની મંદતાથી તેમજ શ્રદ્ધાની અલ્પતાથી અને સુખશીલપણાથી સુજ્ઞ ગણાતો પુરુષવર્ગ એ ક્રિયામાં ઓછો દાખલ થાય છે, પણ એમ કરવાથી મનુષ્ય જિંદગીમાં જ લઇ શકાય તેવા એક અત્યુત્તમ લાભથી તેઓ બેનસીબ રહે છે.

ઉપધાન વહન કરવાથી અનેક પ્રકારના લાભો થાય છે. પ્રથમ તો શ્રી જિનેશ્વરની આજ્ઞાનું આરાધન થાય છે, તપસ્યાવડે કર્મોનું શોષણ થાય છે, અસારભૂત શરીરમાંથી સાર ગ્રહણ થાય છે, શ્રુતની અપૂર્વ ભક્તિ થાય છે, દરરોજ પોસહ કરવાનો હોવાથી મુનિપણાની તુલના થાય છે, ભાગ્યયોગે મુનિપણું આગળ ઉપર પ્રાપ્ત થાય તો તેમાં સરલતા થઇ જાય છે,

ઇંદ્રિયોનો નિરોધ થાય છે, કષાયનો સંવર થાય છે, આખો દિવસ સંવરકરણીમાં જ નિર્ગમે છે, દેવવંદનાદિવડે દેવભક્તિ અને ગુરુવંદનાદિવડે ગુરુભક્તિ થાય છે ઇત્યાદિ અનેક લાભો તેથી પ્રાપ્ત થાય છે. મનુષ્યની જિંદગીમાં અને શ્રાવકપણામાં આ કાળે કરી શકાય તેવી ધર્મકરણીમાં આ એક ઉચ્ચ પ્રતિની કરણી છે, તેના અધિકારી થવું એ પણ પૂરા ભાગ્યોદયની નિશાની છે.

ઉપધાન વહનની આવશ્યકતાને અંગે પ્રારંભમાં આટલો નિર્દેશ કરી હવે ઉપધાન કયા કયા સૂત્રોના વહન કરવામાં આવે છે? તેના દિવસનું ને તપસ્યાનું પ્રમાણ કેટલું છે? તેમાં વાચના કયારે કયારે લેવાય છે? તેનો વિધિ શું છે? તેની અંદર એકાસનમાં કઇ કઈ વસ્તુ કેવી રીતે વપરાય છે? કઇ વસ્તુ વાપરવાનો નિષેધ છે? કયા કયા કારણો આલોયણ આવે તેવા છે? કયા કયા કારણોથી દિવસ પડે છે? દિવસ પડે એટલે શું? ઉપધાન વહન કરતાં દરરોજ શું શું ક્રિયાઓ કરવાની છે? કેટલા ઉપકરણો સ્ત્રીઓએ અને પુરુષોએ રાખવા પડે છે? આ સિવાય બીજી ઉપધાનને અંગે જાણવા યોગ્ય હકીકત શી શી છે? ઉપધાનમાંથી નીકળ્યા પછી ધાર્મિક વર્તનને અંગે શું શું કરવું પડે છે? ઇત્યાદિ બાબતો તેની વિધિઓ ઉપરથી તેમજ ગુરુમહારાજની સમીપેથી જાણીને આ નીચે બતાવવામાં આવેલ છે. તેની અંદર જે વિધિ ગુરુમહારાજે કરવાની છે—તેમનાથી જ કરાવી શકાય છે, સ્વતઃ કરાતી જ નથી; તે લખવામાં આવેલ નથી. તેમ જ કઈ બાબતની આલોયણ શું આવે? તે પણ ગુરુમહારાજને આધીન

હકીકત હોવાથી લખવામાં આવેલ નથી. માત્ર ઉપધાન વહન કરનાર તેમ જ કરવાની ઇચ્છાવાળાના હૃદયપટ ઉપર કેટલુંક અજવાળું પડે, અને કેટલીક બાબતમાં બહુ પૂછપરછ કરવાની જરૂર ન પડે, ક્રિયામાં સરલતા થાય, તેટલા માટે આ અલ્પ પ્રયાસ કરવા ઇચ્છા કરી છે. આશા છે કે તે કેટલેક દરજ્જે ઉપયોગી થશે.

ઉપધાનની વિધિ જીતવ્યવહારને અનુસારે લખવામાં આવેલી છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં તે સંબંધી વિશેષ અધિકાર દૃષ્ટિગોચર થાય છે. ઉપધાન વહન કરાવવાના અધિકારી પણ શ્રી મહાનિશીથ સૂત્રના યોગ વહન કરવા અથવા ગણિ કે પંન્યાસ થયા હોય તેવા મુનિ છે. તેમાં પણ જેમનો શાસ્ત્રબોધ વિશેષ હોય, ક્રિયા કરવામાં પ્રવીણ હોય, શુદ્ધ અને પૂર્ણ ક્રિયા કરવાની રુચિવાળા હોય, તેનું રહસ્ય સમજતા હોય એવા મુનિમહારાજા પાસે ઉપધાન વહન કરવા યોગ્ય છે, કે જેથી કરેલી ક્રિયા શુદ્ધ થવા સાથે તેને અંગે બીજા પણ અનેક લાભ લઇ શકે.

## ૭ ઉપધાનના નામ, દિવસો, તપ વિગેરે.

ઉપધાન ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અથવા દેવવંદનમાં આવતા સૂત્રોના વહન કરાય છે, તેના મુખ્ય ૬ વિભાગો છે.

**પ્રથમ ઉપધાન**–પંચમંગળમહાશ્રુતસ્કંધ( **નવકાર** )નું.

**બીજું ઉપધાન**–પ્રતિક્રમણ શ્રુતસ્કંધ ( **ઇરિયાવહી, તસ્સ ઉત્તરી** )નું.

**ત્રીજું ઉપધાન**–શક્રસ્તવાધ્યયન( **નમુત્થુણં** )નું,

**ચોથું ઉપધાન**-ચૈત્યસ્તવાધ્યયન ( **અરિહંતચેઇયાણં, અન્નત્થ ઊસસિએણં** )નું.

**પાંચમું ઉપધાન**-નામસ્તવાધ્યયન( **લોગસ્સ** )નું.

**છઠ્ઠું ઉપધાન**-શ્રુતસ્તવ સિદ્ધસ્તવાધ્યયન ( **પુખ્ખરવરદી૦** અને **સિદ્ધાણં બુદ્ધાણં-વૈયાવચ્ચગરાણં** )નું.

આ છ ઉપધાન વહન કરવાના દિવસો અનુક્રમે ૧૮-૧૮ ૩૫-૪-૨૮-૭ એ પ્રમાણે કુલ મળીને ૧૧૦ થાય છે. છ ઉપધાનમાં તપ અનુક્રમે ૧૨ા-૧૨ા-૧૯ા-૨ા-૧૫ા-૪ા ઉપવાસ પ્રમાણ કરવાનો છે. કુલ પ્રમાણ ૬૭ ઉપવાસનું થાય છે.

તિવિહાર કે ચૌવિહાર ઉપવાસ કરે તે એક ઉપવાસ ગણાય છે. બે આયંબિલે એક ઉપવાસ ગણાય છે. ત્રણ નીવીએ એક ઉપવાસ ગણાય છે. ચાર એકાસણે એક ઉપવાસ ગણાય છે. આઠ પુરિમુડ્ઢે એક ઉપવાસ ગણાય છે-એ પ્રમાણે બીજા નમુક્કારસહી વિગેરે તપને માટે પણ અમુક સંખ્યાએ એક ઉપવાસ ગણાય* એવો પ્રબંધ છે. અહીં ખાસ કરીને આયંબિલ, એકાશન ને પુરિમડ્ઢ સંબંધી તપનો જ સંબંધ હોવાથી તેનું પ્રમાણ ધ્યાનમાં રાખવાનું છે; અને તે રીતે તપ પૂર્ણ કરવાનો છે. આ સમગ્ર તપ પૌષધ( અહોરાત્રિના )ની સાથે જ કરવાનો છે.

---

* ૪૫ નમુક્કારસહીએ, ૨૪ પોરિસીએ, ૧૮ સાઢપોરિસીએ, ૧૬ દુવિહાર પુરિમડ્ઢે, ૧૨ તિવિહાર પુરિમડ્ઢે, ૮ ચૌવિહાર પુરિમડ્ઢે, ૧૦ તિવિહાર અવડ્ઢે, ૬ ચૌવિહાર અવડ્ઢે, ૮ બીયાસણે, ૪ એકાસણે, ૩ નીવીએ, ૨ આયંબિલે એક ઉપવાસ ગણાય છે.

છ ઉપધાન સાથે વહન કરવામાં કાળ વધારે જોઈએ, તેટલો વખત એક સાથે શ્રાવક-શ્રાવિકા સંસાર છોડીને પૌષધમાં રહેવાની સ્થિરતા કરી શકે નહીં; તેથી ત્રીજું અને પાંચમું ઉપધાન વહન કરવાનું પાછળ રાખી, બાકીના ચાર ઉપધાન જેનું એકંદર પ્રમાણ ૪૭ દિવસનું થાય છે તે એક સાથે વહેવામાં આવે છે, અને તેને અંતે માળ પહેરવામાં આવે છે. આ માળ ઉપધાન વહનની સમાપ્તિસૂચક છે તે સંબંધી વિશેષ હકીકત માળારોપણના પ્રસંગમાં પ્રદર્શિત કરવામાં આવી છે.

એક સાથે વહેવાના ૪ ઉપધાનો પૈકી ગાઢ કારણથી જો એક કે બે અઢારીયા એટલે પહેલું ને બીજું ઉપધાન વહન કરવામાં આવે તો, અથવા એક અઢારીયું જ વહન કરવામાં આવે તો, ત્યારપછી બાર વર્ષની અંદર ફરીને ઉપધાન વહન કરે તો તે અઢારીયું લેખામાં ગણાય; ત્યાર પછી લેખામાં ન ગણાય. અને ચોથું તથા છઠ્ઠું ઉપધાન વહન કર્યા પછી છ માસની અંદર માળ ન પહેરે તો એ બે ઉપધાન બાર વર્ષની અંદર જ્યારે માળ પહેરે ત્યારે ફરીને વહેવા પડે.

આ ઉપધાન સંબંધી તપ અગાઉ બીજી રીતે કરાવવામાં આવતો હતો, પરંતુ શારીરિક સ્થિતિ મંદ થવાના કારણથી હાલમાં પૂર્વાચાર્યોએ તપનો ક્રમ ફેરફાર કરી દિવસોમાં વૃદ્ધિ કરીને ઉપર બતાવેલો ક્રમ ઠરાવેલો છે. દૃષ્ટાંત તરીકે અગાઉ પ્રથમ ઉપધાન ૧૬ દિવસે વહેવરાવતા હતા. તેમાં પ્રથમ ૫ ઉપવાસ, પછી ૮ આયંબિલ અને પછી ૩ ઉપવાસ કરાવતા હતા; એટલે ૧૨ ઉપવાસ પ્રમાણ તપ થતો હતો. તે ક્રમ

ફેરવી બે દિવસ વધારી અને ઉપવાસ ૧૨॥ ઠરાવી હાલમાં એકાંતરે ઉપવાસ કરાવી ૧૮ દિવસે પ્રથમ ઉપધાન વહન કરાવવામાં આવે છે. એ પ્રમાણે અન્ય ઉપધાન માટે પણ સમજી લેવું.

હાલમાં કરાતી પ્રવૃત્તિ પ્રમાણે ૧૮ દિવસમાં એકાંતરે ૯ ઉપવાસ અને ૯ એકાસણાના ૨॥ ઉપવાસ, ઉપરાંત એકાસણાના દિવસે પુરિમડ્ઢ કરાવે છે તેના ઉપવાસ ૧)= શેષ $\frac{1}{2}$ ઉપવાસ ખટે છે તે એકાદ દિવસ આયંબિલ કરાવવાથી પૂર્ણ થાય છે. ઉપવાસને દિવસે કરવામાં આવતું પુરિમડ્ઢ તેમજ આયંબિલને દિવસે કરાતું પુરિમડ્ઢ વિશેષ તપમાં ગણાતું નથી, ઉપવાસ ને આયંબિલની અંતર્ગત જ તેનો સમાવેશ થાય છે. શુદિ ૫-૮-૧૪ અને વદિ ૮-૧૪-આ પાંચ તિથિએ જો એકાસણું આવે તો તે દિવસે આયંબિલ કરાવવામાં આવે છે, જેથી તપ પૂર્ણ થાય છે.

## ઉપધાનના એકાસણામાં શું શું વપરાય ?

આ એકાસણું પણ સામાન્ય એકાસણા જેવું નથી. તેમ તેને ( લૂખી ) નીવી પણ કહી શકાય તેમ નથી; કારણ કે ( લૂખી ) નીવીમાં નીવીયાતા વપરાતા નથી, તે આમાં વપરાય છે. આમાં સામાન્ય એકાસણા કરતાં વિશિષ્ટતા એ છે કે-તમામ વિગયો નીવીયાતી કરેલી જ વપરાય છે, કાચી વિગય વપરાતી નથી. ઘી વિગેરે નીવીયાતા કર્યા પછી જ પકવાન વિગેરે કરવાના ઉપયોગમાં લેવાય છે. તેલ પ્રાયે અલ્પ જ-કવચિત જ વપરાય છે, તેનું મુખ્ય કારણ શારીરિક સ્થિતિ જાળવવાનું છે. છાશ વપરાતી નથી. દહીં પણ કઢી, શાક કે અન્ય પદાર્થોમાં નાખીને

વપરાય છે, છૂટું વપરાતું નથી. લીલોતરી ( લીલી વનસ્પતિ* )નું શાક વપરાતું નથી. આખું ધાન પણ વપરાતું નથી. આ સિવાય બીજી હકીકત તેના અનુભવીથી જાણવા યોગ્ય છે. આમાં પ્રાધાન્યપણું શાસ્ત્રોક્ત મર્યાદા સાચવવા સાથે પ્રવૃત્તિનું છે.

પ્રથમ ઉપધાન પ્રમાણે જ બીજા ઉપધાનમાં તપ કરાવવામાં આવે છે. ત્રીજું ઉપધાન અને પાંચમું ઉપધાન જે ૩૫ અને ૨૮ દિવસનું છે તે છૂટા એકલા જ વહન કરી શકાય છે, પરંતુ તે પહેલાં બીજા ઉપધાન વહન કરનારા કોઈ થાય ત્યારે તેમની સાથે જ વહન કરવામાં આવે છે; તેથી તેમાં તપ પણ એકાંતર ઉપવાસની રીતે જ કરવો પડે છે. જો ખાસ તે જુદા વહેવામાં આવે તો ત્રીજા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસ અને પછી ૩૨ આયંબિલ એમ ૩૫ દિવસે ૧૯ ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે; અને પાંચમા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસ અને ઉપર ૨૫ આયંબિલવડે ૧૫॥ ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. ચોથું ઉપધાન ચાર દિવસનું અને ચોથું હોવાથી તેને ચોકીયું કહેવામાં આવે છે. તેમાં પ્રથમ એક ઉપવાસ અને પછી ત્રણ આયંબિલ કરાવી ૨॥ ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. છઠું ઉપધાન સાત દિવસનું છે, એ ઉપધાન છઠું હોવાથી તેને છકીયું કહેવામાં આવે છે. તેમાં પ્રથમ અને પ્રાંતે ઉપવાસ, અને વચ્ચે પાંચ આયંબિલ કરાવી આ ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. **ચોથા ઉપધાનને ચોકીયું કહેવાય છે,** તેના દિવસ ચાર છે;

* પાકાં કેળાં, પાકી કેરી, કેરીનો રસ, લીલું શ્રીફળ ઈત્યાદિ પણ વપરાતાં નથી.

અને છટ્ઠા ઉપધાનને છકીયું કહેવાય છે પરંતુ તેના દિવસ સાત છે, એટલું ધ્યાનમાં રાખવાનું છે. આ તપ મધ્યમ શક્તિવાળાની અપેક્ષાએ સમજવો.

આ પ્રમાણેનો તપવિધિ સાંપ્રતકાળે તપગચ્છની પ્રવૃત્તિ પ્રમાણે લખેલો છે. તે ઉત્સર્ગે સમજવો. અસમર્થને માટે તો સહેલા ઉપાયવડે પણ તપપૂર્ત્તિ કરાવી શકાય છે, કેમકે ક્રિયાનું વિચિત્રપણું છે. મહાનિશીથાદિ સૂત્રમાં કહ્યું છે કે:—

**अह सो हविज्ज बालो, वुड्ढो वा तरुणओवि हु असत्तो।**
**तो उवहाणपमाणं, पूरिज्जा निअयसत्तीए ॥ १ ॥**

"જો ઉપધાન વહન કરનાર બાળક હોય, વૃદ્ધ હોય, અથવા તરુણ છતાં પણ અશક્ત હોય તો ઉપધાન તપનું પ્રમાણ પોતાની શક્તિ અનુસારે પૂર્ણ કરવું."

## છ ઉપધાનની વાચનાઓ.

આ છ ઉપધાન જે જે સૂત્રોના અભ્યાસ નિમિત્તે વહન કરવામાં આવે છે તેની ગુરુમહારાજ અમુક અમુક તપના વિભાગે વિધિપૂર્વક વાચના આપે છે, એટલે કે તેનો સૂત્રપાઠ પોતે બોલે છે અને ઉપધાનવાળા પાસે બોલાવે છે. તેમાં છએ ઉપધાનની ૨-૨-૩-૧-૩-૨ આ પ્રમાણે ક્રમથી વાચનાઓ છે. પહેલા ઉપધાનની પહેલી વાચના ૫ ઉપવાસ પૂરતો તપ થાય ત્યારે નવકારના પાંચ પદની, અને બીજી વાચના અઢારીયું પૂરું થાય ત્યારે બાકીના ચાર પદની આપે છે. બીજા ઉપધાનની બે વાચના પૈકી પહેલી ૫ ઉપવાસ પૂરતો તપ પૂર્ણ થાય ત્યારે **जे मे जीवा विराहिया** સુધીની, અને બીજી અઢારીયું પૂરું

થાય ત્યારે **ठामि काउस्सग्गं** સુધી પૂરી આપવામાં આવે છે. ત્રીજા ઉપધાનની ૩ વાચના પૈકી પહેલી ૩ ઉપવાસે **पुरिसवरगंधहत्थीणं** સુધી, બીજી ૮ ઉપવાસે **धम्मवरचाउरंत-चक्कवट्टीणं** સુધી, અને ત્રીજી ૮ ઉપવાસે ઉપધાનને અંતે **सव्वे तिविहेण वंदामि** સુધી પૂરી આપવામાં આવે છે. ચોથા ઉપધાનની એક વાચના છે, તે ચોથા દિવસે **अप्पाणं वोसिरामि** સુધી સાદ્યંત આપવામાં આવે છે. પાંચમા ઉપધાનની ૩ વાચના પૈકી પહેલી ૩ ઉપવાસે એક ગાથાની, બીજી ૬ ઉપ-વાસે ત્રણ ગાથાની, અને ત્રીજી ૬।। ઉપવાસે ત્રણ ગાથાની એમ કુલ ૭ ગાથાની આપવામાં આવે છે. છટ્ઠા ઉપધાનની બે વાચના પૈકી પહેલી ૨ ઉપવાસે પુખ્ખરવરદીની સાદ્યંત અને બીજી ઉપધાનના પ્રાંત દિવસે **सिद्धाणं बुद्धाणं** થી **सम्मदिट्ठि समाहिगराणं** પર્યંત આપવામાં આવે છે. આ વાચનાનો અન્ય વિધિ ગુરુગમથી જાણી લેવો.

વાચનાને દિવસે સ્ત્રીજાતિ માથામાં તેલ નાખી શકે છે, માથે ઓળી શકાતું નથી. પુરુષને ઉપધાન પૂર્ણ થતા સુધી ક્ષૌર કરાવી શકાતું નથી, એ પણ એક મુનિના સાદૃશ્ય-પણાની નિશાની છે.

## ઉપધાન પ્રવેશ વિધિ, પ્રભાત વિધિ.

હવે ઉપધાનની વિધિ સંબંધી કંઈક દિગ્દર્શન કરાવવામાં આવે છે. ઉપધાન વહન કરાવવાનું કાર્ય અમુક ગૃહસ્થ તરફથી અથવા સંઘ–સમુદાય તરફથી કરાવવામાં આવે છે. ઉપધાન વહન કરનારાઓને રહેવા માટે, એકાશન કરવા માટે, સ્થંડિ-લાદિ માટે અને રાત્રે શયન માટે યોગ્યતાવાળી નિરવદ્ય

જગ્યાની સગવડ કરવામાં આવે છે, તેમાં મુખ્ય તો જગ્યા નિર્જીવ હોવી જોઇએ. એને માથે ચંદુવા આદિ બાંધેલ જોઇએ.

ઉપધાન વહન કરાવનાર તરફથી તેની શરૂઆતને માટે મુહૂર્ત્ત જોવરાવવામાં આવે છે, અને ગુરુમહારાજાએ બતાવેલા શુભ દિવસે ઉપાશ્રયમાં અથવા યોગ્ય સ્થાનમાં નંદી મંડાવવામાં આવે છે. ઉપધાન વહન કરનાર શ્રાવક–શ્રાવિકા પ્રાતઃકાળે પ્રતિક્રમણ કરી, દેવ વાંદી, પડિલેહણ કરી, જિનપૂજા કરી ગાજતે–વાજતે ગુરુમહારાજની સમીપે આવે, અને શ્રીફળ–અક્ષતવડે અંજલી ભરી નંદીની ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ એકેક નવકાર ગણીને દેય. પછી શ્રીફળ–અક્ષત પ્રભુ પાસે મૂકી દઈ, પોષધના ઉપકરણો ગ્રહણ કરી, ખમાસમણ દઈ, ઇરિયાવહી પડિક્કમી, પોષધ લેવાના વિધિ પ્રમાણે પોષધ ગ્રહણ કરે.

પછી **ખમાસમણ** દઇ, મુહપત્તિ પડિલેહવાનો આદેશ માગી, **મુહપત્તિ પડિલેહી, ખમાસમણ** દઈ હાથ જોડીને કહે કે–**ઇચ્છકારી ભગવન્ ! તુમ્હે અમ્હ *પ્રથમ ઉપધાન પંચમંગલ મહાશ્રુતસ્કંધ ઉદ્દેસાવણી, નંદી કરાવણી, દેવ વંદાવણી, વાસનિક્ષેપ કરો.** ગુરુ કહે–**કરેમિ.** પછી શિષ્ય **ઈચ્છં** કહી અવગ્રહમાં પ્રવેશ કરી ગુરુ પાસે વાસક્ષેપ કરાવે. ગુરુ મંત્રવડે પ્રતિષ્ઠિત વાસક્ષેપ કરે. પછી અવગ્રહથી બહાર નીકળી **ખમાસમણ** દઈ શિષ્ય કહે–**ઇચ્છકારી ભગવન્ ! તુમ્હે અમ્હ પ્રથમ* ઉપધાન**

---

* અહીં સાથે ત્રીજા કે પાંચમા ઉપધાનવાળા હોય તો તે પોતાના ઉપધાનનું નામ બોલે અથવા ત્રણેની વતી ક્રિયા કરાવનાર મુનિ બોલે.

**પંચમંગલ મહાશ્રુતસ્કંધ ઉદ્દેસાવણી, નંદી કરાવણી, વાસનિક્ષેપ કરાવણી, દેવ વંદાવો. ગુરુ કહે વંદાવેમિ.** પછી શિષ્ય **ખમાસમણુ** દઈ ચૈત્યવંદન કરવાનો આદેશ માગે. ગુરુ **ચૈત્યવંદન** કરાવી **આઠ *સ્તુતિપૂર્વક દેવ-વંદન કરાવે.** તેનો વિધિ ગુરુગમથી જાણવો, અથવા ગુરુ-મહારાજ કરાવે તેમ કરવો. અહીં ગુરુમહારાજ નંદીને લગતો તમામ વિધિ કરાવે તે પ્રમાણે કરવો. બીજા ઉપધાનમાં પ્રવેશ કરતી વખતે પણ એ જ પ્રમાણે નંદી મંડાવવી ને વિધિ કરવો. બાકીના ચાર ઉપધાનમાં કદાચ નંદી માંડી હોય તો ઠવણી ઉપર સ્થાપનાચાર્ય પધરાવીને પણ વિધિ કરાવી શકાય, તેમજ એ ચાર ઉપધાનમાં પ્રવેશ કરતાં વિસ્તારથી દેવવંદન વિના સામાન્ય વિધિથી પ્રવેશ કરવો.

## ઇતિ ઉદ્દેશવિધિ.

દરરોજ સવારે પોષધ લઈને ગુરુ પાસે પવેણું ( પ્રવેદન ) કરવું. તેનો ( પ્રવેદનનો ) વિધિ ગુરુમહારાજે કરાવવાનો હોવાથી તે અહીં લખ્યો નથી. જાણવાના ઇચ્છક બોધવાન શિષ્યે ગુરુ પાસેથી સમજી લેવો. બનતાં સુધી બોધવાન ઉપધાન વહે-નારાએ તો દરેક વિધિ બરાબર સમજી લઇ, દરેક આદેશ પોતે જ માગવા જોઇએ. વહન કરનારને બદલે આદેશ માગ-વાના શબ્દો પણ ગુરુમહારાજ–ક્રિયા કરાવનાર બોલે છે તે ઉપધાન વહન કરનારનું વિધિથી અજ્ઞાતપણું સૂચવે છે.

પ્રવેદનવિધિમાં પચ્ચખ્ખાણ કરતાં જે ઉપધાનની ત્રણ વાચના લેવાની હોય, તેમાં પહેલી વાચના લીધી ન હોય ત્યાં સુધી '**પૂર્વચરણપદ પયસરાવણી**,' બીજી વાચના લીધી

* આ આઠ સ્તુતિઓ ખાસ જૂદી જ છે.

ન હોય ત્યાં સુધી '**ક્રમાગતચરણપદ પયસરાવણી,**' અને ત્રીજી વાચના લીધી ન હોય ત્યાં સુધી '**ઉત્તરચરણપદ પયસરાવણી**' એટલું કહીને જો ઉપવાસ કે આયંબિલ કરવાનું હોય તો '**પાલી તપ કરશું**' એમ કહે, અને જો એકાસણું કે નીવી કરવાની હોય તો '**પાલી પારણું કરશું.**' એમ કહે. ગુરુ '**કરેહ**' એમ કહે. પછી શિષ્ય કહે કે '**ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પચ્ચખ્ખાણુ કરાવો.**' ગુરુ પચ્ચખ્ખાણુ કરાવે. જેમાં બે વાચના હોય તેમાં '**પૂર્વ-ચરણપદ પયસરાવણી**' અને '**ઉત્તરચરણપદ પય-સરાવણી**' એમ જુદે જુદે વખતે કહે અને જેમાં એક જ વાચના હોય તેમાં '**પૂર્વચરણ, ક્રમાગતચરણ અને ઉત્તર-ચરણપદ પયસરાવણી**' એમ ભેળો પાઠ બોલે.

ઉપર જણાવેલો સર્વ વિધિ પ્રભાતે કરવાનો છે. ત્યાર પછી ઉપધાનવાહકે દિવસના બાકીના ભાગમાં દેવવંદન કરવું, પચ્ચખ્ખાણુ પારવું, ખમાસમણુ દેવા, કાઉસ્સગ્ગ કરવો, નવકારવાળી ગણવી–ઇત્યાદિ વિધિ કરવાનો છે, તે આગળ બતાવવામાં આવેલ છે.

## સંધ્યા અનુષ્ઠાન વિધિ.

સાંજે ગુરુમહારાજની સમીપે અથવા સ્થાપનાચાર્ય પાસે પડિલેહણુ કરવી. તેમાં સ્ત્રીવર્ગે સજ્ઝાય ઊભા ઊભા કહેવી. પુરુષોએ ઉભડક બેસીને '**મન્નહ જિણાણં આણં**' એ *પાંચ ગાથાની સજ્ઝાય કહેવી. પછી ગુરુમહારાજ સમીપે

* પ્રત્યંતરે સજ્ઝાયને ઠેકાણે સ્ત્રીવર્ગે પાંચ નવકાર ગણવા એમ કહ્યું છે.

**ઇરિયાવહી** પડિક્કમી **ખમાસમણ** આપી '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! વસહિં પવેઉં ?**' કહે, ગુરુમહારાજ '**પવેઅ**' કહે. પછી '**ઇચ્છં**' **કહી ખમાસમણ** આપી '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સુદ્ધા વસહી ?**' કહે, ત્યારે ગુરુ '**તહત્તિ**' કહે. પછી **ખમાસમણ** આપી '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ?**' કહે, ત્યારે ગુરૂ '**પડિલેહ**' કહે. પછી '**ઇચ્છં**' કહી મુહપત્તિ પડિલેહી બે **વાંદણા** આપી, અથવા ઉપવાસ હોય તો **એક ખમાસમણ** આપી '**ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પચ્ચકુખાણની આશ દેશોજી**' **એમ** કહે, ત્યારે ગુરુ પચ્ચકખાણ આપે. તેમાં એકાશન કે આયંબિલને દિવસે મુહપત્તિ પડિલેહી બે વાંદણા દઇને પાણહારનું પચ્ચખ્ખાણ કરવું. ઉપવાસને દિવસે તિવિહાર ઉપવાસવાળાએ મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઇને પાણહારનું પચ્ચખ્ખાણ કરવું, અને ચોવિહાર *ઉપવાસવાળાએ મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઇને ચૌવિહારનું પચ્ચખ્ખાણ લેવું. પછી બે વાંદણા દઇ '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ?**' ગુરુ કહે '**સંદિસાવહ**' શિષ્ય કહે '**ઇચ્છા૦ બેસણે ઠાઉં ?**' ગુરૂ કહે '**ઠાએહ**' પછી શિષ્ય '**ઇચ્છં**' કહી **ખમાસમણ** આપી '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સ્થંડિલ પડિલેહું ?**' કહે ત્યારે ગુરુ '**પડિલેહહ**' કહે. પછી

---

* ઉપધાનના પોસહ સિવાય બીજા પોસહમાં સવારે ચૌવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હોય તો તેને સાંજે પચ્ચખ્ખાણ લેવાની જરૂર નથી. ઉપધાનમાં ચૌવિહારનું કરવું.

શિષ્ય 'ઇચ્છં' કહી **ખમાસમણ** દઇ ***ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સ્થંડિલ શુદ્ધિ કરું ?** કહે ત્યારે ગુરુ 'કરેહ' કહે. પછી શિષ્ય 'ઇચ્છં' કહી **ખમાસમણ** આપી '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દિશિ પ્રમાર્જું ?**' કહે ત્યારે ગુરુ '**પ્રમાર્જહ**' કહે. શિષ્ય અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડં આપે. આ બધા આદેશ ખમાસમણ દેવાપૂર્વક માગવા, અને ગુરુના વચન પછી શિષ્યે દરેક વખત 'ઇચ્છં' કહેવું.

## દરરોજ કરવાની ક્રિયા.

૧ બન્ને ટંક પ્રતિક્રમણ કરવું, તેમાં સવારે પ્રતિક્રમણની પ્રાંતે અહોરાત્રિનો પોસહ લેવો.

૨ બે ટંક પડિલેહણ કરવી.

૩ ત્રણ ટંક દેવ વાંદવા.

૪ દેરાસરે દર્શન કરી ત્યાં આઠ સ્તુતિપૂર્વક દેવ વાંદવા.

૫ સો લોગસ્સનો એક સાથે કાઉસ્સગ્ગ કરવો.

૬ પહેલા, બીજા, ચોથા ને છઠ્ઠા ઉપધાનવાળાએ ૨૦ વીશ નવકારવાળી બાધા પારાની ગણવી. એકંદર દરરોજ ૨૦૦૦ નવકારનો જાપ કરવો. ત્રીજા ને પાંચમા ઉપધાનવાળાએ ત્રણ ત્રણ નવકારવાળી લોગસ્સની ગણવી.

૭ દરરોજ સો ખમાસમણ દેવાં.

૮ એકાશન કે આયંબિલ કરવું હોય કે ઉપવાસમાં પાણી પીવું હોય ત્યારે પચ્ચખ્ખાણ વિધિપૂર્વક પારવું.

---

* આ અને આની પછીનો આદેશ સ્ત્રીઓએ લેવાનો છે.

૯ એકાશન કે આયંબિલમાં આહાર કરીને ઊઠ્યા પછી ઇરિયાવહી પડિક્કમી ચૈત્યવંદન કરવું, અને દિવસચરિમ તિવિહારનું પચ્ચ-ખ્ખાણ કરવું. આ બન્ને ક્રિયા સ્થાપનાચાર્ય ખુલ્લા રાખી કરવી.

૧૦ સવારે ફરીને ગુરુમહારાજ પાસે પોસહ લેવો, પ્રવેદન કરવું અને રાઇમુહપત્તિ[1] પડિલેહવી. સાંજે ગુરુમહારાજ પાસે પડિલેહણના આદેશ માગવા, દેવસી પ્રતિક્રમણ સંબંધી રાઇ મુહપત્તિ પ્રમાણે દેવસી મુહપત્તિનો વિધિ કરવો અને સંધ્યા અનુષ્ઠાન વિધિ કરવો.

૧૧ રાત્રે સંથારા પોરિસી ભણાવવી.

૧૨ સવારે છ ઘડી દિવસ ચડે ત્યારે પોરિસી ભણાવવી.

ઉપર જણાવેલી ક્રિયાઓ પૈકી પ્રતિક્રમણની વિધિ તો સર્વના જાણવામાં જ હોય તેથી લખવાની જરૂર નથી. પોસહ લેવાનો વિધિ, પડિલેહણનો વિધિ, દેવવંદનનો વિધિ, પચ્ચ-ખ્ખાણ પારવાનો વિધિ, પોરિસીનો વિધિ, રાઇમુહપત્તિનો વિધિ, સંથારા પોરિસીનો વિધિ, માંડલા કરવાનો વિધિ, ઇત્યાદિ સર્વ આ પુસ્તકમાં આગળ લખેલ છે, ત્યાંથી જોઇ લેવું.

## કાઉસ્સગ્ગ કરવાનો વિધિ.

**સો લોગસ્સનો કાઉસ્સગ્ગ** કરતાં પ્રથમ **ઇરિયાવહી પડિક્કમી ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પ્રથમ ઉપ-**

૧ સાધુની સાથે બેસી પ્રતિક્રમણ કરનાર શ્રાવકે રાઇમુહપત્તિ કે દેવસી મુહપત્તિની વિધિ કરવાની નથી. શ્રાવિકાએ રાઇમુહપત્તિ તથા દેવસી મુહપત્તિ અવશ્ય કરવાની છે.

**ધાન પંચમંગલ મહાશ્રુતસ્કંધ**[1] **આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ૦** કહી ૧૦૦ લોગસ્સ–ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાઉસ્સગ્ગ એકાગ્ર ચિત્તે, સ્થિરપણે અને મોનપણે કરવો. કાઉસ્સગ્ગના દોષ ટાળવા[2]–લાગવા ન દેવા. કાઉસ્સગ્ગ પૂર્ણ થયે **નમો અરિહંતાણં** કહી પારીને પ્રગટ **લોગસ્સ** કહેવો.

## ખમાસમણ વિધિ.

ખમાસમણ સો દેવાં. તેના પ્રારંભમાં '**પ્રથમ ઉપધાન શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધાય નમોનમઃ**[3]' કહી ખમાસમણનો આખો શુદ્ધ ઉચ્ચાર કરી સંડાસા બરાબર પડિલેહી ખમાસમણ દેવું. તેમાં પાંચે અંગ–બે હાથ, બે ઢીંચણ ને મસ્તક ભૂમિને લગાડવાં. કોઇ અંગ અદ્ધર રાખીને ખમાસમણ ન દેવું, બેઠા બેઠા પણ ખમાસમણ ન દેવાં, પોતાની છતી શક્તિ ન ગોપવવી, શક્તિ ન હોય તો ગુરુમહારાજ પાસેથી છૂટ માગી લઇને બેઠા બેઠા દેવા અથવા જેટલા બની શકે તેટલા ઊભા થઇને દેવા.

## સજ્ઝાય–ધ્યાન વિધિ.

૨૦ નવકારવાળીને બદલે અથવા તેમાંથી જેટલો બને તેટલો જીવવિચાર, નવતત્ત્વાદિ પ્રકરણોનો પાઠ કરવો, તેની

---

૧ ઉપધાન બદલાય ત્યારે નામ બદલવું. પાંત્રીશા, અઠ્ઠાવીશાવાળાએ ઉપર લખી ગયા છીએ તે પ્રમાણે પોતાના ઉપધાનનું નામ લેવું.

૨ કાઉસ્સગ્ગના દોષ સંબંધી હકીકત અગાઉ જણાવી છે ત્યાંથી જોઇ લેવી.

૩ ઉપધાન બદલાયે નામ બદલવું.

ગાથા ૨૦૦૦ પ્રમાણુ સજ્ઝાય–ધ્યાન કરવું. ( એક ગાથા એક નવકાર પ્રમાણુ ગણાય છે ) ઓછું થાય તો બાકી રહે તેટલું નવકારવાળીથી પૂરું કરવું. નવકારવાળી પણુ બનતાં સુધી પાંચ પાંચ ભેળી ગણવી. કદી પાંચ ભેળી ન ગણાય તો પણુ જે ગણાય તે અધૂરી તો ન જ મૂકવી. અધૂરી મૂકાય તો લેખામાં આવે નહીં. નવકારવાળી ગણતાં બોલવું નહીં. લોગસ્સની નવકારવાળીમાં પણુ એ પ્રમાણે જ સમજવું. બની શકે તેટલો પૂર્વે કરેલો અભ્યાસ સંભારવાનો અને નવો અભ્યાસ કરવાનો લાભ લેવો. વારંવાર આવી નિવૃત્તિ–આવો અવકાશ મળવો દુર્લભ સમજવો.

પડિલેહણમાં મુહપત્તિ, ચરવળો, કટાસણું અને પછી વસ્ત્રો પડિલેહવાં. તેનો અનુક્રમ અનુભવીથી જાણી લેવો. પડિલેહણ કરતાં બોલવું નહીં, અને તેના બોલ દરેક ઉપકરણના જેટલા જેટલા કહ્યા છે તેટલા તેટલા મનમાં બોલતા જવા, તેનો અર્થ વિચારવો અને વસ્ત્રાદિકમાં જીવજંતુ હોય તો તેની બરાબર સંભાળ રાખી પડિલેહણ કરવી. વેઠ જાણીને કોઈ પણ ક્રિયા ઉતાવળથી કરવી નહીં.

ઉપધાનમાં પેઠા પછી પ્રથમના ત્રણ દિવસ સુધીમાં નવું વસ્ત્ર કે ઉપકરણ ઘરેથી લાવવું હોય તો લાવી શકાય–લઈ શકાય, ત્યાર પછી લઈ ન શકાય.

## પુરુષોએ રાખવાનાં ઉપકરણો.

૧ કટાસણું. ૧ મુહપત્તિ. ૧ ચરવળો. ૨ ધોતીયાં.
૨ ઉત્તરાસણ. ૧ માતરીયું (પંચીયું) ઠલ્લે માત્રે જતાં પહેરવાનું

૧ ઉત્તરપટ્ટો. ૧ સંથારીયું. ૧ ઓઢવાની ધાબળી (કામળી) ૧ ખેળીયું (લુગડાનો કકડો) ૧ [1]દંડાસણ (રાત્રે ભૂમિ પ્રમાર્જવા)

પુરુષોએ સકારણ કટાસણું, મુહપત્તિ ને ચરવળા બે બે રાખવાની પણ પ્રવૃત્તિ છે. સ્ત્રીઓએ તો બે બે રાખવાના જ છે.

## સ્ત્રી વર્ગે રાખવાનાં ઉપકરણો.

૨ કટાસણાં. ૨ મુહપત્તિ. ૨ ચરવળા, ચોરસ દાંડીના. ૨ સાડલા. ૨ ઘાઘરા. ૨ કંચુવા. ૩ ઠલ્લે માત્રે જવાનાં વસ્ત્ર ૧ ઉત્તરપટ્ટો. ૧ સંથારીયું. ૧ ઓઢવાની ધાબળી ( કામળી ) ૧ દંડાસણ (રાત્રે ભૂમિ પ્રમાર્જવા) ૧ ખેળીયું (લુગડાનો કકડો)

વધારે વસ્ત્રો રાખવા તે ઉપધિ મટીને ઉપાધિરૂપ થાય છે. કિંમતી વસ્ત્રો પણ ન રાખવાં, સાધારણ રાખવાં. આભૂષણ નિરંતર પહેરવામાં આવતાં હોય તે જ રાખવાં, પરંતુ આ નિમિત્તે કાંઇપણ વધારે ન પહેરવું. બની શકે તો બીલકુલ ન રાખવાં. સૌભાગ્યવંતી સ્ત્રીએ સૌભાગ્યના ચિહ્ન તરીકેનાં જ આભૂષણો રાખવાં.

## વાચના લેવાનો વિધિ.

ઉપર બતાવી ગયા છીએ તે પ્રમાણે દરેક વાચનાનો તપ પૂરો થાય ત્યારે પ્રાયે તપને દિવસે પ્રવેદન કર્યા પછી **ખમાસમણ દઇને** શિષ્ય કહે કે-'**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! વાયણા મુહપત્તિ પડિલેહું?**' ગુરુ કહે

[1] ઘણા જણ વચ્ચે એક હોય તો પણ ચાલે.

'પડિલેહેહ' શિષ્ય 'ઈચ્છં' કહી **મુહપત્તિ પડિલેહે.** પછી **બે વાંદણા** દઇ '**ખમા૰ ઇચ્છા૰ વાયણા સંદિસાહું?**' ગુરુ કહે '**સંદિસાવહ**' શિષ્ય 'ઈચ્છં' કહી '**ખમા૰ ઇચ્છા૰ વાયણા લેશું.**' ગુરુ કહે '**લેજો.**' શિષ્ય 'ઇચ્છં' કહી '**ખમા૰ ઈચ્છકારી ભગવન્! પસાય કરી વાયણા પ્રસાદ કરો.**' એમ કહે. પછી ગુરુ જે વાચના આપવાની હોય તેનું એકેક પદ કહે. શિષ્ય તે પ્રમાણે ઉચ્ચાર કરે. પછી ગુરુમહારાજ તેનો અર્થ સમજાવે. શિષ્યે જેટલી વાચના લીધી હોય તેટલી તે દિવસે બરાબર શુદ્ધ કંઠે કરવી, અને તેનો અર્થ ધારી લેવો. પ્રાંતે ગુરુમહારાજ '**नित्थारगपारगा होह, गुरुगुणेहिं वड्ढिज्जाहि**' આ પ્રમાણે આશીર્વાદ આપે. શિષ્ય પ્રાંતે '**તહત્તિ**' કહી **ખમાસમણ** દઇ અવિધિ આશાતનાનો **મિચ્છાદુક્કડં** આપે.

વાચનાને દિવસે ઉપર કહી ગયા પ્રમાણે વિધિથી ( ૨૫ ) ખમાસમણ વાયણા સંબંધી વધારે દેવા. વાચના શ્રાવિકા ઊભી રહીને લેય, શ્રાવક ચૈત્યવંદનમુદ્રાએ લેય.

આ ઉપધાન જે જે સૂત્રોનાં વહેવામાં આવે છે તેના ઉદ્દેશની વિધિ પૂર્વે લખેલી છે. તેના સમુદ્દેશ ને અનુજ્ઞા જ્યારે માળા પહેરાવવામાં આવે છે ત્યારે એક સાથે છએ ઉપધાન સંબંધી કરવામાં આવે છે. ત્રીજું અને પાંચમું ઉપધાન કાળાંતરે વહેવામાં આવે ત્યારે તેનો ઉદ્દેશ જ પ્રવર્તે છે, તેના પણ સમુદ્દેશ ને અનુજ્ઞા તો માળા વખતે જ કરવામાં આવે છે.

## આલોયણમાં દિવસ શું કારણે પડે ?

૧ નીવી કે આયંબિલ કરીને ઊઠયા પછી વમન( ઉલટી ) થાય તો.

૨ અન્ન એઠું મૂકવામાં આવે તો.

૩ નિષિદ્ધ આહાર( સચિત્ત, કાચી વિગય, લીલોતરી વિગેરે )નું ભક્ષણ થાય તો.

૪ પચ્ચખ્ખાણ પારવું ભૂલી જવાય તો.

૫ ભોજન કર્યા પછી ચૈત્યવંદન કરવું રહી જાય તો.

૬ દેરાસર જવું ભૂલી જવાય તો.

૭ દેવ વાંદવા ભૂલી જવાય તો.

૮ રાત્રે ( સાંજની વિધિ કર્યા પછી ને સવારની વિધિ કર્યા અગાઉ ) વડીનીતિ કરવા જવું પડે તો.

૯ પોરિસી ભણાવ્યા સિવાય સૂઇ જાય, ઊંઘી જાય ને પોરિસી ભણાવે જ નહીં તો.

૧૦ મુહપત્તિ ભૂલી જાય ને ૧૦૦ ડગલાં ચાલે તો.

૧૧ મુહપત્તિ ખોઇ નાખે તો. ( ઉપલક્ષણથી બીજા ઉપકરણ માટે પણ સમજવું. )

૧૨ શ્રાવિકાને ઋતુ સમયે ૨૪ પ્રહર ( ત્રણ દિવસ. )

૧૩ માખી, માકડ, જૂ વિગેરે ત્રસ જીવનો પોતાને હાથે ઘાત થઇ જાય તો.

દિવસ પડે એટલે તપ લેખે લાગે, પણ પોષધ જાય; એટલે તેટલા પોષધ પાછળથી કરવા પડે. તે પોષધ જો ઉપધાનની

સાથે સાથે ભેળા જ થાય તો આયંબિલાદિ તપથી કરી શકાય, પણ ઉપધાનમાંથી નીકળ્યા પછી કરવામાં આવે તો ઉપવાસના તપપૂર્વક જ આઠ પહોરના પોષધ કરવા પડે.

## આલોયણનાં કારણો

બીજા શા શા કારણોથી સામાન્ય આલોયણ આવે છે તે આ નીચે બતાવેલ છે.

૧ પડિલેહ્યા વિનાનું વસ્ત્ર કે પાત્ર વાપરે તો.
૨ મુહપત્તિ ને ચરવળાની આડ પડે તો.
૩ મોઢામાંથી એઠું નીકળે તો.
૪ લુગડાંમાંથી કે શરીર ઉપરથી જૂ અથવા કલેવર નીકળે તો.
૫ નવકારવાળી ગણુતાં પડી જાય તો.
૬ સ્થાપનાજી પડી જાય તો.
૭ પુરુષનો સ્ત્રીને કે સ્ત્રીનો પુરુષને સંઘટ્ટો થાય તો.
૮ કાજામાંથી જીવનું કલેવર નીકળે તો.
૯ પડિલેહણ કરતાં બોલે તો.
૧૦ નવકારવાળી ગણુતાં બોલે તો.
૧૧ એઠે મોઢે બોલે તો.
૧૨ તિર્યંચનો સંઘટ્ટો થાય તો.
૧૩ એકેંદ્રિય( સચિત્ત )નો સંઘટ્ટો થાય તો.
૧૪ દિવસે નિદ્રા લેવે તો.
૧૫ રાત્રે સંથારાપોરિસી ભણાવ્યા પહેલાં નિદ્રા લેવે તો.

૧૬ દીવાની કે વીજળી આદિકની ઉજેહી લાગે તો.

૧૭ માથે કામળી નાખવાના કાળમાં કામળી નાખ્યા સિવાય અગાસી ( ઉઘાડી ) જગ્યામાં જાય તો.

૧૮ વર્ષાદિકના છાંટા લાગે તો.

૧૯ વાડામાં સ્થંડિલ જાય તો.

૨૦ બેઠા પડિક્કમણું કરે તો.

૨૧ બેઠા ખમાસમણ દેવે તો.

૨૨ ઉઘાડે મુખે બોલે તો.

૨૩ રાત્રે કાનમાં રૂનાં પુંભડાં ન નાખે તો, અથવા રૂનાં પુંભડાં ખોઇ નાખે તો.

આ સિવાય બીજાં પણ અનેક કારણો આલોયણ આવે તેવાં છે તે પ્રસંગોપાત જાણી લેવાં. આની આલોયણ શું આપવી તે ગુરુગમ્ય હકીકત છે. જો કાંઇપણ વિરાધના ન થઇ હોય તો પણ દરેક ઉપધાનના ચોથા ભાગનો તપ આલોયણ તરીકે આપવામાં આવે છે, અને તે ઉપધાનમાંથી નીકળ્યા પછી પોસહ સંયુક્ત કરવાનો છે. સજ્ઝાયધ્યાન પણ સાથે કરવાનું છે. દૃષ્ટાંત તરીકે–પહેલા ઉપધાન સંબંધી કાંઇપણ વિરાધના ન થઇ હોય તો પણ ત્રણ અહોરાત્રિના પોસહ ઉપવાસથી કરવા, અને ૬૦૦૦ સ્વાધ્યાય કરવો અર્થાત્ ૬૦ નવકારવાળી બાધાપારાની ગણવી; એટલી આલોયણ તો અવશ્ય આપવામાં આવે છે. આ પ્રમાણે દરેક ઉપધાન માટે સમજવું. તે સિવાય બીજી બાબતની આલોયણ, આલોયણ લેનાર શ્રાવક–શ્રાવિકાની શરીરસ્થિતિ વિગેરે જોઇને આપવામાં આવે છે.

તે હકીકત ગુરુમહારાજને આધીન હોવાથી અહીં તે સંબંધી વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ઉપર પ્રમાણે ઉપધાન વહન કરવાને પ્રાંતે પહેલું, બીજું, ચોથું ને છઠ્ઠું ઉપધાન વહન કરનારને વહેલામાં વહેલું છઠ્ઠા ઉપધાનમાં પ્રવેશ કરે તે દિવસે અને મોડામાં મોડું છ માસની અંદર માળારોપણ કરવામાં આવે છે અર્થાત્ માળા પહેરવામાં આવે છે. માળા પહેરવાથી ઉપધાન કાર્યની સમાપ્તિ મંદિરના શિખર ઉપર કળશ ચડાવવાની જેમ થાય છે, તે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. માળા પહેરવાને આગલા દિવસે ઉત્તમ રેશમ વિગેરેની કરાવેલી માળા મહોત્સવપૂર્વક વરઘોડો ચડાવી, ગુરુ પાસે લઈ જઈ ત્યાં તેની પ્રતિષ્ઠા કરાવીને પછી પોતાને ઘરે અથવા શ્રી સંઘે ઠરાવેલા–આદેશ આપેલા ગૃહસ્થને ઘરે લઈ જઈ બાજોઠ કે પાટ ઉપર પધરાવવી, અને ત્યાં માળા પહેરનારે રાત્રિજાગરણ કરવું, પરમાત્માની સ્તુતિ–સ્તવનાદિવડે રાત્રિ વ્યતીત કરવી. પછી પ્રભાતે તે માળા લઈને ગુરુમહારાજ પાસે માળા પહેરવા જવું.

## માળા પરિધાપન વિધિ.

ઉપધાન વિધિ વિગેરેમાં બતાવેલા શુભ મુહૂર્ત્ત ઉપધાન વહન કરેલા શ્રાવક–શ્રાવિકાઓ ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી ગુરુ-મહારાજ પાસે આવે. ત્યાં નંદી મંડાવવામાં આવે. ઉપધાન-વાહક પોસહમાં ન હોય તો **શ્રીફળ** લઈ **નંદીને ત્રણ પ્રદક્ષિણા** આપે. પછી **મુહપત્તિ, ચરવળો** ગ્રહણ કરી, **ખમાસમણ** દઈ, **ઈરિયાવહી** પડિક્કમી, **મુહપત્તિ** પડિલેહી, **વાંદણા** દઈ સમુદ્દેશને લગતી ક્રિયા કરે. ત્યારપછી અનુ-

ણાને લગતી ક્રિયા કરે. તે ક્રિયા ગુરુમહારાજે કરાવવાની હોવાથી અહીં લખી નથી. આ ક્રિયા છએ ઉપધાન માટે ભેળી થાય છે. પછી ગુરુમહારાજ માળાની અભિમંત્રિત વાસ-વડે [1]પ્રતિષ્ઠા કરે અને ત્યાર પછી ગુરુમહારાજ માળા પહેરાવનાર વૃદ્ધ બંધુ પુત્રાદિક જે હોય તેને બ્રહ્મચર્યાદિકનો યથાશકિત નિયમ કરાવી માળા તેના હાથમાં આપે, એટલે તેઓ માળાને વંદન કરી પોતાના ને માળા પહેરનારના કપાળમાં તિલક કરી, ત્રણ અથવા સાત નવકાર ગણીને માળા પહેરાવે. ત્યાર પછી માળા સહિત નંદીને ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ નવકાર ગણતાં ને ખમાસમણ દેતાં આપે. ગુરુમહારાજ વાસક્ષેપ કરે. સકળ સંઘ પણ વાસક્ષેપ કરે. પ્રાંતે અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડં આપે.

માળારોપણનું કાર્ય થઇ રહ્યા પછી શિષ્ય ગુરુમહારાજને ખમાસમણ દઇ હિતશિક્ષા દેવાની માગણી–પ્રાર્થના કરે, એટલે ગુરુમહારાજ દેશના આપે, તે આ પ્રમાણે:—

**नाणं पयासगं सोहओ, तवो संजमो अ गुत्तिधरो ।**
**तिण्हंपि समाओगे, मुक्खो जिणसासणे भणिओ ॥ १ ॥**

**मुक्तिकनी वरमाला, सुकृतजलाकर्षणे घटीमाला ।**
**साक्षादिव गुणमाला, माला परिधीयते धन्यैः ॥ २ ॥**

" પ્રકાશક એવું જ્ઞાન, આત્માને શુદ્ધ કરનાર તપ અને ગુપ્તિધારક સંયમ–એ ત્રણનો સંયોગ થતાં જિનશાસનને વિષે મોક્ષ કહ્યો છે.

---

૧ પ્રથમ દિવસે સંધ્યાકાળે પણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

" મુક્તિરૂપી કન્યાની વરમાળા જેવી, સુકૃત જે પુણ્ય તે રૂપ જળનું આકર્ષણ કરવાનો ઘડીમાળ–રેંટ જેવી અને સાક્ષાત્ ગુણોની માળા હોય તેવી આ માળા ધન્ય મનુષ્યો જ ધારણ કરે છે. "

ગુરુમહારાજ આ પ્રમાણે ઉપદેશ આપે છે. ત્યાર બાદ માળારોપણ કાર્યની સમાપ્તિ થાય છે. માળા પહેરનાર ઉપધાનવાહકોએ તે દિવસે ઉપવાસ અથવા આયંબિલ કરવું અને રાત્રિએ પોસહ લેવો. માળા પહેરે તે વખતે વાજીંત્રો વગડાવવા, ગીત ગવરાવવા, સ્વજન વર્ગે પહેરામણી માળા પહેરનારને કરવી, માળા પહેરનારે દેવપૂજા, ગુરુભક્તિ, જ્ઞાનપૂજા કરવી, પ્રભાવના કરવી, યથાશક્તિ સાધર્મિક વાત્સલ્ય કરવું.

માળા પહેર્યા પછી બીજે દિવસે એકાશન કરવું. માળા પહેર્યા પછી ઓછામાં ઓછા દસ દિવસ અને વધારેમાં છ માસ પર્યંત માળા પહેરનારે બ્રહ્મચર્ય પાળવું, ભૂમિ શયન કરવું, સચિત્તનો ત્યાગ [1]કરવો, સાવદ્ય આરંભ તજવો, ઉપવાસ, આયંબિલાદિ તપ કરવો અને દસ દિવસ સુધી દરરોજ ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો ને ૨૦ નવકારવાળી ગણવી.

માળા પહેર્યા પછી ઉપધાનના દિવસોમાં લાગેલા દોષોનો નોંધ કરી–કરાવી રાખ્યો હોય તે ઉપધાન વહન કરાવનાર ગુરુમહારાજ પાસે લઈ જઈ તેઓ સાહેબ જે આલોયણ આપે તે ગ્રહણ કરવી, અને તે મુદતની અંદર પૂર્ણ કરી આપવી.

---

૧ બીજો તપ છ માસ સુધી ન થઇ શકે તો સચિત્તનો ત્યાગ તો બનતાં સુધી છ માસ સુધી જરૂર કરવો. ઊનું પાણી પીવું.

## આલોયણ લેવાનો વિધ.

પોતપોતાના ઉપધાનની સમાપ્તિમાં તપને દિવસે સંધ્યા પ્રવેદન પછી **મુહપત્તિ પડિલેહી બે વાંદણાં** દઇ, **ખમાસમણ**પૂર્વક શિષ્ય કહે કે-' **ઇચ્છા૦ સોધિ સંદિસાહું ?** ' ગુરુ કહે-' **સંદિસાવહ.** ' શિષ્ય ' **ખમા૦ ઇચ્છા૦ સોધિ કરશું.** ' ગુરૂ કહે ' **કરજો.** ' શિષ્ય ' **તહત્તિ** ' કહે. પછી **એક નવકાર** ગણી ' **ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી શુદ્ધિ અતિચાર આળોવાવો.** ' એમ કહી અવગ્રહમાં પેસી, દુષ્કૃત્ય આળોવે-મિચ્છાદુક્કડં આપે, લાગેલા દોષ ગુરુ પાસે પ્રગટ કરે, અને ગુરુમહારાજ આપે તેટલી આલોયણ કરવાનું કબૂલ કરે.

આ વિધિ દરેક ઉપધાનને અંતે ન કરવામાં આવે તો ઉપધાન પૂર્ણ થયા પછી અથવા માળા પહેર્યા પછી ગુરુ પાસે જ્યારે આલોયણ લેવા જાય ત્યારે ઇરિયાવહી પડિક્કમીને કરવો.

ઉપધાન વહન કરનાર શ્રાવક-શ્રાવિકાએ પોતાની જિંદગીના પાછલા ભાગમાં પણ ઉપધાન વહન કર્યાની યાદગિરિ માટે સચિત્તાદિકનો કાયમને માટે ત્યાગ કરવો. બ્રહ્મચર્યાદિકનો યથાશક્તિ નિયમ કરવો. પર્વતિથિએ પૌષધ તપસ્યાદિ કરવાનું લક્ષ્ય રાખવું. કલેશ, કંકાસ, નિંદા, વિકથા અને મહાઆરંભ-પરિગ્રહાદિકવાળા કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ચૌદ નિયમ ધારવાની અને સવાર-સાંજ પ્રતિક્રમણાદિક કરવાની પ્રવૃત્તિ રાખવી. સામાયિક, દેવપૂજા, ગુરુવંદનાદિ દરરોજ અવશ્ય કરવું. દર વર્ષે તીર્થયાત્રા કરવી. યથાશક્તિ સાધર્મિક-વાત્સલ્યાદિ કરવું. ટૂંકામાં ઉપધાન વહન કર્યાની યાદદાસ્ત તાજી રહે અને તે

મહાન્ ક્રિયા ઊજ્વળ રહ્યા કરે તેવી પ્રવૃત્તિ કરવી. પાપકાર્યથી નિરંતર પાછા હઠવું. સમકિતમાં તો પ્રાણાંતે પણ દૂષણ ન લગાડવું. શુદ્ધ દેવ-ગુરુ-ધર્મની દૃઢ શ્રદ્ધા રાખવી.

## ઉપધાન સંબંધી વિશેષ હકીકત.

આ હકીકત ઉપધાનવાહકે ખાસ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી જુદી જુદી વિધિઓની પ્રતોમાંથી તેમ જ સેનપ્રશ્નાદિકમાંથી ગ્રહણ કરીને લખવામાં આવી છે.

૧ જે જે સૂત્રોને માટે ઉપધાન વહન કરવામાં આવે છે તેનો ઉદ્દેશ ઉપધાન વહેતાં કરવામાં આવે છે, અને સમુદ્દેશ તથા અનુજ્ઞા બધા સૂત્રોની ભેળી માળાપરિધાપન વખતે કરવામાં આવે છે. તેમાં ઉદ્દેશ એટલે સૂત્રાર્થ ગ્રહણ કરવાની યોગ્યતા, સમુદ્દેશ એટલે તેનું જ વિશેષપણું, અને અનુજ્ઞા એટલે તે તે સૂત્રો પઠન-પાઠન કરવાની આજ્ઞા એમ સમજવું.

૨ દેવવંદનનાં સૂત્રો, કે જેના ઉપધાન વહન કરવામાં આવે છે; તે સિવાયના બીજા સામાયિકાદિ આવશ્યકનાં સૂત્રો માટે ઉપધાન વહન કરવાનું ફરમાન નથી. તદુપરાંત ચઉસરણાદિ ચાર પયન્ના અને દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન ભણવાની શ્રાવકને છૂટ છે. તેને માટે ત્રણ ત્રણ આયંબિલ કરીને વાચના લેવાનો વિધિ છે, તે ગુરુગમથી જાણી લેવો.

૩ ઉપધાન વહન કર્યા અગાઉ નવકારાદિ ભણવા-ભણાવવામાં આવે છે તે જીતવ્યવહાર તથા સંપ્રદાયથી થાય છે, પરંતુ

તે ભણ્યા પછી પહેલી જોગવાઈએ ઉપધાન વહન કરવાની જરૂર છે.

૪ ઉપધાનમાં કે અન્ય દિવસે પોસહ પ્રથમ પહોરમાં જ લઇ શકાય છે. પ્રથમ પ્રહર વ્યતીત થયા પછી લઇ શકાતો નથી.

૫ સામાન્ય પૌષધના એકાસણામાં પણ લીલોતરીનું શાક, પાકાં ફળ, તેનો રસ વિગેરે વર્જ્ય છે.

૬ ઉપધાન સંબંધી એકાસણામાં મુખ્ય વૃત્તિએ તો સરસ આહારનો નિષેધ છે, પરંતુ તપસ્યા વિશેષ હોવાથી શરીરશક્તિ નભાવવાને માટે તેવા પદાર્થો લેવામાં આવે છે; તો પણ તેમાં બને તેટલી ઓછાશ રાખવી અને આસક્તિ તજવી.

૭ ઉપધાન સંબંધી કે અન્ય પૌષધમાં ધાબળી માથે નાખવાના કાળ વખતે અગાસે જવું પડે તો કામળી ઓઢીને જવું, માથે કટાસણું નાખીને જવું નહીં, અને આવ્યા પછી ઓઢેલી કામળી ખીંતીએ મૂકી રાખવી, બે ઘડી સુધી તેને પાથરવી નહીં કે ઉપયોગમાં લેવી નહીં.

૮ ક્રિયા કરવા માટે વસ્તિ શુદ્ધ હોવાની પ્રથમ આવશ્યકતા છે, તેથી જ ગુરુમહારાજ ક્રિયા કરાવે છે ત્યારે પ્રારંભમાં ‘ સુદ્ધા વસહી ’ એટલે ‘ વસ્તિ શુદ્ધ છે ’ એમ કહેવામાં આવે છે. તેવી રીતે કહ્યા અગાઉ સુજ્ઞ શ્રાવક–શ્રાવિકાએ ક્રિયા કરવાના સ્થાનની ચોતરફ ૧૦૦ સો હાથ સુધી વસ્તિ જોઈ લેવી, તેમાં મનુષ્ય કે તિર્યંચનું શબ કે તેના શરીરનો હાડ–રુધિરાદિ ભાગ પડ્યો હોય તો તે ત્યાંથી

દૂર કરાવવો, ત્યાર પછી ત્યાં ક્રિયા થઈ શકે. તિર્યંચનું શબ કે તેનો વિભાગ ૬૦ હાથની અંદર રહેવો ન જોઈએ, મનુષ્યનો ૧૦૦ હાથની અંદર રહેવો ન જોઈએ.

૯ ઉપધાનની અંદર તૈલાભ્યંગ–તેલ ચોળાવવું અને ઓષધ લેવું તેનો નિષેધ છે, પરંતુ પ્રબળ કારણે ગુરુની આજ્ઞાથી લેવું.

૧૦ અંધને ઉપધાન વહનનો નિષેધ નથી; પરંતુ તેને બીજા સચક્ષુ મનુષ્યની સહાયની અપેક્ષા છે.

૧૧ ક્રિયા કરતાં સ્થાપનાચાર્ય અને ક્રિયા કરનારની વચ્ચે મનુષ્ય તિર્યંચાદિની આડ પડવી ન જોઇએ.

૧૨ સમુદાયે પડિલેહણ કરીને કાજો ઉદ્ધર્યો હોય, ત્યાર પછી કોઇ એકાકી પડિલેહણ કરે તો તેણે પણ કાજો ઉદ્ધરવો જોઈએ અને ન ઉદ્ધરે તો દિવસ પડે.

૧૩ ઉપધાનમાંથી નીકળે તે દિવસે એકાસણું કરવું જોઇએ અને રાત્રે પોસહ લેવો જોઇએ.

૧૪ ચાતુર્માસમાં ઉપધાન વહન કરનારે પાટ–પાટલા વાપરવા.

૧૫ માળા વહેલામાં વહેલી આસો શુદિ ૧૦ મે પહેરી શકાય.

૧૬ છકીયાને પહેલે દિવસે માળા પહેરી શકાય છે, પણ તે પ્રબળ કારણ હોય તો. અને તેમ કરવું પડે તો તે દિવસે પ્રવેદન કરાવી પહેલી વાચના આપીને પછી માળા પહેરાવે.

૧૭ જે દિવસે વાચના લેવાની હોય તે દિવસે સવારે લેવી, ભૂલી જાય તો સાંજે પવેણું કર્યા અગાઉ લે. તે વખતે

પણ ભૂલી જાય તો બીજે દિવસે સવારે પવેણું કર્યા અગાઉ લે તો તે દિવસ બીજી વાચનામાં ગણી શકાય.

૧૮ ઉપધાનમાંથી નીકળ્યા પછી જો માળા પહેરવામાં આવે તો માળા પહેરવાના દિવસે ઉપવાસ કરવો.

૧૯ માળા પહેરાવનારે પણ તે દિવસે ઓછામાં ઓછો એકાસણાનો તપ કરવો.

૨૦ સાંજ સવારની પ્રવેદનની ક્રિયામાં, સાંજની પડિલેહણમાં; સ્થંડિલ–માત્રું કરવા દેરાસર દર્શન કરવા અથવા સો કદમ ઉપરાંત કોઇ પણ કારણે જવાનું થાય તો ઈરિયાવહી પડિક્કમીને ગમણાગમણે આલોવવા જ જોઈએ.

૨૧ ઉપધાનવાહક સ્ત્રીઓએ માર્ગે ચાલતાં ગીતગાન કરવું યોગ્ય નથી, એમ શ્રી હીરપ્રશ્નમાં કહ્યું છે.

૨૨ નંદી માંડવાની હકીકત શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહેલી છે.

૨૩ ઉપધાનમાં ઉપવાસને દિવસે કલ્યાણક તિથિ આવે, અને ઉપધાનવાહક કલ્યાણક તપ કરતો હોય તો તે ઉપવાસથી જ સરે.

૨૪ આલોયણનો તપ સ્ત્રીજાતિ ઋતુસમયમાં કરે તો લેખે ન લાગે, એમ શ્રી હીરપ્રશ્નમાં કહેલ છે.

૨૫ આલોયણ જે જે બાબતની ઉપર ગણવામાં આવી છે, તે બધા કાયયોગને લગતા પ્રકારો છે, પરંતુ ઉપધાનવાહકે મનમાં પણ આહટ્ટદોહટ્ટ ચિંતવવા નહીં. વળી વચનદ્વારા કોઇને કર્કશ વચન કહેવાં નહીં, કલેશ કરવો નહીં, ભૂલે–ચૂકે

ગાળ દેવી નહીં, વિકથા કરવી નહીં, પરનિંદા કરવી નહીં, ઇત્યાદિ વચનયોગ સંબંધી ક્રિયા જો વિપરીત કરવામાં આવે તો તેની વિશેષ આલોયણ આવે છે એમ સમજવું, અને તે ગુરુમહારાજ પાસે પ્રકાશિત કરવું.

૨૬ ઉપધાનમાંથી નીકળ્યા પછી માળા પહેરનારને માળા પરિધાનની વિધિમાં પવેયણું કરવાનો નિયમ નથી.

૨૭ ઉપધાન વાચના નવકાર મંત્રના વિના આપવી. ( શ્રી હીરપ્રશ્ન )

૨૮ શ્રાવક શ્રાવિકાઓને ઉપધાન આદિ નંદીમાં ત્રણ નવકાર-રૂપ જ નંદીસૂત્ર સંભળાવવું.

૨૯ પૌષધમાં લઘુનીતિ કરીને પછી ઇરિયાવહી કરી ગમણા-ગમણે અવશ્ય આલોવવા. ( પ્રાચીન સમાચારી )

૩૦ પંચમી તપ ઉચ્ચરેલ હોય, તેને છક્કીયા ઉપધાનમાં જો છઠ્ઠે દિવસે પંચમી આવે તો પંચમીનો ઉપવાસ, તથા સાતમે દિવસે અવશ્ય ઉપવાસ કરવાનો હોવાથી છઠ્ઠ કરવો પડે; માટે જેને છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તેમને છઠ્ઠે દિવસે પંચમી ન આવે તેવી રીતે છક્કીયા ઉપધાનમાં પ્રવેશ કરાવવો.

૩૧ ઉપધાન તપ પૂર્ણ થયા પછીના પવેયણામાં પણ દિવસ પડે તો દિવસની વૃદ્ધિ થાય.

૩૨ પૌષધમાં પડિલેહણા કરી કાજો પરિઠવી ઇરિયાવહી કરી ગમણાગમણે આલોવવા. ( પ્રાચીન સમાચારી )

૩૩ પોષધમાં સંથ્યા પ્રતિલેખનમાં **પૌષધશાલા પ્રમાર્જુ ?** એમ આદેશ માગી શ્રાવિકાએ એકાસણું, આયંબિલ આદિ ભોજન કરેલ દિવસે તથા ઉપવાસના દિવસે મુહપત્તિ, ચરવળો, કટાસણું, ઘાઘરો, કાંચળી અને સાડલો; આ છ વાનાની પડિલેહણા કરવી. ( પ્રાચીન સમાચારી )

૩૪ માળા સંબંધી જે દ્રવ્ય ઉત્પન્ન થાય તે સર્વ દેવદ્રવ્ય જાણવું. આચાર્યદેવેશ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના પટ્ટ-પ્રભાવક શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજે શ્રી સેન-પ્રશ્નના દ્વિતીય ઉલ્લાસમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે—

**मालासम्बन्धि स्वर्ण–रजत–सूत्रादि सर्वं देवद्रव्यं वा ज्ञानद्रव्यं वा साधारणद्रव्यं वा ? इति प्रश्नः । अत्रोत्तरम्-तत्सर्वं देवद्रव्यमिति संप्रदायः ।**

**ભાવાર્થ:—**

**પ્રશ્ન**—માળા સંબંધી સ્વર્ણ, ચાંદી, સૂતર વિગેરે સર્વ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય ? **ઉત્તર**—તે સ્વર્ણ, ચાંદી, સૂતર વિગેરે સર્વ દેવદ્રવ્ય ગણાય એ પ્રમાણે સંપ્રદાય છે. વળી શ્રી શ્રાદ્ધવિધિમાં પણ કહેલ છે કે—

**देवद्रव्यवृद्धयर्थं प्रतिवर्षं मालोद्घटनं कार्यम् ।**

**ભાવાર્થ**—દેવદ્રવ્યની વૃદ્ધિ માટે દર વરસે માલારોપણ કરવું.

આ પાઠોથી માલારોપણ દ્રવ્ય તે દેવદ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે. આ સિવાય બીજા પણ પાઠો શ્રી શ્રાદ્ધવિધિ, સુકૃત-સાગર તથા શ્રી કુમારપાલપ્રબંધ આદિ પૂર્વાચાર્યોકૃત

ઘણા ગ્રન્થોમાં છે. કળિકાળસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજની વિદ્યમાનતામાં પણ માલારોપણની ઉછામણીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં ગયાના પાઠો છે.

૩૫ પચ્ચખ્ખાણ પારતી વખતે તથા ભોજન કર્યા પછી ચૈત્યવંદન કરતી વખતે સ્થાપનાચાર્ય ખુલ્લા રાખવા.

૩૬ પ્રાત:કાલ અને સંધ્યાની ક્રિયા સ્થાપનાચાર્ય ખુલ્લા રાખીને કરવી.

આ ક્રિયામાં મુખ્યતા પૌષધની છે; અને પૌષધને લગતી તમામ વિધિઓ, સૂત્રો, તેના અર્થો, તથા જરૂરની સમજુતી આ બૂકમાં આગળ ઉપર જણાવેલ છે ત્યાંથી જોઇ લેવું.

## કેટલીક વધારે સમજુતી.

ચૈત્ર અને આસો માસમાં શુદિ ૭-૮-૯ એ ત્રણ ત્રણ દિવસ અને ઇહનો દિવસ એ ચાર દિવસો અસજ્ઝાયના હોવાથી ઉપધાનમાં ગણી શકાતા નથી, પરંતુ ચોથા ને છઠ્ઠા ઉપધાનમાં તેનો બાધ ગણાતો નથી. તેમ આ ત્રણ દિવસમાં કરેલ તપ કોઇ આલોયણમાં ગણાતો નથી.

'**सव्वलोए**' આ ચાર અક્ષરો કેટલીક વિધિમાં ચોથા ઉપધાનમાં ચૈત્યસ્તવના પ્રારંભમાં અને કેટલીક વિધિમાં પાંચમા ઉપધાનમાં નામસ્તવના અંતમાં વાચના આપવા માટે લખવામાં આવ્યા છે. ઉપધાન વહેવરાવનારે પ્રવૃત્તિ અનુસાર તેની વાચના આપવી.

સાંજની ક્રિયા પ્રવીણ શ્રાવિકા સ્થાપનાચાર્ય સમીપે પણ કરી શકે, એમ શ્રી હીરપ્રશ્નમાં કહેલ છે.

વરસાદનું માવઠું અકાળ વૃષ્ટિ કહેવાય છે, પણ તેથી ઉપધાનમાં દિવસ પડતો નથી.

કાર્તિકાદિ ત્રણ ચાતુર્માસમાં અઢી દિવસની અસજ્ઝાય ગણાય છે તે ઉપધાનમાં ગણવાની નથી.

ચાર કે છએ ઉપધાન વહ્યા પછી ૧૨ વર્ષ વ્યતીત થઇ ગયા હોય ને માળા પહેરી ન હોય તો ત્યાર પછી ઉપધાન બધા ફરીને વહેવા પડે. પણ જો તેવી શકિત ન હોય તો ૧૨ાા ઉપવાસ કરાવી માળા પહેરાવવી. માળાનું મુહૂર્ત નજીકમાં હોય તો ૬ ઉપવાસ કરાવી માળા પહેરાવવી, બાકીના ૬ાા ઉપવાસ પછી કરાવવા, આવો લેખ છે.

જરૂરી કારણે પાળી પલટાવવામાં આવે છે, એટલે બે એકાસણા એક સાથે કરાવવામાં આવે છે.

આ સિવાય બીજી કેટલીક અપવાદિક હકીકત છે, તે પ્રવાહ માર્ગ તરીકે ગણાઇ જવાના ભયથી આ પુસ્તિકામાં લખેલ નથી, ઉપધાન વહેવરાવનારે વિધિની પ્રતો વિગેરે જોઇ તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો.

## દેવ વાંદવાની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ, ઇરિહાવહી પડિક્કમી, લોગસ્સ કહી, ઉત્તરાસણ નાખીને ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં' કહી ચૈત્યવંદન કરી જં કિંચિ, નમુત્થુણં અને અર્ધા જય વીયરાય ( આભવમખંડા સુધી ) કહેવા. પછી ખમાસમણ દઇ બીજું ચૈત્યવંદન કરી

નમુત્થુણં૦ અરિહંત૦ અન્નત્થ૦ કહી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવદી૦ સુઅસ્સ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. ત્યાર બાદ નમુત્થુણં૦ કહીને બીજી વાર એ જ પ્રમાણે ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં૦ કહી બે જાવંતિ૦ કહી સ્તવન ( ઉવસગ્ગહરં અથવા બીજું ) કહેવું, અને જય વીયરાય૦ અર્ધા ( આભવમખંડા સુધી ) કહેવા. પછી ખમાસમણ દઇ ત્રીજું ચૈત્યવંદન કરી જં કિંચિ૦ નમુત્થુણં૦ કહીને જય વીયરાય સંપૂર્ણ કહેવા. ત્યાર પછી વિધિ કરતાં અવિધિ થઈ હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈને સવારના દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી. ( બપોરે તથા સાંજે ન કહેવી. ) તે સજ્ઝાયને માટે એક ખમાસમણ દઇ, ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરૂં ? ઇચ્છં ' કહી એક નવકાર ગણીને ઉભડક પગે બેસી એક જણ મન્હ જિણાણંની સજ્ઝાય કહે. ( ત્યાર પછી નવકાર ન ગણવો. )

## મન્હ જિણાણંની સજ્ઝાય.

મન્હ જિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં ।
છવ્વિહઆવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઈ પઈદિવસં ॥ ૧ ॥

પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ ।
સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ. ॥ ૨ ॥

જિણપૂઆ જિણથુણણં, ગુરૂથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં ।
વવહારસ્સ ય સુદ્ધિ, રહજત્તા તિત્થજત્તા ય. ॥ ૩ ॥

ઉવસમ વિવેક સંવર, ભાસાસમિઇ છ જીવકરૂણા ય ।
ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો ॥ ૪ ॥

સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિથ્થે ।
સટ્ઠાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરૂવએસેણં ॥ ૫ ॥

## છ ઘડી દિવસ ચડ્યા પછી પોરિસી ભણાવવી તેની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુ પડિપુન્ના પોરિસી કહી, ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમવા. પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી.

ગુરુ હોય તો તેમની સમક્ષ રાઈ મુહપત્તિ પડિલેહવી, તેની વિધિ આ પ્રમાણે.

## રાઇ મુહપત્તિની વિધિ.

પ્રથમ ખમાસમણ દઇ, ઇરિયાવહી પડિક્કમી, ખમાસમણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! રાઈમુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં દેવા. પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! રાઇયં આલોઉં ? ઇચ્છં કહી તેનો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઇયં૦ કહીને પંન્યાસ હોય તો બે વાંદણાં દેવા. પંન્યાસ ન હોય તો એક ખમાસમણ જ દેવું. પછી ઇચ્છકાર સુહરાઇ૦ કહીને અબ્ભુટ્ઠિઓહં૦ પાઠ કહેવો. પછી બે વાંદણાં દેવા. પછી ઇચ્છકારી ભગવન્!

પસાય કરી પચ્ચખ્ખાણુનો આદેશ દેશોજી. એમ કહીને [1]પચ્ચખ્ખાણુ લેવું.

## પચ્ચકખાણુ પારવાનો વિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવા યાવત્ લોગસ્સ કહી ખમા૦ દઇ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી જગચિંતામણિનું ચૈત્યવંદન જય વીયરાય સંપૂર્ણ સુધી કરવું. ( સ્તવન ઉવસગ્ગહરંનું કહેવું ). પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરૂં? ઇચ્છં એમ કહી એક નવકાર ગણીને મન્હ જિણાણુંની સજ્ઝાય કહેવી. પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન્! મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન્! પચ્ચખ્ખાણુ પારૂં? 'યથાશક્તિ' કહી ખમા૦ દઇ, 'ઇચ્છા૦ પચ્ચખ્ખાણુ પાર્યું, તહત્તિ' કહી, જમણો હાથ મૂઠી વાળીને ચરવળા ઉપર સ્થાપી એક નવકાર ગણીને જે પચ્ચખ્ખાણુ કર્યું હોય તે નામ લઈને નીચે પ્રમાણે પારવું—

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરસિ સાઢપોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં મુઠ્ઠિસહિઅં પચ્ચકખાણુ કર્યું ચઉવિહાર, આયંબિલ નીવિ એકાસણું કર્યું તિવિહાર, પચ્ચકખાણુ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં. પછી એક નવકાર ગણવો.

---

[1] સાંજે પણ શ્રાવિકાઓએ તો અવશ્ય દેવસી મુહપત્તિ પડિલેહવી અને શ્રાવકો પણ ગુરુથી જુદું પ્રતિક્રમણુ કદાચ કરે તો તેઓએ પણ દેવસી મુહપત્તિ પડિલેહવી જોઇએ.

## તિવિહાર ઉપવાસવાળાને આ પ્રમાણે

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર; પોરિસિ સાઢ-પોરિસિ, પુરિમુઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, તિરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પોસહ લેવાનો વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ ઇરિયાવહી પડિક્કમી યાવત્ પ્રગટ લોગસ્સ કહી, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં' કહીને મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઈ 'ઇચ્છાકારેણ૦ પોસહ સંદિસાહું? ઇચ્છં' કહી, ખમા૦ દઇ 'ઇચ્છા૦ પોસહ ઠાઉં? ઇચ્છં' કહી, બે હાથ જોડી એક નવકાર ગણી 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી પોસહદંડક ઉચ્ચરાવોજી.' એટલે ગુરુમહારાજ કરેમિ ભંતે પોસહંનો પાઠ ઉચ્ચરાવે. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ સામાયિક સંદિસાહું? ઇચ્છં' ખમા૦ દઇ 'ઇચ્છા૦ સામાયિક ઠાઉં? ઇચ્છં' કહી બે હાથ જોડી એક નવકાર ગણી 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી' કહેવું. એટલે ગુરુ કરેમિ ભંતે સામાઇઅંનો પાઠ કહે. તેમાં એટલું વિશેષ કે **जाव नियमं** ને ઠેકાણે **जाव पोसहं** કહે. પછી ખમા૦ દઈ 'ઇચ્છા૦ બેસણે સંદિસાહું? ઇચ્છં' ખમા૦ દઇ 'ઇચ્છા૦ બેસણે ઠાઉં? ઇચ્છં' કહી, ખમા૦ દઇ 'ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહું? ઇચ્છં' ખમા૦ દઇ 'ઇચ્છા૦ સજ્ઝાય કરું? ઇચ્છં' કહી ત્રણ નવકાર ગણવા. પછી

ખમા૦ દઇ 'ઇચ્છા૦ બહુવેલ સંદિસાહું ? ઇચ્છં.' કહી ખમા૦ દઇ 'ઇચ્છા૦ બહુવેલ કરશું ? ઇચ્છં.' કહી ખમા૦ દઇ 'ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં' કહીને મુહપત્તિ વિગેરે પાંચ ઉપગરણો પડિલેહવા. ( મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી, સૂતરનો કંદોરો ૧૦ બોલથી અને ધોતીયું ૨૫ બોલથી પડિલેહવું. ) પછી ખમા૦ દઇ, ઇરિયાવહી કરી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમા૦ દઇ 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી.' એમ કહી વડિલનું અણ-પડિલીધેલ ઉત્તરાસન પડિલેહવું. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઉપધિ સંદિસાહું ? ઇચ્છં' કહી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઉપધિ પડિલેહું ? [1]ઇચ્છં કહી બાકીનાં બધા વસ્ત્ર પડિલેહવા. પછી એક જણે દંડાસન જાચી લેવું, તેને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમીને કાજો લેવો. કાજો શુદ્ધ કરીને એટલે [2]તપાસીને ત્યાં જ સ્થાપનાચાર્યની સન્મુખ ઊભા રહીને ઇરિયાવહી પડિક્કમવા. પછી કાજો યથાયોગ્ય સ્થાનકે **अणुजाणह जस्सुग्गहो** કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર **वोसिरे** કહેવું. પછી મૂળ સ્થાનકે આવીને ઇરિયાવહી કરી ગમણાગમણે આલોવી સર્વ સાથે દેવ વાંદી સજ્ઝાય કરવી.

---

૧ પ્રથમથી પડિલેહણ કરી હોય તેણે અહીં વિધિ કરતાં અવિધિ થઇ હોય તેનો મિચ્છામિ દુક્કડં દેવો.

૨ કાજામાં સચિત્ત એકેન્દ્રિય ( અનાજ તથા લીલી વનસ્પતિ ) નીકળે તો ગુરુ પાસે આલોયણ લેવી, ત્રસજીવ નીકળે તો યતના કરવી.

બીજી વાર પડિલેહણ ત્રીજા પહોર પછી મુનિમહારાજે સ્થાપનાચાર્યની પડિલેહણ કરી હોય તેની સમક્ષ કરવી. તેની વિધિ આ પ્રમાણે—

## સાંજની પડિલેહણની વિધિ.

પ્રથમ ખમા૦ દઇ 'ઇચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી ?' કહી ખમા૦ દઇ 'ઇચ્છા૦ ઇરિયાવહિયં પડિક્કમામિ' કહી ઇરિયાવહી પડિક્કમવા. પછી ખમા૦ દઇ 'ગમણાગમણે આલોઉં ? ઇચ્છં' કહી ગમણાગમણે આલોવવા. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં' કહી ખમા૦ દઇ 'ઇચ્છા૦ પોસહ-શાળા પ્રમાર્જું ? ઇચ્છં' કહીને ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું ને ચરવળો પડિલેહવા અને એકાસણાદિક કરનારે કંદોરો અને ધોતીયા સાથે પાંચ વાનાં પડિલેહવા. ( કંદોરો છોડીને જ પડિલેહવો, અને કંદોરો છોડનારે ઇરિયાવહી પડિ-ક્કમવા ) શ્રાવિકાઓને ઉપવાસના દિવસે તથા એકાસણાના દિવસે પણ મુહપત્તિ, ચરવળો, કટાસણું, ઘાઘરો, કંચુકી અને સાડલો; છ વાનાં પડિલેહવા. પછી ખમા૦ દઇ 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી' એમ કહી વડિલનું એક વસ્ત્ર પડિલેહવું. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં' કહી નવકાર ગણી મન્હ જિણાણંની સજ્ઝાય ઉભડક પગે બેસીને કહેવી. પછી ખાધું હોય તો તે વાંદણાં દઇને પાણહારનું અથવા મુટ્ઠિસહિઅંનું પચ્ચખ્ખાણ કરે. અને તિવિહાર ઉપવાસવાળા માત્ર ખમાસમણ દઇ 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પચ્ચ-

ખ્ખાણનો આદેશ દેશોજી ' કહી પાણહારનું પચ્ચખ્ખાણ કરે. ચોવિહાર ઉપવાસવાળાએ તો પચ્ચખ્ખાણ કરવાનું નથી. પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ લીધું હોય અને પાણી ન પીધું હોય તો આ વખતે ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે. પછી ખમા૦ દઈ ' ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં ' કહી ખમા૦ દઇ ' ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં ' કહી બાકી રહેલા બધા વસ્ત્રોની પડિલેહણા કરે. તેમાં રાત્રિ પોસહ કરનાર પ્રથમ કામળી પડિલેહે, પછી એક જણે દંડાસણ યાચી તેને પડિલેહી ઇરિયાવહી પડિક્કમી કાજો લેવો. પછી શુદ્ધ કરી વિધિયુકત પરઠવે. પછી ઇરિયાવહી કરી ગમણાગમણે આલોવે, પછી સર્વ દેવ વાંદે.

હવે જેણે રાત્રિપોસહ લીધો હોય તે સાંજના દેવ વાંદ્યા પછી કુંડળ ( રૂના પુંભડા ) લઇને તથા દંડાસણ અને ચુનો નાખેલું અચિત્ત પાણી જાચી રાખીને પછી ખમા૦ દઇ ઇરિ-યાવહી પડિક્કમીને ખમા૦ દઇ ' ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહું ? ઇચ્છં ' કહી ચોવીશ માંડલા કરે. તે ચોવીશ માંડલા આ પ્રમાણે—

## ચોવીશ માંડલા.

આ માંડલા રાત્રિએ વડીનીતિ લઘુનીતિ વગેરે પરઠવવા યોગ્ય જગ્યા જોઇ આવીને પ્રતિલેખન નિમિત્ત કરવાના છે. તેમાં પ્રથમ સંથારા પાસેની જગ્યાએ છ માંડલાં કરવા—

**૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે**
**૨ આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે**
**૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે**

૪ આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૬ આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

બીજા છ ઉપાશ્રયના બારણાની માંહેની તરફના માંડલાં નીચે પ્રમાણે કહેવા.

૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે
૨ આઘાડે આસન્ને પાસવણે અહિયાસે
૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે
૪ આઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે
૬ આઘાડે દૂરે પાસવણે અહિયાસે.

ત્રીજા છ માંડલાં ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવા, તે નીચે પ્રમાણે.

૧ અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૨ અણાઘાડે આસન્ને પાસવણે અણહિયાસે
૩ અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૪ અણાઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે
૫ અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૬ અણાઘાડે દૂરે પાસવણે અણહિયાસે

ચોથા છ માંડલા ઉપાશ્રયથી સો હાથને આશરે દૂર રહી કરવાં, તે નીચે પ્રમાણેઃ—

૧ અણુઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે
૨ અણાઘાડે આસન્ને પાસવણે અહિયાસે
૩ અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે
૪ અણાઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે
૫ અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે
૬ અણુઘાડે દૂરે પાસવણે અહિયાસે

## સંથારા પોરિસીની વિધિ.

હવે રાત્રિપોસહવાળા પહોર રાત્રિ સુધી સ્વાધ્યાય-ધ્યાન કરે. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી' કહી ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમે. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી રાઇય સંથારએ ઠાઉં ? ( ઠાઇશું ) ' એમ કહીને ચઉક્કસાયનું ચૈત્યવંદન જય વીયરાય સુધી કરે. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ સંથારા વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહીને મુહપત્તિ પડિલેહીને **निसिही निसिही निसिही, नमो खमासमणाणं गोयमाईणं महामुणीणं** આટલો પાઠ, નવકાર તથા કરેમિ ભંતે; એ બધું ત્રણ વાર કહે. પછી સંથારા પોરિસીનો પાઠ નીચે પ્રમાણે બોલે.

## સંથારા પોરિસી.

**अणुजाणह जिट्ठिज्जा**

**अणुजाणह, परमगुरु !, गुरुगुणरयणेहिं मंडियसरीरा ।**
**बहुपडिपुन्ना पोरिसि, राइय संथारए ठामि ॥ १ ॥**

अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।
कुक्कुडिपायपसारेण, अतरंत पमज्जए भूमिं ॥ २ ॥
संकोइअ संडासा, उवट्टंते य कायपडिलेहा ।
दव्वाइ-उवओगं, ऊसासनिरुंभणालोए ॥ ३ ॥
जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ।
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ ४ ॥
चत्तारि मंगलं-अरिहंता मंगलं, सिद्धा मंगलं ।
साहू मंगलं, केवलिपण्णत्तो धम्मो मंगलं ॥ ५ ॥
चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा ।
साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो ॥ ६ ॥
चत्तारि सरणं पवज्जामि-अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि ।
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥ ७ ॥
पाणाइवायमलियं चोरिक्कं मेहुणं दविणमुच्छं ।
कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥ ८ ॥
कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं ।
परपरिवायं माया-मोसं मिच्छत्तसल्लं च ॥ ९ ॥
वोसिरिसु इमाइं, मुक्खमग्ग-संसग्गविग्घभूआइं ।
दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥ १० ॥
एगोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥ ११ ॥

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ १२ ॥

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरियं ॥ १३ ॥

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नतं तत्तं, इय सम्मत्तं मए गहियं ॥ १४ ॥

આ ચૌદમી ગાથા ત્રણ વાર કહેવી, પછી સાત નવકાર ગણવા. પછી નીચેની ત્રણ ગાથા કહેવી.

खमिअ खमाविअ मइ खमह, सव्वह जीवनिकाय ।
सिद्धह साख आलोयणह, मुज्झह वइर न भाव ॥ १५ ॥

सव्वे जीवा कम्मवस, चउदह राज भमंत ।
ते मे सव्व खमाविया, मुज्झवि तेह खमंत ॥ १६ ॥

जं जं मणेण बद्धं, जं जं वाएण भासियं पावं ।
जं जं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स ॥ १७ ॥

આ પ્રમાણે સંથારા પોરિસી કહી રહ્યા પછી સજ્ઝાય ધ્યાન કરે, અને જ્યારે નિદ્રાપીડિત થાય ત્યારે માત્રા વિગેરેની બાધા ટાળીને દિવસે પડિલેહેલી જગ્યાએ સંથારો કરે, તે આ પ્રમાણે:—

પ્રથમ જમીન પડિલેહીને સંથારો પાથરે, તેના ઉપર ઉત્તરપટ્ટો પાથરે. મુહપત્તિ કેડે ભરાવે, કટાસણું ચરવળો પડખે મૂકે, અને માતરીયું પહેરીને ડાબે પડખે હાથનું ઓશીકું કરીને સૂવે.

# સ્થંડિલ જવાની વિધિ.

પોસહમાં કદિ સ્થંડિલ જવું પડે તો માતરીયું પહેરી, કાળનો વખત હોય તો માથે કામળી ઓઢી, મુહપત્તિ કેડે રાખી, ચરવળો કાંખમાં રાખી, અચિત્ત પાણી યાચી રાખેલ હોય તે લઇને નિર્જીવ જગ્યા જોઇ 'અણુજાણહ જસ્સુગ્ગહો' કહીને બાધા ટાળે. ઊઠતી વખતે ત્રણ વાર 'વોસિરે' કહે. પછી પોષધશાળાએ આવી, હાથ પગ ધોઇને વસ્ત્ર બદલી સ્થાપનાચાર્ય સમક્ષ ઇરિયાવહી પડિક્કમે. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં' કહીને ગમણાગમણે આલોવે. જતાં આવસ્સહી અને પેસતાં નિસ્સહી કહે.

# પૌષધ પારવાની વિધિ.

ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમી, [1]ચઉક્કસાયથી જય વીયરાય પર્યંત કહીને, ખમા૦ દઇ 'ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવો. પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ પોસહ પારૂં ? યથાશક્તિ' કહી, ખમા૦ દઇ 'ઇચ્છા૦ પોસહ પાર્યો, તહત્તિ' કહી, નવકાર ગણી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપીને સાગરચંદો કહે, તે આ પ્રમાણે:—

# सागरचंदो.

सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ।
जेसिं पोसहपडिमा, अखंडिआ जीवियंते वि ॥ १ ॥

---

१ સવારમાં પૌષધ પારવાવાળાને ચઉક્કસાયથી જય વીયરાય સુધી પાઠ કહેવાની જરૂર નથી.

**धन्ना सलाहणिज्जा, सुलसा–आणंद–कामदेवा य ।**
**जास पसंसइ भयवं, दढव्वयत्तं महावीरो ॥ २ ॥**

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કાંઇ અવિધિ હુઓ હોય તે સવિહું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

પછી ખમા૦ દઇ 'ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. ત્યારબાદ ખમા૦ દઇ 'ઇચ્છા૦ સામાયિક પારૂં ? યથાશક્તિ' કહી, ખમા૦ દઇ 'ઇચ્છા૦ સામાયિક પાર્યું, તહત્તિ' કહી, ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી નવકાર ગણીને સામાઇયવયજુત્તો૦ કહે. પછી 'વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઓ હોય તે સવિહું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં' કહે.

## માથે કામળી નાખવાનો કાળ.

અષાડ શુદિ ૧૫ થી કાર્તિક શુદિ ૧૪ સુધી સાંજે છ ઘડી દિવસ રહે ત્યાંથી સવારે છ ઘડી દિવસ ચડે ત્યાંસુધી. કાર્તિક શુદિ ૧૫ થી ફાગણ શુદિ ૧૪ સુધી સંધ્યાએ ચાર ઘડી દિવસ બાકી રહે ત્યાંથી સવારે ચાર ઘડી દિવસ ચડે ત્યાં સુધી. ફાગણ શુદિ ૧૫ થી અષાડ શુદિ ૧૪ સુધી બે ઘડી દિવસ બાકી રહે ત્યાંથી સવારના બે ઘડી દિવસ ચડે ત્યાંસુધી.

## અચિત્ત પાણીનો કાળ.

અસાડ શુદિ ૧૫ થી કાર્તિક શુદિ ૧૪ સુધી ચુલાથી

ઉતર્યા પછી ત્રણ પહોરનો. કાર્તિક શુદિ ૧૫ થી ફાગણ શુદિ ૧૪ સુધી ચાર પહોરનો. ફાગણ શુદિ ૧૫ થી અષાડ શુદિ ૧૪ સુધી પાંચ પહોરનો.

આ પ્રમાણેના કાળ પછી અચિત્ત પાણી પાછું સચિત્તભાવને પામે છે, તેથી પોસહમાં યાચી લીધેલું પાણી કાળ ઉપરાંત રહેવા ન દેવું. કાળ પૂર્ણ થવાના વખત અગાઉ અચિત્ત પાણીની અંદર કળીચુનો નાખવો જેથી ૨૪ પહોર સુધી અચિત્ત રહે, પણ જો ચુનો નાખવો ભૂલી જાય અને કાળ વ્યતીત થાય તો આલોયણ આવે; માટે ઉપયોગ રાખવો.

## મુહપત્તિના પચાસ બોલ.

સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું. ( દષ્ટિ પડિલેહણા ).
સમકિત મોહની ૧, મિશ્ર મોહિની ૨, મિથ્યાત્વ મોહની ૩, પરિહરૂં.
કામરાગ ૧, સ્નેહરાગ ૨, દષ્ટિરાગ ૩, પરિહરૂં.

( આ છ બોલ મુહપત્તિની ઊભી હાલતમાં બોલવા. )

સુદેવ ૧, સુગુરુ ૨, સુધર્મ ૩, આદરું.

કુદેવ ૧, કુગુરુ ૨, કુધર્મ ૩, પરિહરું.

જ્ઞાન ૧, દર્શન ૨, ચારિત્ર ૩, આદરું.

જ્ઞાનવિરાધના ૧, દર્શનવિરાધના ૨, ચારિત્રવિરાધના ૩, પરિહરું.

મનગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩, આદરૂં.
( આ ૧૮ બોલ ડાબા હાથની હથેળીમાં કહેવા. )

**અહીં સુધીના પચ્ચીશ બોલ મુહપત્તિ પડિલેહવાના છે.**
**નીચેના પચ્ચીશ બોલ શરીર પડિલેહવાના છે.**

હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, પરિહરું (ડાબી ભુજા ફરતા)
ભય ૧, શોક ૨, દુગંછા ૩, પરિહરું. (જમણી ભુજા ફરતા)
કૃષ્ણલેશ્યા ૧, નીલલેશ્યા ૨, કાપોતલેશ્યા ૩, પરિહરું (મસ્તકે)
રસગારવ ૧, ઋદ્ધિગારવ ૨, સાતાગારવ ૩, પરિહરું. ( મુખે. )
માયાશલ્ય ૧, નિયાણશલ્ય ૨, મિથ્યાત્વશલ્ય ૩, પરિહરું. ( હૃદયે )

ક્રોધ ૧, માન ૨, પરિહરું ( ડાબી ભુજા પાછળ )

માયા ૧, લોભ ૨, પરિહરું. ( જમણી ભુજા પાછળ )

પૃથ્વીકાય ૧, અપ્કાય ૨, તેઉકાયની ૩, રક્ષા કરું. ( ડાબે પગે )

વાઉકાય ૧, વનસ્પતિકાય ૨, ત્રસકાયની ૩, જયણા કરું. ( જમણે પગે )

આ પચાસ બોલ કેવી રીતે કહેવા ? તેની વિશેષ સમજણ સુજ્ઞ મનુષ્યો પાસેથી મેળવવી.

## જિનમંદિરે દર્શન કરવા જવાનો વિધિ.

પોસહ લીધા પછી જિનમંદિરે દર્શન કરવા જરૂર જવું જોઇએ, ન જાય તો આલોયણ આવે. તેથી ડાબે ખભે કટાસણું નાખી, ઉત્તરાસણ કરી, ચરવાળો ડાબી કાખમાં અને મુહપત્તિ જમણા હાથમાં રાખી, ઇર્યાસમિતિ શોધતાં મુખ્ય જિનમંદિરે જવું. ત્યાં ત્રણ વાર નિસ્સિહી કહીને દહેરાસરના આદ્ય દ્વારમાં પ્રવેશ કરવો. પ્રથમ મૂળનાયકજીની સન્મુખ જઇ દૂરથી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા દેવી. પછી બીજી વાર નિસ્સિહી કહી રંગમંડપમાં પ્રવેશ કરી, દર્શન-સ્તુતિ

કરીને નિસ્સિહી કહી, ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવા. પછી ત્રણ ખમાસમણ દઇ ચૈત્યવંદન કરવું. પાછા જિનમંદિરમાંથી નીકળતાં ત્રણ વાર આવસ્સહી કહી ઉપાશ્રયે આવવું. ત્યાં ત્રણ વાર નિસ્સહી કહીને પ્રવેશ કરવો. અને સો ડગલાં ઉપરાંત ગયા હોય તો ઇરિયાવહી પડિક્કમવા તથા ગમણાગમણે આલોવવા.

## સામાયિકમાં વર્જવાના બત્રીશ દોષ.

### ( મનના ૧૦ દોષ )

૧ શૈલિ સમજ્યા વિના સામાયિક કરે.

૨ સામાયિક કરીને યશકીર્તિની વાંછા રાખે.

૩ સામાયિકના પસાયથી ધનની વાંછા કરે.

૪ સામાયિક કર્યાનો ગર્વ કરે.

૫ લોકનિંદાના ભયથી સામાયિક કરે.

૬ સામાયિક કરીને ધન વિગેરે પામવાનું નિયાણું કરે.

૭ સામાયિકના ફળનો સંદેહ કરે.

૮ કષાયયુક્ત ચિત્તે સામાયિક કરે.

૯ ગુરુનો તથા સ્થાપનાચાર્યનો વિનય ન સાચવે.

૧૦ ભક્તિભાવપૂર્વક સામાયિક ન કરે.

### ( વચનના ૧૦ દોષ )

૧ સામાયિકમાં કુવચન બોલે.

૨ ઉપયોગ વિના અવિચાર્યું બોલે.

૩ કોઈની ઉપર ખોટું આળ મૂકે.

૪ સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા વિના સ્વચ્છંદે બોલે.

૫ સૂત્રપાઠનાં વચનો સંક્ષેપ કરીને બોલે.

૬ સામાયિકમાં કોઈ સાથે કજીયો કરે.

૭ રાજકથાદિક ચાર વિકથા કરે.

૮ સામાયિકમાં કોઇની મશ્કરી કરે.

૯ સૂત્રપાઠનો ઉચ્ચાર અશુદ્ધ કરે.

૧૦ ઉતાવળો સૂત્રપાઠનો ઉચ્ચાર કરે.

## ( કાયાના ૧૨ દોષ )

૧ સામાયિકમાં પગ ઉપર પગ ચડાવીને બેસે, ઊંચે આસને બેસે.

૨ આસન વારંવાર ફેરવે, ચપળતા રાખે.

૩ મૃગની પેઠે ચારે દિશાઓ ચળવિચળ દૃષ્ટિ ફેરવે.

૪ સામાયિકમાં કાયાવડે કંઇ પાપવાળા કાર્યની સંજ્ઞા કરે.

૫ થાંભલા વિગેરેને ઓઠીંગણુ દઇને બેસે.

૬ સામાયિકમાં વિના કારણુ હાથ-પગ સંકોચે ને પસારે.

૭ સામાયિકમાં આળસ મરડે, કમ્મર વાંકી-ચૂકી કર્યા કરે.

૮ આંગળી પ્રમુખના ટાચકા ફોડે.

૯ ખસ વિગેરે વલુરે, ખરજ ખણે.

૧૦ સામાયિકમાં હાથનો ટેકો દઈને બેસે, લમણે અથવા ગળે હાથ દઇને બેસે.

૧૧ બેઠા બેઠા નિદ્રા લે, ઝોકાં ખાય.

૧૨ ટાઢ પ્રમુખના કારણુથી આખું શરીર ઢાંકીને બેસે.

૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના મળીને આ ૩૨

દોષો સામાયિકમાં તેમજ પોસહમાં ટાળવાનો ઉદ્યમ કરવો. વળી પોસહવાળાએ પોસહમાં વર્જવાના* ૧૮ દોષો પણ ટાળવા લક્ષ્ય રાખવું.

## કાઉસ્સગ્ગમાં વર્જવાના ઓગણીશ દોષ.

૧ ઘોડાની પેઠે એક પગ ઊંચો રાખે, વાંકો પગ રાખે તે **घोटक** દોષ.

૨ જેમ પવનથી વેલડી હાલે તેમ શરીરને ધુણાવે તે દોષ **लता** દોષ.

૩ થાંભલા પ્રમુખને ઓઠીંગણુ દઇને બેસે તે **स्तंभादि** દોષ.

૪ ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રાખે તે **माल** દોષ.

૫ ગાડાની ઉધિની પેઠે અંગૂઠા તથા પાની મેળવીને પગ રાખે તે **उधि** દોષ.

૬ નિગડમાં ( બેડીમાં ) પગ નાંખ્યાની માફક પગ પહોળા રાખે તે **निगड** દોષ.

૭ નગ્ન ભિલડીની પેરે ગુહ્ય સ્થાનકે હાથ રાખે તે **शबरी** દોષ.

૮ ઘોડાના ચોકડાની પેઠે હાથ રજોહરણ યુક્ત આગળ રાખે તે **खलिण** દોષ.

૯ નવપરિણીત વહુની માફક માથું નીચું રાખે તે **वधू** દોષ.

૧૦ નાભિની ઉપર અને ઢીંચણથી નીચે લાંબું વસ્ત્ર રાખે તે **लंबोत्तर** દોષ.

---

* પોસહવાળાએ પોસહમાં વર્જવાના ૧૮ દોષો પાછળ પોસહની વિધિમાં જણાવેલ છે.

૧૧ ડાંસ–મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની માફક ઢાંકી રાખે તે **સ્તન** દોષ.

૧૨ શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બન્ને સ્કંધ ઢાંકી રાખે, એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે **સંયતી** દોષ.

૧૩ આલાવો ગણુવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણુવાને અંગુલી તથા પાંપણુના ચાળા કરે તે **ભમુહંગુલી** દોષ.

૧૪ કાગડાની પેરે ડોળા ફેરવે તે **વાયસ** દોષ.

૧૫ પહેરેલા વસ્ત્ર જૂના અથવા પ્રસ્વેદે કરી મલિન થવાના ભયથી કોઠની પરે ગોપવી રાખે તે **કપિત્થ** દોષ.

૧૬ યક્ષાવેશિતની પેઠે માથું ધુણાવે તે **શિરકંપ** દોષ.

૧૭ મુંગાની પેઠે હું હું કરે તે **મૂક** દોષ.

૧૮ આલાવો ગણુતાં મદિરા પીધેલની પેઠે બડબડાટ કરે તે **મદિરા** દોષ.

૧૯ વાનરની પેઠે આસપાસ જોયા કરે, ઓષ્ઠપુટ હલાવે તે **પ્રેક્ષ્ય** દોષ.

## તપ ચિંતવણીનો કાઉસ્સગ્ગ.

હે ચેતન! વીર સ્વામીએ છ માસીનો તપ કર્યો, તેવો તપ કરવાના તારા પરિણુામ છે? પરિણુામ નથી, શક્તિ નથી. તેહથી એક ઊણુા કરવાના પરિણુામ છે? પરિ૦ નથી, શકિત નથી. બે ઊણુા કરવાના પરિણુામ છે? પરિ૦ નથી, શકિત નથી. ત્રણુ ઊણુા કરવાના પરિણુામ છે? પરિણુામ નથી, શકિત નથી. ચાર ઊણુા કરવાના પરિણુામ છે? પરિ૦

નથી, શકિત નથી. પાંચ ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શક્તિ નથી. છ–સાત–આઠ–નવ–દસ ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શક્તિ નથી. અગિયાર–બાર–તેર–ચૌદ–પંદર ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શક્તિ નથી. સોળ–સત્તર–અઢાર–ઓગણીશ–વીશ ઊણા કરવાના પરિણામ છે ? પરિ૦ નથી, શક્તિ નથી. એકવીશ–બાવીશ–ત્રેવીશ–ચોવીશ–પચ્ચીશ ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથો, શકિત નથી. છવીશ–સતાવીશ–અઠાવીશ–ઓગણત્રીસ ઊણા કરવાના પરિણામ છે ? પરિ૦ નથો, શક્તિ નથો. પાંચમાસી કરવાના પરિણામ છે ? પરિણામ નથી, શકિત નથી. આ જ ક્રમ પ્રમાણે ચાર માસી–ત્રણ માસી–બે માસી–માસખમણ સુધી ઉતરવું. માસખમણ કર્યું હોય તો ત્યાં ચિંતવવું કે પરિણામ નથી, શકિત છે. આ પ્રમાણે જે તપ કરી ચૂકયા હોઈએ તે તપમાં પરિ૦ નથી, શકિત છે તેવું ચિંતવવું. ત્યાર પછી ૧ ઊણા કરવાના પરિણામ છે ? પરિણામ નથી, શકિત નથી. બે ઊણા કરવાના પરિ૦ છે ? પરિણામ નથી, શકિત નથી. ત્રણ ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શકિત નથી. આ પ્રમાણે એક એક ઉતરતાં છેવટ તેર ઊણા કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શકિત નથી. ચોત્રીશ ભકત કરવાના પરિ૦ છે ? પરિણામ નથી, શકિત નથી. આ ઠેકાણે કદાચ સોળ ઉપવાસ પ્રથમ કર્યા હોય તો ચિંતવવું કે પરિણામ નથી, શકિત છે. અને કદાચ તે જ દિવસે સોળ ઉપવાસ કરવા હોય તો ચિંતવવું જે પરિણામ છે, શકિત છે. આ ઠેકાણે **નમો અરિહંતાણં** કહી કાઉસ્સગ્ગ પારવો. આવી રીતે તમામ ઠેકાણે સમજી લેવું. જેટલા ઉપવાસ પહેલાં કર્યા હોય, તે ઉપવાસની શકિત છે

એવું ચિંતવવું. અને તપ ચિંતવતી વખતે જે પચ્ચખ્ખાણ કરવું હોય ત્યાં 'પરિણામ છે, શકિત છે.' કહી ત્યાં કાઉસ્સગ્ગ પારવો. એ પ્રમાણે સમજી લેવું.

હવે સોળ ઉપવાસ ચિંતવ્યા પછી. બત્રીશ ભકત કરવાના પરિણામ છે ? પરિ૦ નથી, શકિત નથી. ત્રીશ ભકત કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી. ઇત્યાદિ આ ક્રમથી બે બે ભકત ઉતરતાં છેવટ છઠ્ઠ ભકત, છેવટ સૂરે ઉગ્ગએ ૧ ઉપવાસ કરવાના પરિ૦ છે ? પરિ૦ નથી, શકિત નથી. પછી આયંબિલ, નીવિ, એકાસણું, બીયાસણું, અવઙ્ઢ, પુરિમુઙ્ઢ, સાઢપોરિસી, નવકારશી પર્યંત ચિંતવે. છેવટ નવકારશી તો હોય જ, કારણ કે નવકારશીના પચ્ચખ્ખાણ કર્યા વિના રાઇપડિક્કમણું થાય નહીં, માટે નવકારશીના ચિંતવન સમયે પરિણામ છે, શકિત છે, એમ ચિંતવી ત્યાં કાઉસ્સગ્ગ પારવો. ઉપર બતાવ્યા પ્રમાણે જે જે પચ્ચકખાણ કરેલ હોય, અથવા હવે કરવું હોય તેનો ક્રમ ખાસ ઉપર લખ્યા પ્રમાણે લક્ષ્યમાં રાખવો. આ કાયોત્સર્ગમાં કરવાનું તપચિંતવન જેમને ન આવડતું હોય તેઓ સોળ નવકારનો કાઉસગ્ગ કરે, એમ પ્રવર્તન છે, પરંતુ મુખ્ય રીતિએ તો તપચિંતવન જ કરવાનું છે માટે અવશ્ય તપચિંતવન કરતાં શીખી લેવું.

## શ્રી ઉપધાનનું સ્તવન.

### ( ઢાળ ૧ લી–દેશી ત્રુટકની. )

શ્રી વીર જિનેશ્વર, સુપરે દીયે ઉપદેશ; સુણે બાર પરખદા, નહીં પરમાદ પ્રવેશ; સુણજો રે શ્રાવક, જો વહીએ ઉપધાન;

નવકાર ગણ્યા તો, સુઝે સુગુણ નિધાન ॥ ૧ ॥ ત્રુટક ॥ પડિક્કમણું કિરિયા તો સુઝે, જો વહીએ ઉપધાન; ઇમ જાણી ઉપધાન વહો તુમે, શ્રાવક થઈ સાવધાન ॥ ૨ ॥ નવકારતણો તપ, પહેલું અઢારીયું હોય; ઇરિયાવહીનો તપ, બીજું અઢારીયું જોય; એ બેહુ ઉપધાને, દિન અઢાર અઢાર; ઉપવાસ એકાસણુ, તપ હોય સાડાબાર ॥ ૩ ॥ ત્રુટક ॥ સાડાબાર ઉપવાસ તે કીજે, ગુરૂમુખ પોસો લીજે; ચોથ એકાંતર એક એકાસણું, પાપ પડલ સવિ છીજે ॥ ૪ ॥ એ બેહુ ઉપધાનમેં, માંડી નાંદ મંડાણુ; પૂજા ને પ્રભાવના, ઉચ્છવ કરો સુજાણ; કિરિયા સવિ સુધી, સાધુની રહેણી રહીએ; દેહરે દેવ વાંદો, સમિતિ ગુપતિ નિરવહીએ ॥ ૫ ॥ સમિતિ ગુપતિ સુપરે આરાધો, ચૈત્યવંદન ન વિસારો; દોય સહસ નવકાર ગણીને, પોરિસી ભણી સંથારો ॥ ૬ ॥ પાંચે ઉપવાસે, પહેલી વાયણ હોય; તપ પૂરે બીજી, ગુરુમુખ લીજે સોય; એહું જો છંડે, તો તસ દહાડો વાધે; તિમ મુહપત્તિ પાડે, જો શોધંતા નવિ લાધે ॥ ૭ ॥ તિમ અકાળ સઝાઇ વમને, દહાડો લેખે નાવે; જીવઘાત વિકથા હાસ્યાદિક, તો આલોયણ આવે ॥ ૮ ॥ અરિહંત ચેઇયાણું, ચોકીયું તસ ઉપધાન; ઉપવાસ ને આંબિલ, ચાર દિવસનું માન; ઉપવાસ અઢી જગ, તપ સંપૂરણ થાય; વાયણા તબ લીજે, પામી સુગુરૂ પસાય ॥ ૯ ॥ સુગુરૂ પાસે છકીયું વહીએ, સાત દિવસ પરિમાણ; બે ઉપવાસે પુખ્ખરવરદી, અઢીએ સિદ્ધાણં બુદ્ધાણં ॥ ૧૦ ॥

( ઢાળ ૨ જી–દેશી ઉદ્ધારની. )

ભાઇ હવે માળ પહેરાવો, સાહમિ સાહમિણીને નોતરાવો;
ભલા ભોજન ભક્તિ કરાવો, રૂપાની રકેબી ઘડાવો. ॥ ૧ ॥

માંહે મેવા મીઠાઇ ભરીએ, હીરાગલ કમખા ધરીએ;
ચતુરાઇની ચાલ મ ચૂકો, માંહે રૂપાનાણું મૂકો. ॥ ૨ ॥

ચાર પહોર દેવડાવે ભાસ, ગાય ગંધર્વ જિન ગુણ રાસ;
સાહમિણીને દ્યો તંબોળ, ઇમ રાતિજગે રંગરોળ. ॥ ૩ ॥

ઇણી પરે એ માળ જગાવો, નેજાં નિશાણ મંગાવો;
પંચ શબ્દ ઢોલ સરણાઇ, સાંબેલા સબલ સજાઇ. ॥ ૪ ॥

કુંઅરી શિર ખુંપ ભરીજે, ઇંદ્રાણી શણગારીજે;
જિનશાસન સોહ ચડાવો, જગે બોધિબીજ ઇમ વાવો. ॥ ૫ ॥

ગયવર શિર ઠવીએ માળ, માર્ગે દીયો દાન રસાળ;
ઇણી પરે સંઘ સાજન સાથે, માળ આણી દીઓ ગુરૂહાથે. ॥ ૬ ॥

ગુરૂરાય ઠવે તિહાં વાસ, શ્રાવક મન અતિહિ ઉલ્લાસ;
જેહને માળા કંઠે ઠવીજે, મણિમય ભૂષણ તસ દીજે. ॥ ૭ ॥

અંગ પૂજા પ્રભાવના કીજે, વ્રતધારી પહેરામણી દીજે;
પાઠાં પુસ્તક ને રૂમાલ, ગુરૂભકિત કરો સુવિશાલ. ॥ ૮ ॥

હવે શક્રસ્તવ ઉપધાન, પાંત્રીશ દિવસ તસ માન;
ઉપવાસ સાડીઓગણીશ, વાયણા ત્રણ અતિહિ જગીશ. ॥ ૯ ॥

હવે અઠ્ઠાવીશીયું જેહ, ઉપધાન લોગસ્સનું તેહ;
સાડાપન્નર ઉપવાસ, વાયણા ત્રણ લીલ વિલાસ. ॥ ૧૦ ॥

ઇણી પરે એ છ ઉપધાન, શ્રાવક શ્રાવિકા થાઓ સાવધાન;
વહી સફળ કરો અવતાર, સંસાર તણો લહો પાર. ॥ ૧૧ ॥

## કલશ

શ્રી વીર જિનેશ્વર ઉપધાન વિધિ ઇમ, ભવિક હિત હેતે કહે,
મહાનિશીથ સિદ્ધાંત માંહે, સુલભ બોધિ સદ્દહે;
આરાધીએ ઉપધાન વહેતાં, ચારે ભેદે ધર્મ એ,
દાન શીલ તપ ભાવ શુભ ગતિ, પામીએ શિવશર્મ એ. ॥ ૧ ॥

અઘટ ઘાટ શરીર હોય તે, ઘાટ માંહે આવે ઘણો,
ખમાસમણ મુહપત્તિ કિરિયા, જાણે વિધિ શ્રાવક તણો;
ઉપધાનના ગુણ કહું કેતા, કહેતાં નાવે પાર એ,
હોય સફળ શ્રાવક તણી કિરિયા, ઉપધાને નિરધાર એ. ॥ ૨ ॥

તપગચ્છ નાયક સુમતિ દાયક, શ્રી વિજયપ્રભસૂરીશ એ,
પુન્ય પ્રતાપે અધિક દિન દિન, જગત જાસ જગીશ એ;
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનય ઇણી પરે વિનવે;
દેવાધિદેવા ધર્મ હેવા, દેજો મુજને ભવોભવે. ॥ ૩ ॥

## ઉપધાન વિધિ સમાપ્ત.

# શ્રી પૌષધ વિધિ.

## પૌષધ લેનારે જાણવા લાયક અગત્યની સૂચનાઓ

પૌષધ એટલે શું?—ધર્મની પુષ્ટિને જે ધારણ કરે તે (અર્થાત્ ધર્મની વૃદ્ધિ કરનાર), તથા પર્વાદિ દિવસે અવશ્ય આરાધવા યોગ્ય ક્રિયા–વ્રતવિશેષ તે પૌષધ કહેવાય. શ્રાવકના બાર વ્રતો પૈકીનું આ પૌષધવ્રત અગ્યારમું છે.

પૌષધના મુખ્ય ભેદ ચાર છે—આહાર પોસહ, શરીર-સત્કાર પોસહ, બ્રહ્મચર્ય પોસહ અને અવ્યાપાર પોસહ.

૧ આહાર પોસહ એટલે–ઉપવાસ, આયંબિલ વિગેરે તપ કરવો (આહાર ત્યાગરૂપ) તે.

૨ શરીરસત્કાર પોસહ–સ્નાન, વિલેપન વિગેરેથી શરીરની વિભૂષા(શોભા) સત્કાર ન કરવો અર્થાત્ શરીર સંબંધી દરેક શોભાનો ત્યાગ કરવો તે.

૩ બ્રહ્મચર્ય પોસહ–શિયળ પાળવું (સ્ત્રીસંગત્યાગ) તે.

૪ અવ્યાપાર પોસહ–સાવદ્ય(પાપરૂપ) વ્યાપાર(ક્રિયા)નો ત્યાગ કરવો તે.

આ ચારે પ્રકારના પોસહના દેશથી અને સર્વથી એમ બે

બે ભેદ થતાં મુખ્ય આઠ ભેદ થાય છે અને સંયોગી* ભેદ કરીએ તો ૮૦ થાય છે.

પરંતુ હાલ પૂર્વાચાર્યોની પરંપરાથી દેશથી ને સર્વથી એમ બે રીતે ફકત આહાર પોસહ કરાય છે, એટલે તિવિહાર ઉપવાસ, આયંબિલ, નીવી કે એકાસણું કરીને પોસહ કરવો તે દેશથી આહારપોસહ, અને ચઉવિહાર ઉપવાસ કરવો તે સર્વથી.

બાકીના ત્રણ ભેદવાળા ( શરીરસત્કાર પોસહ આદિ ) પોસહ હાલ સર્વથી કરાય છે.

આ પોસહ ચાર પ્રહરનો, ( દિવસનો અથવા રાત્રિનો જ ) અને આઠ પ્રહરનો ( દિવસ ને રાત્રિનો ) એમ બે રીતે કરાય છે.

જેણે માત્ર રાત્રિના ચાર પ્રહરનો પોસહ કરવો હોય તેણે પણ ઉપવાસ કે છેવટ એકાસણા સુધીનો કાંઇ પણ તપ કરેલ હોવો જોઇએ, અને પોસહ કરવાની ઇચ્છાવાળાએ સવારે પણ પ્રતિક્રમણ કરવું જોઇએ.

## પોસહ કયારે લેવાય ? અને પ્રતિક્રમણ વિગેરેની વ્યવસ્થા.

પોસહ કરવાની ઇચ્છાવાળાએ પ્રભાતમાં પ્રથમ પોસહ ગ્રહણ કરીને ( ઉચ્ચરીને ) પછી પ્રતિક્રમણ કરવું જોઇએ; આ મુખ્ય વિધિ છે, પરંતુ પ્રતિક્રમણ કર્યા બાદ, અથવા પ્રતિક્રમણ કરી વીતરાગ પરમાત્માની પૂજા કરીને પછી પોસહ

* આ સંયોગી ૮૦ ભેદ ગુરુદ્વારા સમજી લેવા અવશ્ય ઉદ્યમ કરવો.

લેવાની જે આધુનિક પ્રવૃત્તિ ચાલે છે તે અપવાદે છે. આ હકીકત સામાચારી વિગેરે વિધિ-ગ્રન્થોમાં સ્પષ્ટ જણાવી છે.

વળી આ સંબંધી શ્રી સેનપ્રશ્નના ત્રીજા ઉલ્લાસના ૧૨૪ મા અને ૩૧૨ મા પ્રશ્નમાં પણ નીચે મુજબ ખુલાસો છે.

**प्रश्नः—पौषधदिने श्राद्धः प्रतिक्रमणं कृत्वा देवान् वन्दित्वा पश्चात् पौषधं करोति, तथा कृतः पौषधः शुध्यति न वा ?**

**उत्तरम्—पौषधं कालवेलायां कृत्वा प्रतिक्रमणं च कृत्वा देवान् वन्दते इति विधिः। कालातिक्रमादिकारण-वशात्तु पूर्वं देवान् वन्दित्वा पश्चात् पौषधं गृह्णाति। इति ॥ १२४ ॥**

**અર્થ-પ્રશ્ન**—પૌષધને દિવસે શ્રાવક પ્રતિક્રમણ કર્યા બાદ દેવ વાંદીને પછી પૌષધ ગ્રહણ કરે તો તે પ્રમાણે કરેલો પૌષધ શુદ્ધ થાય કે કેમ ?

**ઉત્તર**—કાલવેલાએ પ્રથમ પૌષધ ગ્રહણ કર્યા બાદ પ્રતિ-ક્રમણ કરીને દેવ વાંદે એ પ્રમાણે વિધિ છે, પરંતુ કાલાતિક્રમ વિગેરે કારણના વશથી તો ( પ્રતિક્રમણ કર્યા બાદ ) દેવ વાંદીને પછી પૌષધ ગ્રહણ કરે ॥ ૧૨૪ ॥

**प्रश्नः—घटिकाद्वयादिशेषरात्रिसमये पौषधं करोति कश्चित्, कश्चिच्च वस्त्राङ्गप्रतिलेखनां कृत्वा तत् करोति। तयोर्मध्ये कः शास्त्रोक्तविधिः ?।**

उत्तरम्—पाश्चात्यरात्रौ पौषधकाले पौषधविधानम् इति मौलिको विधिः । कालातिक्रमे तद्विधानं तु आपवादिकम् । इति ॥ ३१२ ॥

અર્થ-પ્રશ્ન—બે ઘડી વિગેરે શેષ રાત્રિને સમયે કોઇક શ્રાવક પૌષધ ગ્રહણ કરે છે, અને કોઇક વસ્ત્ર અને અંગની પડિલેહણા કર્યા બાદ પૌષધ ગ્રહણ કરે છે. તે બન્નેની મધ્યમાં શાસ્ત્રોક્ત વિધિ કયો સમજાવો ?

ઉત્તર—પાછલી રાત્રિએ પૌષધ ગ્રહણ કરવાને અવસરે પૌષધ ગ્રહણ કરવો, એ પ્રમાણે મુખ્ય વિધિ છે. પરંતુ પૌષધ લેવાના કાલનો અતિક્રમ થયા બાદ પૌષધ ગ્રહણ કરવો એ તો અપવાદરૂપ છે. ॥ ૩૧૨ ॥

આ ઉપરથી નિશ્ચિત થાય છે કે-પ્રભાતમાં પ્રથમ પોસહ ગ્રહણ કરીને ત્યાર પછી પ્રતિક્રમણ કરવું એ મુખ્ય વિધિ છે.

પરંતુ તેમ ન બને તો સવારમાં પ્રથમ પ્રતિક્રમણ કરી, સામાયિક પાર્યા વિના જ પોસહ લેવો. તેમાં પડિલેહણાના આદેશ વખતે પડિલેહણા કરવી, અને દેવવંદન કરીને સજ્ઝાય કરવી. અથવા હાલ સવારમાં પ્રતિક્રમણ કર્યા બાદ જિનેશ્વર ભગવાનની પૂજા કરીને પછી પણ પોસહ લેવાની પ્રવૃત્તિ છે.

જેઓ પ્રતિક્રમણ કરીને તરત પોસહ લેતા નથી, તેઓ પણ પડિલેહણ અને દેવવંદનની ક્રિયા તે વખતે જ પોસહ લીધા વિના પણ કરે છે. એટલે એ રીતે પહેલાં પણ પડિલેહણ અને દેવવંદનની ક્રિયા થઈ શકે છે, પરંતુ દેવવંદન પછી સજ્ઝાય કરવાની છે, એ તો પોસહ લીધા પછી જ કરવી.

જેણે પ્રતિક્રમણ કરીને તરત પોસહ ન લેવો હોય, તે કદાચ પડિલેહણ અને દેવવંદનની ક્રિયા પોસહ લીધા પછી કરે તો પણ કરી શકે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સવારનું પ્રતિક્રમણ કદાચ ન કર્યું હોય, અને પોસહ કરવાનો હોય તો તેણે પ્રથમ પોસહ લઈ, પ્રતિક્રમણ કરી પછી પડિલેહણ કરવું; તે પછી દેવવંદન કરવું.

## પોસહમાં જોઇતાં ઉપકરણો ( ચીજો. )

દિવસના પોસહવાળાને નીચે મુજબ—

ચરવળો, મુહપત્તિ, કટાસણું, ધોતીયું, સૂતરનો કંદોરો, ઉત્તરાસણ ( ખેસીયું ), માતરીયું–એટલે માત્રું ( લઘુનીતિ ) કરવા જતાં પહેરવાનું વસ્ત્ર, અને ખેળીયું એટલે નાસિકાનો શ્લેષ્મ આદિ મળ કાઢવા માટે વસ્ત્રખંડ.

રાત્રિ પોસહવાળાને અથવા દિવસરાત્રિ--અહોરાત્રિ પોસહ-વાળાને નીચે મુજબ—

ઉપરની સર્વ વસ્તુઓ, તે ઉપરાંત સંથારીયું, ઉનની કામળ, ( શીતકાળે ૨, ઉષ્ણકાળે ૧ ), ઉત્તરપટ્ટો સૂતરાઉ ( એકપડો ઓછાડ–ચાદર ), કુંડળ ( રૂનાં પુંભડાં ), દંડાસણ, ચુનો નાખેલું પાણી, વડીનીતિ જવું પડે તો ખપ આવવા માટે લોટો. એથી વધારે કોઇ ચીજની જરૂર જણાય તો જાચી ( માગી ) લેવી.

## કેટલીએક સમજુતી.

૧ પોસહમાં આભૂષણ ( દાગીના ) પહેરવા જોઇએ નહીં; કંદોરો પણ સૂતરનો જોઇએ.

૨ મુહપત્તિના પચાસ બોલ આગળ લખ્યા છે, તે પ્રમાણે મુહપત્તિનું પડિલેહણ કરતાં બોલવા. પણ સ્ત્રીઓએ મસ્તકના, હૃદયના અને બે ભુજાના દશ બોલ ન બોલવા; એટલે તે દશ વિના બાકીના ૪૦ બોલથી મુહપત્તિ પડિલેહવી.

અને વસ્ત્રાદિની પડિલેહણા વખતે મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી, કંદોરો ૧૦ બોલથી, ધોતીયું અને એવાં બીજાં દરેક વસ્ત્રો પચીશ પચીશ બોલથી પડિલેહવા. આમાં જ્યાં જ્યાં ઓછા બોલથી પડિલેહવાનું હોય ત્યાં ત્યાં શરૂઆતથી ગણત્રીએ તેટલા તેટલા બોલ કહેવા.

૩ કાજો લેનારને એક આયંબિલ તપનું વિશેષ ફળ મળે છે, માટે કાજો બરાબર ઉપયોગપૂર્વક લેવો. કાજામાં અનાજ તથા લીલી વનસ્પતિ વિગેરે સચિત્ત એકેંદ્રિય કે કલેવર નીકળે તો ગુરૂ પાસે આલોયણા લેવી, અને ત્રસ જીવ કંથુઓ, કીડી વિગેરે જીવંત જંતુ નીકળે તો જયણાએ એક સ્થળે મૂકે.

૪ પોસહ લીધા પછી જિનમંદિરે દર્શન કરવા અવશ્ય જવું જોઇએ, ન જાય તો આલોયણ આવે. કેવી રીતે જવું તે રાઇમુહપત્તિ પડિલેહવાના વિધિ પછી બતાવેલ છે.

પાછા જિનમંદિરથી નીકળતાં ત્રણ વાર " આવસ્સહી " કહેવી, અને ઉપાશ્રયે આવી ત્રણ વાર " નિસ્સિહી " કહીને પ્રવેશ કરવો; અને સો ડગલાં ઉપરાંત ગયા હોય તો ઇરિયાવહિયં પડિક્કમીને ગમણાગમણે આલોવવા.

૫ જયારે ઉપાશ્રયની બહાર જવું ત્યારે " આવસ્સહી "

ત્રણ વાર કહીને નીકળવું; અને જ્યારે ઉપાશ્રયમાં આવવું ત્યારે ત્રણ વાર " નિસ્સિહી " કહીને પ્રવેશ કરવો.

૬ જો ચોમાસું હોય, તો મધ્યાહ્ન( બપોર )ના દેવવંદન કર્યા પહેલાં ( બીજી વારનો ) કાજો લેવો જોઇએ, માટે એક જણ ઇરિયાવહિયં પડિક્કમીને કાજો લહી, શુદ્ધ કરીને યોગ્ય સ્થાનકે પરઠવે. ( પછી ઇરિયાવહિયં પડિક્કમવા નહીં, પણ ) ત્યાર પછી મધ્યાહ્નના દેવ વાંદવા એટલે અગાઉ જણાવેલી વિધિ મુજબ ઇરિયાવહિયં પડિક્કમીને દેવવંદન કરવું.

૭ કુંડળ ( રૂનાં પુંભડાં ) ગુમાવે, તો આલોયણ આવે છે.

૮ આ વિધિમાં જ્યાં જ્યાં " ઇરિયાવહિયં પડિક્કમવા ( કરવા ) " એમ કહેલ હોય ત્યાં ત્યાં પ્રથમ ખમાસમણ દઇને ઇરિયાવહિયં૦, તસ્સ ઉત્તરી૦, અન્નત્થ૦, કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી, અથવા ૪ નવકારનો કાઉસ્સગ્ગ કરીને પ્રકટ લોગસ્સ કહેવો, ત્યાં સુધી કરવું.

૯ પડિલેહણા ઉભડક બેસીને, મોનપણે, ( પડિલેહણા કરતાં બોલાય નહીં, બોલે તો આલોયણ આવે છે ) જયણા-યુક્ત કરવી. જીવજંતુ બરાબર તપાસે અને તે વખતે ઉત્ત-રાસણ રાખે નહીં.

૧૦ પોસહ લેવાનો કાળ વહી જતો હોય, તો પોતાની મેળે પોસહ ઉચ્ચરી શકાય છે; પણ પછી ફરીથી ગુરૂ સમક્ષ તે ક્રિયા કરવી જોઇએ, અને " ઉપધિ પડિલેહું ? " ત્યાં સુધીના બધા આદેશો માંગવા; અને રાઇમુહપત્તિ ત્યાર-પછી પડિલેહવી; પણ પહેલાં નહીં.

૧૧ પોસહમાં પોસહના ૧૮ દોષ, પાંચ અતિચાર અને સામાયિકના ૩૨ દોષ ટાળવા અવશ્ય ખપ કરવો.

૧૨ આ બુકમાં પાછળ મન્હજિણાણં સજ્ઝાયનો, સાગરચંદાનો અને સંથારા પોરિસિનો અર્થ બતાવેલ છે, તે જરૂર વાંચવો.

૧૩ આ વિધિ સંબંધી વિશેષ સમજણ ગુરુદ્વારા અથવા તેના જાણકાર પાસેથી જાણવા જરૂર ઉદ્યમ કરવો.

## માથે કામળી નાખવાનો કાળ. જુઓ પૃષ્ઠ ૪૯

## અચિત્ત ( ઉકાળેલા ) પાણીનો કાળ. જુઓ પૃષ્ઠ ૪૯

## માત્રું[1] કે સ્થંડિલ[2] જવાનો વિધિ.

માત્રું કરવા જનારે પ્રથમ તો ( માત્રું કરવા જવું પડે માટે-) કુંડી, પુંજણી અને અચિત્ત પાણી જાચી રાખવાં.

પછી જ્યારે માત્રું કરવા જવું હોય ત્યારે માતરીયું ( માત્રું કરવા જતાં અગાઉ પહેરવાનું વસ્ત્ર ) પહેરી, પુંજણીથી કુંડી પ્રમાર્જી, તેમાં માત્રું કરીને પરઠવવાની જગ્યાએ કુંડી મૂકી, જંતુ વિનાની ભૂમિ જોઇને “અણુજાણહ [3]જસ્સુગ્ગહો” એ બોલીને પછી માત્રું પરઠવીને, કુંડી ( ફરીથી ) નીચે મૂકી “વોસિરે, વોસિરે, વોસિરે,” એમ ત્રણ વાર કહી, કુંડી હાથમાં લઇને મૂળ જગ્યાએ મૂકવી. પછી હાથ અચિત્ત

---

૧ માત્રું એટલે લઘુનીતિ-પેસાબ.

૨ સ્થંડિલ એટલે વડીનીતિ-દિશાએ જવું તે-લોટે જવું તે.

૩ અણુજાણહ જસ્સગ્ગો એવો પાઠ પણ છે.

પાણીથી ધોઇ, ( કદાચ પગ અપવિત્ર થયા હોય તો તે પણ શુદ્ધ કરી ) વસ્ત્ર બદલી, સ્થાપનાચાર્ય સન્મુખ આવી, ખમાસમણ દઇને ઇરિયાવહિયં પડિક્કમવા પરંતુ રાત્રે તો માત્રું કરીને ઇરિયાવહિયં પડિક્કમીને પછી [1]ગમણાગમણે પણ આલોવવા.

## સ્થંડિલ જવાનો

કદાચ રાત્રે સ્થંડિલ જવું પડે તો સો ડગલાની અંદર જવાય. મુકામ બહાર જતાં "આવસ્સહી" ને મુકામમાં પેસતાં પેસતાં "નિસ્સિહી" ત્રણ ત્રણ વાર કહેવાનું સમજુતીની કલમ ૫ મીમાં કહેલ છે, તે દરેક વખતે યાદ રાખવું.

**પૌષધ લેવાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૪૦**

**દેવ વાંદવાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૩૭**

**છ ઘડી દિવસ ચડ્યા પછી પોરિસિ ભણાવવાનો વિધિ જુઓ પૃષ્ઠ ૩૮**

**રાઇ મુહપત્તિ પડિલેહવાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૩૮**

**બપોર(સાંજ)ની પડિલેહણાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૪૨**

**પચ્ચખ્ખાણ પારવાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૩૯**

**પોસહ પારવાનો વિધિ. જુઓ પૃષ્ઠ ૪૮**

---

૧ કોઇક પ્રાચીન સામાચારીનું પ્રમાણ બતાવીને કહે છે કે, દિવસે પણ માત્રું કરીને આવ્યા બાદ ઇરિયાવહિયં પડિક્કમીને ગમણાગમણે આલોવવા, પરંતુ એ પ્રમાણ તો રાત્રિએ માત્રું કરીને આવ્યા પછીની વિધિ માટે છે, એમ જાણવું.

## પોસહ લીધા પછી રાઇ પ્રતિક્રમણ કરવું હોય તો તે આ રીતે.

પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમીને પાધરૂં ( સામાયિક મુહપત્તિ પડિલેહવી વિગેરે કાંઈ ન કરતાં તુર્તજ ) ખમા૦ દઇ, કુસુમિણ દુસુમિણનો કાઉ૦ કરીને પછી ચૈત્યવંદન આદિ સમગ્ર પ્રતિક્રમણની વિધિ પ્રમાણે કરવું. પરંતુ સાત લાખ અને અઢાર પાપસ્થાનક જ્યારે આવે ત્યારે તેને બદલે આ રીતે બોલવું.

“ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ગમણાગમણે આલોઉં ? ઇચ્છં.

ઇરિયાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિ, પારિટ્ઠાવણિયાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, એ આઠ પ્રવચન માતા શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળી નહિં. ખંડન વિરાધના થઈ હોય તે સવિહું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. ” એ પ્રમાણે કહેવું, અને વંદિત્તાસૂત્રની શરૂઆતમાં કરેમિ ભંતેમાં ‘ જાવ પોસહં પજ્જુવાસામિ ’ કહેવું. ત્યારપછી રાઈપ્રતિક્રમણ વિધિ પ્રમાણે કરવું, પણ છેવટે દેવવંદન કરીને ( કલ્લાણકંદની ચારે થોઇ કહ્યા પછી નમુત્થુણં કહ્યા બાદ ) ભગવાનાદિને વંદના કરતાં પહેલાં ખમા૦ દઇને ‘ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુવેલ સંદિસાહું ? ઇચ્છં. ’ કહીને ફરી ખમાસમણ દઇ ‘ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુવેલ કરશું, ઈચ્છં. ’ એટલું કહીને પછી ભગવાનાદિ વાંદવાના ચાર ખમાસમણ દઈને ‘ અડ્ઢાઇજ્જેસુ૦ ’ કહેવું અને અવસર હોય

તો બે ચૈત્યવંદન કરવાં. જ્યાં જ્યાં કરેમિ ભંતેનો પાઠ આવે ત્યાં ત્યાં 'જાવ નિયમં' ને બદલે 'જાવ પોસહં' કહેવું.

## પોસહ લેવાનો વિધિ, સૂત્રો સાથે.

પૂર્વે (પહેલાં) જણાવેલ વસ્તુઓમાંથી શુદ્ધ ધોતીયું પહેરી, ચરવળો મુહપત્તિ હાથમાં લઇ, ભૂમિ ચરવળાથી પ્રમાર્જી, સ્થાપનાચાર્યજી સન્મુખ કટાસણું પાથરી ખમાસમણું[1] દેવું, તે આ રીતે—

ઇચ્છામિ, ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

ત્યાર પછી ઊભા રહી, મુખ આગળ મુહપત્તિ રાખી બે હાથ જોડી આ પ્રમાણે કહેવું—

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં; ઇરિયાવહિયાએ વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ, પણગદગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિઆ, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં. ॥ અન્નત્થ

૧ ચરવળાથી પગ, ભૂમિની પ્રમાર્જના કરતાં કરતાં.

ઊસસિએણું, નીસસિએણું, ખાસિએણું, છીએણું, જંભાઇએણું, ઉડ્ડુએણું, વાયનિસગ્ગેણું, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણું, ભગવંતાણું, નમુક્કારેણું, ન પારેમિ, તાવ કાયં ઠાણેણું મોણેણું જાણેણું, અપ્પાણું વોસિરામિ.

ઉપર મુજબ બોલી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્ગગ્ગ કરી, પછી 'નમો અરિહંતાણું' કહી, પારી, હાથ જોડી પ્રગટ લોગસ્સ કહેવો, તે આ પ્રમાણે—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી. ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણું ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણું ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણું, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણું ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણું ચ ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિ-લાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

પછી ખમાસમમણુ[1] દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં' કહી ઉભડક બેસી મુહપત્તિ પડિલેહી, ફરી ખમા૦[2] દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ સંદિસાહું? ઇચ્છં' ખમા૦ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ ઠાઉં? ઇચ્છં' કહી, ઊભા રહી, બે હાથ જોડી, એક નવકાર બોલી "ઇચ્છકારી ભગવન્! પસાય કરી પોસહ દંડક ઉચ્ચરાવોજી" કહેવું ત્યારે ગુરુ અથવા વડિલ[3] પોસહદંડકનો પાઠ ઉચ્ચરાવે. ગુરુનો જોગ ન હોય તો પોતે નીચે પ્રમાણે બોલે.

## પોસહનું પચ્ચખ્ખાણ

**કરેમિ ભંતે! પોસહં, આહારપોસહં દેસઓ સવ્વઓ, સરીરસક્કારપોસહં સવ્વઓ, બંભચેરપોસહં સવ્વઓ, અવ્વાવારપોસહં સવ્વઓ, ચઉવ્વિહે પોસહે ઠામિ; જાવ[4] દિવસં (અહોરત્તં) પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં વાયાએ**

---

૧. ખમાસમણ પ્રસિદ્ધ હોવાથી આખો પાઠ લખ્યો નથી, અને હવે પછી પણ લખવામાં નહિં આવે.

૨. જ્યાં જ્યાં ખમા૦ આવે ત્યાં ત્યાં ખમાસમણ દેવું, એમ સમજવું.

૩. જેણે આપણી પહેલાં પોસહ લીધો હોય તે વડિલ કહેવાય.

૪. પોસહ જો કેવલ દિવસનો (ચાર પ્રહરનો) જ લેવો હોય તો 'જાવ દિવસં પજ્જુવાસામિ' એ પ્રમાણે બોલવું, જો દિવસ અને રાત્રિનો એટલે આઠ પ્રહરનો સાથે લેવો હોય તો 'જાવ અહોરત્તં પજ્જુવાસામિ' એ પ્રમાણે બોલવું, અને જો રાત્રિનો જ લેવો હોય તો 'જાવ સેસદિવસં રત્તં પજ્જુવાસામિ' એ પ્રમાણે બોલવું.

**કાએણં,ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.**

પછી ખમા૦ દઇ, ઇચ્છા૦[1] સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં ' કહી, મુહપત્તિ પડિલેહી, ખમા૦ દઇ, ' ઇચ્છા૦ સામાયિક સંદિસાહું ? ઇચ્છં ' કહી, ફરીથી ખમા૦ દઇ, ' ઇચ્છા૦ સામાયિક ઠાઉં ? ઇચ્છં ' કહી ( ઊભા રહી ) બે હાથ જોડી, એક નવકાર ગણી ઇચ્છકારિ ભગવન્ ! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી ' કહેવું. પછી ( પોસહની માફક ) ગુરુમુખે અથવા પોતે કરેમિ ભંતે ઉચ્ચરે, તે આ રીતે—

## ' કરેમિ ભંતે. '

**કરેમિ ભંતે ! સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચ-ક્ખામિ, જાવ પોસહં પજ્જુવાસામિ; દુવિહં, તિવિ-હેણં, મણેણં વાયાએ કાયેણં; ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.**

પછી ખમા૦ ' ઇચ્છા૦ બેસણે સંદિસાહું ? ઇચ્છં ' ખમા૦ ' ઇચ્છા૦ બેસણે ઠાઉં ? ઇચ્છં. ' ખમા૦ ' ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહું ? ઇચ્છં. ' ખમા૦ ' ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં. ' કહી ( ઊભા રહી ) બે હાથ જોડી, ત્રણ નવકાર ગણી, ખમા૦ ' ઇચ્છા૦ બહુવેલ સંદિસાહું ? ઇચ્છં. ' ખમા૦ ' ઇચ્છા૦ બહુવેલ કરશું ? ઇચ્છં. ' કહેવું.

---

૧ જ્યાં જ્યાં ઇચ્છા૦ શબ્દ આવે ત્યાં ત્યાં ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! ' એ પ્રમાણે બોલવું.

જો પોસહ લીધા પહેલાં પડિલેહણા કરી હોય તો (પોસહ લીધા પછી એટલે 'બહુવેલ કરશું ? ઇચ્છં૦ ' એ કહ્યા પછી) નીચે મુજબ પડિલેહણાની ક્રિયા કરવી.

ખમા૦ 'ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં.' કહી મુહપત્તિ પડિલેહી, ખમા૦ 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી.' ( વડિલનું વસ્ત્ર એક પડિલેહી ) ખમા૦ 'ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં.' કહી, મુહપત્તિ પડિલેહી, ખમા૦ 'ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં.' ખમા૦ 'ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં.' કહી, ખમા૦ 'વિધિ કરતાં અવિધિ થયો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં' કહેવું. પછી પહેલાં દેવવંદન ન કર્યું હોય તો દેવ વાંદવાની ક્રિયા કરવી.

જેને પોસહ લીધા પછી પ્રતિક્રમણ કરવાનું હોય, તેની વિધિ આ બુકમાં પૃષ્ઠ ૭૦ માં છે; તે પ્રમાણે કરી પછી નીચે મુજબ પડિલેહણા કરવી—

## પોસહ લીધા પછી પડિલેહણાની ક્રિયા.

પોસહ લીધા પછી પડિલેહણા કરવી હોય, અથવા રાત્રિ પોસહવાળાને બીજે દિવસે સવારે પડિલેહણા કરવી હોય, તો આ રીતે કરવું.

પોસહ લીધા પછી-એટલે 'બહુવેલ કરશું ? 'ઇચ્છં.' એ કહ્યા પછી પ્રથમ [1]ઇરિયાવહિયં કરવા.

ખમા૦ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં

---

[1] પરંતુ પોસહ લીધા પછી સાથે લાગલી જ આ ક્રિયા કરવી હોય તો ઇરિયાવહિયંથી લોગસ્સ સુધીનું કહેવું નહીં.

પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ઇરિયાવહિયાએ, વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ, પણગ દગ, મટ્ટી મક્કડા, સંતાણા સંકમણે જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગં. અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં, ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં, ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

ઉપર મુજબ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને લોગસ્સ કહેવો. તે આ પ્રમાણે—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ, પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિ-

જિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥ કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગ-બોહિ-લાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

પછી ખમાસમણ દઇ, 'ઇચ્છા૦ પડિલેહણ કરૂં? ઇચ્છં' કહી [1]મુહપત્તિનું પડિલેહણ કરી, પછી [2]ચરવલાનું, [3]કટાસણાનું, [4]કંદોરાનું, [5]પંચીયાનું. ( પંચીયું જોઇને પહેરી ); એમ પાંચ વાનાં પડિલેહી, ખમા૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ઇરિયાવહિયાએ, વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં. અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસં-

ચાલેહિં, એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

આ પ્રમાણે કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને લોગસ્સ કહેવો. તે નીચે મુજબ—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી. ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગ–બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.

કહી **ખમા૦** દઈ, '**ઇચ્છકારિ ભગવન્ ! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી.**' એમ કહી વડીલનું ઉત્તરાસણ પડિલેહી, **ખમા૦** 'ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં.' કહી મુહપત્તિ પડિલેહી **ખમા૦** દઇ, 'ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં.' ખમાસમણ દઇ, 'ઇચ્છા૦ ઉપધિ પડિ-

લેહું ? ઇચ્છં ' કહી, પહેલાં પાંચ વાનાં પડિલેહ્યાં છે તેથી બાકીનાં ઉત્તરાસણ, માત્રું કરવા જતા પહેરવાનું વસ્ત્ર, કામળી વિગેરે પડિલેહી, દંડાસણ જાચી તેનું પડિલેહણ કરી; ઇરિયાવહી કરવા. તે આ પ્રમાણે—

ખમા૦ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં; ઇરિયાવહિયાએ, વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે; જે મે જીવા વિરાહિઆ; એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાએ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગ.

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ; સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; એવમાઇએહિં, આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો; જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ; તાવ કાયં, ઠાણેણં મોણેણં ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. ॥

ઉપર મુજબ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને લોગસ્સ કહેવો.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મ તિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસંપિ કેવલી. ( ૧ ) ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ( ૨ ) સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ( ૩ ) કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ( ૪ ) એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ( ૫ ) કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિ-લાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ( ૬ ) ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમમ દિસંતુ. ॥ ૭ ॥

પછી **કાજો લેવો.** એ કાજાની અંદર જીવજંતુ જોઈને ત્યાં જ ઉભા રહી [૧]ઇરિયાવહી કરવા. તે આ પ્રમાણે—

ખમા૦ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ઇરિયાવહિયાએ; વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિય-ક્કમણે ઓસા ઉત્તિંગ, પણગ દગ, મટ્ટી મક્કડા, સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

૧ કાજો લેનાર એકલો જ ઇરિયાવહી કરે.

તસ્સ ઉત્તરીકરણેણું, પાયચ્છિત્તકરણેણું, વિસોહીકરણેણું, વિસલ્લીકરણેણું, પાવાણું કમ્માણું નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥ અન્નત્થ ઊસસિએણું, નીસસિએણું, ખાસિએણું, છીએણું, જંભાઇએણું, ઉડ્ડુએણું, વાયનિસગ્ગેણું, ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણું ભગવંતાણું નમુક્કારેણું ન પારેમિ તાવ કાયં ઠાણેણું મોણેણું ઝાણેણું અપ્પાણું વોસિરામિ ॥

ઉપર મુજબ કહી, એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને લોગસ્સ કહેવો.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્પદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ॥ ૫ ॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥ ૭ ॥

પછી જયણાપૂર્વક કાજો યોગ્ય જગ્યામાં "અણુજાણહ જસ્સગ્ગો" એમ મોઢેથી બોલીને પરઠવવો. પરઠવીને પછી "વોસિરે, વોસિરે વોસિરે" કહેવું. પછી [1]ખમા૦ દઈને ઇરિયાવહિયં કર્યા તેવી રીતે ફરી ઇરિયાવહિયંથી પ્રગટ લોગસ્સ૦ સુધી કરીને ગમણાગમણે આળોવવા. તે આ રીતે—

પછી ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પડિલેહણ કરૂં ? ઇચ્છં' કહી, ફરીથી ખમાસમણ દઇ, 'ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ પોસહશાલા પ્રમાર્જું ? ઇચ્છં' કહીને, ઉપવાસવાળાએ મુહપત્તિ, ચરવળો અને કટાસણાનું પડિલેહણ કરવું. અને જમ્યા હોય તેણે મુહપત્તિ, ચરવળો, કટાસણું, કંદોરો અને ધોતીયું; એ પાંચ વાનાં પડિલેહવા. અને પાંચ વાનાં પડિલેહ્યાં હોય તેણે આ રીતે ઇરિયાવહિયં કરવા.—

પ્રથમ-ખમા૦ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયા-વહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ઇરિયા-વહિયાએ વિરાહણાએ, ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા

સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા બેઇંદિયા તેઇંદિયા ચઉરિંદિયા પંચિંદિયા, અભિહયા વત્તિયા લેસિયા સંઘાઇયા સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઊસસિએણં નિસસિએણં ખાસિએણં, છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

ઉપર મુજબ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ લોગસ્સ આ રીતે કહેવો—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉ-

વીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ॥ ૫ ॥ કિત્તિય વંદિય મહિઆ, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥ ૭ ॥

પછી ( બધાએ ) ખમા૦ ઇચ્છકારી ભગવન્! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી–કહી વડીલનું એક વસ્ત્ર પડિલેહીને *ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહુ ? પછી ( બધાએ ) ખમાસમણ દઇ, 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી' એમ કહી, વડિલનું એક વસ્ત્ર પડિલેહીને ×ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહીને, ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરૂં ? ઇચ્છં' કહી, ઉભડક બેસીને આ રીતે નવકાર બોલીને મન્હ જિણાણંની સજ્ઝાય કહેવી—

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં; એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

મન્હ જિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં; છવ્વિહ આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં. ॥ ૧ ॥ પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ; સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ ॥ ૨ ॥ જિણપૂઆ જિણ-

* સ્થાપનાચાર્યનું પડિલેહણ કર્યા પછી.
× સ્થાપનાચાર્યનું પડિલેહણ કર્યા પછી.

થુણણું, ગુરૂથુઅ સાહમ્મિઆણ વચ્છલં; વવહારસ્સ ય શુદ્ધિ, રહજત્તા તિત્થજત્તા ય. ॥ ૩ ॥ ઉવસમ વિવેગ સંવર, ભાસા-સમિઇ છ જીવકરૂણાય; ધમ્મિયજણસંસગ્ગો, કરણદમો ચરણ-પરિણામો. ॥ ૪ ॥ સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભા-વણાતિત્થે; સઢ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરૂવએસેણં. ॥ ૫ ॥

પછી ખાધું હોય તેણે બે વાર વાંદણાં દેવાં, ઉપવાસવાળાએ ન દેવાં. વાંદણાં આ રીતે—

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ અણુજાણહ મે મિઉગ્ગહં નિસીહિ; અહોકાયં કાય સંફાસં, ખમણિજ્જો ભે કિલામો, અપ્પકિલંતાણં બહુ સુભેણ ભે દિવસો વઇક્કંતો ? જત્તા ભે ! જવણિજ્જં ચ ભે !, ખામેમિ ખમાસ-મણો દેવસિઅં વઇક્કમં, આવસ્સિઆએ. પડિક્કમામિ ખમા-સમણાણં, દેવસિઆએ આસાયણાએ તિત્તીસન્નયરાએ, જં કિંચિ મિચ્છાએ, મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ, કોહાએ માણાએ માયાએ લોભાએ, સવ્વકાલિઆએ સવ્વમિચ્છોવયારાએ સવ્વધમ્માઇક્કમણાએ આસાયણાએ જો મે અઇઆરો કઓ, તસ્સ ખમાસમણો પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

ફરીથી વાંદણા દેવા, તે આ રીતે—

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિ-આએ અણુજાણહ મે મિઉગ્ગહં નિસીહિ. અહો-કાયં કાય સંફાસં ખમણિજ્જો ભે કિલામો, અપ્પકિલંતાણં બહુ સુભેણ ભે દિવસો વઇક્કંતો !, જત્તા ભે ! જવણિજ્જં ચ ભે !, ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઇક્કમં; પડિક્કમામિ ખમા-સમણાણં, દેવસિઆએ આસાયણાએ તિત્તીસન્નયરાએ, જં કિંચિ

મિચ્છાએ, મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ, કોહાએ માણાએ માયાએ લોભાએ, સવ્વકાલિઆએ સવ્વમિચ્છોવયારાએ સવ્વધમ્માઇક્કમણાએ આસાયણાએ જો મે અઈયારો કઓ તસ્સ ખમાસમણો પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ. ॥

પછી, ઉપવાસવાળાએ અને ખાધું હોય તેણે પણ ખમા૦ દઈ,' ઈચ્છાકારી ભગવન્ ! પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી' કહીને **પાણહારનું** પચ્ચખ્ખાણ નીચે મુજબ કરવું—

પાણહાર દિવસચરિમં પચ્ચખ્ખામિ, અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

કદાચ પડિલેહણ કર્યા પછી પણ પાણી વાપરવું (પીવું.) *હોય તો આ વખતે મુટ્ઠિસહિઅંનું પચ્ચખ્ખાણ નીચે મુજબ કરવું. પણ સાંજના દેવ વાંદ્યા પછી તો પાણી વાપરી શકાય નહિં એ ખ્યાલ રાખવો—

**મુટ્ઠિસહિઅં** પચ્ચખ્ખામિ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

અને જેણે પાણી પણ ન વાપર્યું હોય તે ઉપવાસવાળાએ નીચે મુજબ **ચોવિહાર ઉપવાસનું** પચ્ચખ્ખાણ કરવું.

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખામિ, ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

---

* સાંજના પડિલેહણ પછી પાણી પીવાય નહિ, પરંતુ આ છૂટનો ઉપધાનાદિ વિશેષ ક્રિયા—પોસહવાળા માટે સંભવ હોય. તેમાં પણ એકલા રાત્રિ પોસહવાળાથી તો પાણી પીવાય જ નહિં. (ઇતિ પ્રશ્ન-ગ્રન્થે)

આ દરેક જે જે પ્રમાણે કરવાનું હોય તે રીતે પચ્ચ-ખ્ખાણ કરીને ખમા૦ દઇ, 'ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં૦' કહી, ખમાસમણ દઇ, 'ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં.' કહી બાકીનાં સર્વ વસ્ત્ર પડિલેહવાં. અને રાત્રિપોસહ કરનારે પ્રથમ કામળીનું પડિલેહણ કરી બીજાં પડિલેહવાં. પછી એક જણ દંડાસણ લાવી, તેને પડિલેહી ઇરિયાવહિયં આ રીતે કરે.

ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયા-વહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં. ઇરિયાવહિ-યાએ વિરાહણાએ ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિય-ક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા બેઇંદિયા તેઇંદિયા ચઉરિંદિયા પંચિંદિયા, અભિહયા વત્તિયા લેસિયા, સંઘાઇયા સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઊસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં નમુ-ક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

ઉપર મુજબ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ લોગસ્સ આ રીતે કહેવો—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી. ॥ ૧ ॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ॥ ૪ ॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણ-વરા, તિત્થયરા મે પસીયંતુ. ॥ ૫ ॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર-મુત્તમં દિંતુ. ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥ ૭ ॥

પછી કાજો લઇ શુદ્ધ કરી* ફરીથી ઇરિયાવહિયં આ રીતે પડિક્કમવા—

ખમા૦ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ઇરિયાવહિયાએ વિરાહણાએ, ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા બેઇંદિયા તેઇંદિયા ચઉ-રિંદિયા પંચિંદિયા, અભિહયા વત્તિયા લેસિયા સંઘાઇયા સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં.

---

* કાજો ભેગો થયો હોય તેમાં જીવજંતુ કલેવર તપાસીને.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઊસસિએણં નીસસિએણં ખાસિએણં, છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

ઉપર મુજબ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ લોગસ્સ આ રીતે કહેવો—

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી. ૧. ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭

પછી કાજો વિધિયુકત પરઠવવો. ત્યારબાદ આ પુસ્તિકાના

પૃષ્ઠ ૩૬ માં દેવવંદન વિધિ જણાવેલ છે, ત્યાંથી જોઈને તે મુજબ દેવવંદન કરવું.

## રાત્રિપોસહની વિધિ.

જેણે સવારે પોસહ ન લીધો હોય અને ફક્ત *રાત્રિએ જ પોસહ કરવાનો હોય તેને માટે; વળી જેણે સવારે દિવસનો જ પોસહ લીધો હોય, પછી તેને રાત્રિપોસહ કરવાનો વિચાર થયો હોય તેને માટે રાત્રિપોસહ વિધિ નીચે મુજબ છે.

રાત્રિપોસહ કરનારને કે દિવસે પોસહ કરનારને તપમાં છેવટે એકાસણું તો હોવું જોઇએ.

આ પુસ્તિકાના પૃષ્ઠ ૪૦માં પોસહ લેવાની વિધિ કહેલ છે, ત્યાંની શરૂઆતથી 'બહુવેલ કરશું, ઇચ્છં' એ આદેશ છે ત્યાં સુધી બધું કહેવું. પછી સાંજની પડિલેહણ વિધિ પૃષ્ઠ ૪૨માં જણાવેલ છે ત્યાંથી જોઇને તે મુજબ પડિલેહણ કરવું. પરંતુ પોસહ લીધા પહેલાં પડિલેહણ કર્યું હોય તો "બહુવેલ કરશું, ઇચ્છં" એ કહ્યા બાદ ખમાસમણ દઇ, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પડિલેહણ કરૂં ? ઇચ્છં" કહી, ફક્ત એકલી મુહપત્તિ જ પડિલેહવી. પછી દરેકની સાથે, અને બીજું કોઈ ન હોય તો પોતે એકલાએ પૃષ્ઠ ૩૬માં દેવ વાંદવાની વિધિ

---

* રાત્રિપોસહ લેનારને પણ પડિલેહણ તથા દેવવંદન વિગેરે ક્રિયા દિવસ છતાં કરવાની હોય છે, માટે પોસહ લેવા વેળાસર આવવું જોઇએ; અને પાણી ચુકાવી લેવું જોઇએ. કારણ કે, કેવળ રાત્રિપોસહ લેનારને પોસહ લીધા પછી પાણી પીવાનો સેનપ્રશ્ન ગ્રન્થમાં નિષેધ કર્યો છે. વળી પોસહદંડકમાં આહારપોસહ પણ સર્વથી ઉચ્ચરાય છે, દેશથી ભાંગો બંધ થાય છે.

જણાવેલ છે ત્યાંથી જોઇને તે મુજબ દેવવંદન કરવું. પછી કુંડળ ( બન્ને કાનમાં રાખવાનાં રૂનાં પુમડાં ), દંડાસણ તથા રાત્રિ માટે ચૂનો નાખેલ અચિત્ત પાણી યાચી રાખવું.

આઠ પહોરના ( આખો દિવસ અને રાત્રિના ) અથવા ફક્ત રાત્રિના જ પોસહવાળાને—

## સાંજે પ્રતિક્રમણ શરૂ કર્યા પહેલાં કરવાની ક્રિયા.

સાંજે પ્રતિક્રમણ શરૂ કરવા પહેલાં દિવસ પોસહવાળાએ ફક્ત ખમા૦ દઇને, ઇરિયાવહિયં કરી લોગસ્સ સુધી કહી, પછી ચૈત્યવંદનથી શરૂ કરવું. જ્યાં જ્યાં કરેમિ ભંતે આવે, તેમાં જે "**જાવ નિયમં પજ્જુવાસામિ**" પાઠ આવે છે ત્યાં ત્યાં તેને બદલે "**જાવ પોસહં પજ્જુવાસામિ**" કહેવું. અને રાત્રિના પોસહવાળાએ પ્રથમ ઇરિયાવહિયં કરીને ખમા૦ દઈ 'ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહું ? ઇચ્છં' કહી પૃષ્ઠ ૪૩ થી ૪૫ સુધીમાં જણાવ્યા મુજબ **ચોવીશ માંડલા** કરવાં.

માંડલાં કરી ફરીથી ઇરિયાવહિયં લોગસ્સ સુધી કહીને ચૈત્યવંદન વિગેરે પ્રતિક્રમણની ક્રિયા કરવી.

## પોસહ પારવાની વિધિ, જુઓ પૃષ્ઠ ૪૮-૪૯

રાત્રિપોસહવાળાએ પ્રતિક્રમણ કરીને શક્તિ પ્રમાણે ગુરુભક્તિ કરવી અને સજ્ઝાય ધ્યાન કરવું. એક પહોર રાત્રિ ગયા પછી સંથારા પોરિસિ ભણાવવી. તે—

## સંથારા પોરિસિની વિધિ, જુઓ પૃષ્ઠ ૪૫ થી ૪૭

સંથારા પોરિસિની વિધિ કરીને પછી સજ્ઝાય-ધ્યાન કરવું. જ્યારે નિદ્રાપીડિત થાય ત્યારે માત્રા ( પેસાબ ) વગેરેની

બાધા ટાળીને દિવસે પડિલેહેલી જગ્યાએ **સંથારો કરે. તે આ રીતે—**

પ્રથમ જમીને પડિલેહીને કામળી[1] પાથરે, તેના ઉપર ઉત્તરપટો ( એક પડવાળો ઓછાડ ) પાથરે, મુહપત્તિ ચરવળો પડખે મૂકી, માતરીયું પહેરી ડાબે પડખે હાથનું ઓશીકું કરીને સૂવે. રાત્રે ચાલવું પડે તો દંડાસણવતી પડિલેહતાં ચાલવું.

## રાત્રિ પોસહવાળાએ કરવાની રાઇ ( સવારના ) પ્રતિક્રમણની વિધિ.

પાછલી રાત્રે જાગીને નવકાર ગણી ભાવના ભાવે, માત્રાની બાધા ટાળી આવીને પછી ઇરિયાવહિયં પડિક્કમીને, કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરી રાઇ પ્રતિક્રમણ કરે. પ્રતિક્રમણ પૂર્ણ થતાં છેલ્લે દેવવંદન આવે છે, તે પછી નમુત્થુણં કહ્યા બાદ, ખમાસમણ દઇ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુવેલ સંદિસાહું ? ઇચ્છં ' કહી, ખમાસમણ દઇ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુવેલ કરશું, ઇચ્છં ' કહી, પછી ભગવાનાદિને વાંદીને અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછી ( સમય થાય ત્યારે ) આ પુસ્તિકાના પૃષ્ઠ ૭૫માં સવારની પડિલેહણની વિધિ જણાવી છે તે મુજબ પડિલેહણ કરવું. ત્યાર બાદ પૃષ્ઠ ૩૬–૩૭ માં દેવ વાંદવાની વિધિ જણાવી છે, તે મુજબ દેવવંદન કરવું. તેમાં છેવટે મન્નહ જિણાણંની સજ્ઝાય કહેવી.

ત્યારબાદ દંડાસણ, કુંડી, પાણી, કુંડલ ( રૂનાં પુંભડાં ) વિગેરે યાચેલી વસ્તુઓ છૂટા શ્રાવકને પાછી ભળાવવી.

---

૧ સંથારીયું.

પછી પોસહ પારવાની વિધિ જે પૃષ્ઠ ૪૮-૪૯ માં જણાવી છે, તે મુજબ પોસહ પારવો.

## મુહપત્તિના ૫૦ બોલ, જુઓ પૃષ્ઠ ૫૦-૫૧

## પોસહમાં ૧૮ દોષ ટાળવા, તેનાં નામ.

૧ પોસહમાં વ્રતી વિનાના બીજા શ્રાવકનું લાવેલું પાણી પીવું.*

૨ પોસહ નિમિત્તે સરસ ( રસવાળો ) આહાર લેવો.

૩ ઉત્તર પારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી.

૪ પોસહમાં અથવા પોસહ નિમિત્તે આગલે દિવસે દેહની શોભા કરવી.

૫ પોસહ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવાં.

૬ પોસહ નિમિત્તે આભૂષણ ઘડાવવાં અને પોસહમાં આભૂષણ પહેરવાં.

૭ પોસહ નિમિત્તે વસ્ત્ર રંગાવવાં.

૮ પોસહમાં શરીર ઉપરથી મેલ ઉતારવો.

૯ પોસહમાં રાત્રિના બીજા પ્રહરે સંથારા પોરિસિ ભણાવીને નિદ્રા લેવી જોઇએ, પરંતુ તેમ ન કરતાં અકાળે સૂવું કે નિદ્રા લેવી.

---

* આમ નિષેધ કરવાનું કારણ વ્રતી વિનાનો ઉપયોગ વિના લાવે તે હશે. નહિં તો બીજાનો લાવેલો આહાર કલ્પે છે, તો પાણીમાં શા માટે બાધ હોય ? અર્થાત્ એમ લાગે છે કે-બીજો લાવે તે ઉપયોગથી લાવે તો ખપે. એટલે કે ઉપયોગથી લાવવું જોઇએ.

૧૦ પોસહમાં સ્ત્રી સંબંધી સારી કે નઠારી કથા (વાત) કરવી.

૧૧ પોસહમાં આહારને સારો કે ખરાબ કહેવો.

૧૨ પોસહમાં રાજકથા અથવા યુદ્ધકથા–સારી કે ખરાબ કરવી.

૧૩ પોસહમાં દેશકથા કરવી.

૧૪ પોસહમાં [1]લઘુનીતિ કે [2]વડીનીતિ જ્યાં પરઠવવાનાં હોય તે જગ્યાને પુંજ્યા–પડિલેહ્યા વિના પરઠવવાં.

૧૫ પોસહમાં કોઈની નિંદા કરવી.

૧૬ પોસહ ન કર્યો હોય તેવાં માતા, પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી વગેરે સંબંધીઓ સાથે (ધાર્મિક કાર્ય સિવાયનો) વાર્તાલાપ કરવો.

૧૭ પોસહમાં ચોર સંબંધી વાર્તા કરવી.

૧૮ પોસહમાં સ્ત્રીનાં અંગોપાંગ નિરખીને જોવાં. આ અઢાર દોષ જરૂર ટાળવા.

## પોસહ સંબંધી પાંચ અતિચાર.

૧ શય્યા–સંથારાની જગ્યા સારી રીતે દૃષ્ટિ કરીને ન જુએ, કદિ જુએ તો જેમ તેમ જુએ; તે પહેલો અતિચાર.

૨ શય્યા–સંથારાની જગ્યા રૂડી રીતે ન પ્રમાર્જે, જેમ તેમ પ્રમાર્જે; તે બીજો અતિચાર.

૩ લઘુનીતિ, વડીનીતિ પરઠવવાની ભૂમિ સારી રીતે ન જોતાં જેમ તેમ જુએ, તે ત્રીજો અતિચાર.

---

૧ પેસાબ. ૨ ઝાડો–ઠલ્લો.

૪ પોસહશાળાની ભૂમિ તથા લઘુનીતિ અને વડીનીતિ પરઠવવાની જગ્યા સારી રીતે પ્રમાર્જે નહિં, પ્રમાર્જે તો જેમ તેમ પ્રમાર્જે; તે ચોથો અતિચાર.

૫ પોસહની ક્રિયા વિધિપૂર્વક સંપૂર્ણ ન કરે, પારણાની ચિંતા કરે, ઘેર જઇને કરવાનાં સાવદ્ય કાર્યોનું ચિંતવન કરે; અને પ્રથમ જણાવેલ ૧૮ દોષ ટાળે નહીં તે પાંચમો અતિચાર.

આ પાંચ અતિચાર ટાળવા.

## સામાયિકના ૩૨ દોષ. જુઓ પૃષ્ઠ ૫૨-૫૩

## સામાયિક( વ્રત )ના પાંચ અતિચાર.

**૧ કાય દુષ્પ્રણિધાન અતિચાર**—પોતાના શરીરના હાથ પગ પ્રમુખ અવયવોને અણપુંજે અણપ્રમાર્જે હલાવે-ચલાવે, ભીંતને પીઠ લગાડી બેસે અને નિદ્રા પ્રમુખ કરે તે.

**૨ વચન દુષ્પ્રણિધાન અતિચાર**—સામાયિકમાં સાવદ્ય વચન બોલે, અથવા પદ, અક્ષરાદિ અશુદ્ધ બોલે, સૂત્રની સ્પષ્ટતા માલૂમ ન પડે તેમ સૂત્ર ઉચ્ચાર કરે, અર્થની ખબર ન પડે તેમ અતિ ચપલપણાએ ગરબડથી કહી જાય તે.

**૩ મન દુષ્પ્રણિધાન અતિચાર**—સામાયિકમાં કુવ્યાપારનું ચિંતન કરે, ક્રોધ, લોભ, દ્રોહ, અભિમાન, ઇર્ષ્યા અને અસૂયા વિગેરે દોષ સહિત સામાયિક કરે, બીજાં કામકાજની આસકિત રાખી વ્યગ્ર અને સંભ્રમ ચિત્તે સામાયિક કરે તે.

**૪ અનવસ્થા દોષ અતિચાર**—સામાયિક જે વખતે કરવું જોઇએ તે વખતે કરે નહિં, જેમ તેમ કરે, હઠથી પારે, ઉતાવળથી પારે, આદર વિના કરે, સ્વેચ્છાએ કરે તે.

**૫ સ્મૃતિહીન અતિચાર**—સામાયિક લઈને ભૂલી જાય, ક્રિયાદિકમાં ભ્રાંતિ પડે, કરેમિ ભંતે સૂત્ર ઉચ્ચર્યું કે નહિં ? સામાયિક પાર્યું કે નહિં ? આમ પ્રબળ પ્રમાદના ઉદયથી વિસ્મૃતિ થાય તે.

સર્વ સાધનાનું મૂળ તો ઉપયોગની જાગૃતિ-સ્પષ્ટ યાદગીરી છે, ઉપયોગશૂન્ય સામાયિક કરવાથી સામાયિકના ફળમાં બટ્ટો લાગે છે.

આ રીતે બત્રીશ દોષ અને પાંચ અતિચાર ટાળીને શુદ્ધ સામાયિક કરવામાં આવે તો, તેવા શુદ્ધ સામાયિકનું ફળ જૈન આગમોમાં વ્યવહાર શુદ્ધિએ બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચ્ચીશ હજાર, નવસો અને પચ્ચીશ પલ્યોપમ; અને તે ઉપર વળી એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેના આઠ ભાગ, એટલે-૯૨૫૯૨૫૯૨૫$\frac{8}{9}$ એટલા પલ્યોપમનું દેવનું આયુષ્ય બાંધે. આ વ્યવહાર શુદ્ધનું ફળ કહ્યું, પણ નિશ્ચય-શુદ્ધ ઉપયોગથી સામાયિકનું ફળ તો અનંતગણું યાવત્ સિદ્ધિ-સ્થાનકે ( મોક્ષે ) પહોંચાડે છે.

**' श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः '**

આગમોમાં સંભળાય છે કે, **સામાયિક**-એટલા પદમાત્રથી અનંતા સિદ્ધ થયા છે. અહોરાત્રિ પોસહમાં ત્રીશ સામાયિક થાય, જેથી અહોરાત્રિનો ( આઠ પ્રહરનો ) પોસહ શુદ્ધ રીતે કરનારને ઉપર લખ્યા ફળથી ત્રીશગણો લાભ મળે છે, માટે મોક્ષાભિલાષી ભવ્ય પ્રાણીઓને આવા ધ્યાનમાં જે આનંદ છે તે બીજે કયાંય નથી; છતાં જે સામાયિક-પોસહમાં પણ સાંસારિક પ્રવૃત્તિમાં ચિત્ત રાખે છે, તે મુખમાં નાખેલા ગોળને

થૂકીને ખોળના સ્વાદની ઇચ્છા કરનાર ( મૂર્ખ ) જેવો કહેવાય છે; માટે અતિચાર અને દોષો ટાળીને ઉપયોગથી આ સામાયિક અને પોસહવ્રત સેવવા ઉજમાળ રહેવું.

## મન્હ જિણાણંની સજ્ઝાયનો અર્થ.

શ્રી જિનેશ્વરની આજ્ઞા માનવી, મિથ્યાત્વનો પરિહાર ( ત્યાગ ) કરવો, સમકિત ધારણ કરવું, ષડ્‌વિધ આવશ્યકને વિષે પ્રતિદિવસ ( નિરંતર ) ઉદ્યમવાળા થવું. ૧

ચતુર્દશી, અષ્ટમી આદિ પર્વોના દિવસોને વિષે પોસહવ્રત કરવું, સુપાત્રને દાન દેવું, શીળ પાળવું, તપ કરવો, અનિત્યાદિ ભાવનાઓ ભાવવી, વાચના–પૃચ્છનાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો, નમસ્કારનો પાઠ–જાપ કરવો, પરોપકાર કરવો અને જયણાએ પ્રવર્તવું. ૨

શ્રી જિનેશ્વર ભગવાનની ત્રિકાળ પૂજાભક્તિ કરવી, શ્રી જિનેશ્વરના ગુણોની સ્તુતિ કરવી, ગુરુની સ્તુતિ કરવી, સાધર્મિક ભાઇઓની વત્સલતા–ભક્તિ કરવી, વ્યવહારની શુદ્ધિ કરવી તથા રથયાત્રા અને તીર્થયાત્રા કરવી. ૩

ઉપશમ—એટલે ક્ષમા ધારણ કરવી, વિવેક ધારણ કરવો, સંવર ભાવ રાખવો, ભાષાસમિતિ જાળવવી, પૃથ્વીકાય આદિ છ પ્રકારના જીવોની ઉપર દયા રાખવી, ધાર્મિક જનો સાથે સંસર્ગ રાખવો, રસનાદિ ( જિહ્વાદિ ) પાંચ ઇંદ્રિયોને દમવી અને ચારિત્રના પરિણામ રાખવાં. ૪

ચતુર્વિધ શ્રીસંઘ ઉપર બહુમાન રાખવું, આગમ આદિનાં પુસ્તક લખાવવાં અને તીર્થ( જૈનશાસન )ની પ્રભાવના કરવી.

શ્રાવકને નિત્ય કરવા યોગ્ય આ કૃત્યો છે, તે સુગુરુના ઉપદેશવડે જાણી કરવા લાયક છે. ૫

## " શ્રી સાગરચંદોનો અર્થ. "

ઉપસર્ગથી જીવિતનો અંત થતાં પણ જેમની પોષધ પ્રતિમા ( પોસહવ્રત ) અખંડિત રહી, તે શ્રાવકોને ધન્ય છે. તેમનાં ( તે શ્રાવકોનાં ) નામ કહે છે. સાગરચંદ્રકુમાર, કામજી, ચંદ્રાવતંસ રાજા અને સુદર્શન શેઠ. ૧

સુલસા શ્રાવિકા, આનંદ શ્રાવક અને કામદેવ શ્રાવક એ ત્રણે ધન્ય છે, શ્લાઘા ( સ્તુતિ ) કરવા યોગ્ય છે, કે જેમના તેવા પ્રકારના દૃઢવ્રતને ભગવાન્ શ્રી મહાવીરસ્વામી પોતે શ્રીમુખે પ્રશંસે છે. ૨

## સંથારા પોરિસિનો અર્થ.

હે ભગવન્ ! તમે પોતાની ઇચ્છાએ કરીને મને આદેશ આપો. ઘણી પરિપૂર્ણ એવી પોરિસિ થઇ, માટે હું રાત્રિ સંબંધી સંથારો કરૂં ?

( આ પ્રમાણે કહી આદેશ લઇ સંથારો પાથરીને પછી કહે કે— )

હું મન, વચન અને કાય સંબંધી પાપવ્યાપારનો ત્યાગ કરૂં છું.

ક્ષમાશ્રમણ શ્રી ગોતમાદિ મહામુનીશ્વરોને મારો નમસ્કાર હો.

( પછી કહે કે— )

હે જ્યેષ્ઠાચાર્ય ! તમે મને આજ્ઞા આપો.

પ્રતિરૂપાદિક આચાર્યના મોટા ગુણ, તે રૂપ રત્નોએ કરીને શોભિત છે શરીર જેમનું એવા હે પરમગુરૂ ! તમે મને આજ્ઞા આપો. રાત્રિની પ્રથમ પોરિસિ પરિપૂર્ણ થઇ, માટે રાત્રિ-સંથારાની ઉપર હું બેસું ? અર્થાત્ રાત્રિસંથારો કરવા હું ઇચ્છું છું. ॥ ૧ ॥

હે ભગવન્ ! તમે મને સંથારાની આજ્ઞા આપો. ( પછી ગુરૂ આજ્ઞા આપે એટલે ) બાહુ એટલે હાથના ઓશીકા કરી ડાબે પડખે કુકડીની પેઠે આકાશને વિષે પગ પસારી સુવે. એ રીતે ન રહી શકાય તો ભૂમિને પ્રમાર્જીને ત્યાં પગ સ્થાપે. ॥ ૨ ॥

જ્યારે પગ સંકોચવો હોય ત્યારે સાથળના સાંધાને પુંજીને સંકોચે, અને જ્યારે પડખું ફેરવવું હોય ત્યારે શરીરને પડિલેહીને પડખું ફેરવે.

( આ સૂવાનો પ્રકાર કહ્યો. હવે જાગવાનો પ્રકાર કહે છે )

જ્યારે લઘુશંકાદિકને માટે ઉઠે ત્યારે દ્રવ્યાદિનો* ઉપયોગ કરે. ઉપયોગ કરતાં પણ નિદ્રા ન જાય તો ઉચ્છ્વાસ–નિઃશ્વાસ રૂંધીને નિદ્રા દૂર કરે. નિદ્રા દૂર થાય ત્યારે બહાર નીકળવાના દ્વાર પ્રત્યે જુએ. પછી લઘુશંકાદિક કરી આવીને પાછો ધર્મ-ધ્યાનમાં પ્રવર્તે ॥ ૩ ॥

( હવે સૂઇ રહેવાની અગાઉ શું કહેવું ? તે કહે છે— )

આ રાત્રિને વિષે જો મારે આ દેહ સંબંધી પ્રમાદ (મરણ) થાય તો અત્યારથી અશન વિગેરે ચારે પ્રકારનો

* દ્રવ્યથી હું કોણ છું ? સાધુ કે શ્રાવક ? ક્ષેત્રથી હું ઉપર છું કે નીચે ? કાળથી રાત્રિ છે કે દિવસ ? ભાવથી મને લઘુશંકા વિગેરેની બાધા છે કે નહિં ? એ પ્રમાણે વિચારવું તે દ્રવ્યાદિક ઉપયોગ કહેવાય.

આહાર, ઉપધિ તથા શરીર; એ સર્વને ત્રિવિધે એટલે મન, વચન અને કાયાથી હું વોસિરાવું છું. ॥૪॥

મારે ચાર માંગલિક છે—એક શ્રી અરિહંત માંગલિક છે, બીજા સિદ્ધ માંગલિક છે, ત્રીજા સાધુ માંગલિક છે અને ચોથો કેવલી ભગવંતે પ્રરૂપેલો શ્રુત–ચારિત્રરૂપ ધર્મ માંગલિક છે. ॥૫॥

લોકમાં ચાર વસ્તુ ઉત્તમ છે. [કોણ કોણ? તે કહે છે–] લોકમાં અરિહંત ઉત્તમ છે, લોકમાં સિદ્ધ ઉત્તમ છે, લોકમાં સાધુ ઉત્તમ છે અને લોકમાં કેવલી ભગવંતે પ્રરૂપેલો ધર્મ ઉત્તમ છે. ॥૬॥

હું ચાર શરણુને અંગીકાર કરૂં છું, [કોણ કોણ? તે કહે છે–] શ્રી અરિહંતના શરણુને અંગીકાર કરૂં છું, શ્રી સિદ્ધના શરણુને અંગીકાર કરૂં છું, સાધુ–મુનિરાજના શરણુને અંગીકાર કરૂં છું, અને કેવલી ભગવંતે પ્રરૂપેલા ધર્મના શરણુને અંગીકાર કરૂં છું. ॥૭॥

જીવહિંસા, અસત્ય વચન, ચોરી, મૈથુન, દ્રવ્યની [૧]મૂર્છા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, [૨]કલહ, [૩]અભ્યાખ્યાન, [૪]પૈશુન્ય, [૫]રતિ–અરતિ, [૬]પરપરિવાદ, [૭]માયામૃષા અને [૮]મિથ્યાત્વશલ્ય આ અઢાર પાપસ્થાનક મોક્ષમાર્ગનો સંસર્ગ મેળવવામાં વિઘ્નભૂત છે, અને નરક–નિગોદાદિ દુર્ગતિનાં કારણ

---

૧ પરિગ્રહ. ૨ કલેશ, કજીયો–કંકાસ. ૩ પરને આળ દેવું. ૪ ચાડી ખાવી. ૫ સુખનાં કારણોમાં રતિ એટલે આનંદ થવો, અને દુઃખનાં કારણોમાં અરતિ એટલે ખેદ કરવો. ૬ પરની નિંદા કરવી. ૭ કપટ સહિત જૂઠું બોલવું. ૮ વિપરીત મતની શ્રદ્ધા.

છે, માટે હે જીવ! એ અઢારે પાપસ્થાનકને તું વોસિરાવ એટલે તેનો ત્યાગ કર. ॥ ૮-૯-૧૦ ॥

હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી; એમ દીનતા રહિત ચિત્તવાળો થઇ એટલે પ્રસન્ન ચિત્ત આત્માને શિખામણ આપે. ॥ ૧૧ ॥

જ્ઞાન-દર્શને કરી સહિત અને શાશ્વતો એવો મારો આત્મા એકલો છે, એટલે રાગાદિ પરભાવથી રહિત છે. બાકીના સંયોગ લક્ષણવાળા જે ભાવ છે એ તો સર્વ મારા સ્વરૂપથી બાહ્ય છે-ન્યારા છે ॥ ૧૨ ॥

શરીર, ધન અને કુટુંબ વિગેરેનો જે સંયોગ, એ સંયોગ છે મૂળ કારણ જેનું એવી દુઃખની પરંપરા આ જીવે અનેક ભવોમાં પ્રાપ્ત કરી છે; તેથી દુઃખ પરંપરાના કારણભૂત સર્વ પ્રકારના સંયોગ-સંબંધને હું ત્રિવિધે વોસિરાવું છું. ॥ ૧૩ ॥

મારી જિંદગી પર્યંત અરિહંત એ જ મારા દેવ છે, સુવિહિત સાધુ-મુનિરાજ એ જ મારા ગુરુ છે, અને જિનેશ્વર-પરમાત્માએ પ્રરૂપેલું તત્ત્વ એ જ મારો ધર્મ છે; આ પ્રમાણે મેં યાવજ્જીવ સુધી સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે. ॥ ૧૪ ॥

હે આત્માઓ! તમે સઘળા ખમીને અને ખમાવીને મારા પ્રત્યે પણ ખમજો-ક્ષમા કરજો. સિદ્ધ ભગવંતની સાક્ષીએ હું આલોયણા લઉં છું, મારે કોઈની સાથે વૈરભાવ નથી. ॥ ૧૫ ॥

સર્વ જીવો કર્મને વશ થઇ ચૌદ રાજલોકમાં ભટકયા કરે છે. એ સર્વને મેં ખમાવ્યા છે, તેઓ પણ મારા પ્રત્યે ખમજો-ક્ષમા કરજો. ॥ ૧૬ ॥

મેં જે જે પાપ-કર્મ મનથી બાંધ્યું હોય, જે જે પાપ

વચનથી બોલાયું હોય, અને જે જે દુષ્કૃત્ય કાયાવડે કરેલ હોય; મારું એ સર્વ પાપ-કર્મ મિથ્યા હો. ॥ ૧૭ ॥

---

## પચ્ચખ્ખાણો.

### ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ, ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

### તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરે.

### આયંબિલ તથા નીવી અને એકાસણાનું તથા બેઆસણાનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવિહંપિ આહારં; અસણં,

પાણું, ખાઇમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; આયંબિલં પચ્ચક્ખાઇ; નિવ્વિગઇઓ પચ્ચક્ખાઇ, વિગઇઓ પચ્ચક્ખાઇ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; એગાસણં, પચ્ચક્ખાઇ, બિયાસણં પચ્ચક્ખાઈ, તિવિહંપિ, આહારં; અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરે.

સમજ—આમાં જેણે આંબિલ કરેલ હોય તેણે આયંબિલં પચ્ચક્ખાઇ આવે ત્યારે પચ્ચક્ખામિ કહેવું, તેમજ જેણે નીવી કરેલ હોય તેણે નિવ્વિગઇઓ પચ્ચક્ખાઇ વખતે પચ્ચક્ખામિ કહેવું, અને એકાસણાવાળાએ વિગઈઓ પચ્ચક્ખાઈ આવે ત્યારે પચ્ચક્ખામિ કહેવું.

---

## શ્રી પોસહ વ્રતની પૂજા.

### દુહા.

પડહ વજાવી અમારીનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન;
પોસહવ્રત અગ્યારમે, ધ્વજપૂજા સુવિધાન. ॥ ૧ ॥

પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીએ રે, વાતને વિસારી રે વિકથા ચારની; પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, ધર્મની છાયા રે તરુ સહકારની ॥ શીતળ નહિં છાયા રે આ સંસા-

રની, કૂડી છે માયા રે આ સંસારની, કાચની કાયા રે છેવટ છારની, સાચી એક માયા રે જિન અણગારની ॥ ૧ ॥ એ આંકણી ॥ એંશી ભાંગે દેશ થકી જે પોસહ રે, એકાસણું કહ્યું રે શ્રી સિદ્ધાંતમેં; નિજ ઘર જઇને 'જયણા મંગળ' બોલી રે, ભાજન મુખ પુંજી રે શબ્દ વિના જમે ॥ શીતળ૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૨ ॥ સર્વ થકી આઠ પહોરનો ચોવિહાર રે, સંથારો નિશિ રે કંબલ ડાભનો; પાંચે પરવી ગોતમ ગણધર બોલ્યા રે, પૂરવ[1] આંક ત્રીશગણો છે લાભનો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૩ ॥ કાર્ત્તિક શેઠે પામ્યો હરિ અવતાર રે, શ્રાવક દશ વીશ વરસે સ્વર્ગે ગયા; પ્રેતકુમાર વિરાધક ભાવને પામ્યો રે, દેવકુમાર વ્રત રે આરાધક થયો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૪ ॥ પણ[2] અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો; નામ ધરાવો નિર્યામક[3] જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૫ ॥ સુલસાદિક નવ જણને [4]જિનપદ દીધું રે, કર્મે તે વેળાએ વસિયો વેગળો; શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે સ્વામી એકલો ॥ શી૦ ॥ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૬ ॥ દાયક[5] નામ ધરાવો તો સુખ આપો રે, સુરતરુની આગે રે શી બહુ માગણી ?; શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે, દીયંતા દાન રે સોબાશી ઘણી ॥ શી૦ ॥ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૭ ॥

---

૧ પૂર્વે—સામાયિક વ્રતની પૂજામાં એક સામાયિકનો જેટલો લાભ બતાવ્યો છે, તે કરતાં આઠ પહોરનો પોસહ કરવાથી ત્રીશ ગણો લાભ મળે છે. ૨ પાંચ અતિચાર. ૩ વહાણના હાંકનાર—કપ્તાન, ખલાસી. ૪ તીર્થંકરપદ. ૫ દાતા.

# આત્મભાવના.

## આ ભાવના હમેશાં ભાવવા માટે લખી છે.

અહો આત્મા! તું વિચારી જો. તું અનંતા કાળથી આ સંસારમાં રઝળે છે, પરંતુ હજી તારાં દુઃખનો અંત આવ્યો નહિં. હવે તો તું ઉત્તમ મનુષ્ય જન્મ પામ્યો છે, તેમાંય ચિંતામણિ રત્ન સમાન શ્રેષ્ઠ જૈન ધર્મ પામ્યો છે; માટે પ્રમાદ છોડી, વિષય-કષાય ત્યજી, ધર્મ-સાધન કર, જેથી સર્વ સંતાપ મટી જાય. એવી રીતે ધર્મ-સાધન કર જેથી વહેલા મુક્તિને વરે. હવે તારે સંસારમાં ભટકવું ઠીક નથી, તું મુક્તિનાં સાચાં કારણ પામ્યો છે; તો અવસર ચૂકવો નહિં.

મંત્રથી જેમ ઝેર ઉતરી જાય, રોગ મટી જાય; તેમ પ્રભુના નામથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને કર્મરૂપી સર્વ રોગ મટી જાય છે. **પ્રભુનાં નામ**-કેવલજ્ઞાની, નિર્વાણી, સાગર, મહાયશ, વિમલ, સર્વાનુભૂતિ, શ્રીધર, દત્ત, દામોદર, સુતેજ, સ્વામી, મુનિસુવ્રત, સુમતિ, શિવગતિ, અસ્તાગ, નિમીશ્વર, અનિલ, યશોધર, કૃતાર્થ, જિનેશ્વર, શુદ્ધમતિ, શિવકર, સ્યંદન અને સંપ્રતિ, **એ ચોવીશ તીર્થંકરો અતીત કાલે થઇ ગયા**, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો. ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા

ભવંતુ સ્વાહા. **એ ચોવીશ તીર્થંકરો વર્તમાન કાલે થઈ ગયા,** તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો. પદ્મનાભ, શૂરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત, ઉદય, પેઢાલ, પોટ્ટિલ, શતકીર્તિ, સુવ્રત, અમમ, નિષ્કષાય, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ, સંવર, યશોધર, વિજય, મલ્લ, દેવ, અનંતવીર્ય અને ભદ્રકૃત; **એ ચોવીશ તીર્થંકરો અનાગત કાળે થશે,** તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો. સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભ, ઋષભાનન, અનંતવીર્ય, સૂરપ્રભ, વિશાલનાથ, વજ્રધર, ચંદ્રાનન, ચંદ્રબાહુ, ભુજંગનાથ, નેમીશ્વર, ઇશ્વર, વીરસેન, દેવયશા, મહાભદ્ર અને અજિતવીર્ય; **એ વીશ વિહરમાન** તીર્થંકરોને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. ઋષભ, ચંદ્રાનન, વારિષેણુ અને વર્ધમાન; એ **ચાર શાશ્વતા** તીર્થંકરોને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. અતીત, અનાગત અને વર્તમાન બોંતેર તીર્થંકર, વીશ વિહરમાન અને ચાર શાશ્વતા; એ છન્નું જિનને કરું પ્રણામ. હે પરમ કરુણાનિધાન ! જે રીતે તમે શાંતિ પામ્યા એ રીતે સર્વે જીવને શાંતિ કરો, એજ મારી ભાવના છે.

**શાશ્વતી પ્રતિમા** પાંચસો ધનુષ્યની તથા સાત હાથની છે. રત્નની છે, દિવ્ય અને મનોહર છે. વ્યંતર તથા જ્યોતિષીમાં અસંખ્યાતા શાશ્વતા જિનબિંબ છે, તે ઉપરાંત ત્રણ ભુવનમાં પંદરસો ક્રોડ, બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી શાશ્વતા જિનબિંબ છે; તે સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો.

**અશાશ્વતી પ્રતિમાજી** આબુ વિગેરે તીર્થોમાં ઘણી છે.

આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય ગિરિસાર;
પાંચે તીરથ ઉત્તમ ધામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ. ॥ ૧ ॥

**આબુજી**માં શ્રી આદીશ્વરજી, નેમિનાથજી, પાર્શ્વનાથજી, શાંતિનાથજી વિગેરે જિનબિંબ ઘણાં છે; વળી અનંતા જીવ મુક્તિ પામ્યા, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **અષ્ટાપદજી** ઉપર શ્રી આદીશ્વર ભગવાન્ દસ હજાર મુનિવરો સાથે મુક્તિ વર્યા. ભરત મહારાજાએ સોનાનું દેરાસર કરાવ્યું અને રત્નના ચોવીશ જિનબિંબ ભરાવ્યા.

ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં ।
પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૧ ॥

વળી ગોતમસ્વામીએ પોતાની લબ્ધિએ ચડી, પ્રભુને વાંદી, જગચિંતામણિ કરી, તિર્યગ્જૃંભક દેવતાને પ્રતિબોધ કરી, પંદરસો ત્રણ તાપસોને પારણાં કરાવી કેવળજ્ઞાન પમાડયું. વળી રાવણે વીણા બજાવી તીર્થંકર ગોત્ર બાંધ્યું, વળી અનંતા જીવ મુક્તિ ગયા, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો. **ગિરનારજી** ઉપર શ્રી નેમિનાથજીએ એક હજાર પુરૂષ સાથે દીક્ષા લીધી. તેમણે સંસારનું સ્વરૂપ ઘણું વિચાર્યું, જાણ્યું. સંસારને દુઃખરૂપ, દુઃખથી ભરેલો, દુઃખનું કારણ, સાચા સુખનો વૈરી, હળાહળ ઝેર જેવો અને બળતી આગ સમાન જાણી નીકળી પડ્યા. ચારિત્ર પાળી પંચાવનમે દિવસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા જીવોને પ્રતિબોધી, સાતસો વરસ સુધી કેવળીપર્યાય પાળી, પાંચસો છત્રીશ સાથે

મુક્તિ ગયા. વળી અનંતા જીવ મુક્તિ વર્યા; તે સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **સમેતશિખરજી** ઉપર વીશ તીર્થંકરા સત્યાવીશ હજાર ત્રણુસો ઓગણુપચાસ મુનિવરો સાથે મુક્તિ પામ્યા, શામળા પાર્શ્વનાથજી બિરાજે છે. વળી અનંતા જીવ મુકિત ગયા, તે સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **સિદ્ધાચલજી** ઉપર શ્રી આદીશ્વર ભગવાન અનંત લાભ જાણી પૂર્વ નવાણું વાર સમોસર્યા, જિનેશ્વરોનાં બિંબ ઘણાં છે. વળી અનંતા જીવ મુક્તિ વર્યા. તે સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **તારંગાજીમાં** શ્રી અજિતનાથસ્વામીને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **ચંપાપુરીમાં** શ્રી વાસુપૂજ્યજી મુક્તિ ગયા, વળી **પાવાપુરીમાં** શ્રી મહાવીરજી સિદ્ધિ વર્યા, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાળ વંદના હજો.

નામજિણા જિણુનામા, ઠવણુજિણા પુણુ જિણિંદપડિમાઓ;
દવ્વજિણા જિણુજીવા, ભાવજિણા સમવસરણુત્થા ॥ ૧ ॥

જિનેશ્વર ભગવાનનાં જે નામ તે **નામજિન**, અને જિનેશ્વર ભગવાનની જે પ્રતિમાઓ તે **સ્થાપનાજિન**, તેમને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. **દ્રવ્યજિન** જેઓ તીર્થંકર પદવી ભોગવીને પોતાના શાસનના પરિવાર સાથે મુક્તિમાં બિરાજે છે, તેમને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. વળી શ્રેણિક મહારાજા પ્રમુખના જીવ, જેઓ આવતે કાળે તીર્થંકર પદવી પામશે તેમને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો.

વળી મારા જીવને નિગોદમાંથી બહાર કાઢ્યો, તે સિદ્ધના જીવને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો.

**ભાવજિણા સમવસરણત્થા**—એટલે સમવસરણમાં બેઠા થકા ધર્મોપદેશ આપે તે વીશ વિહરમાન **ભાવજિન** કહેવાય. જેમની સુવર્ણ સમાન પાંચસો ધનુષ્યની કાયા છે, એક હજાર આઠ ઉદાર લક્ષણ છે, જ્ઞાન અતિશયે કરી સર્વ પદાર્થ જાણી રહ્યા છે. વળી વચન અતિશયે કરી ભવિજીવોને પ્રતિબોધ કરે છે; તેથી કોઇ જીવ તો ક્ષપકશ્રેણિ માંડે છે, કોઈ તો સાધુપણું પામે છે, કોઇ તો શ્રાવકપણું પામે છે, કોઈ સમ્યકત્વ પામે છે અને કોઇ તો ભદ્રકભાવને પામે છે; એ રીતે ઘણા જીવોને સંસારના કલેશથી મૂકાવે છે. વળી પૂજા અતિશયે કરી ભવિજીવોને પ્રભુજીની પૂજા, સેવા, ભક્તિ, વંદના અને સ્તવના કરવાનું મન થાય છે; તેથી પ્રભુજીને પૂજી સેવી વાંદી અને સ્તવીને પ્રભુ સરખા પૂજનિક થાય છે. અપાયાપગમ અતિશયે કરીને ભવિજીવોનાં આ ભવનાં અને ભવોભવનાં કષ્ટ, દુઃખ, સંતાપ તથા આપદા ટાળે છે. વળી અશોક વૃક્ષ શોભે છે, જલ-સ્થલના નીપજ્યા પાંચ વર્ણના સુગંધી પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ સુધી વરસે છે, પાંત્રીશ ગુણે કરી રાજિત એવી પ્રભુવાણી યોજન સુધી સંભળાય છે, પ્રભુજી રત્નના સિંહાસન પર બેઠા છે, મસ્તકે ત્રણ છત્ર છાજે છે, ચામર વીંઝાઇ રહ્યા છે, ભામંડળ ઝળહળી રહ્યું છે, આકાશે દુંદુભિ ગાજે છે, ચોત્રીશ અતિશયે કરી વિરાજિત છે, આઠ મહાપ્રાતિહાર્યે કરી શોભિત છે, ઇન્દ્રો સેવા કરી રહ્યા છે, અઢાર દોષે કરી રહિત છે; કેવલજ્ઞાન, કેવલદર્શન વિગેરે અનંતા ગુણે કરી સહિત છે; તરણ-તારણહાર જહાજ સમાન

છે, પાપરૂપ અંધકાર ટાળવા સૂર્ય સમાન છે, જેમનાં કલ્યાણકને દિવસે નરકમાં પણ અજવાળાં થાય છે, મોક્ષે પહોંચાડનાર સારથિ સમાન છે, બે ક્રોડ કેવલી અને બે હજાર ક્રોડ સાધુઓ છે; એવા શ્રી સીમંધરસ્વામી વિગેરે વીશ વિહરમાન તીર્થંકરોને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો.

વળી ગણધર ભગવંતો, કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મતિજ્ઞાની; સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ, સમકિતી જીવો, પ્રભુની દ્વાદશાંગીરૂપ વાણીને અનુસરનારા, અને મુનિ આણા પાળવાવાળા; વળી જેમણે અતીત કાળે પ્રભુ–આણા પાળી, વર્તમાન કાળે પાળે છે અને આવતે કાળે પ્રભુ–આણા પાળશે, એ સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો.

અરિહંત ભગવાન્, સિદ્ધ ભગવાન્, આચાર્યજી મહારાજ, ઉપાધ્યાયજી મહારાજ, સર્વ સાધુ મહારાજ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ; એ નવપદજીને મારી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો.

એમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નર ભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે. ॥ ૧ ॥

હે ભગવન્! એ વંદનાનું ફળ એજ માગું છું કે,–મારા જીવને તમારા સરખો કરો, એ જ મારી નમ્ર અરજ છે તે સ્વીકારો. મારા પરિણામ તમારા જેવા સુંદર અને શુદ્ધ કરો, તમારા જેવું કેવળજ્ઞાન અને કેવળદર્શન આપો. ચારિત્રમાં

સ્થિરતા અને સર્વ દુઃખથી રહિત સાધુસુખ આપો. અરૂપી ગુણ, અગુરૂલઘુ અવગાહના, સાદિ અનંત માર્ગે સ્થિતિ, ફરીથી સંસારમાં આવવું નહિં, ક્રોધ નહિં, માન નહિં, માયા નહિં, લોભ નહિં, રાગ નહિં, દ્વેષ નહિં, મોહ નહિં; આશા, તૃષ્ણા, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ભૂખ, તરસ, ટાઢ, તડકો, દુઃખ, ક્લેશ, સંતાપ એવા અનંતા દોષે કરી રહિતપણું મારી સત્તામાં છે. વળી અનંતા ગુણ મારી સત્તામાં છે, તે અનંતા ગુણ પ્રગટે એ જ મારી યાચના છે, બીજું કાંઇ માગતો નથી.

હે જીવ! તું વિચાર તો ખરો કે, આવો અવસર ફરી તને કયારે મળશે? પ્રમાદ, આળસ, નિદ્રા શું કરી રહ્યો છે? ચેત ચેત! સમજ સમજ! જો જો! જાગ જાગ! તને જે ધર્મમાં સહાય કરનારા છે એજ તારા ખરા હિતકારી છે, એ જ તને સાચું સુખ આપશે. બીજા બધા સ્વાર્થીયા છે, કોઇ કોઇનું નથી, માટે મોહ–જંજાળનો ત્યાગ કરી, પોતાનો સ્વાર્થ સાધી, સર્વ જીવોને સુખી કરી મુક્તિનગરીમાં વાસો કર, એ જ તારે કરવા યોગ્ય છે તે કરી લે. વધારે શું શીખવું? હવે પ્રમાદ કરીશ નહિં, આળ–પંપાળ છોડી દે, પરમ કૃપાળુ વીતરાગ પરમાત્માનું ધ્યાન ધર અને આત્મામાં રમણ કર; જેથી સર્વ આપદા મટી જશે અને સર્વ સંપદા પામીશ. જે રીતે પોતાને અને પરને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, કલ્યાણ, મંગલ, જય, વિજય અને પરમ મહોદય મોક્ષ થાય તેમ કરજો; એજ આ ભાવના લખનારનો ઉદ્દેશ છે, તે પરમ કૃપાળુ પરમાત્મા પૂર્ણ કરો.

આતમ જ્ઞાન વિચારીને, જિનની સેવા સાધ;
જિનદેવ દર્શન થકી, મળે મોક્ષ સાક્ષાત. ॥ ૧ ॥

# શ્રી સીમંધર સ્વામી પ્રત્યે ભાવના.

ધન્ય હો પ્રભુજી ! આ સંસારસમુદ્રમાં આપ નાવ સમાન છો, જહાજ સમાન છો. જિનમંદિર, જિનપ્રતિમા, આજ મારે સોના રૂપાનો દહાડો, આજ મારે મોતીડે મેહ વુઠ્યા, આજ માહરે આનંદ થયો, ચોસઠ ઇંદ્રો વડે પૂજનિકના મને દર્શન થયાં, આજ હું સુકૃત થયો. આપ તો ચોત્રીશ અતિશય, પાંત્રીશ ગુણ વાણી અને કેવળજ્ઞાનને ધરનારા છો. બાર ગુણ અને એક હજાર આઠ ઉત્તમ લક્ષણના ધારણહાર છો. ત્રણ છત્ર, વીંઝાતા ચામર અને પ્રતિહારે કરી શોભિત છો. બાર પર્ષદા આગળ દિવ્ય ધ્વનિએ દેશના દઈ ભવ્ય-જીવોને સંસાર થકી પાર પમાડો છો, સંસાર સમુદ્ર થકી તારનારા છો. હે પ્રભુજી ! તમે જગત્ત્રયાધાર, કૃપાવતાર, મહિમાનિધાન, સકલ ગુણે કરી બિરાજમાન, સકલ જીવના હિતકર, સકલ જીવના બંધુ, કરુણાના સાગર પરમ પૂજનિક છો.

મારો આત્મા અજ્ઞાનને વિષે ડૂબેલો છે. જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પડેલો છે. ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કર્યા કરૂં છું. હે સ્વામી ! મેં અનંતા કાળથી અનંતા જામા પહેર્યા અને અનંતા જામા ઉતાર્યા. મારો આત્મા અસંખ્યાતા પ્રદેશોથી અનંતા કર્મની વર્ગણાએ વિંટળાયેલો છે. શ્રી સિદ્ધનો સાધર્મિક અને સિદ્ધનો બરોબરીયો એવો હું કર્મવશ પડયો છું. હે વીતરાગ ! હવે તો તારો ધર્મ મળ્યો, તારી સામગ્રી મળી; જેથી મારા આત્માને વિષે રહેલા જે અનંતા આત્મિક ધર્મ, તેને જ્ઞાનરૂપી કોદાળો અને ક્રિયારૂપી પાવડાએ કરી પ્રગટ કરૂં. મારા

આત્માને કર્મ થકી ક્યારે છોડાવું ? મારા આત્માને નિરાવરણી ક્યારે કરૂં ? સુખનો ભાજન ક્યારે કરૂં ? મુક્તિમાં ક્યારે પહોંચાડું ? એવો હું બળીયો ક્યારે થઇશ ? મારે આપના સમાન થવાની ઇચ્છા છે. આ શરીરની મૂર્છા હું ક્યારે ઉતારીશ ? આ પુદ્દગલના ભોગથકી હું ક્યારે છૂટીશ ? આ પુદ્દગલ તો જડ છે અને મારો આત્મા ચેતના ગુણ યુક્ત છે; પુદ્દગલ તો પૂરણ–ગલન સ્વભાવવાળો છે, અને મારો આત્મા જ્ઞાનાદિ સ્વભાવવાળો છે; પુદ્દગલ તો રૂપી છે, અને મારો આત્મા અરૂપી છે. નિર્મળ, આનંદી, જ્યોતિરૂપ, જ્યોતિમાં રહેવાવાળા, મોક્ષનું કારણ, મોક્ષના બંધુ અને શાશ્વત એવા પ્રભુજીને હું ધ્યાવું છું. મારા ઉપકારી, વંદે નર નારી, હું જાઉં બલિહારી. હે પ્રભુજી ! તમે અલોભી, અવેદી, અછેદી, અરૂપી અને અલેશી છો. વળી ક્રોધ, માન, માયા, લોભાદિક અઢાર દૂષણે કરી રહિત છો. એવા પરમ પૂજ્ય પરમાત્માને મારી અનંતી અનંતી ક્રોડાણુ ક્રોડ વાર ત્રિકાલ વંદના હજો. એવા પરમ પૂજ્ય પરમાત્માને મારી ત્રિવિધે ત્રિવિધે વંદના હજો.

સમાપ્ત.

# પીસ્તાલીશ આગમ આરાધવાની વિધિ.

ગુરુ પાસે પ્રવેશ તથા નીકલવાની ક્રિયા દિવસ ૪૫ સુધી પ્રતિદિન કરવી. જ્ઞાન પૂજવું, ચૈત્યવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણ, સાથીયા કરવા. પ્રતિદિન ૪૫ દિવસ સુધી એકાસણાં કરવાં. પ્રતિદિવસ સ્નાત્ર ભણાવીને તે તે આગમની ઢાળ બોલવી. તપ પૂર્ણ થયે ઉજમણું, વરઘોડો, પૂજા–પ્રભાવનાદિ કરવું. નંદિસૂત્ર તથા ભગવતીસૂત્રની પહેલે તથા છેલ્લે દિવસે સોનામહોર અથવા રૂપાનાણે પૂજા કરવી. બીજાં આગમોની પૈસાથી તથા વાસક્ષેપથી પૂજા કરવી. તપ પૂરો થયે પીસ્તાલીશ પીસ્તાલીશ વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી–મૂકવી. ગુરુપૂજન કરવું. પીસ્તાલીશ આગમની મોટી પૂજા ભણાવવી. શેષ વિધિ ગુરુ પાસેથી જાણવો. ગુણણું વિગેરે નીચે પ્રમાણે—

卐

| | | સાથિ-યા | ખમા-સમણ | લોગ-સ્સ | નવકાર-વાળી |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીનન્દીસૂત્રાય નમઃ। | ૫૧, | ૫૧, | ૫૧, | ૨૦ |
| ૨ | શ્રીઅનુયોગદ્વારસૂત્રાય નમઃ। | ૬૨, | ૬૨, | ૬૨, | ૨૦ |
| ૩ | શ્રીદશવૈકાલિકસૂત્રાય નમઃ। | ૧૪, | ૧૪, | ૧૪, | ૨૦ |
| ૪ | શ્રીઉત્તરાધ્યયનસૂત્રાય નમઃ। | ૩૬, | ૩૬, | ૩૬, | ૨૦ |
| ૫ | શ્રીઓઘનિર્યુક્તિસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૬ | શ્રીઆવશ્યકસૂત્રાય નમઃ। | ૩૨, | ૩૨, | ૩૨, | ૨૦ |
| ૭ | શ્રીનિશીથચ્છેદસૂત્રાય નમઃ। | ૧૬, | ૧૬, | ૧૬, | ૨૦ |
| ૮ | શ્રીવ્યવહારકલ્પસૂત્રાય નમઃ। | ૨૦, | ૨૦, | ૨૦, | ૨૦ |
| ૯ | શ્રીદશાશ્રુતસ્કન્ધસૂત્રાય નમઃ। | ૧૯, | ૧૯, | ૧૯, | ૨૦ |
| ૧૦ | શ્રીપંચકલ્પચ્છેદસૂત્રાય નમઃ। | ૧૯, | ૧૯, | ૧૯, | ૨૦ |
| ૧૧ | શ્રીજીતકલ્પચ્છેદસૂત્રાય નમઃ। | ૩૫, | ૩૫, | ૩૫, | ૨૦ |
| ૧૨ | શ્રીમહાનિશીથચ્છેદસૂત્રાય નમઃ। | ૪૨, | ૪૨, | ૪૨, | ૨૦ |
| ૧૩ | શ્રીચતુઃશરણપ્રકીર્ણકસૂત્રાયનમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૧૪ | શ્રીઆતુરપ્રત્યાખ્યાનસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૧૫ | શ્રીભક્તપરિજ્ઞાસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૧૬ | શ્રીસંસ્તારકપ્રકીર્ણકસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૧૭ | શ્રીતંદુલવૈતાલિકસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |

સાથિ- ખમા- લોગ- નવકાર-
યા સમણુા રસ વાળી

૧૮ શ્રીચંદ્રવેધ્યકપ્રકીર્ણકસૂત્રાય નમઃ। ૧૦,૧૦,૧૦,૨૦

૧૯ શ્રીદેવેન્દ્રસ્તવપ્રકીર્ણકસૂત્રાય નમઃ ૧૦,૧૦,૧૦,૨૦

૨૦ શ્રીમરણસમાધિસૂત્રાય નમઃ। ૧૦, ૧૦, ૧૦, ૨૦

૨૧ શ્રીમહાપ્રત્યાખ્યાનસૂત્રાય નમઃ। ૧૦,૧૦,૧૦, ૨૦

૨૨ શ્રીગણિવિદ્યાપ્રકીર્ણકસૂત્રાય નમઃ। ૧૦,૧૦,૧૦,૨૦

૨૩ શ્રીઆચારાંગસૂત્રાય નમઃ। ૨૫, ૨૫, ૨૫, ૨૦

૨૪ શ્રીસૂત્રકૃતાંગસૂત્રાય નમઃ। ૨૩, ૨૩, ૨૩, ૨૦

૨૫ શ્રીસ્થાનાંગસૂત્રાય નમઃ। ૧૦, ૧૦, ૧૦, ૨૦

૨૬ શ્રીસમવાયાંગસૂત્રાય નમઃ। ૧૦૪,૧૦૪,૧૦૪,૨૦

૨૭ શ્રીભગવતીસૂત્રાય નમઃ। ૪૨, ૪૨, ૪૨, ૨૦

૨૮ શ્રીજ્ઞાતાંગસૂત્રાય નમઃ। ૧૯, ૧૯, ૧૯, ૨૦

૨૯ શ્રીઉપાસકદશાઙ્ગસૂત્રાય નમઃ। ૧૦, ૧૦, ૧૦, ૨૦

૩૦ શ્રીઅન્તકૃદ્દશાઙ્ગસૂત્રાય નમઃ। ૧૯, ૧૯, ૧૯, ૨૦

૩૧ શ્રીઅનુત્તરોપપાતિકસૂત્રાય નમઃ। ૨૩,૨૩,૨૩,૨૦

૩૨ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રાય નમઃ। ૧૦, ૧૦, ૧૦, ૨૦

૩૩ શ્રીવિપાકાંગસૂત્રાય નમઃ। ૨૦, ૨૦, ૨૦, ૨૦

૩૪ શ્રીઉપપાતિકસૂત્રાય નમઃ। ૨૩, ૨૩, ૨૩, ૨૦

સાથિ· ખમા- લોગ- નવકાર·
યા સમણુ રસ વાળી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫ | શ્રીરાજપ્રશ્નીયસૂત્રાય નમઃ। | ૪૨, | ૪૨, | ૪૨, | ૨૦ |
| ૩૬ | શ્રીજીવાભિગમસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૩૭ | શ્રીપ્રજ્ઞાપનોપાંગસૂત્રાય નમઃ। | ૩૬, | ૩૬, | ૩૬, | ૨૦ |
| ૩૮ | શ્રીસૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ। | ૫૭, | ૫૭, | ૫૭, | ૨૦ |
| ૩૯ | શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ। | ૫૦, | ૫૦, | ૫૦, | ૨૦ |
| ૪૦ | શ્રીચન્દ્રપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ। | ૫૦, | ૫૦, | ૫૦, | ૨૦ |
| ૪૧ | શ્રીકલ્પાવતંસકસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૪૨ | શ્રીનિરયાવલિસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૪૩ | શ્રીપુષ્પચૂલિકાસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૪૪ | શ્રીવહ્નિદશોપાંગસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |
| ૪૫ | શ્રીપુષ્પિકોપાંગસૂત્રાય નમઃ। | ૧૦, | ૧૦, | ૧૦, | ૨૦ |

# ચૌદપૂર્વ તપની વિધિ.

ચૌદ પૂર્વની આરાધના માટે જે તપ, તે ચૌદ પૂર્વ તપ કહેવાય છે. તેમાં શક્તિ પ્રમાણે ઉપવાસ અથવા એકાસણા-દિક તપ કરવો. આ તપ સુદિ અથવા કારણવશાત્ વદિ ચૌદશ-ને દિવસે આરંભીને લગોલગ ચૌદ દિવસ એકાસણું કરી પૂરો કરવો. પ્રથમ આગમની સ્થાપના કરવી, પછી વાસક્ષેપથી તથા યથાશક્તિ રુપાનાણાથી તેની પૂજા કરવી. જ્ઞાન પાસે નીચે બતાવ્યા પ્રમાણે નિત્ય સાથીયા કરવા. નિત્ય ચૈત્યવંદન કરવું, સ્તવનને સ્થાને જ્ઞાનનું સ્તવન બોલવું. જ્ઞાનની પૂજા ભણાવવી. ( છેલ્લે દિવસે વરઘોડો ચડાવવો તથા યથાશક્તિ તપનું ઉજમણું કરવું. )

આ તપ કરવાથી સમ્યક્ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ અગાઢ તપ સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા સૌ કોઈ કરી શકે છે. જે પૂર્વનો તપ ચાલતો હોય તે પૂર્વનું ગુણણું વિગેરે નીચે પ્રમાણે ગણવું.

## દોહા-

આચારાદિક નામથી, વસ્તુ નામ શ્રુતધાર;
અર્થ અનેકવિધેં ગ્રહે, તે પણ એક અધિકાર. ૧
દુગસય પણવીસ વસ્તુ છે, ચઉદ પૂરવનો સાર;
જાણે તેહને વંદના, શ્વાસમાંહે સો વાર. ૨
ઉત્પાદાદિક પૂર્વ જે, સૂત્ર અર્થ અનુસાર;
વિદ્યા મંત્ર તણે ભર્યો, પૂરવ શ્રુત ભંડાર. ૩

( આ ત્રણ દોહામાંથી અનુક્રમે એક એક દોહો બોલી એક એક ખમાસમણ દેવું. )



## ચૌદ પૂર્વનાં નામ.

| | સાથિયા. | ખમાસમણ. | લોગસ્સ. | નવકારવાળી. |
|---|---|---|---|---|
| ૧. શ્રીઉત્પાદપૂર્વાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૨. શ્રીઆગ્રાયણીપૂર્વાય નમઃ | ૨૬ | ૨૬ | ૨૬ | ૨૦ |
| ૩. શ્રીવીર્યપ્રવાદપૂર્વાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૪. શ્રીઅસ્તિપ્રવાદપૂર્વાય નમઃ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૦ |
| ૫. શ્રીજ્ઞાનપ્રવાદપૂર્વાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૬. શ્રીસત્યપ્રવાદપૂર્વાય નમઃ | ૨ | ૨ | ૨ | ૨૦ |
| ૭. શ્રીઆત્મપ્રવાદપૂર્વાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૮. શ્રીકર્મપ્રવાદપૂર્વાય નમ, | ૩૦ | ૩૦ | ૩૦ | ૨૦ |
| ૯. શ્રીપ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વાય નમઃ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૦. શ્રીવિદ્યાપ્રવાદપૂર્વાય નમઃ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ |
| ૧૧. શ્રીકલ્યાણપ્રવાદપૂર્વાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૧૨. શ્રીપ્રાણાવાયપૂર્વાય નમઃ | ૧૩ | ૧૩ | ૧૩ | ૨૦ |
| ૧૩. શ્રીક્રિયાવિશાલપૂર્વાય નમઃ | ૩૦ | ૩૦ | ૩૦ | ૨૦ |
| ૧૪. શ્રીલોકબિંદુસારપૂર્વાય નમઃ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |



# શુદ્ધિ પત્રક.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૨ | એકાસનમાં | એકાશનમાં |
| ૫ | ૧૦ | કરવા | કરેલા |
| ૮ | ૭ | ખટે | ખૂટે |
| ૧૩ | ૧૯ | વહન | ઉપધાન વહન |
| ૧૫ | ૭ | પડિલેહ | પડિલેહેહ |
| ૧૫ | ૨૧ | પડિલેહહ | પડિલેહેહ |
| ૧૮ | ૨ | કરુ | કરું |
| ૨૫ | ૧૮ | મુહૂત્ત | મુહૂર્તે |
| ૩૩ | ૨૧ | પરિઠુવી | પરઠવી |
| ૩૭ | ૩ | પુખ્ખરવદ્દી૦ | પુખ્ખરવરદ્દી૦ |
| ૪૫ | ૧ | અણુઘાડે | અણુાઘાડે |
| ૫૦ | ૨૦ | ( કાયગુપ્તિ ૩ આદરું પછી આટલું વધારવું ) | મનદંડ ૧ વચનદંડ ૨ કાયદંડ ૩ પરિહરું |
| ૫૧ | ૧૮ | ચરવાળો | ચરવળો |
| ૫૩ | ૧૧ | દિશાઓ | દિશાએ |
| ૬૯ | ૧૨ | જુઓ પૃષ્ઠ ૩૭ | જુઓ પૃષ્ઠ ૩૬ |
| ૭૨ | ૬ | જાણેણું | ઝાણેણું |
| ૭૯ | ૫ | ભગવન્ ! | ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ |
| ૭૯ | ૧૧ | ઠાણુાએ | ઠાણુાઓ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૯ | ૧૪ | કાઉસ્સગ્ગ | કાઉસ્સગ્ગં |
| ૮૦ | ૧૩ | મમમ | મમ |
| ૮૧ | ૧૫ | પપ્પદંતં | પુપ્ફદંતં |
| ૮૨ | ૭ | ભાયાસમિતિ | ભાષાસમિતિ |
| ૯૧ | ૨૦ | આત | અતિ |
| ૧૦૪ | ૧૭ | સાવગ્ગ | સાવગ |
| ૧૧૧ | ૨ | અઠ્ઠાવિય | અઠ્ઠાવય |
| ૧૧૧ | ૨ | સંઠ્ઠવિય | સંઠવિય |
| ૧૧૧ | ૩ | જિણુવરા | જિણુવર |
| ૧૧૩ | ૧૯ | જિણુપૂઅ | જિણુપૂઆ |
| ૧૧૯ | ૨૪ | બાયલ | બાયાલ |
| ૧૨૦ | ૧૭ | વદે | વંદે |
| ૧૩૩ | ૩ | જમીને | જમીનને |
| ૧૩૩ | ૨૦ | મહ્ન | મન્હ |
| ૧૩૫ | ૯ | પિત્તા | પિતા |
| ૧૩૭ | ૧૧ | પલ્યોયમ | પલ્યોપમ |
| ૧૪૦ | ૭ | ઓશીકા | ઓશીકાએ |
| ૧૪૨ | ૪ | ચિત્ત | ચિત્તે |

## અનુયોગાચાર્ય પં. શ્રીકંચનવિજયજી ગણિવર્ય.



જન્મ સં. ૧૯૪૪ ગઢડા
દીક્ષા સં. ૧૯૭૫ જોટાણા

ગણિપદ સં. ૧૯૯૧ પાલીતાણા
પંન્યાસપદ સં. ૧૯૯૧ પાલીતાણા

વડી દીક્ષા સં. ૧૯૭૫ સમી

एम. वाडीलालनी कंपनी, अमदावाद.

# પંન્યાસજી મહારાજશ્રી કંચનવિજયજી ગણિવર્યનું
# ટુંક જીવન ચરિત્ર.

## પૂર્વાવસ્થા.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય, ગિરનાર, તાલધ્વજ વિગેરે પતિત–પાવન તીર્થોથી પવિત્ર શ્રી સૌરાષ્ટ્ર દેશમાં આવેલા ભાવનગર સ્ટેટમાં **ગઢડા** નામના શહેરમાં સુપ્રસિદ્ધ **વેલાણી** કુટુંબના **ભાવસાર રૂગનાથ દુર્લભદાસ** રહેતા હતા. તેઓ દરબારશ્રી મંગલસિંહજીના વિશ્વાસપાત્ર અને કોઠારી શ્રીમાન્ ભાવસાર ભવાન હરખાની સુપુત્રી **બાઇ મોંઘી** સાથે પરણ્યા હતા. ગઢડામાં સ્થાનકવાસી સાધુઓના વિશેષ સંસર્ગને લીધે રૂગનાથભાઇમાં સ્થાનકવાસી જૈન તરીકેના સંસ્કાર પડયા હતા, જ્યારે બેન મોંઘીને તેમના પિતાશ્રી તરફથી મૂર્તિપૂજક જૈનધર્મના સંસ્કાર પડયા હતા; છતાં ભદ્રક પરિણામી બન્ને પ્રેમાળ દંપતી પોતપોતાની માન્યતા મુજબ ધાર્મિક ક્રિયાકાંડ કરતા હતા. શ્રીયુત રૂગનાથભાઇને તેમના પ્રેમાળ અને માયાળુ ધર્મપત્ની બાઇ મોંઘીની કુક્ષિએ **હરજીવનદાસ, નાનાલાલ, જગજીવનદાસ, નરોત્તમદાસ** અને ઝવેરચંદ નામે **પાંચ પુત્રો;** તથા **બેન કંકુ** અને **અજવાળી** નામે બે **પુત્રીની** પ્રાપ્તિ થઇ. તેઓમાં આપણા ચરિત્ર નાયક પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિ, જેમનું સંસારી નામ **હરજીવનદાસ** હતું, તેમનો જન્મ વિક્રમ

**સંવત ૧૯૪૪ના માગશર વદિ ૩ શુક્રવાર**ના શુભ દિવસે થયો હતો. રૂગનાથભાઇ બડા સાહસિક વ્યાપારી હતા. તેમને ગઢડામાં અનાજની ધમધોકાર દુકાન ચાલતી હતી. કિસ્મતની યારી મળતાં તેમણે ચભાડીયા અને ભાવનગરમાં પણ દુકાન ખોલી. આવી રીતે તેઓ વ્યાપાર-ધંધે તથા કૌટુંબિક સુખથી તરબતર રહેવા લાગ્યા. પરંતુ આ દુનિયામાં એવા કોઇક જ ભાગ્યશાળી હોય છે કે જેઓ આખી જીંદગી દરેક પ્રકારે સુખી રહે. કુદરતનો અટલ કાયદો છે કે, ભરતી પછી ઓટ અને ઉદય પછી અસ્ત અવશ્ય થાય છે. એક સરખા દિવસ કોઇના જતા નથી. લક્ષ્મીની ભરતી હતી તેને બદલે હવે ઓટનો વારો આવ્યો. વ્યાપારમાં કાંઈક ખોટ આવવા લાગી અને કાંઇક કળખાદ પડવા લાગી. વળી પોતાના પુત્રો ભાઇ શ્રી હરજીવનદાસ વિગેરેને કેળવણી આપવાનું ગઢડામાં જોઈએ તેવું સાધન નહોતું, જેથી તેઓ પોતાના કુટુંબ સાથે ગઢડાથી ભાવનગર આવીને વસ્યા, અને ભાઇ હરજીવનદાસ વિગેરેને કેળવણી અપાવવાનું શરૂ કરી દીધું.

## વ્યવહારિક કેળવણી.

ભાઈશ્રી હરજીવનદાસે ભાવનગરમાં મામાના કોઠા પાસે આવેલી ગુજરાતી સ્કૂલમાં ગુજરાતી અભ્યાસ શરૂ કર્યો. પોતે બુદ્ધિશાળી હોવાથી દરેક વર્ગમાં ઉંચો નંબર રાખતા, વિનયશીલ હોવાથી સ્કુલના માસ્તરોની અમીદૃષ્ટિના પાત્ર બન્યા હતા. ટાઇમસર સ્કૂલમાં જતા, અને ત્યાંથી છુટી સીધા ઘેર આવી અભ્યાસમાંજ દત્તચિત્ત રહેતા. આ સ્કૂલમાં ક્રમસર

ચાર ગુજરાતી પૂર્ણ કરી અંગ્રેજી અભ્યાસ માટે એંગ્લો-વર્નાકયુલર સ્કૂલમાં દાખલ થયા. ત્યાં બે અંગ્રેજી સાથે પાંચમી અને છઠ્ઠી ગુજરાતી પૂર્ણ કરી ત્રીજી અંગ્રેજીમાં દાખલ થયા, તે સાથે સાતમી ગુજરાતીનો પણ અભ્યાસ ચાલુ થયો.

## લગ્ન.

શરીરે તંદુરસ્ત, સ્વરૂપવાન, અને અભ્યાસમાં આગળ વધતા ભાઈશ્રી હરજીવનદાસના વેવિશાળની વાતચીત ભાવનગરમાં તથા બહારગામ ચાલવા માંડી. એ જમાનામાં ભાવસાર જ્ઞાતિમાં નાની ઉમ્મરના દિકરા-દિકરીનું વેવિશાળ અને લગ્ન થાય તેમાં આબરૂ મનાતી! પુત્ર કે પુત્રી મોટી ઉમ્મરના થવા છતાં વેવિશાળ કે લગ્ન ન થયાં હોય તો તેમાં માનહાનિ ગણાતી! ભાઈશ્રી **હરજીવનદાસ**ના માત-પિતાએ પોતાના પુત્રનું વેવિશાળ કરી લહાવો લેવાનો નિર્ણય કર્યો, અને ભાવનગર વડવામાં રહેતા **ભાવસાર ત્રિકમદાસ નરશીદાસ**ના સુપુત્રી **બેન રતન** સાથે **વેવિશાળ** કરી સંવત્ ૧૯૫૭ના મહા શુદિ પંચમીના શુભ દિવસે ઘણા જ ઠાઠમાઠથી **લગ્ન** કર્યું.

## સ્થાનકવાસી મટી મૂર્તિપૂજક બનેલા પિતાશ્રી

આપણે અગાઉ જણાવી ગયા તેમ ભાઈ શ્રી હરજીવન્દાસના પિતાશ્રીને સ્થાનકવાસી જૈન તરીકેના સંસ્કાર પડયા હતા, તેમને પ્રતિમાજી તરફ બિલકુલ શ્રદ્ધા નહોતી. જ્યારે ભાઈ શ્રી હરજીવનદાસ વિગેરે ભાઈઓ, બહેનો તથા તેમનાં

માતુશ્રીને મૂર્તિપૂજક જૈન તરીકેના સંસ્કાર પડયા હતા. ભાઈશ્રી હરજીવનદાસને નાનપણથી જ વીતરાગ પરમાત્માના પ્રતિમાજી પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હતી. હવે તો તેઓ સમજણા પણ થયા હતા, જેથી પોતાના પિતાશ્રી દેરાસર ન જતા હોવાથી તેમને અયોગ્ય લાગવા માંડયું. જેથી તેઓ ઘણી જ નમ્રતાથી પિતાજીને કહેતા કે "બાપુજી! આજે તો પૂજા ભણાવાય છે. આંગી સુંદર છે, રાત્રે ભાવના છે." આવી આવી વાતો કરી પિતાજીને દેરાસર લઈ જતા. પછી તો પૂછવુંજ શું? વીતરાગ પરમાત્માના અલૌકિક પ્રતિમાજીનાં દર્શન, તેમના આગળ સંગીતના સરોદો વચ્ચે ભાવવાહી ગવાતી પૂજાઓ અને સ્તવનો, સુંદર અને આકર્ષક અંગરચના અને સેંકડો નર-નારીઓનો ભક્તિભાવ; આ બધું જોઇ ભદ્રક પરિણામી રૂગનાથભાઇને હૃદયોલ્લાસ થયો. તેમણે પોતાના ચિત્તમાં વિચાર્યું કે "પ્રતિમાજીને માનવા જોઇએ, તેમનું બહુમાન અને પુજા કરવી જોઇએ." પછી તો ભાઈશ્રી હરજીવનદાસની પ્રેરણા વગર જ તેમના પિતાશ્રીએ દેરાસર જવાનું અને પ્રભુપૂજા કરવાનું ચાલુ કરી દીધું, અને પ્રતિમાજી પ્રત્યે દઢ શ્રદ્ધા થઇ ગઈ.

## મીલમાં થયેલી જોબર તરીકેની નીમણુક.

ભાઇ શ્રી હરજીવનદાસે સ્કૂલમાં ઇંગ્લીશ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેઓ ફુરસદ મળતાં કોઈ કોઈ વાર **શેઠ વેણીશંકર લાખીયાની મીલ** જોવા જતા અને કારીગરોનાં ભિન્ન ભિન્ન કામ બારીકાઇથી તપાસતા. તેમને વિચાર આવ્યો

કે 'આ કામ ધ્યાન રાખીને કરીએ તો આવડી જાય તેવું છે.' જેથી વેકેશનની રજા પડતાં તેઓ મીલમાં ગયા અને મેનેજરને મળી કાંઈક કામ સોંપવાનું કહ્યું. તંદુરસ્ત અને ચકોર આ ઉગતા યુવકને જોઇ મેનેજરે ઘણીજ ખુશીથી કામ બતાવ્યું. ભાઇ શ્રી હરજીવનદાસે એ કામ ખંતથી કરવું ચાલુ રાખ્યું, એટલું જ નહિ, એ કામ જોઇ મેનેજરે સંતોષ વ્યક્ત કર્યો, અને તેમણે હાર્દિક લાગણીથી ભાઇશ્રી હરજીવનદાસને જોબર તરીકે નિયુકત કર્યા.

ભાઈ શ્રી હરજીવનદાસના લગ્ન થયા, તે અગાઉ તેમના ત્રણ ભાઇઓ જગજીવનદાસ, નરોત્તમદાસ અને ઝવેરચંદ ગુજરી ગયા હતા. એક ભાઈ નાનાલાલ હયાત હતા. પિતાશ્રી તથા ભાઈ નાનાલાલ વાળુકડવાળા મનોર હરખાને ત્યાં નોકરી કરતા હતા, પરંતુ એટલાથી ઘરનો ખર્ચ પૂરો ન થવાથી ભાઈ શ્રી હરજીવનદાસને અભ્યાસ છોડી મીલમાં નોકરી સ્વીકારવી પડી હતી. તેમના ધર્મપત્ની બાઈ રતનની કુક્ષિએ સંવત્ ૧૯૬૦ ની સાલમાં પુત્રીનો જન્મ થયો, જેનું નામ હીરા રાખવામાં આવ્યું.

## અમદાવાદ તરફ પ્રયાણ–
## મીલમાં હેડ જોબર તરીકે નીમણુક

હવે તો ભાઇ શ્રી હરજીવનદાસને માથે વ્યવહારિક જવાબદારી દિવસે દિવસે વધવા લાગી. પિતાજી, ભાઇ શ્રી નાનાલાલ તથા પોતાની નોકરી ચાલુ હતી, પરંતુ એ સમયે કાઠિયાવાડમાં નોકરીનું ધોરણ ઘણું નીચું હતું. જેથી નોકરીની ટુંકી આવ-

કમાં ઘરનો ખર્ચ કરકસરથી નભતો હતો, આર્થિક સ્થિતિ નબળી હોવાથી હરજીવનદાસે વિચાર્યું કે " પરદેશ ખેડયા વગર આર્થિક સ્થિતિ સુધરવી મુશ્કેલ છે. " તેમણે મીલોના મથક ગણાતા અમદાવાદ જવાનો નિર્ણય કર્યો, અને સંવત્ ૧૯૬૦ ની સાલમાં પોતાનાં ધર્મપત્ની બાઈ રતન અને પુત્રી બેન હીરા સાથે અમદાવાદ તરફ રવાના થયા. તેમની સાથે મીલનું કામકાજ જાણનાર બીજા પંદર કારીગરો જવાને તૈયાર થયા હતા, ઉદાર દિલના ભાઈ શ્રી હરજીવનદાસ તેમને પણ સાથે તેડતા ગયા. નવયુવક અને મીલના કામમાં પ્રવીણ ભાઇ શ્રી હરજીવનદાસની અમદાવાદમાં મંગલદાસ ગીરધરલાલની મીલમાં માસિક રૂપિયા ૨૫૦, ના પગારે હેડ જોબર તરીકે નીમણુક થઇ, અને પોતાની સાથે આવેલા કામદારોને પણ એજ મીલમાં ગોઠવી દીધા.

## ઉદાર અને કોમળ હૃદયના હરજીવનદાસ

આવી રીતે ભાઇ શ્રી હરજીવનદાસ પોતાની પ્રેમાળ અને વ્યવહારદક્ષ પત્ની બાઇ રતન સાથે અમદાવાદમાં સુખચેનથી રહેતા હતા. દેશમાંથી નોકરી શોધતા કોઇ ઓળખીતા માણસો આવે તેમને નોકરી ન મળે ત્યાં સુધી ઉદાર હૃદયના ભાઈ શ્રી હરજીવનદાસ પોતાને ઘેર વિના સંકોચે જમાડતા, અને સૂવા–બેસવાની સગડ ન હોય તો એ પણ કરી આપતા. એટલું જ નહિં, પણ બનતે પ્રયાસે પોતાની લાગવગ વાપરીને તથા જરૂર પડે તો પોતાની ઓળખાણ આપીને પણ નોકરી મેળવી આપતા. તેમના ધર્મપત્ની કોમળ હૃદયના બેન રતન

પણ પોતાના પતિને આવા ઉપકારી કાર્યમાં પ્રોત્સાહિત કરતા, અને પતિની આજ્ઞા મુજબ આગંતુક માણુસોની આગતા-સ્વાગતા ખડે પગે કરતા. ભાઈ શ્રી હરજીવનદાસ અમદાવાદમાં રહ્યા ત્યાં સુધી દર પૂનમે સ્નેહીવર્ગ સાથે પાનસરની યાત્રા કરવા જતા, અને ત્યાં ઠાઠમાઠથી પ્રભુભકિત કરતા. તેમને માસિક રૂપિયા ૨૫૦, નો પગાર મળતો હોવાથી અને એ વખતમાં વિશેષ મોંઘવારી ન હોવાથી જો ધારત તો ઠીક-ઠીક રકમ એકઠી કરી શકત. પરંતુ નોકરી વગરના અને નિરાધાર માણુસોને જોઇ તેમનું હૃદય દ્રવી જતું, અને નોકરીમાં જે કાંઇ વધારો રહેતો તે આવા માણુસોને મદદ આપવાના પરોપકારી કામમાં વપરાઇ જતો.

## સ્વમાન

ભાઇ શ્રી હરજીવનદાસ જોબર તરીકે માણુસો પાસેથી માયાળુપણે અને મીઠાશથી રીતસર કામ લેતા, જેથી ઉપરી અધિકારીને તેમના કામથી સંતોષ થતો. તેઓ મીલમાં સ્વમાન પૂર્વક સ્વતંત્રપણે વર્તતા, તેમને ખુશામતખોરી બિલકુલ પસંદ નહોતી. જેથી મીલના મેનેજર કે ઉપરી અધિકારી તરફથી સ્વમાન ઘવાયાનો જરા સરખો પ્રસંગ ઉપસ્થિત થતા, તેઓ તુરત રાજીનામું આપી છૂટાં થતાં, અને બીજી મીલમાં ગોઠવાઇ જતા. આવી રીતે અમદાવાદના વસવાટ દરમ્યાન તેમણે જુદી જુદી ત્રણ મીલમાં નોકરી કરી હતી.

## બ્યાવરની મીલમાં નોકરી, સખ્ત કામકાજથી લાગુ પડેલો ક્ષયરોગ, દેશી દવાથી રોગ શમન

તેમણે સાંભળ્યું કે, બ્યાવરની મીલમાં પગાર સારો આપે છે, અને કામદારો પ્રત્યે ઉપરી અધિકારીનો વર્તાવ માયાળુ છે. આ પ્રમાણે સાંભળી તેઓ સંવત ૧૯૬૩ ની સાલમાં પોતાની ધર્મપત્ની તથા પુત્રી સાથે **બ્યાવર** ગયા, અને ત્યાંની **એડવર્ડ મીલ**માં જોબર તરીકેની જગ્યા મળી ગઇ. અહીં ભાવનગરવાળા **શેઠ ઓઘડભાઇ રામજી**ના સત્સંગથી ધાર્મિક સંસ્કાર દૃઢ થયા. વળી આચાર્યજી મહારાજ **શ્રી વિજયવીર સૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી-**જૈન પાઠશાળા** સ્થાપવામાં આવી, જેમાં તેમણે બે પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ કર્યો. આ અરસામાં મીલના સખ્ત કામકાજને લીધે ભાઈ શ્રી હરજીવનદાસને ક્ષયરોગ લાગુ પડયો, જીર્ણ જ્વર અને ઉધરસ સાથે શરીરે નબળાઈ વરતાવા લાગી. તેઓ સંવત્ ૧૯૬૫ માં બ્યાવરથી તુરત અમદાવાદ આવ્યા, અને ક્ષયરોગને નાબુદ કરવામાં કાબેલ ગણાતા એક દેશી વૈદ્યની દવા ચાલુ કરી દીધી. દવા લાગુ પડી, અને ૭ મહિનામાં ક્ષયરોગ નાબુદ થતાં શરીર સુધરી ગયું.

## અમદાવાદમાં પુત્રરત્નની પ્રાપ્તિ, વીરમગામ તરફ પ્રયાણ સુપુત્રી બેન હીરાનો સ્વર્ગવાસ, વૈરાગ્ય રંગ.

શરીર સશક્ત અને તંદુરસ્ત થતાં મીલમાં જોબર તરીકેની નોકરીમાં જોડાયા. **અમદાવાદ**માં ભાઈ શ્રી **હરજીવનદાસ**ને પોતાના ધર્મપત્ની બાઇ **રતનની કુક્ષિએ** સંવત્

૧૯૬૭ ના વૈશાખ માસમાં પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ, જેનું શુભ નામ **પ્રભુદાસ** રાખવામાં આવ્યું. તેઓ સંવત્ ૧૯૬૯ ની સાલ સુધી અમદાવાદમાં રહ્યા, ત્યાંથી સંવત ૧૯૭૦ માં પોતાના ધર્મપત્ની તથા પુત્ર-પુત્રી સાથે વીરમગામ ગયા, અને ત્યાંની એડવર્ડ મીલના મેનેજરને મળતાં તેમની જોબર તરીકે નિમણુંક થઇ. તેમની પુત્રી બેન હીરા સંવત્ ૧૯૭૨ માં જીવલેણ વ્યાધિથી ગુજરી ગઈ. બેન હીરા ઉપર હરજીવનદાસને અથાગ મોહ હતો. આવી ગુણીયલ અને સુશીલ પુત્રી ગુમાવ્યાથી તેમને સખ્ત આઘાત લાગ્યો, અને સંસારની અસારતાનું ભાન થયું. એ જ અરસામાં આચાર્યજી મહારાજશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય મુનિમહારાજ **શ્રી દેવેન્દ્રવિજયજી** મહારાજ વીરમગામ પધાર્યા હતા. તેમના સમાંગમથી ભાઈ શ્રી હરજીવનદાસનું ધાર્મિક પ્રવૃત્તિ તરફ વિશેષ લક્ષ્ય દોરાયું. મોજશોખ અને અમંન-ચમનને બદલે વૈરાગ્યનો રંગ લાગ્યો. રાત્રિભોજન અને બાર તિથિ લીલોતરીનો ત્યાગ કર્યો. ઊનું પાણી પીવાનું શરૂ કરી દીધું, અને એકાસણું આયંબિલ તથા ઉપવાસ **વિગેરે તપશ્ચર્યા** યથાશક્તિ કરવા લાગ્યા. વળી દર પૂનમે ભોયણીજીની યાત્રા કરવા જતા.

**વીરમગામમાં બીજા પુત્ર ભાઈ શ્રી જયંતીલાલનો જન્મ, ગુરુદેવ મુનિ મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજના સદુપદેશ અને વ્યાખ્યાનથી વધતો વૈરાગ્ય; દીક્ષાની ભાવના.**

ઉપર જણાવ્યા મુજબ ભાઇ શ્રી હરજીવનદાસ ધાર્મિક પ્રવૃત્તિ સાથે સંસાર-વ્યવહાર ચલાવતા હતા. તેમના ધર્મ-

પત્ની બાઈ રતને વીરમગામમાં સંવત્ ૧૯૭૩ માં **બીજા પુત્રરત્નને જન્મ આપ્યો,** જેનું શુભ નામ **જયંતીલાલ** રાખવામાં આવ્યું. એ અરસામાં જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-રત્ન** પ્રખર વિદ્વાન્ મુનિમહારાજ **શ્રી ભક્તિવિજયજી મહારાજ** પોતાના શિષ્ય-સમુદાય સાથે વિચરતા વિચરતા વીરમગામ પધાર્યા. તેઓશ્રી વ્યાખ્યાનમાં વૈરાગ્યરસ ભરપૂર સુપ્રસિદ્ધ ગ્રન્થ **સમરાદિત્ય ચરિત્ર** વાંચતા હતા. તેમનું વ્યાખ્યાન સાંભળવા ભદ્રક પ્રકૃતિ હરજીવનદાસ હમેશાં જવા લાગ્યા, અને વ્યાખ્યાનમાં સાંભળેલી હકીકત એકાંતમા મનનપૂર્વક વિચારતા. તેમને સંસાર ઉપરથી વિરક્તિ તો અગાઉથી થઇ ચૂકી હતી, તેમાંય આવા સુવિહિત ગુરૂદેવનો વૈરાગ્યમય ઉપદેશ સાંભળ્યો. બસ ! પછી તો પૂછવું જ શું ? હવે તો તેમના ચિત્તનો ઝોક વૈરાગ્ય તરફ વિશેષ ઢળવાં લાગ્યો. સવાર-સાંજનું પ્રતિ-ક્રમણ, વીતરાગ પરમાત્માની પૂજા, અને સામાયિક; એ તેમનો નિત્યક્રમ થઈ ગયો, તેમણે બાકી રહેલો ધાર્મિક અભ્યાસ સામાયિકમાં ગુરૂદેવ પાસે ચાલુ કરી દીધો. વળી હમેશાં એકા-સણું કરતા, તથા ચૈત્ર અને આસો માસની શાશ્વતી ઓળી ચાલુ કરી. સંવત્ ૧૯૭૩ ના પર્યુષણ મહાપર્વમાં અઠ્ઠાઇ કરી. આ પ્રમાણે દિવસે દિવસે વૈરાગ્યની વૃદ્ધિ થતાં તેમને મુનિ મહા-રાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવાની ભાવના થઈ. એ હકીકત ગુરૂદેવને જણાવતાં તેઓશ્રીએ કહ્યું કે- "તમારી ધર્મ ઉપરની દૃઢ શ્રદ્ધા અને પ્રતિદિન વધતો વૈરાગ્ય જોઇ દીક્ષા અંગીકાર કરવાને પાત્ર છો એવી અમોને ખાત્રી થઈ છે. દીક્ષા સ્વીકારવી અને તેને પરિપૂર્ણ પાળવી એ આ

ક્ષણભંગુર જીંદગીનું ઉત્તમોત્તમ કાર્ય છે. સંસારભીરૂ ભવ્યાત્માએ દીક્ષા લઇ તેને મન વચન અને કાયાથી પાળી આત્મશ્રેય કરવું જોઇએ. પરંતુ દીક્ષા સ્વીકાર્યા અગાઉ કુટુંબની સમ્મતિ મેળવાય તો પાછળથી કોઇને કષાય કરવાનું કારણ ન રહે. વળી તમે પરિણીત છો, માટે તમારા પત્નીની તો સમ્મતિ મેળવવાની ખાસ જરૂર છે. તમારી શુભ ભાવના તમારા પત્નીને જણાવો, તથા તમારા કુટુંબીઓને પણ આ હકીકત જણાવો. " આ પ્રમાણે ગુરૂદેવની સલાહ મળતાં ભાઈ શ્રી હરજીવનદાસે દીક્ષા લેવાની ભાવનાની હકીકત ઘણી જ નરમાશથી પોતાના ધર્મપત્ની બેન રતનને જણાવી, અને તેમની પાસેથી સમ્મતિ મેળવી લેવાનો પ્રયાસ કર્યો. બેન રતને કહ્યું કે-" આપની આજ્ઞા આજ સુધી કદાપિ લોપી નથી. દીક્ષા લેવી જ હોય તો ખુશીથી લેજો, પરંતુ હાલ તુરતમાં લેવા નહિં દઉં. ભાઈ જયંતી મોટો થાય, છેવટે પાંચ વરસનો થાય ત્યાં સુધી તો સંસાર-વ્યવહારમાં રહેવું જોઇશે. માટે હાલમાં દીક્ષા લેવા નહિં દઉં, અને સમ્મતિ પણ નહિં આપું " ભાઈ શ્રી હરજીવનદાસે પોતાના પત્નીને ઘણી રીતે સમજાવ્યા, પરંતુ તેમણે સમ્મતિ ન આપવાથી તાત્કાલિક દીક્ષા લેવાનું બંધ રહ્યું.

### સજોડે સ્વીકારેલું ચતુર્થ વ્રત, અઠ્ઠાઈની તપસ્યા, સાધર્મિક વાત્સલ્ય વિગેરે ધાર્મિક કાર્યો.

મુનિ મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજને આચાર્ય શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહારાજ પાસે યોગોદ્વહન કરવાના હોવાથી અને વીરમગામના શ્રી સંઘની આગ્રહભરી વિનતિ

હોવાથી તેઓશ્રી ૧૯૭૪ ની સાલમાં પણ વીરમગામ રહ્યા, અને ત્યાં જ ચાતુર્માસ કર્યું. ભાઈ શ્રી હરજીવનદાસે તેઓશ્રીની નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી. તે નિમિત્તે તેમણે આંગી રચાવી, પૂજા ભણાવી, અને સાધર્મિક વાત્સલ્ય કરી મળેલી લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો. ત્યાર બાદ તેમણે ગુરૂ મહારાજ પાસે **સજોડે ચતુર્થ વ્રત** ઉચ્ચર્યું. આસો માસમાં તેઓ પોતાના કુટુંબને વીરમગામમાં રાખી વઢવાણકેંપ ગયા, અને ત્યાંની મીલમાં જોબર તરીકે નોકરી સ્વીકારી. સંવત્ ૧૯૭૫ ના કારતક શુદિ પૂર્ણિમાની યાત્રા કરવા તેઓ વઢવાણકેંપથી પાલીતાણા આવ્યા, અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર શ્રી આદીશ્વરદાદાનાં દર્શન-પૂજન કરી પરમ આહલાદ પામ્યા. એજ રાત્રિએ વીરમગામમાં તેમના ધર્મપત્ની બેન રતને સ્વપ્નમાં મુનિરાજને દીઠા. મુનિરાજે બેન રતનને ઉપદેશ આપી ચતુર્થવ્રતની બાધા આપી.

### બેન રતને અનુભવેલો ચમત્કાર, પરોક્ષ વાણી, તમારાસ્વામીને દીક્ષા લેતાં કેમ અટકાવો છો?

હરજીવનદાસ સિદ્ધાચલજીની યાત્રા કરી વીરમગામ તરફ આવતા હતા, એ જ દિવસે તેમના ધર્મપત્ની બેન રતને પાણીનું બેડું ભરીને આવતાં માર્ગમાં સાંભળ્યું કે **"તમે તમારા સ્વામીને દીક્ષા લેતાં શા માટે રોકો છો? તેમને દીક્ષા લેવાની સમ્મતિ આપો."** આવા સ્પષ્ટ શબ્દો સાંભળી બેન રતન ઉભા રહી ગયા અને આ વચનો મને કોણ કહે છે? તે જાણવા ચાર તરફ જોયું, પરંતુ કોઇ પુરૂષ

કે સ્ત્રી દીઠી નહિં જેથી આશ્ચર્યમાં ગરકાવ થયેલા બેન રતન ઘેર આવ્યા. તેઓ ઘરના કામકાજમાં ગુંથાયા; પરંતુ ચિત્ત તો પેલી પરોક્ષ સાંભળેલી વાણીની વિચારણામાં જ અટવાયું હતું. " કોઇ માણસ તો હતું નહિ, ત્યારે શું કોઇ દેવે મને સંભળાવ્યું હશે ? શું મારે મારા પતિને દીક્ષા લેવાની સમ્મતિ આપવી ? " આવી રીતે ચિત્તની ગડમથલમાં રોકાયા હતા, તેવામાં શ્રી હરજીવનદાસ સિદ્ધાચળજીની યાત્રા કરી વીરમગામ આવ્યા અને ઘેર આવી સ્વસ્થ ચિત્તે બેઠા ત્યારે તેમના સુશીલ પત્ની બેન રતને પાછળ બનેલી ચમત્કારિક ઘટના વિગતવાર કહી સંભળાવી.

## ભાઇશ્રી હરજીવનદાસે દીક્ષા લેવાની પત્ની પાસેથી તથા કુટુંબીઓ પાસેથી મેળવેલી સમ્મતિ.

પોતાના સુશીલ અને સરલ-સ્વભાવી પત્ની બાઇ રતને કહેલી હકીકત સાંભળી ભાઇ શ્રી હરજીવનદાસે કહ્યું કે " આ પરોક્ષ વાણીથી મને તો જણાય છે કે, શાસનદેવે મને દીક્ષા લેવાનો અવસર જણાવ્યો છે અને તમોને તેની સમ્મતિ આપવાની પ્રેરણા કરી છે. સંસાર ઉપરથી મારૂં ચિત્ત ઉઠી ગયું છે. માટે તમે રાજીખુશીથી રજા આપો તો મારૂં આત્મ-શ્રેય સાધું. " હરજીવનદાસે આવી રીતે ઘણા પ્રયાસે પોતાના પત્નીને સમજાવી દીક્ષા અંગેની તેમની સમ્મતિ મેળવી. વળી પોતાના માતુશ્રી વિગેરે કુટુંબીઓ પાસેથી પણ સમ્મતિ મેળવી લીધી.

આ વખતે મુનિ મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ વીરમગામથી વિહાર કરી પોતાના શિષ્ય-સમુદાય સાથે જોટાણા પધાર્યા હતા, હર્ષિત હૃદયવાળા હરજીવનદાસ જોટાણા પહોંચ્યા અને પોતાની પત્ની તથા કુટુંબીઓ તરફથી દીક્ષાની સમ્મતિ મળેલી હોવાથી તાત્કાલિક દીક્ષા આપવા આગ્રહપૂર્વક નમ્ર વિનતિ કરી. ગુરૂ મહારાજે દીક્ષાનું મુહૂર્ત કાઢ્યું તો માગશર શુદિ ૧૦ શુક્રવારના રોજ આવ્યું. હરજીવનદાસે પોતાના પત્ની તથા કુટુંબીઓને આ નિર્ણય જણાવ્યો; જેથી દીક્ષા-મહોત્સવના શુભ પ્રસંગે તેમના પત્ની બ્હેન રતન, પુત્રો-ભાઇ પ્રભુદાસ તથા જયંતીલાલ, માતુશ્રી બાઇ મોંઘી, માસીબા બાઇ મૂળી, મામાના દિકરા ભાઈ ત્રિભોવનદાસ તથા માતુશ્રીના મામા ભાઇ દેવકરણ નથુભાઈ વિગેરે હાજર થયા.

## જોટાણામાં ભાઇશ્રી હરજીવનદાસે સ્વીકારેલી ભાગવતી દીક્ષા, તેમનું પાડેલું મુનિશ્રી કંચનવિજયજી નામ.

એજ દિવસે એટલે માગશર શુદિ ૧૦ ના રોજ મુંદરડાના રહીશ શા હરગોવન ઉમેદરામના ધર્મપત્ની બ્હેન પરસન બાઇને તેમના કુટુંબીઓની સમ્મતિથી મુનિરાજ શ્રી ભક્તિ-વિજયજી મહારાજ પાસે જોટાણામાં દીક્ષા લેવાની હતી. જેથી તે નિમિત્તે બ્હેન પરસનના દિયર શેઠ અમથાલાલ તરફથી જોટાણામાં ધામધૂમથી અઠ્ઠાઈ-મહોત્સવ શરૂ થયો, તથા તેમના તરફથી આઠે દિવસ નવકારશી નોંધાવવામાં આવી.

ભાઈ શ્રી હરજીવનદાસનો દીક્ષા-મહોત્સવનો વરઘોડો માગશર શુદિ નવમી તથા દશમી એમ બન્ને દિવસે ઠાઠ-માઠથી ચડાવવામાં આવ્યો. દીક્ષાના ઉપકરણની છાબ તેમના ધર્મપત્ની સૌભાગ્યવંતા બ્હેન રતનબાઇએ લીધી હતી. હર-જીવનદાસ તથા તેમના પત્નીએ સંવત ૧૯૭૪ ની સાલમાં વીરમગામમાં મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે ચતુર્થવ્રતની બાધા લીધી હતી, પરંતુ નાણ મંડાવી નહોતી જેથી દીક્ષા લીધા અગાઉ મંડાવેલી નાણ સમક્ષ ભાઇ શ્રી હરજીવનદાસ તથા તેમના ધર્મપત્ની રતન બ્હેને મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે વિધિપૂર્વક ચતુર્થવ્રત ઉચ્ચર્યું. ત્યારબાદ દીક્ષાની વિધિ શરૂ થઇ અને વિધિ પૂર્ણ થતાં મુનિ-રાજ શ્રી ભક્તિવિજયજી મહારાજે તેમને સંવત ૧૯૭૫ ના માગશર શુદિ ૧૦ શુક્રવારના શુભ ચોઘડીયે ભાગવતી **દીક્ષા** આપી પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા, તેમનું નામ મુનિ શ્રી **કંચનવિજયજી** રાખવામાં આવ્યું. ગુરૂદેવે જ્યારે તેમને રજોહરણ આપ્યું ત્યારે તેમને વચનાતીત આહલાદ થયો અને ઉછળી ઉછળીને નાચ્યા. ભાઇ શ્રી હરજીવનદાસ દીક્ષા લેવા જતા હતા, ત્યારે તેમના માતુશ્રી સૌભાગ્યવંતા બ્હેન મોંઘી બાઈએ ચતુર્વિધ સંઘ વચ્ચે દીક્ષા લેવાની રજા આપી સ્વહસ્તે ચાંદલો કરી આશીર્વાદ આપ્યો હતો. ખરી પુત્રવત્સલ માતા એજ કહેવાય કે જે પોતાના પુત્રનું હિત ઇચ્છે. આત્મિક ઉન્નતિ તરફ સંચરતા પોતાના પુત્રને જોઇ મોંઘીબાઇ બહુ જ ખુશી થયા. આવી માતાઓ જગતમાં વિરલ હોય છે, ધન્ય છે એવી માતાઓને. આ ચિરસ્મરણીય શુભ પ્રસંગની યાદ-ગીરી નિમિત્તે બોટાણાના સંઘે તે દિવસે પાખી પાળવાનો

ઠરાવ કર્યો હતો, ત્યારથી અવિચ્છિન્નપણે આજ-સુધી માગશર શુદિ ૧૦ ને દિવસે જોટાણામાં પાખી બરાબર પળાય છે.

મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજે ભાઈ શ્રી હરજીવનદાસને દીક્ષા આપી તેમનું નામ **મુનિશ્રી કંચનવિજયજી** રાખ્યું; એજ સમયે તેઓશ્રીએ **બાઇ પરસનને** પણ **દીક્ષા** આપી, તેમનું નામ સાધ્વીજી **શ્રી દર્શનશ્રીજી** રાખવામાં આવ્યું, અને તેમને સાધ્વીજી **શ્રી ચન્દ્રશ્રીજીના શિષ્યા** તરીકે ચતુર્વિધ સંઘ વચ્ચે જાહેર કર્યા.

મુનિરાજ **શ્રી** ભક્તિવિજયજી મહારાજ એ રાત્રે પોતાના શિષ્ય–પરિવાર તથા નવદીક્ષિત મુનિ શ્રી કંચનવિજયજી સાથે ગામ બહાર આવેલા જીનમાં રહ્યા, અને વળતે દિવસે ધામધૂમથી જોટાણા ગામમાં પ્રવેશ કર્યો. દીક્ષાને દિવસે એટલે માગશર શુદિ ૧૦ ના રોજ મુનિ શ્રી કંચનવિજયજીએ ચોવિહારો ઉપવાસ કર્યો હતો, અને વળતે દિવસે મૌન એકાદશીના રોજ એકલા ચોખાથી આયંબિલ કર્યું હતું. જોટાણામાં ત્રણ દિવસ રોકાઇ ગુરૂ મહારાજ સાથે ત્યાંથી વિહાર કરી, કટોસણ થઇ શંતેજ તીર્થની યાત્રા કરી શ્રી શંખેશ્વર પધાર્યા; અને પરમ પ્રભાવક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીના દર્શન કરી આત્મોલ્લાસ પામ્યા.

## વડી દીક્ષા

મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજ પોતાના ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે શ્રી શંખેશ્વરજીથી વિહાર કરી સમી આવ્યા, અને ત્યાં વડી દીક્ષાના યોગ-વહન કર્યા. સમીમાં

તેમને વડી દીક્ષા આપવાની હોવાથી એ શુભ પ્રસંગે તેઓ-શ્રીના સંસારી કુટુંબીઓ આવ્યા. મુનિરાજશ્રી કંચનવિજયજીને સંવત ૧૯૭૫ના મહા શુદિ ૫ ના રોજ આચાર્યજી મહારાજ શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે **વડી દીક્ષા** આપવામાં આવી અને શ્રી સંઘ સમક્ષ તેઓશ્રીને મુનિરાજ શ્રી ભકિતવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કર્યા. આ શુભ પ્રસંગે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી, અને સમીના સંઘમાં અતિશય ઉત્સાહ ફેલાયો હતો.

સમીથી પોતાના ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કરી ઝીંઝુવાડા થઈ અમદાવાદ આવ્યા, અને ત્યાં એક મહિનો સ્થિરતા કરી ત્યાંથી વિહાર કરી કપડવંજ પધાર્યા. કપડવંજમાં આચાર્યજી મહારાજ શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૭૫ ના અશાડ શુદિ બીજના રોજ **મુનિરાજશ્રી ભક્તિ-વિજયજી મહારાજને ગણી પદવી** અને અશાડ શુદિ પાંચમના રોજ **પંન્યાસ પદવી**થી વિભૂષિત કર્યા. આ માંગલિક પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ-સ્નાત્ર વિગેરે અનેક શુભ કાર્યો થયાં હતાં.

મુનિરાજશ્રી કંચનવિજયજી મહારાજે ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી વિગેરે મુનિરાજો સાથે **સંવત ૧૯૭૫ની સાલનું ચાતુર્માસ કપડવંજમાં** કર્યું. ચોમાસી ચૌદશ પહેલાં કપડવંજ પાસેના આંત્રોલી ગામમાં મુહુપત્તિનું પડિ-લેહણ કર્યું હતું, જેથી આંત્રોલીના સંઘની વિનતિથી ગુરૂ મહારાજે પર્યુષણમાં વ્યાખ્યાન વાંચવા મુનિરાજ શ્રી કંચન-વિજયજી અને અકલંકવિજયજીને આંત્રોલી મોકલ્યા હતા.

પર્યુષણમાં મુનિરાજશ્રી કંચનવિજયજીએ વ્યાખ્યાન વાંચ્યું, તેમના સદુપદેશથી તપસ્યા, પૂજા, પ્રભાવના વિગેરે ધાર્મિક કાર્યો ઠીક ઠીક પ્રમાણમાં થયા. પર્યુષણ પૂર્ણ થયા બાદ તેઓશ્રી પાછા કપડવંજ આવ્યા, અને ત્યાં ગુરૂ મહારાજ સાથે ચતુર્માસ પૂર્ણ કર્યું.

ચોમાસા બાદ ગુરૂ મહારાજ વિગેરે મુનિરાજો સાથે કપડવંજથી વિહાર કર્યો અને મહુધા, ખેડા, માતર, અમદાવાદ, વિગેરે શહેરો તથા ગામોમાં વિચરતા વિચરતા પાલીતાણા પધાર્યા. **સંવત્ ૧૯૭૬નું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું.** આ ચોમાસામાં મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ઉત્તરાધ્યયનના યોગ વહન કર્યા, પર્યુષણમાં ૧૬ ઉપવાસની તપસ્યા કરી, અને ગુરુ મહારાજ પાસે જીવ–વિચારાદિ ચાર પ્રકરણ તથા ચાર કર્મગ્રંથનો અભ્યાસ કર્યો, તેમને ધાર્મિક ઉપરાંત સંસ્કૃત અભ્યાસ કરવાની પણ તીવ્ર ઇચ્છા થઇ, અને એ હકીકત ગુરૂ મહારાજને જણાવી. ગુરૂદેવ ઘણા જ ખુશી થયા, અને સંમતિ આપી જેથી તેમણે આસો વદિ ૧૩ ના રોજ **પંડિત ત્રિભુવનદાસ અમરચંદ** પાસે સારસ્વત વ્યાકરણ ભણવાનો પ્રારંભ કર્યો. ચોમાસા બાદ પાલીતાણાથી ગુરૂ–મહારાજ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો અને ગારીયાધાર, કુંડલા, ઉના, દીવ થઇ શ્રી અજારા પાર્શ્વનાથ સ્વામીની યાત્રા કરી. ત્યાંથી પ્રભાસપાટણ, વેરાવળ, અને માંગરોળ થઇ જુનાગઢ આવ્યા. ત્યાં શ્રી ગીરનારજીની યાત્રા કરી પોરબંદર આવી થોડા દિવસની સ્થિરતા કરી, અહીં બ્રાહ્મણોની સંસ્કૃત પાઠશાળા ઉપાશ્રયથી એક માઇલ દૂર છે, ત્યાં વૈશાખ માસના સખત તાપમાં મુનિરાજશ્રી કંચનવિજયજી સંસ્કૃતનો અભ્યાસ

કરવા જતા, અને સારસ્વત વ્યાકરણના કારક સુધીનો અભ્યાસ કર્યો. પોરબંદરથી વિહાર કરી માંગરોળ પધાર્યા, અને ગુરૂ-મહારાજ વિગેરે મુનિવર્યો સાથે **સંવત્ ૧૯૭૭ નું ચતુર્માસ માગરોળમાં** કર્યું. મુનિરાજશ્રી કંચનવિજયજીએ પર્યુષણમાં અઠ્ઠાઇની તપસ્યા કરી, અભ્યાસમાં સારસ્વત વ્યાકરણ પૂર્વાર્ધ પૂર્ણ કર્યું, અને સિદ્ધાંત ચંદ્રિકા ઉત્તરાર્ધ શરૂ કર્યું.

માંગરોળમાં ગુરૂદેવ પંન્યાસજી મહારાજ શ્રી ભકિતવિજયજી મહારાજના સદુપદેશથી શેઠ મકનજી કાનજી તરફથી ઉપધાન વહન કરાવવામાં આવ્યા હતા, તેની માળ પહેરાવવાની વિધિ પૂર્ણ થતાં માંગરોળથી વિહાર કરી પ્રભાસપાટણ વિગેરે તીર્થોની યાત્રા કરી જામનગર આવ્યા, ત્યાંથી રાણપુર થઈ વઢવાણ શહેર પધાર્યા, અને ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે **સંવત્ ૧૯૭૮ નું ચતુર્માસ વઢવાણ શહેરમાં** કર્યું. મુનિરાજશ્રી કંચનવિજયજીએ દીક્ષા લીધા બાદ થોડાજ માસમાં તેમના સંસારી ધર્મપત્ની રતનબેન ગુજરી જવાથી તેમના પુત્રો ભાઇ પ્રભુદાસ તથા જયંતીલાલની સાર-સંભાળ તેમના માતા-પિતા તથા લઘુબંધુ ભાઈ નાનાલાલ કરતા હતા. મુનિરાજ શ્રી કંચનવિજયજીનું ચતુર્માસ વઢવાણ થયું છે, એવા સમાચાર મળતાં તેમના સંસારી માતુશ્રી એ બન્ને પુત્રોને લઈને વંદન કરવા વઢવાણ આવ્યા, વળી તેમના સંસારી ફઇબા લહેરીબેન પણ તેમની સાથે વંદન કરવા આવ્યા હતા, તેમણે મુનિરાજશ્રી કંચનવિજયજી પાસે ચતુર્થ-વ્રતનું પચ્ચખ્ખાણ લીધું. આ ચતુર્માસમાં મુનિરાજશ્રી કંચનવિજયજીએ ગુરૂ મહારાજ પાસે આચારાંગના યોગ વહન કર્યા, તથા પર્યુષણમાં અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી.

## શિવપુરીમાં આચાર્યજી મહારાજશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ, ગુરુભક્તિનો પ્રભાવ.

સંવત ૧૯૭૮ ના ભાદરવા શુદિ ૧૪ના રોજ શિવપુરીથી ગુરુદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ થયાના સમાચાર તારથી આવ્યા. પરમોપકારી ગુરુદેવનો વિરહ થવાથી પંન્યાસજી મહારાજ શ્રી ભકિતવિજયજી મહારાજ, તથા મુનિરાજ શ્રી કંચનવિજયજી વિગેરે મુનિવર્યોને સખ્ત આઘાત લાગ્યો. વઢવાણના શ્રી સંઘમાં ગમગીની ફેલાઈ ગઈ, અને ચતુર્વિધ શ્રીસંઘે સજળ નેત્રે દેવવંદન કર્યું.

આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સ્વર્ગવાસ પામ્યા ત્યારથી આજ સુધી **તેઓશ્રીના નામની એક નવકારવાળી અવિચ્છિન્નપણે મુનિરાજ શ્રી કંચનવિજયજી ગણે છે.** મુનિરાજ શ્રી કંચનવિજયજી કહે છે કે, મને ગુરૂદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાધુપણાના વેષે સ્વપ્નમાં કોઈ કોઇ વાર દર્શન દે છે, અને મને સ્વપ્નમાં તેઓશ્રી જે જે કહે છે તે મુજબ જ બને છે; જેથી તેઓશ્રી ઉચ્ચ ગતિના દેવ થયા છે. એવી મારી દૃઢ માન્યતા છે.

ચોમાસા બાદ ગુરૂ મહારાજ વિગેરે મુનિવર્યો સાથે વઢવાણથી વિહાર કરી લીંબડી આવ્યા. મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ચન્દ્રિકા વ્યાકરણ પૂર્ણ કર્યું હતું, જેથી હવે તેમને

સંસ્કૃત કાવ્યોનો અભ્યાસ કરવાની જરૂર હતી; જેથી ગુરુ મહારાજની આજ્ઞાથી તેઓ મુનિરાજ શ્રી સૌભાગ્યવિજયજી સાથે લીંબડીથી વિહાર કરી વીરમગામ આવ્યા, અને ત્યાંના પંડિત પાસે રઘુવંશ કાવ્યનો અભ્યાસ શરૂ કર્યો. ચૈત્રી ઓળી એક ધાનની વિધિપૂર્વક કરી, પારણું કર્યા બાદ તબિયત એકાએક લથડી ગઇ, પરંતુ દવા ઉપચારથી સારૂં થઇ ગયું. ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ વિગેરે ઠાણાઓએ લીંબડીથી પાલીતાણા તરફ વિહાર કર્યો હતો, તેઓશ્રી શ્રી શત્રુંજયની નવાણું યાત્રા કરી પાલીતાણાથી વિહાર કરી વીરમગામ પધાર્યા. અહીં ગુરૂદેવનો મેળાપ થતાં તેઓશ્રીના દર્શન-વંદન કરી મુનિરાજ શ્રી કંચનવિજયજી પરમ આનંદ પામ્યા. વીરમગામથી મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો, અને સમી પધાર્યા. **સંવત્ ૧૯૭૯નું ચાતુર્માસ સમીમાં** કર્યું. અહીંની જૈન પાઠશાલામાં ધાર્મિક માસ્તરની ગેરહાજરી હોવાથી વિદ્યાર્થીઓનો ધાર્મિક અભ્યાસ અટકી પડયો હતો, જેથી ગુરૂ મહારાજની આજ્ઞા થતાં મુનિરાજ શ્રી કંચનવિજયજીએ વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ ચાલુ કરાવ્યો. પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં તેઓશ્રીએ અઠ્ઠાઇની તપસ્યા કરી, તથા આસો માસની ઓળી વિધિપૂર્વક એક ધાનની કરી. ચાતુર્માસ પૂર્ણ થતાં સમીથી વિહાર કરી ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે રાધનપુર આવ્યા. ત્યાંથી ભાભેર, કુવાળા, દીવોદર, થરા, ઉણ અને સમી થઈ શ્રી શંખેશ્વરજી આવ્યા. ત્યાં નવપદજીની ઓળી કરી, ત્યાંથી વિહાર કરી કુવારદ, શંખલપુર અને માંડલ થઇ વીરમગામ પધાર્યા. **તૂસંવ ૧૯૮૦ નું ચતુર્માસ વીરમગામમાં** કર્યું. અહીં

પંડિત પાસે કિરાત મહાકાવ્ય, ટીકા સહિતનો અભ્યાસ કર્યો, ગુરૂમહારાજ પાસે કલ્પસૂત્રના યોગ વહન કર્યા, તથા પર્યુષણ પર્વમાં ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી. આસો માસમાં વિધિપૂર્વક એક ધાનની ઓળી કરી. આ અરસામાં ભાવનગરથી મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજના સંસારી સંબંધી પરમ વૈરાગી **ભાવસાર હરજીવનદાસ વનમાળીદાસ લીંબડીયા** દીક્ષા લેવા વીરમગામ આવ્યા, અને પંન્યાસજી મહારાજને પોતાની શુભ ભાવના જણાવતાં તેઓશ્રીએ અનુમતિ આપી. સંવત્ ૧૯૮૧ ના કારતક વદિ ૩ ના રોજ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે **ભાઇ શ્રી હરજીવનદાસને ભાગવતી દીક્ષા** આપી, અને તેનું નામ **મુનિ શ્રી કલ્યાણવિજયજી** રાખી **મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય** તરીકે જાહેર કર્યા.

ત્યાર બાદ પોતાના નૂતન શિષ્યરત્ન તથા ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે મુનિરાજ શ્રી કંચનવિજયજીએ વીરમગામથી વિહાર કર્યો, અને વિઠલાપુર, વણોદ, પંચાસર, શંખેશ્વર, ઝીંઝુવાડા, ધ્રાંગધ્રા, અને રાણપુર વિગેરે નાના-મોટા શહેરો અને ગામોમાં વિચરતા વિચરતા પાલીતાણા આવ્યા. **સંવત્ ૧૯૮૧ ના ફાગણ શુદિ પાંચમ**ના રોજ ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે ગિરિરાજ ઉપર **મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીને વડી દીક્ષા** આપી, અને તેમને **મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય** તરીકે જાહેર કર્યા. પાલીતાણાથી વિહાર કરી શિહોર વિગેરે સ્થળે થઇ ભાવનગર પધાર્યા, અને મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ગુરૂદેવ વિગેરે બહોળા સાધુ-પરિવાર સાથે **સંવત્ ૧૯૮૧ નું ચાતુર્માસ**

**ભાવનગરમા** મારવાડીના વંડામાં કર્યું. આ ચોમાસામાં તેઓશ્રીએ જેઠાલાલ શાસ્ત્રી તથા જગજીવનદાસ પંડિત પાસે માઘ કાવ્યનો અભ્યાસ કર્યો. પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજને વડવાના શ્રીસંઘે પર્યુષણમાં વ્યાખ્યાન વાંચવા માટે વડવાના ઉપાશ્રયે મુનિરાજ શ્રી કંચનવિજયજીને મોકલવા વિનતિ કરી, જેથી ગુરુદેવની આજ્ઞાથી મુનિરાજ શ્રી કંચનવિજયજી પર્યુષણમાં વ્યાખ્યાન વાંચવા વડવાના ઉપાશ્રયે પધાર્યા, અને સુબોધિકા ટીકા સહિત શ્રી કલ્પસૂત્રનું વાંચન કર્યું. વડવામાં પર્યુષણ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. તપસ્યા, પૂજા, પ્રભાવના વિગેરે ધાર્મિક કાર્યો ઠીક ઠીક પ્રમાણમાં થયાં. વળી તેઓશ્રીના સદુપદેશથી ભાવસાર ત્રિભુવનદાસ લાધાભાઈ તરફથી પારણાનો વરઘોડો ઘણાજ આડંબર સાથે નીકળ્યો, જેમાં સ્ટેટનો હાથી પણ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ મુનિરાજ શ્રી કંચનવિજયજી પાછા મારવાડીને વંડે પધાર્યા. આસો માસની ઓળીમાં છ ઉપવાસ ઉપર બાકીના ત્રણ દિવસ એક ધાનના આયંબિલ કરી વિધિપૂર્વક ઓળીની આરાધના કરી.

સંવત્ ૧૯૮૧ ના ચોમાસા બાદ મુનિરાજ શ્રી કંચનવિજયજીને તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની નવાણું યાત્રા કરવાની શુભ ભાવના થતાં એ હકીકત તેઓશ્રીએ ગુરૂમહારાજને જણાવી. ગુરૂદેવે તેની અનુમતિ આપી, જેથી તેઓશ્રી પોતાના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી સાથે ભાવનગરથી વિહાર કરી પાલીતાણા પધાર્યા; અને હમેશાં એકાસણે વિધિપૂર્વક નવાણું યાત્રા શરૂ કરી દીધી. ચોવિહારો છઠ્ઠ કરી સાત યાત્રા કરી, વળી સાત છઠ્ઠ અને બે અઠ્ઠમ કરીને યાત્રા કરી. આ અરસામાં તેઓશ્રીના સંસારી સંબંધી ભાવસાર ઓઘડભાઈ હરજી વૈરાગ્ય

આવતાં દેવગાણા મુકામે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરવા આવ્યા, અને પોતાને દીક્ષા આપી મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય કરવા વિનતિ કરી. જેથી ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે મુનિરાજ શ્રી કંચનવિજયજીને દેવગાણા આવવા જણાવ્યું. ગુરૂમહારાજની આજ્ઞા થતાં તેઓશ્રી પોતાના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી સાથે પાલીતાણાંથી વિહાર કરી દેવગાણા આવ્યા. પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે **સંવત્ ૧૯૮૨ ના ફાગણ શુદિ ત્રીજના રોજ ભાવસાર ઓઘડભાઇ હરજીને** ભાગવતી **દીક્ષા** આપી તેમનું નામ **મુનિ શ્રી આણંદવિજયજી** રાખ્યું, અને તેમને ચતુર્વિધ સંઘ સમક્ષ **મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય** તરીકે જાહેર કર્યા. દીક્ષાવિધિ પૂર્ણ થતાં ગુરૂદેવની આજ્ઞા મેળવી મુનિરાજ શ્રી કંચનવિજયજી પોતાના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી સાથે દેવગાણાથી વિહાર કરી પાછા પાલીતાણા આવ્યા, અને અવશેષ રહેલી નવાણું યાત્રા પૂર્ણ કરી. આ વખતે દોઢ, ત્રણ, છ, અને બાર ગાઉની પણ પ્રદક્ષિણાપૂર્વક યાત્રા કરી; વળી તેઓશ્રીએ શ્રી શત્રુંજયની શીતલ છાયામાં **શ્રી વર્ધમાન તપની ઓળી**ની શરૂઆત કરી દીધી. નવાણું યાત્રા પૂર્ણ થતાં તેઓશ્રી પોતાના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી સાથે પાલીતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યા, અને ગુરૂદેવનાં વંદન-દર્શન કરી પરમ આનંદ પામ્યા. ભાવનગરમાં ચૈત્રી ઓળી એક ધાનની વિધિપૂર્વક કરી.

ત્યાર બાદ ગુરૂ મહારાજ વિગેરે મુનિવર્યો સાથે ભાવનગરથી વિહાર કરી રાણપુર, ચુડા, વિગેરે ગામોમાં વિચરતા વિચરતા

વઢવાણ આવ્યા. અહીં ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે **મુનિ શ્રી આણંદવિજયજીને વડી દીક્ષા** આપી, અને તેમને **મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય** તરીકે જાહેર કર્યા. વઢવાણથી ગુરૂ મહારાજ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કરી પાટડી ગયા, ત્યાંથી શંખેશ્વરજી થઈ સમી પધાર્યા. સમીના શ્રીસંઘે ચતુર્માસ માટે આગ્રહભરી વિનતિ કરી પરંતુ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે ચતુર્માસ માટે પાટડીના શ્રીસંઘની વિનતિ સ્વીકારેલી હોવાથી તેઓશ્રીએ પોતાના વિદ્વાન્ શિષ્ય મુનિરાજ શ્રી કંચનવિજયજીને સમીમાં ચતુર્માસ માટે રોકાવા આજ્ઞા કરી, અને પોતે શિષ્ય-પરિવાર સાથે વિહાર કરી પાટડી પધાર્યા. ગુરુદેવની આજ્ઞાથી મુનિરાજ શ્રી કંચનવિજયજીએ મુનિરાજ શ્રી ઉદ્યોતવિજયજી તથા આણંદવિજયજી સાથે **સંવત્ ૧૯૮૨ ની સાલનું ચતુર્માસ સમીમાં** કર્યું. અહીં મહાજનના ચોપડામાં કેટલોક ગોટાળો ચાલ્યો આવતો હતો, તે તેઓશ્રીએ શ્રાવકોને સદુપદેશ આપીને તથા પ્રયાસ કરીને દૂર કરાવ્યો. ભાદરવા શુદિ ૧૪ ના રોજ ગુરૂદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની જયંતી ધામધૂમથી વરઘોડા સાથે ઉજવી. આસો માસની ઓળી એક ધાનના આયંબિલથી વિધિપૂર્વક કરી.

આ સમયે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે પાટડીમાં ચતુર્માસ કર્યું હતું. ચોમાસા બાદ તેઓશ્રીએ પોતાના શિષ્ય-પરિવાર સાથે પાટડીથી વિહાર કર્યો, અને વીરમગામ થઇ શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી સમી પધાર્યા. આ અરસામાં શેઠ નગીનદાસ કરમચંદે કચ્છ-ગીરનારનો છરી પાળતો સંઘ

કાઢયો હતો, અને તે શ્રી શંખેશ્વરજી આવવાનો હોવાથી મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે સમીથી વિહાર કરી શ્રી શંખેશ્વરજી આવ્યા, અને સંઘ સાથે પંચાસર, દસાડા, માંડલ, ઝીંઝુવાડા થઇ ધ્રાંગધ્રા આવ્યા. ત્યાંથી કચ્છ તરફ પ્રયાણ કર્યું. કચ્છમાં નાના–મોટા શહેરો અને ગામોમાં વિચરતા વિચરતા સંઘ સાથે શ્રી ભદ્રેશ્વરજી આવ્યા, અને શ્રી ભદ્રેશ્વરજી તીર્થની અપૂર્વ યાત્રા કરી અનહદ આત્મિક ઉલ્લાસ પામ્યા. સંઘ સાથે કચ્છની યાત્રા કરી વિહાર કરતા કરતા રાજકોટ, મોરબી, વાંકાનેર વિગેરે સ્થળે થઇ જુનાગઢ આવ્યા, અને શ્રી ગીરનારજીની યાત્રા કરી. આ વખતે મુનિરાજ શ્રી કંચનવિજયજીનાં સંસારી માતુશ્રી મોંઘીબ્હેન ગીરનારજીની યાત્રા કરવા તથા મુનિરાજોને વંદન કરવા જુનાગઢ આવ્યા. તેમણે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજના સદુપદેશથી વૈશાખ શુદિ ૩ થી વરસીતપ શરૂ કર્યો. મુનિરાજ શ્રી કંચનવિજયજી ગુરુદેવની આજ્ઞાથી પોતાના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી તથા આણંદવિજયજી સાથે જુનાગઢથી વિહાર કરી વીરમગામ પધાર્યા, અને વીરમગામના સંઘની આગ્રહભરી વિનતિથી તેઓશ્રીએ **સંવત્ ૧૯૮૩ નું ચતુર્માસ વીરમગામમાં** કર્યું. પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પોતાના શિષ્ય–પરિવાર સાથે જુનાગઢથી વિહાર કરી વઢવાણકાંપ પધાર્યા, અને ત્યાંના સંઘની આગ્રહભરી વિનતિથી તેઓશ્રી વઢવાણકાંપમાં ચતુર્માસ રહ્યા. વીરમગામમાં મુનિરાજ શ્રી કંચનવિજયજીએ પંડિત પાસે નૈષધીય મહાકાવ્યના પાંચ સર્ગ કર્યા, અને આસો માસમાં એક ધાનની ઓળી વિધિપૂર્વક કરી. વળી તેઓશ્રીના શિષ્ય મુનિ શ્રી આણંદવિજયજીએ પર્યુ-

ષણમાં અઠ્ઠાઈની તપસ્યા કરી. ગુરુદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ ચતુર્માસ પૂર્ણ થતાં પોતાના શિષ્ય-પરિવાર સાથે વઢવાણકાંપથી વિહાર કરી વીરમગામ થઇ શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી રાધનપુર આવ્યા. ત્યાં થોડા દિવસ સ્થિરતા કર્યા બાદ સમી, શંખેશ્વરજી, ઝીંઝુવાડા થઈ પાછા વીરમગામ પધાર્યા.

ત્યાર બાદ મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વીરમગામથી વિહાર કર્યો. અને ભોયણીજી તથા શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રા કરી સમી થઇ રાધનપુર પધાર્યા. **સંવત્ ૧૯૮૪ નું ચતુર્માસ રાધનપુરમાં કર્યું.** તેઓશ્રીના શિષ્ય મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી જેઠ માસમાં રાધનપુરમાં સ્વર્ગવાસ પામ્યા, તે નિમિત્તે શ્રીસંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયો. મુનિરાજ શ્રી કંચનવિજયજીએ રાધનપુરમાં ગુરૂદેવ પાસે શ્રી નંદીસૂત્ર તથા મહાનિશીથસૂત્રના જોગ વહન કર્યા, પર્યુષણ પર્વમાં અઠ્ઠાઇની તપસ્યા કરી, તથા આસો માસમાં એક ધાનની ઓળી વિધિપૂર્વક કરી. ચોમાસા બાદ ગુરુમહારાજ વિગેરે મુનિવર્યો સાથે રાધનપુરથી વિહાર કરી સમી આવ્યા. આ અરસામાં રાધનપુરથી શેઠ જીવતલાલ પ્રતાપશી તરફથી શ્રી સિદ્ધાચલજીનો છરી પાળતો સંઘ નીકળવાનો હોવાથી, તેમના તરફથી સંઘ સાથે શ્રી સિદ્ધાચલજી આવવા આગ્રહભરી વિનતિ થતાં સમીથી વિહાર કરી રાધનપુર પધાર્યા. અને સંઘ સાથે વિચરતા વિચરતા મહા માસમાં પાલીતાણા પહોંચ્યા. અહીં શંખલપુરના ભાવસાર જેઠાલાલ ભવાનદાસ માતા-પિતાની અનુમતિ લઈ વૈરાગ્યથી દીક્ષા અંગીકાર કરવા આવ્યા. દીક્ષાનું નક્કી થતાં શેઠ જીવતલાલ પ્રતા-

પશી તરફથી હાથી સહિત ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. અને **ભાવસાર જેઠાલાલ ભગવાનદાસ**ને પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે **મહા વદિ ૧૧ ના રોજ** ભાગવતી **દીક્ષા** આપી તેમનું નામ **મુનિ શ્રી જગતવિજયજી** રાખવામાં આવ્યું, અને તેમને **મુનિરાજ શ્રી કંચનવિજયજીના શિષ્ય** કર્યા. મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ફાગણ વદિ ૮ ના રોજ શ્રી સિદ્ધક્ષેત્રમાં **વરસીતપ** શરૂ કર્યો, ત્યાર બાદ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો, અને ભાવનગર ચૈત્રી ઓળી કરી ત્યાંથી વિહાર કરી અમદાવાદ શાહપુર પધાર્યા. અહીં પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે સરસપુરના સંઘે આવી ચોમાસા માટે આગ્રહભરી વિનતિ કરી, પરંતુ પોતાનું ચતુર્માસ શાહપુરમાં નક્કી થયેલું હોવાથી તેઓશ્રીએ પોતાના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી કંચનવિજયજીને મુનિ શ્રી જગતવિજયજી સાથે સરસપુર ચોમાસા માટે મોકલ્યા. **તેઓશ્રીએ સંવત્ ૧૯૮૫ નું ચતુર્માસ અમદાવાદ–સરસપુર**માં કર્યું. સરસપુરમાં તેઓશ્રીના સદુપદેશથી પીસ્તાલીશ આગમની તપસ્યા થઇ, જેનો લાભ ઘણા ભાઇ–બ્હેનોએ લીધો. પર્યુષણ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ થયો અને શેઠ નગીનદાસ કીલાચંદ તરફથી પીસ્તાલીશ આગમનો વરઘોડો ઘણાજ ઠાઠમાઠથી ચડાવવામાં આવ્યો; જેમાં ગુરુમહારાજ ઉપરાંત અમદાવાદમાં બિરાજતા મુનિરાજો, સાધ્વીજી મહારાજો, તથા સંખ્યાબંધ શ્રાવકશ્રાવિકાઓ સામેલ થયા.

ચતુર્માસ પૂર્ણ થતાં મુનિરાજશ્રી કંચનવિજયજીએ ગુરુદેવની આજ્ઞાથી પોતાના શિષ્ય મુનિ શ્રી જગતવિજયજી સાથે અમદાવાદ–સરસપુરથી વિહાર કર્યો, અને શહેરો તથા ગામોમાં

વિચરતા વિચરતા ભાવનગર થઈ કોળીયાક પધાર્યા. ત્યાં ચૈત્રીઓળી કરી તથા દેવ વંદાવી ત્યાંથી વિહાર કરી **પાલીતાણા** આવ્યા. અહીં અક્ષય તૃતીયાના રોજ **વરસીતપનું પારણું** કરી પાલીતાણાથી વિહાર કરી વિચરતા વિચરતા વીરમગામ પધાર્યા, અને ત્યાંના સંઘની આગ્રહભરી વિનંતિથી **સંવત્ ૧૯૮૬ નું ચતુર્માસ વીરમગામમાં** કર્યું. તેઓશ્રી સાથે મુનિરાજ શ્રી ઉદ્યોતવિજયજી, આણંદવિજયજી તથા જગતવિજયજી ચોમાસું રહ્યા હતા. ચતુર્માસમાં મુનિરાજ શ્રી કંચનવિજયજીએ પંડિત જટાશંકર પાસે શાલિભદ્ર ચરિત્ર તથા યોગશાસ્ત્ર ટીકાસહિતનો અભ્યાસ કર્યો. વળી તેઓશ્રીના સદુપદેશથી શ્રાવકભાઈઓ તથા શ્રાવિકા બ્હેનોએ પીસ્તાલીશ આગમ અને અષ્ટ મહાસિદ્ધિનો તપ વિધિપૂર્વક કર્યો, તે નિમિત્તે ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. તેઓશ્રીએ આસો માસમાં એક ધાનની ઓળી વિધિપૂર્વક કરી. પોતાને પંડિત પાસે અભ્યાસ ચાલતો હોવાથી વીરમગામમાં રોકાયા, અને ચૈત્રી ઓળી વીરમગામમાં કરી તથા ચૈત્રીપૂનમના દેવ વંદાવ્યા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ભોયણી તીર્થની યાત્રા કરી મહેસાણા આવ્યા, અને ત્યાં ગુરુમહારાજનાં દર્શન-વંદન કરી પરમ આહ્લાદ પામ્યા.

મુનિરાજ શ્રી કંચનવિજયજીએ મહેસાણામાં શ્રી સૂયગડાંગ સૂત્રના જોગમાં પ્રવેશ કર્યો. ત્યાં થોડા દિવસની સ્થિરતા કરી ગુરુદેવની આજ્ઞાથી પોતાના શિષ્ય મુનિશ્રી જગતવિજયજી સાથે વિહાર કરી પ્રથમ અસાડ માસમાં અમદાવાદ પધાર્યા, અને વિદ્યાશાળામાં ઉતર્યા. ત્યાં થોડા દિવસની સ્થિરતા કરી ત્યાંથી મુનિશ્રી જગતવિજયજી તથા મુનિશ્રી પ્રેમવિજયજી સાથે

કાળુશાની પોળને ઉપાશ્રયે ગયા. આ વખતે રાધનપુરવાળા પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ હાજાપટેલની પોળમાં પગથીયાને ઉપાશ્રયે બિરાજતા હતા. તેમની પાસે મુનિરાજ શ્રી કંચનવિજયજી હંમેશાં સવાર-સાંજ જતા, અને તેઓશ્રી પાસે સૂયગડાંગના અધુરા રહેલા જોગ પૂર્ણ કર્યા. ત્યારબાદ મુનિશ્રી જગતવિજયજી તથા મુનિશ્રી પ્રેમવિજયજી સાથે તેઓશ્રી કાળુશાની પોળથી લુણસાવાડાના ઉપાશ્રયે પધાર્યા, અને ત્યાંના સંઘની આગ્રહભરી વિનતિથી **સંવત ૧૯૮૭નું ચતુર્માસ અમદાવાદ-લુણસાવાડા**માં કર્યું. મુનિરાજશ્રી કંચનવિજયજીના સદુપદેશથી લુણસાવાડામાં તપસ્યા, પૂજા, પ્રભાવના તથા અઠ્ઠાઈ મહોત્સવ વિગેરે ધાર્મિક કાર્યો ઠીક ઠીક પ્રમાણમાં થયાં. તેઓશ્રીએ આસો માસમાં એક ધાનની ઓળી વિધિપૂર્વક કરી, તથા મુનિશ્રી પ્રેમવિજયજીને દશવૈકાલિકના જોગ શરૂ કરાવ્યા. ચતુર્માસ પૂર્ણ થતાં અમદાવાદ-લુણસાવાડાથી વિહાર કરી મહેસાણા આવ્યા, અને ત્યાં ગુરુદેવનાં દર્શન-વંદન કરી પરમ આહલાદ પામ્યા. મહેસાણાથી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો, અને શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી વીરમગામ પધાર્યા. અહીંથી ગુરુમહારાજે પોતાના શિષ્ય પરિવાર સાથે સાલડી તરફ વિહાર કર્યો, પરંતુ મુનિરાજ શ્રી કંચનવિજયજીને પંડિત પાસે સંસ્કૃતનો અભ્યાસ વધારવાની ઇચ્છા હોવાથી તેઓશ્રી ગુરુદેવની આજ્ઞાથી મુનિ શ્રી સૌભાગ્યવિજયજી વિગેરે મુનિવર્યો સાથે વિરમગામ રોકાયા. ત્યાં કેટલોક વખત ગાળી તેઓ મુનિરાજ શ્રી સોભાગ્યવિજયજી, ભુવનવિજયજી, પ્રબોધવિજયજી, આણંદવિજયજી અને જગતવિજયજી સાથે વિહાર કરી અમદાવાદ, ખંભાત, વત્રા, જંબુસર, આમોદ, ભરૂચ થઈ રાંદેર આવ્યા. અહીં ગુરુદેવ

પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ શિષ્ય-પરિવાર સાથે અગાઉથી પધાર્યા હતા, તેઓશ્રીનાં દર્શન-વંદન કરી પરમ આનંદ પામ્યા. રાંદેરથી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે સુરત પધાર્યા, અને **સંવત્ ૧૯૮૮ નું ચતુર્માસ સુરતમાં** નેમુભાઇની વાડીમાં કર્યું. પર્યુષણમાં વ્યાખ્યાન વાંચવા માટે પધારવા વડાચૌટાના સંઘે વિનતિ કરવાથી ગુરુદેવની આજ્ઞાથી તેઓશ્રી પર્યુષણમાં વ્યાખ્યાન વાંચવા વડાચૌટાના ઉપાશ્રયે આવ્યા. તેઓશ્રીના પધારવાથી વડાચૌટામાં તપસ્યા, પૂજા, પ્રભાવના વિગેરે ધાર્મિક કાર્યો ઠીક ઠીક પ્રમાણમાં થયાં. વળી તેઓશ્રીના સદુપદેશથી આસો માસમાં વડાચૌટાના ઉપાશ્રયે નાણ મંડાવી પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે ૧૮ જણાએ સજોડે ચતુર્થ-વ્રત અંગીકાર કર્યું, અને એજ વખતે બીજા પણ ઘણા ભાઇ-બ્હેનોએ જુદા જુદા વ્રત ઉચ્ચર્યા. ગુરુદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજના સદુપદેશથી સુરતમાં ઉપધાન વહન કરાવવામાં આવ્યા હતા, તેની હંમેશાં સવાર-સાંજની ક્રિયા ગુરુદેવની આજ્ઞાથી મુનિરાજ શ્રી કંચનવિજયજી કરાવતા હતા. આ ચતુર્માસમાં તેઓશ્રીએ ગુરૂ મહારાજ પાસે સ્થાનાંગ તથા જ્ઞાતાસૂત્ર વિગેરેના જોગ વહન કર્યા.

ચોમાસા બાદ સુરતથી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો અને બુહારી, બારડોલી, નવસારી, બીલીમોરા, ગણદેવી, અમલસાડ, પાલઘર તથા અંધેરી થઈ મુંબઇ પધાર્યા. **મુંબઇમાં લાલબાગ તથા ગોડીજીના ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ ચતુર્માસ માટે આગ્રહભરી વિનતિ કરી જેથી પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ શિષ્ય-પરિવાર સાથે લાલબાગના** ઉપાશ્રયે ચતુર્માસ રહ્યા, અને પોતાના વિદ્વાન્ શિષ્ય-રત્ન

મુનિરાજ શ્રી કંચનવિજયજીને ગોડીજીના ઉપાશ્રયે ચતુર્માસ માટે જવા આજ્ઞા કરતાં તેઓશ્રીનું **સંવત ૧૯૮૯ની સાલનું ચતુર્માસ મુંબઈ—ગોડીજીના ઉપાશ્રયે** થયું. આ સાલમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ-સ્વામીની નક્કર સોનાની આંગી તથા હીરા-માણેકનો મુગટ તૈયાર થયો હતો, તે નિમિત્તે અઠ્ઠાઇ-મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું અને ઉલ્લાસ-પૂર્વક ગોડીજી ભગવાનને એ દિવ્ય આંગી-મુગટ ચડાવવામાં આવ્યાં. મુનિરાજ શ્રી કંચનવિજયજીના સદુપદેશથી પરમ પ્રતિભાસંપન્ન, **શાંતમૂર્તિ શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબની ભવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા** ગોડીજીના દેરા-સરના ટ્રસ્ટીઓ તથા આગેવાનોએ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજના શુભ હસ્તે કરાવી. મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજે સદુપદેશ આપી ગોડીજીના ઉપાશ્રયે ચૌદ પૂર્વ તથા અષ્ટ મહાસિદ્ધિ વિગેરે તપસ્યા વિધિપૂર્વક કરાવી, જેનો લાભ ઘણા ભાવિક શ્રાવકો તથા શ્રાવિકાઓએ લીધો. વળી લાલ બાગમાં પણ ગુરુદેવ પંન્યાસજી શ્રી ભકિતવિજયજી મહારાજે અનેક ભાઈ-બ્હેનોને વિધિપૂર્વક ભિન્ન ભિન્ન તપસ્યા કરાવી. એ તપસ્યા નિમિત્તે પર્યુષણ અગાઉ બંન્ને સ્થળેથી એકજ તિથિએ ઘણાજ ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. મુંબઇના સુપ્રસિદ્ધ બેંડો અને વાજિંત્રોથી ગાજી ઉઠેલા બન્ને વરઘોડા ઝવેરી બજારમાં મમ્માદેવીના મંદિર પાસે ભેગા થયા, અને ત્યાંથી બન્ને વરઘોડા સાથે ચાલ્યા. સંખ્યાબંધ મુનિરાજો, ગોડીજી અને લાલબાગના ટ્રસ્ટીઓ, આગેવાનો અને હજારો ભાઈ-બ્હેનોનો સામુદાયિક સહકાર તથા ઉલ્લાસ જોઈ અન્ય ધર્મીઓમાં પણ સારી છાપ પડી, અને જૈનશાસનની શોભામાં અભિવૃદ્ધિ થઇ.

મુનિરાજ શ્રી કંચનવિજયજી ચતુર્માસ પૂર્ણ થતાં મુંબઈથી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કરી અંધેરી આવ્યા. અંધેરીથી ગુરુદેવની આજ્ઞાથી મુનિ શ્રી આણંદવિજયજી, જગતવિજયજી અને ચરણવિજયજી સાથે સુરત તરફ વિહાર કર્યો. સુરત પહોંચવાને બે મુકામ બાકી હતા તેવામાં સુરત-હરિપુરાના સંઘને ખબર પડતાં ત્યાંના સંઘના આગેવાનો આવ્યા, અને હરિપુરાના ઉપાશ્રયે પધારવા આગ્રહભરી વિનંતિ કરી, મુનિરાજ શ્રી કંચનવિજયજી સુરત પધારતાં હરિપુરાના સંઘે ધામધૂમથી સામૈયું કર્યું અને તેઓશ્રી હરિપુરાના ઉપાશ્રયે પધાર્યા. આ વખતે કુચ્છ—બિદડાના રહીશ પરમ વૈરાગી શા. રવજીભાઈ શીવજી દીક્ષા અંગીકાર કરવા માટે મુંબઈથી સુરત આવ્યા. તેમને મુનિરાજ શ્રી કંચનવિજયજીએ મહા શુદિ ૫ ના રોજ ભાગવતી દીક્ષા આપી તેમનું નામ મુનિ શ્રી રંજનવિજયજી રાખ્યું; અને તેમને પંન્યાસજી શ્રી ભક્તિવિજયજીમહારાજના શિષ્ય કર્યા. આ અરસામાં અમદાવાદમાં મુનિ સમ્મેલન ભરાવાનું હોવાથી તેમાં ભાગ લેવા માટે મુનિરાજ શ્રી કંચનવિજયજીએ મુનિ શ્રી આણંદવિજયજી વિગેરે ઠાણાઓ સાથે સુરતથી વિહાર કર્યો, અને અમદાવાદ પધાર્યા. ગુરુદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પણ પોતાના બહોળા શિષ્ય-પરિવાર સાથે અંધેરીથી વિચરતા વિચરતા સુરત થઈ મુનિ-સમ્મેલનમાં હાજરી આપવા અમદાવાદ પધાર્યા.

મુનિ સમ્મેલનમાં સક્રિય ભાગ લઈ મુનિરાજ શ્રી કંચનવિજયજી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે અમદાવાદથી વિહાર

કરી વીરમગામ આવ્યા, અને ત્યાં મુનિરાજ શ્રી સૌભાગ્યવિજયજી વિગેરે સાથે ગુરુદેવની આજ્ઞાથી અભ્યાસ માટે રોકાયા. વીરમગામમાં થોડા દિવસની સ્થિરતા કરી ત્યાંથી વિહાર કરી ભોયણી તીર્થની યાત્રા કરી પાનસર આવ્યા, અને ત્યાં ગુરુમહારાજનાં દર્શન-વંદન કરી આહ્‌લાદ પામ્યા. પાનસરથી ગુરુદેવની આજ્ઞાથી પોતાના શિષ્યરત્ન મુનિ શ્રી જગતવિજયજી સાથે વિહાર કર્યો, અને વીરમગામ થઇ વિચરતા વિચરતા ભાવનગર આવ્યા. ત્યાં થોડા દિવસ રોકાઇ ગુરુમહારાજની આજ્ઞાથી વિહાર કરી ખંભાત પધાર્યા અને ત્યાં ગુરુદેવના દર્શન-વંદન કરી પરમ આહ્‌લાદ પામ્યા. **સંવત્ ૧૯૯૦ નું ચતુર્માસ ગુરુમહારાજ વિગેરે મુનિવર્યો સાથે ખંભાતમાં** કર્યું. અહીં ગુરુદેવની નિશ્રામાં ભાદરવા શુદિ ૧૩ ના રોજ ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કર્યો.

## તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતલ છાયામાં ગુરુદેવના શુભ હસ્તે અપાયેલ ગણિપદ તથા પંન્યાસપદ.

ચતુર્માસ પૂર્ણ થતાં મુનિરાજ શ્રી કંચનવિજયજીએ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે ખંભાતથી વિહાર કર્યો અને વિચરતા વિચરતા **પાલીતાણા** પધાર્યા. પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે પોતાના વિદ્વાન્ અને ચારિત્રપાત્ર શિષ્યરત્ન મુનિરાજ શ્રી કંચનવિજયજી તથા મુનિરાજ શ્રી ભુવનવિજયજી જેઓ શ્રી ભગવતી સૂત્રનાયોગમાં હતા, તેમને ગણિપદ તથા પંન્યાસપદ આપવાનો સમય નજીક આવવાથીએ હકીકત પાલીતાણાના શ્રીસંઘને

જણાવતાં પરમ હર્ષ ફેલાયો. આ શુભ પ્રસંગે મુનિરાજ શ્રી કંચનવિજયજીના સંસારી પુત્ર ભાવસાર પ્રભુદાસ હરજીવનદાસ વેલાણી, વરતેજવાળા ભાવસાર ગાંડાલાલ માનચંદ, તથા ધંધુકાવાળા ભાવસાર વેલાણી–ભાઇઓ વિગેરે તરફથી મોતી કડીયાની ધર્મશાલામાં ધામધૂમથી અટ્ઠાઈ મહોત્સવ થયો. આ મહોત્સવમાં મોટી ટોળીવાળાઓએ વિવિધ રાગ–રાગણીથી હંમેશાં પૂજાઓ ભણાવી. સ્થાનિક સંઘ ઉપરાંત બહારગામથી પણ સારી સંખ્યામાં માણસો આવ્યા હતા, જેમાં મુનિરાજ શ્રી કંચનવિજયજીના સંસારી પુત્ર પ્રભુદાસ હરજીવનદાસ વેલાણી પોતાના ધર્મપત્ની બાઈ શાંતા તથા પુત્ર ધીરજલાલ સાથે આવ્યા હતા. વળી તેઓશ્રીના સંસારી મામા પીતાંબરદાસ ભવાનદાસ નાવડીયા તથા ભાયચંદ જેરામ નાવડીયા વિગેરે ભાવસાર ભાઈઓ આ શુભ પ્રસંગે પોતાના કુટુંબ સાથે ઠીક ઠીક પ્રમાણમાં આવ્યાં હતા. **મોતી સુખીયાની ધર્મશાલામાં** નાણ મંડાવી, અને **પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજે સંવત ૧૯૯૧ના મહા શુદિ ૬ ના રોજ** ચડતે પહોરે પોતાના સંયમશીલ શિષ્યરત્ન **મુનિરાજ શ્રી કંચનવિજયજીને ગણિપદ તથા પંન્યાસપદથી વિભૂષિત કર્યા;** તથા **મુનિરાજ શ્રી ભુવનવિજયજીને ગણિપદથી** અલંકૃત કર્યા. આ નાણમાં ઘણા શ્રાવક–શ્રાવિકાઓએ યથાશક્તિ જુદા જુદા વ્રત ઉચ્ચર્યા, અને શાસનની પ્રભાવના સારી રીતે થઈ.

ત્યારબાદ **પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્ય** પોતાના ગુરુદેવ વિગેરે મુનિરાજો સાથે પાલીતાણાથી વિહાર કરી, તાલધ્વજ તીર્થની યાત્રા કરી દાઠા, દેવગાણા વિગેરે

ગામોમાં વિચરતા વિચરતા ભાવનગર પધાર્યા. ત્યાં થોડા દિવસની સ્થિરતા કરી શિહોર, દેવગાણા વિગેરે શહેરો તથા ગામોમાં વિચરી પાછા ભાવનગર આવ્યા. અહીં ચતુર્માસ માટે કોળીયાકના સંઘની વિનતિ આવતાં ગુરુદેવની આજ્ઞાથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી પોતાના શિષ્યરત્ન મુનિરાજ શ્રી આણંદવિજયજી તથા જગતવિજયજી સાથે ભાવનગરથી કોળીયાક પધાર્યા, અને સંવત ૧૯૯૧ નું ચતુર્માસ કોળીયાકમાં કર્યું.

## મુનિરાજ શ્રી આણંદવિજયજીનો સ્વર્ગવાસ.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ કોળીયાકમાં આવ્યા બાદ તેઓશ્રીના શિષ્યરત્ન **મુનિરાજ શ્રી આણંદવિજયજી**ની તબિયત **અસાડ માસ**માં એકાએક લથડી. કોળીયાકના વિનયી અને ભકિતભાવવાળા શ્રી સંઘ તરફથી ઘણા ઉપચાર કરવા છતાં તબિયત દિવસે દિવસે વધારે બગડતી ગઇ. તેઓશ્રીએ દેવસી પ્રતિક્રમણ કર્યું. અને રાત્રે નવ બજે સંથારા પોરિસી ભણાવતાં તેની ચૌદમી ગાથાનું પ્રથમ ચરણ **અરિહંતો મહ દેવો** એ પવિત્ર વાકયનું ઉચ્ચારણ કરતા એ મહામના મુનિવર્ય અસાડ માસમાં પૂર્ણ સમભાવપૂર્વક **સ્વર્ગવાસ પામ્યા. અહા ! કેવું સમાધિ મરણ ?** કોળીયાકના શ્રી સંઘ તરફથી પાલખી શણગારવામાં આવી. સવારમાં ધામધૂમથી સ્મશાન યાત્રા નીકળી, જેમાં સંખ્યાબંધ જૈનો તથા જૈનેતરો જોડાયા; અને શોકમગ્ન હૃદયે એ મહાત્માના ક્ષણભંગુર દેહને અગ્નિદાહ દેવામાં આવ્યો.

એ શુભ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ થયો. રાધનપુરવાળા હરગોવિંદદાસ સરૈયા તરફથી દેરાસરજીની બહાર એક **દેરી** કરાવવામાં આવી, તેમાં કોળીયાકવાળા ઉકાભાઈ હરખચંદ તરફથી મુનિરાજ શ્રી આણંદવિજયજી મહારાજની **પાદુકા** વિધિપૂર્વક પધરાવવામાં આવી. **આ દેરીમાં કોઈ કોઇવાર સુગંધી ધુપના ગોટેગોટા નીકળતા ઘણા માણસોએ નજરે દીઠા છે.**

કોળીયાકમાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજની વૈરાગ્યવાહિની દેશના સાંભળી કેટલાક શ્રાવક-શ્રાવિકાઓએ પીસ્તાળીશ આગમ, ચૌદ પૂર્વ અને અષ્ટ મહાસિદ્ધિ વિગેરે તપસ્યા વિધિપૂર્વક કરી. પર્યુષણમાં અઠ્ઠાઈ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો, ઘણા ભાઈ-બ્હેનોએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી, અને પર્યુષણ બાદ ભિન્ન ભિન્ન ગૃહસ્થો તરફથી આઠ નવકારશી થઇ. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સદુપદેશથી કોળીયાકના શ્રી સંઘ તરફથી આસો શુદિ ૧૦ ના રોજ ઉપધાન શરૂ કરવામાં આવ્યા, જેમાં સ્થાનિક ઉપરાંત બહાર ગામથી પણ કેટલાક માણસો આવીને બેઠા હતા. પંન્યાસજી મહારાજે માગશર શુદિ બીજના રોજ તપસ્વીઓને માળા પહેરાવી.

**રાણપુર નિવાસી શેઠ ડુંગરસી કસ્તુરચંદે સ્વીકારેલી દીક્ષા, તેમનું રાખેલું મુનિ શ્રી મહોદયવિજયજી નામ.**

ઉપધાનની માળાનું કાર્ય પૂર્ણ થતાં પંન્યાસજી શ્રી કંચનવિજયજીના સદુપદેશથી કોળીયાકના ભાવસાર ઓઘડ કાનજી

ગુંદીગરા વિગેરે તરફથી પાલીતાણાનો છરી પાળતો સંઘ કાઢવામાં આવ્યો. કોળીયાકમાં ઉપધાન થયા ત્યારે રાણપુર નિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસના ભત્રીજા શેઠ ડુંગરશી કસ્તુરચંદ કોળીયાક આવ્યા હતા, અને તેમણે પણ ઉપધાન કર્યાં. એ વખતે વૈરાગ્યવાસીત ડુંગરશીભાઈને દીક્ષા લેવાની ભાવના થઈ હતી, અને એ હકીકત તેમણે પંન્યાસજી મહારાજને જણાવેલી. તેઓ કોળીયાકથી પાલીતાણાના છરી પાળતા સંઘ સાથે આવ્યા. સંઘનો મુકામ **થોરડી** ગામમાં થયો ત્યારે **પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે સંવત ૧૯૯૨ના માગશર વદિ ૬ના રોજ શેઠ ડુંગરશી કસ્તુરચંદને** ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **મુનિશ્રી મહોદયવિજયજી** રાખ્યું, અને તેમને **પોતાના શિષ્ય** કર્યા.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ પોતાના શિષ્યો તથા સંઘ સાથે થોરડીથી વિચરતા વિચરતા પાલીતાણા પધાર્યા અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર સંઘવીને તીર્થમાળ પહેરાવી, તથા શ્રી આદીશ્વર દાદાનાં દર્શન-વંદન કરી આત્મિક ઉલ્લાસ અનુભવ્યો. પાલીતાણામાં થોડા દિવસની સ્થિરતા કરી ત્યાંથી પોતાના શિષ્યો સાથે વિહાર કર્યો; અને ઘેટી, જેસર, દેપલા, છાપરીયાળી તથા દાઠા થઈ મહુવા ગયા; અહીં નાણ મંડાવીને પોતાના શિષ્ય મુનિરાજ **શ્રી મહોદયવિજયજીને** ફાગણ માસમાં **વડી દીક્ષા** આપી. ત્યારબાદ મહુવાથી વિહાર કરી તલાજા આવ્યા, અને ત્યાં ચૈત્રી ઓળી કરી. ચૈત્રી-પુનમના દેવવંદન પ્રસંગે મોટો સમીયાણો ઉભો કરવામાં આવ્યો, તેમાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે દેવવંદન કરાવ્યું. એ

પવિત્ર ક્રિયામાં જૈનોના મોટા સમુદાય ઉપરાંત જૈનેતરો તથા ન્યાયાધીશ, થાણુદાર, ફોજદાર વિગેરે અમલદારોએ પણ ભાગ લીધો હતો. વળતે દિવસે પરમાત્માના રથ સહિત ધામધૂમથી વરઘોડો કાઢવામાં આવ્યો, તેમાં પણ જૈનો તથા જૈનેતરો ઉપરાંત તમામ અધિકારી વર્ગ સામેલ થયો હતો.

## પરમોપકારી ગુરૂદેવને અપાયેલી આચાર્ય પદવી.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી તલાજામાં હતા, એ વખતે ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ સાહેબને પાલીતાણામાં આચાર્ય પદવી આપવાનું નક્કી થવાથી એ શુભ પ્રસંગે પધારવા શેઠ પોપટલાલ ધારશીભાઇ તરફથી પત્ર આવ્યો; જેથી તેઓશ્રી પોતાના શિષ્યો સાથે તળાજાથી વિહાર કરી પાલીતાણા પધાર્યા. આચાર્ય પદવીના માંગલિક પ્રસંગે શેઠ પોપટલાલ ધારશીભાઈ તરફથી મોતી સુખીયાની ધર્મ-શાળામાં ઘણાજ ઠાઠમાઠથી જુદા જુદા તીર્થોની રચના સાથે અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો. **સંવત ૧૯૯૨ના વૈશાખ શુદિ ૪ શનિવારના** રોજ **આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે મોતી સુખીયાની ધર્મશાળામાં પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજને આચાર્યપદથી** વિભૂષિત કર્યા, અને ત્યારથી તેઓશ્રી **આચાર્ય શ્રી વિજયભકિતસૂરિજી** એ નામથી પ્રસિદ્ધ થયા.

ગુરુદેવ આચાર્ય શ્રી વિજયભકિતસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે **સંવત**

**૧૯૯૨ની સાલનું ચતુર્માસ પાલીતાણામાં** મોતી સુખીયાની ધર્મશાળામાં કર્યું. ચોમાસા અગાઉ શંખલપુર, હાલ ભાવનગરના રહીશ ભાવસાર નાનાલાલ ભવાનદાસ પોતાના બંધુ ભૂદરદાસ સાથે પાલીતાણા આવ્યા હતા. પરમ વૈરાગી ભાઈ નાનાલાલને દીક્ષા લેવાની ઈચ્છા થતાં તેમણે પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજને એ હકીકત જણાવી, અને તેમના ભાઈ ભૂદરદાસને પૂછતાં તેમણે સંમતિ આપી; જેથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે **અશાડ શુદિ ૧૪ ના રોજ ભાવસાર નાનાલાલ ભવાનદાસને** ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **મુનિ શ્રી ભદ્રંકરવિજયજી** રાખ્યું અને તેમને **મુનિરાજશ્રી જગતવિજયજીના શિષ્ય** કર્યા. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજની વૈરાગ્યવાહિની દેશના સાંભળી ઘણા શ્રાવક ભાઈઓ તથા શ્રાવિકા બ્હેનોએ એકાસણાથી ચોસઠ પહોરના પોસહ કર્યા, એ તપસ્વીઓની ભક્તિ જુદા જુદા ગૃહસ્થો તરફથી થઈ. વળી તેઓશ્રીના સદુપદેશથી ચૌદ પૂર્વ, અષ્ટ મહાસિદ્ધિ, અક્ષય નિધિ અને પીસ્તાળીશ આગમની તપસ્યા ઘણા ભાઈ-બ્હેનોએ વિધિપૂર્વક કરી; તે નિમિત્તે વરઘોડા ચડાવવામાં આવ્યા, તથા અઠ્ઠાઈ-મહોત્સવ થયો. આ ચતુર્માસ દરમ્યાન ખાટકીઓ ૧૮૦૦ ઘેટાંઓને કસાઈવાડે લઈ જતા હતા, તેની પંન્યાસજી મહારાજને ખબર પડતાં વ્યાખ્યાનમાં અભયદાન ઉપર સચોટ ઉપદેશ આપ્યો. તુરતજ શ્રાવક ભાઈઓ અને શ્રાવિકા બ્હેનોએ છૂટે હાથે ફંડ એકઠું કર્યું, જેથી એ નિર્દોષ ૧૮૦૦ ઘેટાં-**ઓને છોડાવવામાં આવ્યા.**

પંન્યાસજી મહારાજના સદુપદેશથી ભાલોસણાવાળા મણિ

બ્હેન, વીરમગામવાળા સમરત બ્હેન, તથા પાટણવાળા શેઠ મોહનલાલ ઉત્તમચંદ તરફથી મોતી સુખીયાની ધર્મશાળામાં **આસો શુદિ ૧૦ના રોજ ઉપધાન** શરૂ કરાવવામાં આવ્યા, તેમાં સ્થાનિક ઉપરાંત બહાર ગામથી પણ આવીને સંખ્યાબંધ ભાઈ-બ્હેનોએ પ્રવેશ કર્યો. ઉપધાનની ક્રિયા ચાલતી હતી એ અરસામાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે સુરતથી આવેલા નેમા વાણીયા ભાઇશ્રી **ચુનીલાલને સંવત ૧૯૯૩ના કારતક વદિ ૨** ના રોજ પન્નાલાલની ધર્મશાળામાં ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **મુનિશ્રી કૈલાસવિજયજી** રાખ્યું, અને તેમને **પોતાના શિષ્ય કર્યા. માગશર શુદિ ૨ ના રોજ** પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના શુભ હસ્તે તપસ્વીઓને ધામધૂમથી **ઉપધાનની માળા** પહેરાવવામાં આવી, વળી એ જ સમયે તેઓશ્રીએ **મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી** તથા **મુનિરાજશ્રી કૈલાસવિજયજીને વડી દીક્ષા આપી.**

ત્યારબાદ પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ પોતાના શિષ્ય-સમુદાય સાથે પાલીતાણાથી વિહાર કરી ભાવનગર આવ્યા. ત્યાં થોડા દિવસ સ્થિરતા કરી વિચરતા વિચરતા અમદાવાદ પધાર્યા, અને શાહપુર-મંગલ પારેખના ખાંચાના ઉપાશ્રયે ઉતર્યા. અહીંના સંઘના અગ્રેસર શેઠ ડાહ્યાભાઈ સાંકલચંદ વિગેરેની આગ્રહભરી વિનતિથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે **સંવત ૧૯૯૩નું ચતુર્માસ અમદાવાદ**-શાહપુર, મંગલ પારેખના ખાંચાના ઉપાશ્રયે કર્યું. ચોમાસા દરમ્યાન પંન્યાસજી મહારાજના સદુપદેશથી તપસ્યા, પૂજા, પ્રભાવના, અઠ્ઠાઇ-મહોત્સવ વિગેરે ધાર્મિક કાર્યો ઠીક

ઠીક પ્રમાણમાં થયાં. પર્યુષણમાં તેઓશ્રીના શિષ્ય-રત્ન મુનિરાજશ્રી મહોદયવિજયજીએ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

ચતુર્માસ બાદ લીંચના સંઘના અગ્રેસરો લીંચમાં ઉપધાનની માળ પહેરાવવા માટે પધારવાની વિનતિ કરવા અમદાવાદ આવ્યા. તેમની વિનતિ સ્વીકારી પંન્યાસજી મહારાજ પોતાના શિષ્ય–પરિવાર સાથે અમદાવાદથી વિહાર કરી પાનસર અને સેરીસા તીર્થની યાત્રા કરી લીંચ પધાર્યા, અને ત્યાં તેઓશ્રીએ પોતાને શુભ હસ્તે ઉપધાન કરનાર તપસ્વીઓને ધામધૂમથી માળ પહેરાવી. લીંચમાં થોડા દિવસ સ્થિરતા કર્યા બાદ ત્યાંથી વિહાર કર્યો, અને વડાવલી થઈ ગામ **ચવેલી** પધાર્યા. ચવેલીના શ્રીસંઘે પરમાત્માના પ્રતિમાજીની પ્રતિષ્ટા આચાર્યદેવેશ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ પાસે કરાવવાનો નિર્ણય કર્યો હતો, જેથી શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી આચાર્યજી મહારાજ પોતાના બહોળા શિષ્ય–પરિવાર સાથે વિચરતા વિચરતા ગામ ચવેલી પધાર્યા. અહીં ગુરુદેવનાં દર્શન–વંદન કરી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ પરમ આહલાદ પામ્યા. પ્રતિષ્ઠાના માંગલિક પ્રસંગે **ચવેલીમાં** ઠાઠમાઠથી અઠ્ઠાઇ–મહોત્સવ શરૂ થયો, અને વૈશાખ વદિ ૬ ના દિવસે સવારે શુભ મુહૂર્તે આચાર્યદેવેશ શ્રી **વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે** દેવાધિદેવ શ્રી **વિમલનાથ સ્વામી**ના ભવ્ય **પ્રતિમાજી**ને **તખ્ત–નશીન** કરવામાં આવ્યા. પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થતાં પંન્યાસજી શ્રી કંચનવિજયજીએ ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે ચવેલીથી વિહાર કર્યો. અને લણવા, કંથરાવી, ધીણોજ, ચાણસ્મા થઇ રૂપર તીર્થની યાત્રા કરી પાટણ પધાર્યા. તેઓશ્રીએ **સંવત્**

**૧૯૯૪ નું ચતુર્માસ ગુરુદેવ સાથે પાટણમાં** કર્યું. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સંયમશીલ વિનયી અને વિદ્વાન્ શિષ્યરત્ન મુનિરાજ **શ્રી જગતવિજયજી** અસાડ વદિ ૧૧ ના રોજ સમાધિપૂર્વક **સ્વર્ગવાસ** પામ્યા. તેમના શુભ નિમિત્તે શ્રાવણ શુદિ ૨ થી અઠ્ઠાઈ–મહોત્સવ સુંદર રીતે ઉજવાયો. વળી તેમના શુભ નિમિત્તે ઘણા શ્રાવક–શ્રાવિકાઓએ વિવિધ પ્રકારની તપસ્યા, યાત્રા, પોસહ, સામાયિક વિગેરે કર્યા, ચોમાસામાં આચાર્યજી મહારાજ હંમેશાં વ્યાખ્યાન વાંચતા હતા, પરંતુ તેઓશ્રીની તબિયત નરમ થઈ જવાથી બે મહિના પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્યે વ્યાખ્યાન વાંચ્યું હતું. તેઓશ્રીએ પર્યુષણમાં અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી. આચાર્યજી મહારાજના સદુપદેશથી પાટણમાં ઉપધાન કરાવવામાં આવ્યા, તેની ક્રિયા પંન્યાસજી મહારાજે કરાવી હતી.

તપસ્વીઓને ઉપધાનની માલારોપણ વિધિ પૂર્ણ થતાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણીએ ગુરુદેવની આજ્ઞાથી શિષ્ય–પરિવાર સાથે પાટણથી વિહાર કર્યો, અને વઢવાણ થઈ લીંબડી આવ્યા. ત્યાં થોડા દિવસની સ્થિરતા કરી ત્યાંથી વિહાર કરી ભાવનગર પધારતાં ઠાઠમાઠથી સામૈયું થયું. પંન્યાસજી મહારાજ ભાવનગર પધારતાં તેઓશ્રી પાસે ભાવનગર નિવાસી ભાવસાર ભાયચંદ જેરામભાઈ નાવડીયાને દીક્ષા અંગીકાર કરવાની ઉત્કટ ભાવના જાગૃત થઇ. તેમણે પોતાના ધર્મપત્ની બાઇ જીવી તથા પુત્ર ભાઇ રતિલાલ વિગેરેની સમ્મતિ મેળવી, અને એ હકીકત તેમણે પંન્યાસજી મહારાજને જણાવતાં તેઓશ્રીએ પણ અનુમતિ આપી. દીક્ષાના માંગલિક પ્રસંગે વડવામાં આવેલા તેમના ઘેરથી ઠાઠમાઠથી વરઘોડો ચડયો, અને દાદા

સાહેબમાં ઉતર્યો. **પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્યે સંવત ૧૯૯૫ ના મહા વદિ ૮ ના રોજ** દાદા સાહેબની વાડીમાં ચતુર્વિધ સંઘની વિશાળ હાજરી વચ્ચે ભાઇ શ્રી **ભાયચંદ જેરામ નાવડીયાને** ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **મુનિ શ્રી ભરતવિજયજી** રાખ્યું, અને તેમને **પોતાના શિષ્ય** કર્યા. આ શુભ પ્રસંગે મુનિરાજ શ્રી ભરતવિજયજીનાં સંસારી પુત્ર ભાવસાર રતિલાલ ભાયચંદ નાવડીયા તરફથી વડવાના દેરાસરે આંગી રચાવવામાં આવી, ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી, તથા વડવામાં સાધર્મિક વાત્સલ્ય કર્યું. પંન્યાસજી મહારાજે ભાવનગરમાં ફાગણ માસમાં **મુનિરાજ શ્રી ભરતવિજયજીને વડી દીક્ષા** આપી. વળી તેઓશ્રીએ ભાવનગરમાં ચૈત્રી ઓળી કરી, તથા ચૈત્રી પૂનમના દેવ વંદાવ્યા.

ત્યારબાદ પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણીશ્વરે પોતાના શિષ્ય–પરિવાર સાથે ભાવનગરથી વિહાર કર્યો, અને વિચરતા વિચરતા પાલીતાણા પધાર્યા. તેઓશ્રીએ **સંવત ૧૯૯૫ નું ચતુર્માસ પાલીતાણા**માં મોતી–સુખીયાની ધર્મશાળામાં કર્યું. પંન્યાસજી મહારાજની વૈરાગ્ય ઝરતી દેશના સાંભળી ઘણા શ્રાવક–શ્રાવિકાઓએ માસખમણ, ૧૬ ઉપવાસ વિગેરે વિવિધ તપસ્યા કરી. તે નિમિત્તે ઠાઠમાઠથી અઠ્ઠાઈ મહોત્સવ થયો, તથા અષ્ટોત્તરી સ્નાત્ર વિધિપૂર્વક ભણાવવામાં આવ્યું.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સદુપદેશથી આસો શુદિ ૧૦ ના રોજ અમરેલીવાળા શેઠ બાબુલાલ ઉત્તમચંદ તરફથી ઉપધાન શરૂ કરવામાં આવ્યા, જેમાં બેઠેલા

તપસ્વીઓની ભકિત સારી રીતે થઇ હતી. માળ પ્રસંગે શેઠ બાબુલાલ તરફથી ઠાઠમાઠથી અઠ્ઠાઇ-મહોત્સવ થયો, તથા તેમના તરફથી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું. માગશર શુદિ બીજના રોજ પંન્યાસજી મહારાજના શુભહસ્તે તપસ્વીઓને માળ પહેરાવવામાં આવી. માળની બોલી વખતે શેઠ બાબુલાલે ચડાવો કરી પોતાની સુપુત્રી બ્હેન શારદાને પહેલી માળ પહેરાવવાનો લાભ લીધો હતો. આવી રીતે માળની શુભક્રિયા પૂર્ણ થતાં પંન્યાસજી મહારાજના સદુપદેશથી થરાવાળાએ બાર ગાઉનો સંઘ કાઢયો, જેમાં ચતુર્વિધ સંઘ સાથે પંન્યાસજી મહારાજ પણ પોતાના શિષ્ય-પરિવાર સહિત પધાર્યા હતા. બાર ગાઉની પ્રદક્ષિણા કરી તેઓશ્રી પાછા પાલીતાણા આવ્યા.

ત્યારબાદ પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કર્યો, અને લીંબડી તથા વઢવાણ થઇ લખતર પધાર્યા. પંન્યાસજી મહારાજે લખતરના દરબાર શ્રી વિક્રમસિંહજીને સચોટ સદુપદેશ આપી શિકાર બંધ કરાવ્યો. વળી એજ વખતે દરબારશ્રીએ યાવજ્જીવ દારૂ-માંસ ન વાપરવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાં થોડા દિવસ સ્થિરતા કર્યા બાદ પંન્યાસજી મહારાજ **લીલાપુર** ગયા. અહીં **કચ્છ-વાગડ** ગામ **લાકડીયા**ના રહીશ પરમ વૈરાગી બ્હેન સંતોકને દીક્ષા લેવાનું નક્કી થતાં તે નિમિત્તે લીલાપુરના ઠાકોરે પોતાને ખર્ચે ઠાઠમાઠથી વરઘોડો ચડાવ્યો. પંન્યાસજી મહારાજે ફાગણ વદિ ૧ ના રોજ બ્હેન સંતોકને ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **સાધ્વીજીશ્રી સુમંગલાશ્રીજી** રાખ્યું અને તેમને **સાધ્વીજીશ્રી ઇન્દ્રશ્રીજી**ના **શિષ્યા** કર્યા.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ પોતાના શિષ્ય-પરિવાર સાથે લીલાપુરથી વિહાર કરી વીરમગામ થઇ ભોયણીજી તીર્થની યાત્રા કરી તારંગાજી તીર્થ પધાર્યા. ત્યાં ચૈત્રી ઓળી કરી, તથા ચૈત્રી પુનમના દેવ વંદાવ્યા. તારંગાજીથી વિહાર કરી ગઢજીલામાં આવેલા ગામ ભાલોસણા થઇ આબુ પધાર્યા. ત્યાં આઠેક દિવસની સ્થિરતા કરી ત્યાંથી વિહાર કરી વેલાંગડી થઈ ગામ પાડીવ ગયા. ત્યાં આઠેક દિવસ સ્થિરતા કરી ત્યાંથી વિચરતા વિચરતા જાવાલ પધાર્યા અને જાવાલના શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી **સંવત ૧૯૯૬ નું ચતુર્માસ જાવાલમાં** કર્યું.

કેટલાક વખતથી જાવાલના સંઘમાં કુસંપ ચાલતો હતો. ધીરે ધીરે એ કારમા કુસંપનું જોર એટલુંબધું વધી ગયું કે ત્યાંના સંઘમાં પાંચ તડ પડી ગયા ! આને લીધે વ્યવહારિક કાર્યો ઉપરાંત ધાર્મિક કાર્યો પણ અટકી ગયા; જેથી દેરાસરજી ઉપર કેટલાક વરસથી ધ્વજદંડ ચડાવાયો નહોતો, પ્રભાવના સુદ્ધાં બંધ હતી. શ્રીસંઘમાં આવું કલેશમય વાતાવરણ જોઇ પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજને ખેદ થયો. તેઓશ્રીએ સંઘમાં સંપ કરાવવા અવિચ્છિન્નપણે એક મહિનો પ્રયાસ કર્યો અને સચોટ સદુપદેશ આપી પાંચે તડને ભેગા કર્યા, જેથી સંઘમાં કલેશને ઠેકાણે શાંતિમય વાતાવરણ જામ્યું. હર્ષાન્વિત અને ઉત્સાહિત થયેલા જાવાલના શ્રી સંઘને પંન્યાસજી મહારાજે ધ્વજદંડ ચડાવવા માટે સદુપદેશ આપતાં એ માટે એક ગુપ્ત ભંડાર રાખવામાં આવ્યો. તેમાં ધ્વજદંડ ચડાવવામાં વિધિ-વિધાન વિગેરે માટે રૂપીયા ૧૧૫૦) એકઠા થયા.

## ધ્વજદંડ ચડાવતાં થયેલા દિવ્ય કેસરનાં છાંટણાં.

જાવાલના દેરાસરજી ઉપર અશાડ શુદિ ૬ ના રોજ શુભ ચોઘડીયે ધામધૂમથી વિધિપૂર્વક ધ્વજદંડ ચડાવવામાં આવ્યો, તે શુભ નિમિત્તે શાંતિસ્નાત્ર ભણાવ્યું, તથા નવકારશી થઈ, જેમાં **પાંચે તડ ભેગા બેસીને જમ્યા.** એ દિવસે દેરાસરજી ઉપર તથા ગામમાં **દિવ્ય કેસરનાં છાંટણાં** થયાં; જેથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું, અને જૈન શાસનની પ્રભાવના થઈ. ધ્વજદંડના ચડાવા વિગેરેમાં દેવદ્રવ્યની ઉપજ ઘણી સારી થઈ. ધ્વજદંડના શુભ પ્રસંગે આવેલા ભોજકો તથા બ્રાહ્મણો વિગેરેને રૂપીયા ૫૦૦) દક્ષિણામાં આપ્યા. આ વખતે જાવાલમાં સાધ્વીજીશ્રી મેઘશ્રીજી, ઇન્દ્રશ્રીજી, સુમંગલાશ્રીજી વિગેરે સાધ્વીજી મહારાજોના ચાર ઠાણા ચોમાસું રહ્યા હતા. પંન્યાસજી મહારાજે અશાડ શુદિ ૬ ના રોજ સાધ્વીજીશ્રી **સુમંગલાશ્રીજીને વડી દીક્ષા** આપી તેમને સાધ્વીજી શ્રી ઇન્દ્રશ્રીજીના શિષ્યા કર્યા.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ વ્યાખ્યાનમાં હમેશાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા ભાવનાધિકારે યુગાદિ દેશના વાંચતા હતા, જેનો લાભ જૈનો ઉપરાંત જૈનેતરો પણ સારી સંખ્યામાં લેતા હતા. પર્યુષણ પ્રસંગે મુનિરાજ શ્રી મહોદયવિજયજી, મુનિરાજ શ્રી મનોહરવિજયજી, તથા સાધ્વીજી શ્રી મેઘશ્રીજીએ **માસખમણનાં પચ્ચખ્ખાણ** લીધાં. આવી ઉગ્ર તપસ્યાની અનુમોદના કરતા શ્રદ્ધાળુ ભિન્ન ભિન્ન શ્રાવક–શ્રાવિકાઓ તરફથી છપ્પન પૂજા નોંધાવવામાં આવી. હંમેશાં

મધુર સંગીત સાથે જુદી જુદી પૂજાઓ ભણાવાઈ. પ્રભાવના કરવામાં આવી, ચિત્તને આહલાદ પમાડે તેવી અંગરચના થઇ, તથા હમેશાં રાત્રે ભાવના ભાવવામાં આવતી હતી. તપસ્યા નિમિત્તે ઠાઠમાઠથી અઠ્ઠાઈ–મહોત્સવ થયો, તથા એક સંગીત-મંડલીની સ્થાપના કરવામાં આવી. પર્યુષણ પૂર્ણ થતાં નવકારશી થઇ. પંન્યાસજી મહારાજના સદુપદેશથી જાવાલના પંચે એવો ઠરાવ કર્યો કે, કોઇએ એઠું મૂકવું નહિં, એઠું મૂકનારે સવાપાંચ આના દંડના ભરી દેવા. વળી એક થાળીમાં ભેગા બેસીને જમવું નહિં.

પંન્યાસજી મહારાજના સદુપદેશથી જાવાલના શેઠ શંકર હરજી પોરવાડ તરફથી કારતક વદિ પાંચમના રોજ ઉપધાન શરૂ કરાવવામાં આવ્યા, જેમાં શ્રાવકભાઇઓ તથા શ્રાવિકા બ્હેનોએ મળી ૩૫૦) માણસોએ પ્રવેશ કર્યો. માળ પ્રસંગે શેઠ શંકર હરજી તરફથી પાંચ છોડનું ઉજમણું કરવામાં આવ્યું. પોષ શુદિમાં શેઠ હકમાજી તેજાજીના નોરામાં નાણ મંડાવવામાં આવી. અને હજારો માણસોની મેદની વચ્ચે પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના શુભહસ્તે ધામધૂમથી તપસ્વીઓને માળ પહેરાવવામાં આવી. એજ દિવસે ઉદાર દિલના શેઠ શંકર હરજીએ નવકારશી કરી, તથા આખા ગામમાં ધૂમાડો બંધ કરાવી અઢારે નાતને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. વળી તેમણે ૩૫૦ તપસ્વીઓને રૂપાના વાટકાની પ્રભાવના કરી મળેલી શુભ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. તે સિવાય ભિન્ન ભિન્ન ગૃહસ્થોએ પણ તપસ્વીઓને કિંમતી વસ્તુઓની પ્રભાવના કરી હતી. ઉપધાન તથા ઉજમણા પ્રસંગે શેઠ શંકર હરજીએ પચ્ચીશહજાર રૂપિયાનો સદ્વ્યય કર્યો હતો. જાવાલના

શ્રીસંઘે પાંચે દેરાસરજીમાં ગુપ્ત ભંડાર કરાવ્યા. વળી પંન્યાસજી મહારાજના સદુપદેશથી શા. પન્નાલાલ પ્રાગજીભાઈએ રૂપાનો રથ કરાવ્યો. ઉપધાનની માળ વખતે છપ્પન હજાર રૂપિયાની આવક થઇ હતી, એ દ્રવ્યથી શ્રી સુમતિનાથ ભગવાનના દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા ઇન્દ્રધ્વજ કરાવવામાં આવી. જાવાલના કેટલાક શ્રાવકભાઇઓ પાસે ઘણા વખતથી ધર્માદાની રકમ લેણી ખેંચાતી હતી, એ પતતી નહોતી. પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી એ રકમ પતાવી દીધી, અને ચોપડા ચોખ્ખા કરાવ્યા.

આવી રીતે અનેક શુભ કાર્યો કરી પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્યે પોતાના શિષ્ય–પરિવાર સાથે જાવાલથી વિહાર કર્યો, અને લાસ ગામના સંઘની વિનતિથી લાસ ગયા. અહીંના પંચમાં પણ કેટલાક વખતથી કુસંપ હતો, પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી એ કુસંપ દૂર કરાવ્યો, જેથી સંઘમાં આનંદ ફેલાયો, અને એ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ કર્યો તથા શાંતિસ્નાત્ર ભણાવ્યું. ત્યાંથી વિહાર કરી પાછા જાવાલ થઇ સીરોહી ગયા. પંન્યાસજી મહારાજના સદુપદેશથી શ્રાવિકા બ્હેન ભાગીરથીએ સીરોહીથી બ્રાહ્મણવાડાનો છરી પાળતો સંઘ કાઢયો, સંઘ સાથે પંન્યાસજી મહારાજ પણ પધાર્યા. બ્રાહ્મણવાડામાં બ્હેન ભાગીરથી તરફથી નવકારશી થઇ. ત્યાંથી સંઘ સાથે પંન્યાસજી મહારાજ પાછા સીરોહી આવ્યા. ત્યાં નાણુ મંડાવવામાં આવી, અને પંન્યાસજી મહારાજ પાસે ઘણા ભાઇઓ તથા બ્હેનોએ ચતુર્થ વ્રત, બારવ્રત, વિગેરે વિવિધ વ્રતો ઉચ્ચરી આત્માને પાવન કર્યો. સીરોહીથી વિહાર

કરી પ્રાચીન તીર્થ કારોલ ગયા. અહીં પાંચ દેરાસરજી છે, તેમાં મુખ્ય દેરાસર શ્રી આદીશ્વર ભગવાનનું છે. કારોલ તીર્થની યાત્રા કરી **કોરટા** તીર્થ ગયા, અને શ્રી આદીશ્વર પરમાત્માના ભવ્ય પ્રતિમાજીનાં દર્શન-વંદન કરી આત્મિક ઉલ્લાસ પામ્યા. અહીં સાત દેરાસરજી છે, તેમાં મુખ્ય દેરાસર શ્રી આદીશ્વર ભગવાનનું છે. કોરટા તીર્થની યાત્રા કરી ત્યાંથી વાંકડી થઈ શિવગંજ પધાર્યા, અને પોરવાડના ઉપાશ્રયમાં ફાગણુ ચોમાસી ચૌદશ કરી. શિવગંજના સંઘે ચોમાસા માટે વિનતિ કરી, પરંતુ ચતુર્માસને હજુ વાર હોવાથી વિનતિ ન સ્વીકારી.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સદુપદેશથી શા. ફત્તેચંદ ગોમાજી પોરવાડે શિવગંજથી જાકોડા તીર્થનો છરી પાળતો સંઘ કાઢયો. સંઘ સાથે પંન્યાસજી મહારાજે પણ પોતાના શિષ્ય-પરિવાર સાથે વિહાર કર્યો. જાકોડામાં શા ફત્તેચંદ ગોમાજી તરફથી નવકારશી કરવામાં આવી. ત્યાંથી પંન્યાસજી મહારાજ વાલી અને સાદડી થઈ રાણુકપુર તીર્થની યાત્રા કરી, ભાણુવડ થઇ ઉદયપુર પધાર્યા. ત્યાં ચૈત્રી ઓળી અરધી કરી કેસરીયાજી ગયા. ત્યાં ચૈત્રી ઓળી પૂર્ણ કરી, તથા ચૈત્રી પૂનમના દેવ વંદાવ્યા.

ચૈત્ર શુદિ ૧૩ ના રોજ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીની જન્મ-જયંતીનો વરઘોડો ઘણુાજ ઠબઠબા સાથે નીકળ્યો, વરઘોડામાં હજારો યાત્રાળુઓ તથા દૂર-દૂરથી ભીલ લોકો આવ્યા હતા. ચૈત્રી ઓળીનું પારણું કરી પંન્યાસજી મહારાજ પોતાના શિષ્ય-પરિવાર સાથે ચૈત્ર વદિ ૧ ના રોજ વિહાર કરી પાછા રાણુકપુર આવ્યા, અને અક્ષય તૃતીયા રાણુકપુર તીર્થમાં કરી.

ત્યાર બાદ ત્યાંથી વિહાર કરી વાલી, મોંડાણા અને સુમેરપુર થઈ વડગામ આવ્યા.

શિવગંજના ભાવિક સંઘે પંન્યાસજી મહારાજને શિવગંજમાં ચોમાસું કરાવવાનો નિર્ણય કર્યો હતો. જેથી સંઘના અગ્રેસરો ગુરુદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા લેવા જુનાગઢ ગયા હતા. તેઓ આચાર્યજી મહારાજની આજ્ઞા લઈ વડગામ આવ્યા, અને શિવગંજમાં ચતુર્માસ માટે પધારવા આગ્રહભરી વિનતિ કરી. ગુરુદેવની આજ્ઞા થવાથી અને શ્રીસંઘની આગ્રહભરી વિનતિથી પંન્યાસજી મહારાજે તેમની વિનતિ સ્વીકારી; અને વડગામથી શિવગંજ પધાર્યા. સંઘ તરફથી ધામધૂમથી સામૈયું થયું, અને **સંવત ૧૯૯૭નું ચતુર્માસ શિવગંજમાં** ઓસવાલની ધર્મશાલામાં કર્યું.

આ અરસામાં ખરસલીયાના રહીશ શ્રીયુત હરજીવનદાસના ધર્મપત્ની પરમ વૈરાગી બ્હેન અજવાળી શિવગંજમાં દીક્ષા અંગીકાર કરવા આવ્યા હતા. બ્હેન અજવાળીને દીક્ષા આપવાનું નક્કી થતાં તેમની સાથે આવેલા તેમના ભાઈ શા. ગીરધરલાલ મેઘજીભાઈ તરફથી ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. **સં. ૧૯૯૭ના અસાડ શુદિ ૧૦ના રોજ** ચતુર્વિધ સંઘની વિશાળ હાજરી વચ્ચે પંન્યાસજી મહારાજે **બ્હેન અજવાળીને** ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **સાધ્વીજી શ્રી રાજેન્દ્રશ્રીજી** રાખ્યું, અને તેમને **સાધ્વીજી શ્રી મેઘશ્રીજીના શિષ્યા** કર્યા.

શિવગંજમાં પંન્યાસજી મહારાજની વ્યાખ્યાન-વાણી સાંભળવા હંમેશાં ઓશવાળ, પોરવાડ, તથા જૈનેતરો પણ નિયમિત

આવ્યા. અહીં ઓસવાળ ભાઇઓના પંચમાં કેટલાક વખતથી કલેશ ચાલતો હતો, જેથી ઓસવાળના દેરાસરજી ઉપર ધ્વજ-દંડ ચડાવાતો નહોતો. પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી તેઓમાં સંપ કરાવ્યો અને કલેશ દૂર કરાવ્યો. જેથી સોનાના ખોળાનો ધ્વજ-દંડ તથા ઇંડુ કરાવવામાં આવ્યું. વળી વ્યાખ્યાનના ઉપયોગ માટે શેઠ ફોજમલજી ઓસવાળે રૂપાના ખોળાના ત્રણ બાજોઠ કરાવ્યા. પર્યુષણ પ્રસંગે મુનિરાજ શ્રી મહોદયવિજયજીએ માસખમણની ઉગ્ર તપસ્યા કરી, તથા બીજા પણ ભાઇ-બ્હેનોએ યથાશક્તિ વિવિધ તપશ્ચર્યા કરી. કેટલાક ભાઇઓ પાસે ધર્માદાની રકમ ખેંચાતી હતી, પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી એ રકમ પતાવી દીધી, અને ધર્માદા-સંસ્થાના ચોપડા ચોખ્ખા કરાવ્યા. સંવત્ ૧૯૯૮ ના માગશર શુદિ ૬ ના રોજ ઓસવાળના દેરાસરજી ઉપર ધામધૂમથી ધ્વજ-દંડ ચડાવવામાં આવ્યો, તે નિમિત્તે અઠ્ઠાઈ-મહોત્સવ થયો, વિધિપૂર્વક શાંતિસ્નાત્ર ભણાવ્યું, તથા આખા ગામની નવકારશી થઇ, જેમાં જૈનો ઉપરાંત જૈનેતરો પણ જમ્યા. ધ્વજ-દંડ ચડાવ્યો તે વખતે જુદી જુદી બોલીના મળી રૂપિયા પચ્ચીશ હજારની દેવદ્રવ્યની આવક થઈ.

શિવગંજથી પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે માગશર વદિમાં વિહાર કર્યો, અને જોઇલા આવ્યા. જોઇલાથી કોરટા તીર્થનો છરી-પાળતો સંઘ નીકળ્યો, તે સાથે કોરટા આવ્યા. અહીં પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી ઘણા શ્રાવક-શ્રાવિકાઓને લસણ, ડુંગળી તથા વાસી ખોરાક ખાવાની બાધા આપી. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ કોરટા પધાર્યા છે; એવી બાતમી મળતાં જોગાપરાના સંઘના

અગ્રેસર શેઠ ફોજમલજી કોરટા આવ્યા, તેમણે પંન્યાસજી મહારાજને જોગાપરા પધારવા આગ્રહભરી વિનતિ કરી; જેથી પંન્યાસજી મહાસજ કોરટાથી વિહાર કરી જોગાપરા આવ્યા. તે દિવસે સાધર્મિક વાત્સલ્ય થયું. જોગાપરાના સંઘમાં બેહદ કુસંપ હતો, પંન્યાસજી મહારાજે ઘણો જ પ્રયાસ કરી, તથા સદુપદેશ આપી કુસંપ દૂર કરાવ્યો. જોગાપરામાં ત્રણ દિવસ રોકાયા બાદ ત્યાંથી વિહાર કરી-પાછા કોરટા આવ્યા. ત્યાંથી વિહાર કરી નોવી પધારતાં ત્યાંના શ્રી સંઘ તરફથી સામૈયું થયું. નોવીમાં શ્રાવકોની સો ઘરની ટુંકી વસ્તી હોવા છતાં એ નાનકડા સંઘમાં તડ પડી ગયા હતા, કુસંપ ઘણો હતો; જેથી દેરાસરજી તૈયાર હોવા છતાં પ્રતિષ્ઠા થઇ નહોતી. ઘણા વખતથી દેરાસરજીની સાર-સંભાળ ન લેવાયાથી ભીંતોમાં ચીરાડ પડી ગઈ, કેટલેક સ્થળે ઝાડ ઉગી ગયા, દરવાજાને વણખોલ્યા તાળા લગાવ્યા હતા. આવી દુઃખદ પરિસ્થિતિ જોઇ પંન્યાસજી મહારાજને ઘણો ખેદ થયો. તેઓશ્રીએ સંઘને એકઠો કર્યો, અને ઘણોજ પરિશ્રમ વેઠી તથા સદુપદેશ આપી કુસંપ દૂર કરાવ્યો; જેથી સંઘમાં અનહદ આનંદ ફેલાયો. બે નવકારશી થઇ, જેમાં બધાય શ્રાવક-શ્રાવિકાઓ ભેગા બેસીને જમ્યા. ત્યારબાદ પંન્યાસજી મહારાજના સદુપદેશથી શ્રી સંઘે સલાટો બોલાવી દેરાસરજીનું રીપેર કામ ચાલુ કરાવી દીધું. આ અરસામાં શીલધરના સંઘના અગ્રેસર શેઠ પુનાજી રામાજી વિગેરે નોવી આવ્યા. તેમણે કહ્યું કે, અમારે શ્રી સિદ્ધાચલજીનો છરી પાળતો સંઘ કાઢવાની ભાવના છે, માટે આપ શીલધર પધારો. આપ આવ્યા બાદ નક્કી થશે. આ પ્રમાણે શીલધર પધારવા તેમણે કરેલી વિનતિ પંન્યાસજી મહારાજે સ્વીકારતાં શીલધરથી આવેલા સંઘના અગ્રેસરો પાછા **શીલધર** ગયા.

પંન્યાસજી મહારાજ નોવીમાં દસેક દિવસ રોકાયા. તેઓશ્રીના સદુપદેશથી નોવીના પંચ તરફથી **પાવઠાનો છરી પાળતો સંઘ** નીકળ્યો; પંન્યાસજી મહારાજ પણ સંઘ સાથે નોવીથી વિહાર કરી પાવઠા પધાર્યા. પાવઠાથી તખતગઢ આવી ત્યાં ત્રણ દિવસ રોકાયા. ત્યાંથી વિહાર કરી ઉમેદપુર તથા ગુડા-બાલોતરા થઈ, આહોર આવી ત્યાં ચાર દિવસ રોકાયા. ત્યાંથી વિહાર કરી વાગરા આવ્યા, ત્યાં ત્રણ દિવસ રોકાયા. ત્યાંથી વિહાર કરી કાલંદ્રી તથા મોટાગામ થઇ પૂનગ આવ્યા. અહીંના સંઘમાં કેટલાક વખતથી ચાલ્યા આવતા કુસંપને પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી દૂર કરાવ્યો, જેથી સંઘમાં આનંદ ફેલાયો. ઉલ્લસિત થયેલા સંઘે અઠ્ઠાઈ-મહોત્સવ કર્યો, અને છેલ્લે દિવસે નવકારશી કરી, જેમાં ઘણા વખતથી અલગ રહેતા શ્રાવક-શ્રાવિકાઓ ભેગા બેસીને જમ્યા. ત્યારબાદ પંન્યાસજી મહારાજ પૂનગથી વિહાર કરી શીલધર પધાર્યા.

## પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સદુપદેશથી શીલધરથી શ્રી સિદ્ધાચલજીનો નીકળેલો છરી પાળતો સંઘ.

પંન્યાસજી મહારાજ શીલધર પધાર્યા બાદ તેઓશ્રીના સદુપદેશથી શેઠ પૂનાજી રામાજી, ખેમાજી રામાજી, તથા કેશાજી રામાજીએ ફાગણ માસમાં શીલધરથી શ્રી સિદ્ધાચલજીનો છ રી પાળતો સંઘ કાઢયો. સંઘ સાથે પોતાના શિષ્ય-પરિવાર સાથે પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે પણ વિહાર કર્યો.

સંઘમાં મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજોના ૬૦ ઠાણા હતા, શ્રાવકભાઈઓ અને શ્રાવિકાબ્હેનો વિગેરે અઢી હજાર માણસ હતા, વળી ચાર મોટર, અઢીસો ગાડાં તથા તંબુ વિગેરે પુષ્કળ સાધન-સામગ્રી હતી. સંઘે પહેલે દિવસે શીલધરથી એક ગાઉ દૂર પડાવ નાખ્યો, એ દિવસે સંઘવી તરફથી નવકારશી થઇ, તથા આખા ગામમાં ધૂમાડો બંધ કરાવી અઢારે નાતના માણસોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. સંઘ શીલધરથી **દાંતરાય** આવતાં ત્યાંના સંઘમાં અતિશય કુસંપ હતો તે પંન્યાસજી મહારાજે સદુપદેશ આપી દૂર કરાવ્યો. વળી કેટલાક શ્રાવકભાઈઓ પાસે દેવદ્રવ્યની મોટી રકમ લેણી ખેંચાતી હતી, તે સદુપદેશ આપી પતાવીને ચોપડા ચોખ્ખા કરાવ્યા. દાંતરાયથી સંઘ **શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ** આવતાં ત્યાંના સંઘ તરફથી ઠાઠમાઠથી સામૈયું થયું. અહીં સંઘનો પડાવ ત્રણ દિવસ રહ્યો. સંઘ ત્યાંથી મઢાર આવ્યો, ત્યાં સંઘવી તરફથી ત્રણે દિવસ નવકારશી થઇ. મઢારથી ડીસાકાંપ આવતાં એક દિવસ ડીસાના સંઘ તરફથી અને એક દિવસ સંઘવી તરફથી એમ બે નવકારશી થઇ. ત્યાંથી જુના ડીસા થઇ **ભીલડીઆ પાર્શ્વનાથસ્વામીની** યાત્રા કરી **ચારૂપ તીર્થ** આવતાં ત્યાં સંઘનો પડાવ બે દિવસ રહ્યો. ચારૂપથી સંઘ **પાટણ** આવ્યો અને ત્યાં ત્રણ દિવસ રોકાયો. પાટણના વિવેકી સંઘે બે દિવસ નવકારશી કરી, અને એક દિવસ શીલધરના સંઘવી તરફથી નવકારશી થઈ. પાટણથી હારીજ આવતાં ત્યાં સંઘવી તરફથી બે દિવસ નવકારશી થઇ. હારીજથી સંઘ **શ્રી શંખેશ્વરજી તીર્થ** આવ્યો, અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામીનાં દર્શન-પૂજન કરી પરમ આહ્લાદ પામ્યો. અહીં સંઘવીના મુનીમ

વીરચંદભાઈ તરફથી એક નવકારશી થઈ. અને બીજી નવકારશી સંઘવીએ કરી. પરમાત્માને સંઘવી તરફથી કિંમતી આંગી રચાવવામાં આવી, તથા ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી. ત્યાં ત્રણ દિવસ રોકાઈ ત્યાંથી **પંચાસર** તથા દસાડા થઈ પાટડી આવતાં પાટડીના સંઘ તરફથી ધામધૂમથી સામૈયું થયું તથા નવકારશી કરવામાં આવી. પાટડીથી સંઘ **ઉપરીયાળા તીર્થ** આવ્યો. ત્યાં પરમાત્માના ભવ્ય પ્રતિમાજીને આંગી રચાવવામાં આવી, તથા ઠાઠમાઠથી પૂજા ભણાવી. વળી ભાતાખાતું વિગેરે ખાતાઓમાં સંઘવીએ રૂપિયા ૫૦૦) આપી લક્ષ્મીનો સદ્વ્યય કર્યો.

ઉપરીયાળા તીર્થથી સંઘ બજાણા થઈ વઢવાણકેંપ આવ્યો. વઢવાણકેંપમાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે ચૈત્રી પૂનમના દેવ વંદાવ્યા. દેવવંદનની પવિત્ર ક્રિયા પૂર્ણ થતાં સંઘવી તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવી. ત્યાંથી વઢવાણસીટી થઈ લીંબડી આવતાં લીંબડીના સંઘે નવકારશી કરી. ત્યાંથી ચૂડા, રાણપુર, બોટાદ, લાઠીદડ, ઢાબેણી, પચ્છેગામ અને સણોસરા થઈ નવાગામમાં સંઘે પડાવ નાખ્યો. અહીં પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુનીમ હરિલાલ ફીકાભાઈ વિગેરે સદ્‌ગૃહસ્થો સંઘની સામે આવ્યા. પંન્યાસજી મહારાજના સદુપદેશથી સંઘવીએ પેઢીના જુદાજુદા ખાતાઓમાં રૂપિયા ત્રણ હજારની મદદ કરી. નવાગામથી સંઘ ચૈત્ર વદિ ૧૧ ના રોજ **પાલીતાણા** આવતાં તેનું શાનદાર સામૈયું થયું. ઇન્દ્રધ્વજ, દરબારી બેંડ, ભાવનગરનું મીઠું બેંડ, પાલીતાણા શહેરનું બેંડ, ઘોડેસ્વારો તથા પાયદળ વિગેરે પુષ્કળ સાધનસામગ્રી ઉપરાંત ગુરુદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ વિગેરે મુનિવર્યો, સાધ્વીજી મહારાજો,

અને હજારો શ્રાવક-શ્રાવિકાઓનો સમુદાય એકઠો થવાથી સામૈયાની શોભા દર્શનીય થઈ હતી. સંઘ ખુશાલભુવનમાં ઉતરતાં ખુશાલ-ભુવનના વિશાળ હોલમાં આચાર્યદેવેશ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજે મીઠી-મધુરી વૈરાગ્યમય દેશના આપી. સંઘવીએ પાલીતાણામાં સંઘજમણ તથા જુદા ખાતાઓમાં આપેલી મદદ મળી રૂપિયા સત્યાવીશ હજારનો સદ્વ્યય કર્યો. વળી સંઘમાં આવેલા દરેક નોકરને સંગવી તરફથી છૂટે હાથે ઈનામ આપવામાં આવ્યાં. વૈશાખ શુદિ ત્રીજના શુભ દિવસે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર **શેઠ પૂનાજી રામાજી શેઠ ખેમાજી રામાજી,** તથા **શેઠ કેશાજી રામાજી, એ ત્રણે ભાઈઓએ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિ-સૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે તીર્થમાળ પહેરી.** ત્યાર બાદ સંઘ **પાલીતાણાથી પાછો છરી પાળતો શીલધર** પહોંચ્યો, અને પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે આપેલા મુહૂર્તે શીલધર ગામમાં પ્રવેશ કર્યો. અહીં આવીને સંઘવીએ શીલધરના દેરાસરજી વિગેરે ધર્માદા ખાતામાં સારી રકમ આપી. આવી રીતે શ્રી સિદ્ધાચલજીનો છરી પાળતો સંઘ કાઢી મહાન્ પુણ્ય ઉપાર્જન કરનાર સંઘવીએ કુલ બે લાખ રૂપિયાનો સદ્વ્યય કર્યો. પુણ્યશાળી સંઘવીના માનમાં સીરોહી સ્ટેટ તરફથી શીલધરના દીવાનની સહીથી ચૈત્ર શુદિ ૧૩ ના રોજ શીલધરમાં પાખી પાળવાનો ઠરાવ કર્યો, એ ઠરાવનો અમલ અત્યારે પણ ચાલુ છે.

પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણીશ્વરે પાલીતાણામાં સંવત્ ૧૯૯૮ ના વૈશાખ શુદિ ૬ ના રોજ સાધ્વીજી શ્રી સજ્જેન્દ્રશ્રીજીને વડીદીક્ષા આપી, તેમને સાધ્વીજી શ્રી

મેઘશ્રીજીના શિષ્યા કર્યા. આ વખતે શિવગંજ નિવાસી શેઠ ટેકચંદજી પોરવાડના સૌભાગ્યવંતા ધર્મપત્ની પરમ વૈરાગી બ્હેન રતન પાલીતાણા દીક્ષા લેવા આવ્યા હતા. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે **સૌ. બ્હેન રતનને** તેમના પતિની અનુમતિથી **સંવત્ ૧૯૯૮ ના વૈશાખ વદિ ૬** ના રોજ ચતુર્વિધ સંઘની હાજરી વચ્ચે ભાગવતી **દીક્ષા** આપી તેમનું નામ **સાધ્વીજી શ્રી સુર્યોદયાશ્રીજી** રાખ્યું, અને તેમને **સાધ્વીજી શ્રી ઇન્દ્રશ્રીજીના** શિષ્યા કર્યા.

ત્યારબાદ પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય–પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કર્યો, અને વિચરતા વિચરતા ભાવનગર વડવાના ઉપાશ્રયે પધાર્યા. વડવાના સંઘે ચતુર્માસ માટે આગ્રહભરી વિનતિ કરી, જેથી પંન્યાસજી મહારાજે **સંવત ૧૯૯૮નું ચતુર્માસ ભાવનગર–વડવાના ઉપાશ્રયે** કર્યું. ચોમાસામાં પંન્યાસજી મહારાજ હમેશાં વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા ભાવનાધિકારે યુગાદિ દેશના વાંચતા હતા, જેમાં વડવાના શ્રાવક–શ્રાવિકાઓ ઉપરાંત ગામમાંથી પણ કેટલાક ભાઈ–બ્હેનો નિયમિત હાજરી આપતા. તેઓશ્રીના સદુપદેશથી વિવિધ પ્રકારની તપસ્યા, પૂજા, પ્રભાવના વિગેરે ધાર્મિક કાર્યો સારા પ્રમાણમાં થયાં હતાં. તેઓશ્રીએ આસો માસની ઓળીમાં **અઠ્ઠાઇની તપસ્યા** કરી. સંવત **૧૯૯૯ ના માગશર શુદિ ૬ના રોજ** નાણ મંડાવી પંન્યાસજી મહારાજે **સાધ્વીજી શ્રી સૂર્યોદયાશ્રીજીને વડીદીક્ષા** આપી, તેમને **સાધ્વીજીશ્રી ઇન્દ્રશ્રીજીના શિષ્યા** કર્યા.

ત્યારબાદ પંન્યાસજીશ્રી કંચનવિજયજી મહારાજે પોતાના શિષ્ય–પરિવાર સાથે ભાવનગરથી વિહાર કર્યો, અને અનેક

ગામો તથા શહેરોમાં વિચરી ભવ્યાત્માઓને પ્રતિબોધ આપતા પાલીતાણા પધાર્યા. આ અરસામાં સુરતના વતની શ્રીયુત પ્રેમચંદભાઈ પાલીતાણા આવ્યા હતા. સંસારના કેટલાક કડવા અનુભવ થતાં તેમનું દિલ સંસાર ઉપરથી ઉઠી ગયું હતું. વૈરાગ્યથી રંગાયેલા અને દીક્ષા લેવાની ભાવનાવાળા તેમણે દીક્ષા આપવા માટે પંન્યાસજી મહારાજને વિનતિ કરી. તેમનો હાર્દિક વૈરાગ્ય જોઈ પંન્યાસજી મહારાજે અનુમતિ આપી. જેથી મોતી સુખીયાની ધર્મશાળામાં નાણ મંડાવી પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્યે શ્રીયુત્ **પ્રેમચંદભાઈને સંવત ૧૯૯૯ના અશાડ માસમાં** ભાગવતી **દીક્ષા** આપી તેમનું નામ **મુનિશ્રી પ્રવીણવિજયજી** રાખ્યું, અને તેમને **પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય** કર્યા. તેઓશ્રીએ **સંવત ૧૯૯૯નું ચતુર્માસ પાલીતાણા**માં મોતી સુખીયાની ધર્મશાળામાં કર્યું.

ચતુર્માસ પૂર્ણ થતાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કર્યો અને વિચરતા વિચરતા ભાવનગર-મારવાડીને વંડે પધાર્યા. **વૈશાખ શુદિ ૬ના રોજ** મુનિરાજ શ્રી પ્રવિણવિજયજીને વડીદીક્ષા આપવાની હોવાથી નાણ મંડાવવામાં આવી, એ શુભ દિવસે ચતુર્વિધ સંઘની વિશાળ મેદની વચ્ચે પંન્યાસજી મહારાજે **મુનિરાજશ્રી પ્રવિણવિજયજીને વડીદીક્ષા** આપી, અને તેમને **પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય** કર્યા. વળી આ વખતે બીજા પણ શ્રાવક-શ્રાવિકાઓએ યથાશક્તિ વિવિધ પ્રકારના વ્રત ઉચ્ચર્યા. તેઓશ્રીએ ભાવનગરના સંઘની આગ્રહભરી વિનતિથી **સંવત ૨૦૦૦ની સાલનું ચતુર્માસ**

ભાવનગરમાં મારવાડીને વંડે કર્યું. પંન્યાસજી મહારાજના સદુપદેશથી પર્યુષણમાં અઠ્ઠાઈ વિગેરે તપસ્યા સારા પ્રમાણમાં થઇ, તથા ચોસઠ પહોરના પોસહ ઘણા શ્રાવક-શ્રાવિકાઓએ કર્યા, તેમને દરેકને એક એક રૂપિયાની પ્રભાવના કરવામાં આવી. ભાદરવા શુદિ પાંચમના રોજ ઠાઠમાઠથી વરઘોડો નીકળ્યો. આ ચતુર્માસ દરમ્યાન પંન્યાસજી મહારાજના સદુપદેશથી ધર્માદાના જુદા જુદા ખાતાઓમાં મળી રૂા. ૯૦૦૦૦) નેવું હજારની મદદ મળી. વળી તેઓશ્રીના સદુપદેશથી ભાવસાર ગોવિંદ ગાંડાભાઈ ગુંદીગરાના ધર્મપત્ની બ્હેન સંતોક તથા બ્હેન દીવાળીએ રૂપિયા ૫૦૦૦૧) પચાસ હજાર એકની નાદર રકમ શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢીમાં આપી અને દર સાલ પર્યુષણના આગલા દિવસે ભાવનગરસંઘના ઉત્તર પારણામાં એના વ્યાજની રકમ વાપરવી એવી વ્યવસ્થા કરી. વડવામાં આયંબિલ માટેની કોઇ સંસ્થા નહોતી, જેથી આયંબિલ કરનારાઓને અગવડ પડતી. એ અગવડ દૂર કરવા પંન્યાસજી મહારાજના સદુપદેશથી બ્હેન સંતોક તથા બ્હેન દીવાળીએ વડવામાં પોતાના પતિ ભાવસાર ગોવિંદ ગાંડાભાઇ ગુંદીગરાના નામે રૂપિયા ૫૪૦૦૦) ચોપન હજાર ખર્ચી એક મકાન ખરીદ્યું અને શ્રી વર્ધમાનતપની ઓળીનું ખાતું ખોલી એ મકાનના ભાડાની આવકમાંથી આયંબિલ કરાવવા, એવી વ્યવસ્થા કરી. તે સિવાય બ્હેન સંતોક તથા બ્હેન દીવાળીએ પંન્યાસજી મહારાજના સદુપદેશથી જુદા જુદા ગામોમાં જીર્ણોદ્ધાર, ઉપાશ્રય વિગેરે ધાર્મિક કાર્યોમાં કુલ રૂપિયા બે લાખનો સદ્વ્યય કર્યો છે.

૬ પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના સદુપદેશથી

બ્હેન સંતોક તથા બ્હેન દીવાળીએ સંવત્ ૨૦૦૧ ના મહા માસમાં ભાવનગરથી શ્રી સિદ્ધાચલજીનો છરી પાળતો સંઘ કાઢ્યો, સંઘ સાથે પંન્યાસજી મહારાજે પણ પોતાના શિષ્ય-પરિવાર સાથે ભાવનગરથી વિહાર કર્યો. પાલીતાણા આવતાં સંઘનું શાનદાર સામૈયું થયું. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર મહા વદિ ૩ ના રોજ પંન્યાસજી મહારાજના શુભહસ્તે બ્હેન સંતોક તથા બ્હેન દીવાળીએ તીર્થમાળ પહેરી, અને બન્ને સંઘવી બ્હેનોએ પાલીતાણામાં જુદા જુદા ખાતાઓમાં સારી રકમ આપી લક્ષ્મીનો સદ્વ્યય કર્યો.

ત્યારબાદ પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કર્યો. અને તાલધ્વજ તીર્થની યાત્રા કરી કોળીયાક થઈ ઘોઘા આવ્યા. ત્યાં શ્રી નવખંડા પાર્શ્વનાથસ્વામીના પ્રભાવક પ્રતિમાજીનાં દર્શન-વંદન કરી હર્ષોલ્લાસ પામ્યા.

બ્યાવર નિવાસી શેઠ ઉદયમલજીના ધર્મપત્ની ઉદયા-બ્હેનની, પંન્યાસજી મહારાજની અધ્યક્ષતામાં બ્યાવરમાં ઉપ-ધાન કરાવવાની ભાવના હતી. જેથી "પંન્યાસજી શ્રી કંચન-વિજયજી મહારાજ ઘોઘા પધાર્યા છે" એવા સમાચાર મળતાં તેઓ ઘોઘા આવ્યા. તેમની સાથે શેઠ કલ્યાણચંદજી મુહત્તા વિગેરે ૨૫ શ્રાવક-શ્રાવિકાઓ આવ્યા હતા. તેમણે ઉપધાન કરાવવા માટે બ્યાવર પધારવા આગ્રહભરી વિનતિ કરી. આજ્ઞાશીલ પંન્યાસજી મહારાજે કહ્યું કે, ગુરુદેવની આજ્ઞા મળ્યાબાદ અમાસથી બ્યાવર આવવાની હા કહી શકાશે. આ પ્રમાણે પંન્યાસજી મહારાજના કહેવાથી તેમના ગુરુમહારાજ આચાર્યદેવેશ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પાસે

બોટાણા જઈ આજ્ઞા લઈ આવ્યા, જેથી પંન્યાસજી મહારાજે બ્યાવર આવવાની સમ્મતિ આપતાં બ્યાવરવાળા ઘણાજ ખુશી થયા, અને તેઓ પાછા બ્યાવર ગયા, ત્યારબાદ પંન્યાસજી મહારાજ ઘોઘાથી વિહાર કરી ભાવનગર આવ્યા, ત્યાં ચૈત્રી ઓળી કરી, અને ચૈત્રી પૂનમના દેવ વંદાવ્યા.

ભાવનગરથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે ચૈત્ર વદિ ૧ ના રોજ વિહાર કર્યો, અને વિચરતા વિચરતા જેઠ વદિ ૧૧ ના રોજ બ્યાવરથી પાંચ ગાઉ દૂર સેંદ્રા નામના ગામમાં પહોંચ્યા. પંન્યાસજી મહારાજ સેંદ્રા આવી ગયા છે, એવા સમાચાર મળતાં બ્યાવરથી ૫૦૦ શ્રાવક-શ્રાવિકાઓ સેંદ્રા સામા આવ્યા, અને ત્યાં સાધર્મિક વાત્સલ્ય કર્યું. સેંદ્રાથી પંન્યાસજી મહારાજ બ્યાવર પધાર્યા, અને બ્યાવરની બહાર કાળુરામ કાંકરીયાની ધર્મશાળામાં ઉતર્યા. અહીં પાંચેક દિવસ રોકાયા બાદ અસાડ શુદિ ૩ ના રોજ બ્યાવર શહેરમાં પ્રવેશ કરતાં સંઘ તરફથી ઠાઠમાઠથી સામૈયું થયું. દેરાસરજી પાસેના ઉપાશ્રયમાં ઉતર્યા. બ્યાવરના સંઘની આગ્રહભરી વિનતિથી પંન્યાસજી મહારાજે **સંવત્ ૨૦૦૧ નું ચતુર્માસ બ્યાવરમાં કર્યું.** પંન્યાસજી મહારાજ વ્યાખ્યાનમાં હંમેશાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા ભાવનાધિકારે યુગાદિ દેશના વાંચતા. તેઓશ્રીની વૈરાગ્યવાહિની દેશનાની સુવાસ ચોતરફ પ્રસરી ગઈ, જેથી મૂર્તિપૂજક શ્રાવક-શ્રાવિકાઓ ઉપરાંત સ્થાનકવાસી, તેરાપંથી, અને દિગંબર ભાઈ-બ્હેનો પણ વ્યાખ્યાન સાંભળવા આવતા. વળી જૈનેતર પણ ઘણા ભાઈઓ દેશનાનો લાભ લેવા ટાઈમસર હાજરી આપતા. તેઓશ્રીના સદુપદેશથી પર્યુષણ પ્રસંગે મારવાડી

તથા ગુજરાતી શ્રાવક-શ્રાવિકાઓએ માસખમણ, સોળ ઉપવાસ, તથા અઠ્ઠાઇ વિગેરે તપસ્યા સારા પ્રમાણમાં કરી. વળી પર્યુ-ષણ પ્રસંગે તપસ્વી શ્રીયુત શેઠ ઉમેદમલે માસખમણની તપસ્યા કરી, તે નિમિત્તે તેમના તરફથી ૧૬ દિવસ સુધી ઠાઠમાઠથી આંગી રચાવવામાં આવી, તથા હંમેશાં જુદી જુદી પૂજાઓ ભણાવી પ્રભાવના કરવામાં આવી હતી. પર્યુષણનો વરઘોડો ઠાઠમાઠથી ચડયો. ચતુર્માસ પૂર્ણ થતાં ભાવનગરવાળા ભાવસાર જીવણભાઇ રામજી માસ્તરને ઘેર ચોમાસું બદલ્યું. બ્યાવર નિવાસી શેઠ ઉદયમલજીના ધર્મપત્ની **ઉદયાબ્હેન તરફથી કારતક વદિમાં** કાળુરામજી કાંકરીયાના નોરામાં **ઉપધાન બેઠા.** તેમાં મુમુક્ષુ ઘણા શ્રાવક ભાઈઓ તથા શ્રાવિકા બ્હેનોએ પ્રવેશ કર્યો. તથા ઉપધાન કરાવનાર ઉદયાબ્હેને પણ ઉપધાનમાં પ્રવેશ કર્યો. તેમના તરફથી તપસ્વીઓની ભક્તિ સારી રીતે થઇ. ઉપધાનની માળ નિમિત્તે પોષ માસમાં ધામધૂમથી વર-ઘોડો નીકળ્યો. અને પંન્યાસજી મહારાજના શુભ હસ્તે તપ-સ્વીઓએ તથા ઉપધાન કરાવનાર ઉદયાબ્હેને ઉપધાનની માળ પહેરી.

આ અરસામાં ઉદયાબ્હેન તથા શેઠ શંકરલાલ મુણોત તરફથી પાલીતાણાથી ચાર ભવ્ય પ્રતિમાજી લાવવામાં આવ્યા હતા. પંન્યાસજી મહારાજના શુભ હસ્તે એ મનોહર ચારે પ્રતિમાજીને બ્યાવરના દેરાસરજીમાં ધામધૂમથી તખ્તનશીન કરવામાં આવ્યા, અને તે નિમિત્તે વિધિ-વિધાનપૂર્વક અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું.

ત્યાર બાદ શેઠ શંકરલાલ મુણોતે પોતાને બંગલે પધારવા આગ્રહભરી વિનતિ કરવાથી પંન્યાસજી મહારાજ પોતાના શિષ્ય-

પરિવાર સાથે બ્યાવર શહેરની બહાર આવેલા શેઠ શંકરલાલ મુહોતને બંગલે પધાર્યા, ત્યાં એક મહિના સુધી સ્થિરતા કરી. પંન્યાસજી મહારાજના વૈરાગ્યમય સદુપદેશથી ભદ્રક પરિણામી શેઠ શંકરલાલ મુણોત તથા તેમના શ્રદ્ધાળુ ધર્મપત્નીએ પંન્યાસજી મહારાજ પાસે યથાશક્તિ વ્રત-પચ્ચખ્ખાણ ઉચ્ચર્યા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી પંન્યાસજી મહારાજ વિચરતા વિચરતા ઉદયપુર થઈ **શ્રી કેસરીયાજી તીર્થ** આવ્યા, અને શ્રી કેસરીયા નાથનાં દર્શન-વંદન કરી આત્મિક ઉલ્લાસ પામ્યા. માર્ગમાં આવતા ગામો તથા શહેરોમાં સ્થાનકવાસી અને તેરાપંથીઓને પ્રતિબોધ આપી કેટલાકને મૂર્તિપૂજા પ્રત્યે શ્રદ્ધાળુ કર્યા, અને કેટલાકને અભક્ષ્ય-અનંતકાયનો ત્યાગ કરાવ્યો. બ્યાવરથી કેસરીયાજી સુધીનો વિહારનો ખર્ચ શેઠ સુગનમલજી મુહત્તા તરફથી મળ્યો હતો. કેસરીયાજીથી વિહાર કરી ઉદયપુર, સાયઠા, અને **રાણકપુર** થઈ સાદડી આવી ત્યાં ફાગણ ચોમાસી ચૌદશ કરી. ત્યાંથી વિહાર કરી **જાકોડા તીર્થ** પધાર્યા. અહીં નોવી તથા શીવગંજના સંઘના અગ્રેસરોએ આવી ચોમાસા માટે વિનતિ કરી, પરંતુ ચતુર્માસને હજી વાર હોવાથી ચતુર્માસ માટે હા ન પાડી. પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજ પોતાના શિષ્ય-પરિવાર સાથે જાકોડાથી વિચરતા વિચરતા સુમેરપુર આવ્યા. ત્યાં શિવગંજના સંઘની વિનતિથી શિવગંજ પધારતાં સંઘ તરફથી ભવ્ય સામૈયું થયું. આગમ-શાસ્ત્રના પારગામી સુવિહિત વિદ્વાન મુનિવર્યો પોતાના ગામમાં પધારવાથી હર્ષોલ્લસિત થએલ, નગરશેઠ લખતમલજી વિગેરે સદ્ગૃહસ્થોએ સામૈયામાં રૂપિયા ૨૫૦) ઉછાળી ગુરુભક્તિ પ્રદર્શિત કરી. પંન્યાસજી

મહારાજે શિવગંજના સંઘને સદુપદેશ આપી દેરાસરજીના જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરાવ્યું. આ વખતે સીરોહીના દેરાસરજી ઉપર ધ્વજદંડ ચડાવવાનો હોવાથી સીરોહીના સંઘના અગ્રેસરો શિવગંજ આવ્યા, અને સીરોહી પધારવા વિનતિ કરી. જેથી પંન્યાસજી મહારાજ શિવગંજથી વિહાર કરી સીરોહી આવ્યા, અને દેરાસરજી ઉપર ધામધૂમથી વિધિ-વિધાનપૂર્વક ધ્વજદંડ ચડાવવામાં આવ્યો. તે નિમિત્તે સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયો, અને વિધિપૂર્વક શાંતિસ્નાત્ર ભણાવ્યું.

આ અરસામાં જાવાલના સંઘના અગ્રેસરો સીરોહી આવ્યા તેમણે ચતુર્માસ માટે જાવાલ પધારવા આગ્રહભરી વિનતિ કરી; જેથી તેમની વિનતિ સ્વીકારી પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે સીરોહીથી વિહાર કર્યો. અને ગોહિલી તથા ઉડ ગામ થઈ જાવાલ પધારતાં સંઘ તરફથી ઠાઠમાઠથી સામૈયું થયું. પંન્યાસજી મહારાજે **સંવત ૨૦૦૨ નું ચતુર્માસ જાવાલ**માં કર્યું. જાવાલમાં આયંબિલ કરનાર ભાઈ-બ્હેનો જૈન વંડામાં આયંબિલ કરવા જતા, એ માટે સ્વતંત્ર મકાન તથા ફંડ નહોતું; જેથી પંન્યાસજી મહારાજે આયંબિલ ખાતા માટે સદુપદેશ આપતાં શેઠ ગેનમલજી ભભુતમલજીનાં માતુશ્રી ચંપાબ્હેને રૂપિયા દસહજાર આપ્યા, તથા બીજા શ્રાવક ભાઈઓ અને શ્રાવિકા બ્હેનોના મળી રૂપિયા ૯૦૦૦૦) નેવું હજાર થયા. આવી રીતે એકઠા થયેલા રૂપિયા **એક લાખ**માંથી એક પાકું મકાન બંધાવવામાં આવ્યું. એ મકાનમાં **આયંબિલ ખાતું** ખુલ્લું મૂક્યું, તથા **જૈનશાળા** ચાલુ કરવામાં આવી. વળી પંન્યાસજી મહારાજના સદુપદેશથી

**જૈન સ્કુલનું** મકાન બંધાવવા **બીજા એક લાખ** રૂપિયાનું ફંડ એકઠું કરવામાં આવ્યું.

પૂનગ ગામના સંઘમાં કેટલાક વખતથી કુસંપ ચાલતો હતો, જેથીં ત્યાંના પંચમાં તડ પડી ગયા હતા. એ કુસંપ દૂર કરાવવા પુનગના સંઘના અગ્રેસરો ચોમાસા બાદ પંન્યાસજી મહારાજ પાસે જાવાલ આવ્યા, તેમણે પુનગ પધારવા વિનતિ કરી. જેથી પંન્યાસજી મહારાજ જાવાલથી વિહાર કરી પુનગ પધાર્યા, અને સચોટ સદુપદેશ આપી ત્યાંના સંઘમાં કેટલાક વખતથી પેઠેલો કુસંપ દૂર કરાવ્યો. ત્યારબાદ તેઓશ્રી પુનગથી વિહાર કરી પાછા જાવાલ આવ્યા. પંન્યાસજી મહારાજના સદુપદેશથી ભિન્ન ભિન્ન ગૃહસ્થો તરફથી જાવાલથી **જેસલમેરનો છરી પાળતો સંઘ** નીકળ્યો. સંઘ સાથે પંન્યાસજી મહારાજે પણ પોતાના શિષ્ય–પરિવાર સાથે વિહાર કર્યો. અને જોગાપરા, કોરટા, કેરાલ, પાવઠા, ઉમેદપુર, ગુડાબાલોતરા, તથા આહોર થઇ સંઘ સાથે શ્રી નાકોડા તીર્થ આવ્યા. ત્યાં શ્રી નાકોડા પાર્શ્વનાથસ્વામીનાં દર્શન–વંદન કરી પરમઆનંદ પામ્યા. નાકોડા તીર્થમાં સંઘ તરફથી ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી, તથા સાધર્મિક વાત્સલ્ય થયું. ત્યાંથી સંઘ સાથે બાડમેર આવ્યા, અહીં બાડમેરના સંઘના અતિશય આગ્રહથી આઠ દિવસની સ્થિરતા કરી. બાડમેરથી સંઘ સાથે વિચરતા વિચરતા જેસલમેર આવ્યા. જેસલમેરમાં પ્રાચીન અને ભવ્ય દેરાસરો તથા જ્ઞાનભંડારો જોઇ આનંદ પામ્યા, તથા પ્રભાવક પ્રતિમાજીઓનાં દર્શન–વંદન કરી આત્મિક ઉલ્લાસ અનુભવ્યો. જેસલમેરમાં ચાર દિવસની સ્થિરતા કરી ત્યાંથી સંઘ સાથે વિચરતા વિચરતા ફલોદી આવ્યા. અહીંથી સંઘ

ટ્રેનમાં જાવાલ ગયો, અને પંન્યાસજી મહારાજ ફલોદીમાં રોકાયા. અહીં તેઓશ્રી હંમેશાં વ્યાખ્યાન વાંચતા. તેઓશ્રીની વૈરાગ્યવાહિની દેશના સાંભળવા મૂર્તિપૂજક શ્રાવક-શ્રાવિકાઓ ઉપરાંત સ્થાનકવાસી, તેરાપંથી તથા જૈનેતરભાઇઓ પણ પુષ્કળ આવતા. વ્યાખ્યાન-હૉલ ચીકાર ભરાઇ જતો. ફલોદીના સંઘે ચોમાસા માટે આગ્રહભરી વિનતિ કરી, પરંતુ ચતુર્માસને હજુ વાર હોવાથી પંન્યાસજી મહારાજે હા ન કહી.

ફલોદીમાં એક મહિનાની સ્થિરતા કર્યા બાદ તેઓશ્રીએ ત્યાંથી વિહાર કર્યો, અને વિચરતા વિચરતા **ઓસીયા** પધાર્યા. અહીં ઓસીયા જૈન બોર્ડિંગની વીઝીટ લીધી. બોર્ડિંગની સુવ્યવસ્થા તથા વિદ્યાર્થીઓમાં વિનય-વિવેક અને ધાર્મિક સંસ્કાર જોઇ ખુશી થયા. ત્યાંથી **કાપરડાજી તીર્થ** આવી ત્યાં ચાર દિવસ રોકાયા. કાપરડાજીથી પોતાના શિષ્ય-પરિવાર સાથે વિચરતા વિચરતા પાલી પધાર્યા. પાલીના શ્રીસંઘે પંન્યાસજી મહારાજને ચતુર્માસ માટે આગ્રહ ભરી વિનતિ *કરતાં તેઓશ્રીએ ગુરુ મહારાજની* આજ્ઞા લેવા સૂચના કરી. જેથી સંઘના અગ્રેસરો આચાર્યદેવેશ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ પાસે સાદડી મુકામે ગયા, અને ત્યાંથી તેઓશ્રીની આજ્ઞા લઇને આવ્યા. જેથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજે **સંવત્ ૨૦૦૩ નું ચાતુર્માસ પાલીમાં** કર્યું. ચોમાસા દરમ્યાન તેઓશ્રીએ વ્યાખ્યાનમાં શ્રી શત્રુંજય માહાત્મ્ય તથા ભાવનાધિકારે શ્રી ભુવનભાનુ કેવલિ ચરિત્ર વાંચ્યું. તેઓશ્રીના સદુપદેશથી તપસ્યા, પૂજા, પ્રભાવના, વિગેરે ધાર્મિક કાર્યો સારા પ્રમાણમાં થયાં.

આ વખતે ચુડા નિવાસી શા. ઉમેદચંદ મલુકચંદ પંન્યાસજી મહારાજને વંદન કરવા આવ્યા. તેમણે પંન્યાસજી મહારાજનું વ્યાખ્યાન પૂર્ણ થતાં શ્રીફળની પ્રભાવના કરી, તથા પાલીના સંઘમાં દરેક ઘેર જરમન-સીલ્વરના વાટકાની લાણી કરી. વળી પંન્યાસજી મહારાજના સદુપદેશથી તેમણે શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરજીના જીર્ણોદ્ધાર માટે તથા ટેકરીના દેરાસરજીના જીર્ણોદ્ધાર માટે અઢી હજાર રૂપિયા પાલીના શ્રીસંઘને અર્પણ કર્યા.

ચતુર્માસ પૂર્ણ થતાં પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે પાલીથી વિહાર કર્યો. અને આઉવા, જાકોડા, શિવગંજ તથા નોવી થઇ જોગાપરા આવ્યા. અહીંના સંઘમાં ઘણા વખતથી કુસંપ ચાલ્યો આવતો હતો, પંન્યાસજી મહારાજ સંવત્ ૧૯૯૭ ની સાલમાં જોગાપરા આવેલા ત્યારે તેઓશ્રીએ સદુપદેશ આપી એ કુસંપ દૂર કરાવ્યો હતો. જેથી સંઘમાં કેટલોક વખત સંપ અને સહકારની સુવાસ ફેલાણી હતી. પરંતુ કેટલાક કલેશપ્રિય ભાઇઓની દોરવણીથી સંઘમાં વળી પાછો કુસંપ પેઠો હતો. પંન્યાસજી મહારાજે પ્રયાસ કરી તથા સદુપદેશ આપી એ કુસંપ દૂર કરાવ્યો. ત્યારબાદ તેઓશ્રી જોગાપરાથી વિહાર કરી જાવાલ પધારતાં સંઘ તરફથી ભવ્ય સામૈયું થયું. અહીં મઢારનિવાસી ઓસવાળજ્ઞાતિના પરમવૈરાગી સંતોકબ્હેન દીક્ષા અંગીકાર કરવા આવ્યા. તેમની સાથે તેમના શ્વશુર પક્ષના દિયર વિગેરે તથા પિયર પક્ષના માણસો આવ્યા હતા. તેમના તરફથી ઠાઠમાઠથી દીક્ષાનો વરઘોડો ચડાવવામાં આવ્યો. વળી તેમના તરફથી પૂજા, પ્રભાવના, આંગી તથા સાધર્મિક વાત્સલ્ય

કરવામાં આવ્યું. **સંવત ૨૦૦૪ના મહા વદિ ૪ના** રોજ પંન્યાસજી શ્રી કંચનવિજયજી મહારાજના શુભહસ્તે **બ્હેન સંતોકને** ભાગવતી **દીક્ષા** આપવામાં આવી, તેમનું નામ **સાધ્વીજી શ્રી સુલોચનાશ્રીજી** રાખ્યું, અને તેમને **સાધ્વીજી શ્રી સુર્યોદયાશ્રીજીના શિષ્યા** કર્યા.

ત્યારબાદ પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય પરિવાર સાથે જાવાલથી વિહાર કર્યો. અને પાડીવ વિગેરે ગામોમાં વિચરતા વિચરતા અણાદરા થઇ **આબુ તીર્થ** આવ્યા. ત્યાં આઠ દિવસની સ્થિરતા કરી **અચલગઢની** યાત્રા કરી ખરેડી આવતાં ત્યાં ત્રણ દિવસ રોકાયા ત્યાંથી વિહાર કરી પાલણપુર અને સિદ્ધપુર થઇ, **કંબોઇ તીર્થની** યાત્રા કરી, હારીજ થઇ **શ્રી શંખેશ્વરજી** પધાર્યા; ત્યાં ચાર દિવસની સ્થિરતા કરી. શંખેશ્વરજીથી વિહાર કરી લીલાપુર, સીયાણી, લીંબડી, રાણપુર, લાઠીદડ અને પચ્છેગામ થઇ સોનગઢ આવ્યા. ત્યાં ગુરુદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનાં દર્શન-વંદન કરી પરમ આહલાદ પામ્યા. સોનગઢથી ગુરુદેવ વિગેરે મુનિવર્યો સાથે વિહાર કર્યો, અને મોખડકા થઈ ચૈત્ર વદિ ૭ના રોજ પાલીતાણામાં પ્રવેશ કરતાં ભવ્ય સામૈયું થયું, તેઓશ્રી ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે પાલીતાણામાં જૈન સાહિત્ય મંદિરમાં ઉતર્યા. અહીં વરતેજ નિવાસી પરમ વૈરાગી **ભાવસાર શાંતિલાલ પ્રાગજી વાંકાણીને** આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજે **સંવત ૨૦૦૪ના વૈશાખ શુદિ ૪ના** શુભ દિવસે ભાગવતી **દીક્ષા** આપી, તેમનું નામ **મુનિ શ્રી સંયમવિજયજી** રાખવામાં આવ્યું, અને તેમને **પંન્યાસજી શ્રી**

**કંચનવિજયજી ગણિવર્યના શિષ્ય** કર્યા. વળી મુનિરાજ શ્રી સંયમવિજયજીને આચાર્ય મહારાજના શુભ હસ્તે જેઠ **શુદિ ૬** નાં રોજ **વડી દીક્ષા** આપવામાં આવી, અને તેમને **પંન્યાસજી** શ્રી **કંચનવિજયજી મહારાજના શિષ્ય** કર્યા. પંન્યાસજી મહારાજે ગુરૂદેવ વિગેરે મુનિવર્યો સાથે **સંવત ૨૦૦૪ નું ચતુર્માસ પાલીતાણા**માં કર્યું.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતલ છાયામાં સમતારસને ઝીલતા **પંન્યાસજીશ્રી કંચનવિજયજી ગણિવર્યે અશાડ શુદિ ૧૩ થી એકત્રીશ ઉપવાસની** ઉગ્ર **તપશ્ચર્યા** આદરી. એ તપસ્યા નિમિત્તે સીરોહી નિવાસી શેઠ સમરથમલજી તરફથી તથા ભાવસાર ભાઈ–બ્હેનો તરફથી, એમ બે અઠ્ઠાઇ–મહોત્સવ ધામધૂમથી ઉજવાયા. તેમાં હમેશાં સુંદર રાગ–રાગણીથી સંગીતની રમઝટ સાથે વિવિધ પૂજાઓ ભણાવવામાં આવી, પ્રભાવનાઓ થઇ, તથા પરમાત્માના પ્રતિમાજીઓને અંગરચના કરાવવામાં આવી. વળી ભાવસાર પ્રમોદરાય જગજીવનદાસ ગુંદીગરા તરફથી વિધિ–વિધાન સાથે નવાણું અભિષેકની પૂજા ભણાવવામાં આવી, અને ભાવસાર રતિલાલ છગનલાલ વેલાણી તરફથી ઘણા જ ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. વરઘોડામાં સ્થાનિક સંઘ, સંખ્યાબંધ યાત્રિકો, તથા ભાવનગર, વરતેજ વિગેરે સ્થળેથી આશરે ૨૫૦ ભાવસાર ભાઈ–બ્હેનોએ હાજરી આપી હતી. શ્રાવણ શુદિ ૧૫ ના રોજ પારણું કરવાનું હતું. તે દિવસે સવારમાં પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણિવર્યે ગુરુદેવ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજને વંદન કરી પચ્ચખ્ખાણ લીધા બાદ પોતે ગુરુદેવના ચરણ–કમલનું પ્રક્ષાલન કર્યું. અને

પારણામાં એ પ્રક્ષાલન જલ વાપર્યાં પછી બીજી વસ્તુઓ વાપરી. ધન્ય છે ગુરુદેવ ઉપર અવિહડ ભક્તિશાળી પંન્યાસજી મહારાજને !

ચોમાસા બાદ ભાવસાર સાકરચંદ ગાંડાલાલ વેલાણી તરફથી વરતેજમાં અઠ્ઠાઈ–મહોત્સવ કરવાનો હોવાથી તેમના તરફથી આગ્રહભરી વિનતિ આવતાં ગુરુદેવની આજ્ઞાથી પંન્યાસજી મહારાજે માગશર વદિ ૩ ના રોજ પોતાના શિષ્ય–પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કર્યો, અને વરતેજ આવ્યા. ત્યારબાદ આચાર્યજી મહારાજ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ પણ પોતાના બહોળા સાધુ–પરિવાર સાથે પાલીતાણાથી વિહાર કરી વરતેજ પધાર્યા. ત્યાં ભાવસાર સાકરચંદ ગાંડાલાલ વેલાણી તરફથી ધામધૂમથી અઠ્ઠાઈ–મહોત્સવ ઉજવાયો અને ઠાઠમાઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો. અઠ્ઠાઈ–મહોત્સવનું કાર્ય પૂર્ણ થતાં પંન્યાસજી મહારાજ ગુરુદેવ વિ. મુનિવર્યો સાથે વિહાર કરી ભાવનગર પધાર્યા, અને ત્યાં મારવાડીને વંડે ઉતર્યા. ભાવનગરમાં ગુરુમહારાજ આચાર્યદેવેશ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે મોટા દેરાસરજીમાં **શ્રી અભિનંદન સ્વામી** તથા **શ્રી શાંતિનાથ ભગવાન**નાં ભવ્ય **પ્રતિમાજીની** ધામધૂમથી **પ્રતિષ્ઠા** કરાવવામાં આવી. એ સમયે પરમ પ્રભાવક એ બન્ને પ્રતિમાજીને આખા શરીરે **અમી ઝરવા લાગી** હતી. વળી પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણીશ્વરે વડવાના દેરાસરજી ઉપર ધ્વજદંડ ચડાવવાની ક્રિયા કરાવી, એ શુભ સમયે વડવાના દેરાસરજીના મૂળનાયક **શ્રી ચંદ્રપ્રભસ્વામીના** ભવ્ય **પ્રતિમાજીને** અંગુઠેથી **અમી ઝરી** હતી.

ત્યારબાદ પંન્યાસજી મહારાજ મારવાડીને વંડેથી કૃષ્ણુ નગરના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં તેઓશ્રીએ છ આયંબિલ ઉપર અઠ્ઠમ તપ કરી ચૈત્રી ઓળીની આરાધના કરી. વળી શા. કાંતિલાલ છગનલાલ દડીવાળા તરફથી ચૈત્રી પુનમના દેવ વંદાવ્યા. ત્યારબાદ ભાવનગરથી વિહાર કરી પાલીતાણા પધાર્યા અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર શ્રી આદીશ્વર દાદાનાં દર્શન-વંદન કરી પરમ આહ્લાદ પામ્યા. પંન્યાસજી મહારાજે પોતાના શિષ્ય-પરિવાર સાથે પાલીતાણાથી વૈશાખ વદિ ૬ ના રોજ વિહાર કર્યો, અને રાથળી તથા દેવળીયા થઇ શ્રી તાલધ્વજ તીર્થની યાત્રા કરી. તળાજામાં થોડા દિવસ સ્થિરતા કરી ત્યાંથી વિહાર કરી ભાવનગર પધાર્યા, અને ત્યાં મારવાડીને વંડે ઉતર્યા. ભાવનગરના ભાવિક સંઘની આગ્રહભરી વિનતિથી પંન્યાસજી શ્રી કંચનવિજયજી ગણીશ્વરે **સંવત ૨૦૦૫ નું ચતુર્માસ ભાવનગર**માં કરવાનું સ્વીકાર્યું છે, અને હાલમાં તેઓશ્રી પોતાના શિષ્ય-પરિવાર સાથે ભાવનગરમાં-મારવાડીના વંડામાં બિરાજે છે.

| | |
|---|---|
| **ભાવનગર.** | નિવેદક, |
| સંવત્ ૨૦૦૫ | ગુરૂદેવચરણોપાસક- |
| અશાડ શુદિ ૧૫ રવિવાર | **ધીરજલાલ પ્રભુદાસ વેલાણી** |

પાલીતાણા-શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસમાં
શા. અમરચંદ બેચરદાસે છાપ્યું.